# આયુર્વેદ ચિકિત્સાના ૫૦ સફળ કેસ

ભાગ ૧

– વૈદ્ય શોભન વસાણી



http://aksharnaad.com


પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

19 – 11 – 12, સંવત 2069

૬૧ રોગોનાં કારણો, લક્ષણો, સંપ્રાપ્તિ અને ઉપચારની શાસ્ત્રીય સમજ આપતું

# આયુર્વેદ ચિકિત્સાના ૫૦ સફળ કેસ

લેખક : વૈદ્ય શ્રી શોભન વસાણી, આયુ પ્રકાશન

## સંપર્ક :


વૈદ્ય શ્રી એમ. એચ. બારોટ : drkumar_barot@yahoo.com

વૈદ્ય શ્રી નીતાબહેન ગોસ્વામી : drnitaben@sify.com

વૈદ્ય શ્રી રાજેશભાઈ ઠક્કર : vdrajeshthakkar@gmail.com

http://aksharnaad.com

| આયુટ્રસ્ટના ટ્રસ્ટીઓ | ફોન નંબર |
|---|---|
| શ્રી માધવભાઈ રામાનુજ … … … મેનેજિંગ ટ્રસ્ટી | 9879767009 |
| શ્રી એમ. એચ. બારોટ … … … … .. ટ્રસ્ટી | 9898926642 |
| શ્રી વત્સલભાઈ વસાણી … … … … ટ્રસ્ટી | 9879391093 |
| શ્રી નીતાબહેન ગોસ્વામી … … … .. ટ્રસ્ટી | 9825071774 |
| શ્રી રાજેશભાઈ ઠક્કર … … … … .. ટ્રસ્ટી | 9824043467 |
| શ્રી ઈશ્વરભાઈ માણેક … … … … … ટ્રસ્ટી | 9408507468 |
| શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ … … … … … .. ટ્રસ્ટી | 9825613031 |
| શ્રી પ્રવીણભાઈ ડાભી … … … … … ટ્રસ્ટી | 9825036506 |
| શ્રી અશોકભાઈ માધવાણી … … … .. ટ્રસ્ટી | 9427906050 |
| શ્રી જુગલકિશોર વ્યાસ … … … … ..ટ્રસ્ટી | 9428802482 |


Gujarati E-books
From
Aksharnaad.com
Free

## અનુક્રમ

પ્રકરણ : ૧ અર્પણ ........ 12

પ્રકરણ : ૨ આ પુસ્તકમાં આટલા રોગોની સારવાર છે. ........ 16

પ્રકરણ : 3 આયુર્વેદ–ચિકિત્સાનું ઉજ્જવળ ભાવિ ! ........ 18

પ્રકરણ : ૪ બધી જ તકલીફ દૂર થઈ ગઈ ........ 29

પ્રકરણ : ૫ એક કેસ સ્ત્રી-વંધ્યત્વનો ........ 35

પ્રકરણ : ૬ માથું અને દાઢી-મૂછના વાળ ફરીને ઊગ્યા ........ 44

પ્રકરણ : ૭ રોગનું એક પણ લક્ષણ જણાતું ન હતું ........ 53

પ્રકરણ : ૮ કુનખનો એક કેસ ........ 62

પ્રકરણ : ૯ જાતીય દૌર્બલ્ય દૂર થયું....66

પ્રકરણ : ૧૦ મેનોપોઝ વખતની બધી મુસીબત મટી....74

પ્રકરણ : ૧૧ પાર્શ્વશૂળમાં સારું પરિણામ....79

પ્રકરણ : ૧૨ બે મહિનામાં બંને રોગ દૂર થયા....88

પ્રકરણ : ૧૩ મોં પરના ખીલ મટે છે... સરળતાથી....96

પ્રકરણ : ૧૪ આંખના એક અસાધ્ય રોગની સારવાર....106

પ્રકરણ : ૧૫ એક યુવાનની જાતીય મૂંઝવણો મટી....111

પ્રકરણ : ૧૬ બધી ફરિયાદ સંપૂર્ણપણે દૂર થઈ ગઈ....120

પ્રકરણ : ૧૭ અતિ કામુકતા અનેક રોગનું મૂળ........................................128

પ્રકરણ : ૧૮ વાયુજન્ય રાંજણનો રોગ........................................138

પ્રકરણ : ૧૯ બધું જ મટી ગયું હતું........................................142

પ્રકરણ : ૨૦ શરૂઆતમાં સાચી ચિકિત્સા મળે તો........................................152

પ્રકરણ : ૨૧ દરદી ખુશખુશાલ હતા........................................156

પ્રકરણ : ૨૨ કમળો મૂળમાંથી મટી ગયો........................................165

પ્રકરણ : ૨૩ વાઈ, મૂર્ચ્છા અને લો બી.પી........................................176

પ્રકરણ : ૨૪ બધી જ ફરિયાદો શમી ગઈ........................................180

પ્રકરણ : ૨૫ ચાર દિવસમાં રોકાઈ ગયો રક્તસ્રાવ ........................................ 186

પ્રકરણ : ૨૬ હાઈ બી.પી.એ હારી જવું પડ્યું ........................................ 191

પ્રકરણ : ૨૭ ચર્મરોગ સંપૂર્ણ કાબૂમાં આવી ગયો ........................................ 199

પ્રકરણ : ૨૮ બાળ લકવાનો એક કેસ ........................................ 207

પ્રકરણ : ૨૯ ૨૦ દિવસમાં વધ્યું ૪ કિલો વજન ........................................ 217

પ્રકરણ : 3૦ પંદર દિવસમાં પ્રવાહિકા મટ્યો ........................................ 223

પ્રકરણ : 3૧ ટીનુભાઈની ટાલ ટળી ........................................ 227

પ્રકરણ : 3૨ નામર્દાઈ દૂર થઈ ........................................ 234

પ્રકરણ : ૩૩ બધી જ બાબતે સાવ સારું ....................................................241

પ્રકરણ : ૩૪ એક જ દિવસમાં અત્યાર્તવ બંધ ! ......................................250

પ્રકરણ : ૩૫ બાળકના વાતવ્યાધિમાં સાવ સારું થઈ ગયું..............................257

પ્રકરણ : ૩૬ ચાર વર્ષ જૂની ઊલટી એક દિવસમાં મટી !..............................261

પ્રકરણ : ૩૭ વૃષણ–કચ્છૂનો એક કેસ..........................................................268

પ્રકરણ : ૩૮ નટરાજ નાયડુનું ઉદરશૂળ શમી ગયું.........................................272

પ્રકરણ : ૩૯ ચર્મરોગ સમૂળગા ગયા ..........................................................279

પ્રકરણ : ૪૦ સંધિવાત, પ્રોસ્ટેટમાં સાવ સારું થઈ ગયું...................................288

પ્રકરણ : ૪૧ વાતવ્યાધિ પર વિજય ....................................................298

પ્રકરણ : ૪૨ બીજી વાર દવા લેવાની જરૂર ન પડી ....................................307

પ્રકરણ : ૪૩ પંદર દિવસમાં પૂર્ણ આરામ ................................................314

પ્રકરણ : ૪૪ ૮ વર્ષ જૂનો ડાયાબિટીસ દોઢ માસે મટ્યો ! ...............................320

પ્રકરણ : ૪૫ એક અનામી ચર્મરોગ........................................................330

પ્રકરણ : ૪૬ અલ્સરમાં પૂર્ણ આરામ......................................................337

પ્રકરણ : ૪૭ માથાની ખંજવાળ ને ખરતા વાળ ...........................................342

પ્રકરણ : ૪૮ છેવટે જીર્ણજ્વરને જવું પડ્યું................................................347

પ્રકરણ : ૪૯ સૂર્યાવર્ત મટ્યો સાત દિવસમાં....................................................360

પ્રકરણ : ૫૦ ખોડો, ખંજવાળ, ખરતાવાળ, ગૂમડાં મટ્યાં..............................368

પ્રકરણ : ૫૧ તંદુરસ્ત પુત્રનો થયો સહજજન્મ...............................................376

પ્રકરણ : ૫૨ નિદાન અસ્પષ્ટ, પણ પરિણામ સ્પષ્ટ........................................389

પ્રકરણ : ૫૩ મટી ગયો એક માનસિક રોગ.....................................................400

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ............................................................................408

નિ:શુલ્ક ગુજરાતી ઈ-પુસ્તક ડાઉનલોડ – એક ક્લિકે અનેક પુસ્તકો... અક્ષરનાદ.કોમ

# પ્રકરણ : ૧ અર્પણ

પ્રાચીન યુગથી આયુર્વેદની અનેક શાખાઓ એટલે કે નિષ્ણાતપદ્ધતિ – (સ્પેશ્યલાઈઝેશન)નો વિકાસ થયો છે. ચરકની કાયચિકિત્સા (મેડિસિન) અને ભગવાન ધન્વન્તરી અને સુશ્રૃતની શલ્યચિકિત્સા (શસ્ત્રક્રિયા-સર્જરી) તો મુખ્ય છે જ. ભગવાન શ્રીરામના પૂર્વજ નિમિરાજાએ 'નિમિતંત્ર' નામે નેત્રચિકિત્સાની શાખા ખીલવી હતી. દંતવેદકની શાખા આજે આયુર્વેદમાં હયાત છે. સૌથી પહેલી 'કાશ્યપસંહિતા' લખી કશ્યપઋષિએ બાળ આરોગ્ય અને બાળ ચિકિત્સા માટે; આયુર્વેદ દ્વારા સ્ત્રીચિકિત્સા અલગ દરજ્જો આપી સ્ત્રીરોગો, સગર્ભાપરિચર્યા, પ્રસૂતાચર્યા, પુંસવન પ્રયોગ દ્વારા ઉત્તમ ઈચ્છિત સંતાનપ્રાપ્તિ એ આયુર્વેદની વિશિષ્ઠ દેન છે. હજારો હાડવૈદો આપણે ત્યાં થયેલા, વ્રણચિકિત્સામાંથી

મલમપટ્ટાની યુનાની મિશ્રિત શાખાના ગઈ પેઢી સુધી ઠેરઠેર દવાખાનાં હતાં. દેવવ્યયાશ્રય ચિકિત્સા મંત્રચિકિત્સાનું ઘણું મહત્ત્વ હતું. તે ચક્રદત્ત જેવા વૈદ્યોએ પણ સ્વીકાર્યું હતું. સત્ત્વવજય–ચિકિત્સા દ્વારા માનસિક સારવારની શાખા વિકસી હતી.

ભૂતબાધા અને અતત્ત્વાભિનિવેષની નિષ્ણાત પદ્ધતિ સાથેનો આયુર્વેદનો સંબંધ જોડાયેલો આજે પણ જોવા મળશે. વાજીકરણ તંત્રનું વર્ચસ્વ તો આયુર્વેદમાં અનન્ય હતું અને છે. રસાયન વિદ્યા દ્વારા સ્વસ્થ દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવાનો લાભ આપણે હજારો વર્ષ સુધી મેળવ્યો હતો. રસવૈદકની શાખા મહાવૈદ્ય નાગાર્જુનથી શરૂ કરીને આજે પણ ચમત્કાર બતાવે છે. નિદાનક્ષેત્રે નાડીવૈદકની

અલગ પ્રતિભા આપણે ત્યાં પાંગરી હતી, જે આંશિકરૂપે ચાલુ છે. અંગદતંત્ર-વિષવિદ્યાનો વિભાગ આજે પણ કેરલમાં વર્ચસ્વ ધરાવે છે.

એ જ રીતે કેરલ દ્વારા પંચકર્મ ચિકિત્સાનો પ્રચાર આખા વિશ્વમાં થવા માંડ્યો છે અને તે સંબંધિત ક્રિયાઓ રક્તમોક્ષણ, જલોકાવચરણ, અગ્નિકર્મ, ક્ષારકર્મ વગેરેની સ્પેશિયાલિટી પ્રચલિત છે. પ્રભાવચિકિત્સા દ્વારા પણ તાત્કાલિક અને ચમત્કારિક પરિણામો પ્રાપ્ત કરી શકાય છે.

માત્ર માનવ માટે જ આયુર્વેદ સીમિત ન રહેતાં ભૂતદયાર્થે પાલતુ પશુ માટે પણ તેનો વિસ્તાર થયેલો. ગવાયુર્વેદ, અશ્વાયુર્વેદ, અજાયુર્વેદ અને ગજાયુર્વેદનો પણ વિપુલ અને ગહન વિકાસ થયો હતો. આવી અનેક

વિદ્યાશાખાના નિર્માતા, વિકાસકર્તા અને આજ સુધી જીવંત રાખનાર નિષ્ણાંત સેંકડો-હજારો ઋષિઓ અને મહાવૈદ્યોને સન્માનપૂર્વક.....અર્પણ...!

# પ્રકરણ : ૨ આ પુસ્તકમાં આટલા રોગોની સારવાર છે.

| અનુક્રમ | રોગનું નામ | અનુક્રમ | રોગનું નામ | અનુક્રમ | રોગનું નામ |
|---|---|---|---|---|---|
| (૧) | અજીર્ણ | (૨૧) | ગ્રહણીદોષ | ૪૨) | માથામાંગૂમડાં |
| (૨) | અતિસાર | (૨૨) | ગેસ | (૪૩) | મૂર્છા |
| (૩) | અરુચિ | (૨૩) | ચક્કર | (૪૪) | મૂત્રપૂમ |
| (૪) | અલ્સર | (૨૪) | જ્વર | (૪૫) | મેદવૃદ્ધિ |
| (૫) | આમવાત | (૨૫) | જાતીયદૌર્બલ્ય | (૪૬) | મેનોપોઝ |
| (૬) | ઉદરશૂળ | (૨૬) | ટાલ | (૪૭) | રક્તદોષ |
| (૭) | ઉધરસ | (૨૭) | દરાજ (દાદર) | (૪૮) | રક્તપિત્ત–સ્રાવ |
| (૮) | ઊનવા | (૨૮) | દાહ | (૪૯) | રાંજણ |
| (૯) | ઊલટી | (૨૯) | દૃષ્ટિ–દૌર્બલ્ય | (૫૦) | લઘુતાગ્રન્થિ |
| (૧૦) | કટિશૂળ | (૩૦) | ફાઈમોસિસ | (૫૧) | લોહીવા |
| (૧૧) | કબજિયાત | (૩૧) | પ્રદર | (૫૨) | વંધ્યત્વ |
| (૧૨) | કમળો | (૩૨) | પ્રમેહ | (૫૩) | વાઈ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧૩) | કુનખ | (૩૩) | પ્રોસ્ટેટ | (૫૪) | વૃષ્ણકચ્છુ |
| (૧૪) | કૃષતા | (૩૪) | પાર્શ્વશૂળ | (૫૫) | શ્વાસ |
| (૧૫) | કેશકૃમિ | (૩૫) | પાંડુત્વ | (૫૬) | શય્યામૂત્ર |
| (૧૬) | કેશપતન | (૩૬) | ફોલ્લી | (૫૭) | શરદી |
| (૧૭) | ખરજવું | (૩૭) | બ્લડપ્રેશર | (૫૮) | શિરઃશૂળ |
| (૧૮) | ખંજવાળ | (૩૮) | બહેરાશ | (૫૯) | શીઘ્રપતન |
| (૧૯) | ખીલ | (૩૯) | બાહુશોષ | (૬૦) | શુક્રદોષ |
| (૨૦) | ખોડો | (૪૦) | બાળલકવા | (૬૧) | હરસ |
| | | (૪૧) | મરડો | | |

## પ્રકરણ : 3 આયુર્વેદ–ચિકિત્સાનું ઉજ્જવળ ભાવિ !

આયુર્વેદીય ચિકિત્સાના સૌથી પ્રથમ સ્પષ્ટ બે વિભાગો છે. જેને (૧) કાય–ચિકિત્સા (મેડિસિન) અને (૨) શલ્ય–ચિકિત્સા (સર્જરી) કહે છે. તેના બે પ્રતિનિધિ ગ્રંથ છે, ચરકસંહિતા (કાયચિકિત્સા માટે) અને સુશ્રૃતસંહિતા (શલ્ય–ચિકિત્સા માટે).

ચરકસંહિતામાં પણ ચિકિત્સાના ઘણા વિભાગ પાડવામાં આવેલા છે. જેને મહાવૈદ્ય વાગ્ભટ્ટે અષ્ટાંગ હૃદય (આઠ અંગરૂપે આયુર્વેદનું હાર્દ) વ્યક્ત કરેલ છે. તેમાં ‘કાય બાલગ્રહો ધ્વાંગ વગેરેનું વર્ણન છે. તેના પછી પણ આજ સુધીમાં

આયુર્વેદમાં અનેક પ્રકારે નિષ્ણાત પદ્ધતિ દ્વારા સારવાર થતી જ રહી છે ને ભવિષ્યમાં તેનો વધુ વિકાસ થઈ શકે તેમ છે. જેનું વર્ણન આ પ્રમાણે કરી શકાય

૧. રોગાનુસારઃ પક્ષાઘાત, ગ્રહણી, પથરી, સફેદ દાગ, ખરજવું વગેરે એક એક રોગની સ્પેશિયાલિટી ગઈ પેઢીના વૈદ્યોમાં પણ પ્રચલિત હતી. જેમ કે અમદાવાદમાં સ્વામિનારાયણ મંદિર સામે એક વૈદ્યરાજ શ્રી જયંતિલાલભાઈ ગ્રહણીના નિષ્ણાત હતા. ભાવનગરમાં વૈદ્ય શ્રી મગનભાઈ પટેલ પથરીના નિષ્ણાત છે. અમદાવાદમાં વૈદ્ય શ્રી કિરીટ પંડ્યા સફેદ દાગ (શ્વિત્ર)ના સ્પેશિયાલિસ્ટ છે. અમદાવાદમાં એક વૈદ્ય માત્ર ખરજવાના નિષ્ણાત હતા.

૨. રોગસમૂહ અનુસાર : ચામડીના રોગો, જાતીય રોગો, દાંતના રોગો, હાડકાંના રોગો, વાળના રોગો, મળમાર્ગના રોગો (પ્રોક્ટોલાજિસ્ટ) જેમ કે રાજકોટના સુવિખ્યાત દંતવૈદ્ય શ્રી લાભશંકરભાઈ શુક્લ અદ્વિતીય દંતવૈદ્ય છે. વડોદરામાં આયુર્વેદના એક સ્નાતક જાતીય રોગોમાં નિષ્ણાત છે. વૈદ્ય શ્રી સુભાષ ઠાકરના દવાખાનાનું નામ 'કામોપચાર' છે. અમદાવાદમાં શ્રી ઈલાબહેન શાહ વાળના રોગોમાં નિષ્ણાત છે. ગઈ પેઢીમાં પુષ્કળ હાડવૈદ્ય હતા. ગુદરોગમાં હરસ-ભગંદર વગેરેની ક્ષારસૂત્રીય સારવાર આજે ઘણા વૈદ્યો કરે છે.

3. વયાનુસારઃ બાળકોના રોગોના નિષ્ણાત ગઈ પેઢીમાં ઘણા વૈદ્યો હતા. ભાવનગરમાં ચકલી ભટ્ટ અને અમદાવાદમાં બહેરા વૈદ્યનાં નામ જાણીતાં

હતાં. આજે ગુજરાતમાં દોઢ કરોડ બાળકો હોવા છતાં એક પણ બાળરોગના નિષ્ણાત વૈદ્ય નથી.

૪. જાતિ અનુસારઃ ગુજરાતમાં બે-અઢી કરોડ સ્ત્રીઓમાં કેવળ બે–ત્રણ જ સ્ત્રીરોગ નિષ્ણાત સ્ત્રીવૈદ્યો છે. જેની શરૂઆત વૈદ્ય શ્રી ઉષાબહેન જાની દ્વારા પ્રાઈવેટ ચિકિત્સાથી થઈ હતી.

૫. ક્રિયા અનુસારઃ કેવળ ગુજરાત જ નહીં, કેરલ જ નહીં, સમગ્ર ભારત જ નહીં વિશ્વ આખામાં પંચકર્મની બોલબાલા છે. અમદાવાદમાં જ વૈદ્ય પ્રેરક શાહ, વૈદ્ય હરેશ વ્યાસ, ઈલાબહેન દેશપાંડે વગેરે ઘણાં પંચકર્મ વૈદ્યો પંચકર્મની

સ્પેશિયાલિટી ધરાવે છે. કેવળ બસ્તિ–ચિકિત્સા, કેવળ નસ્ય–ચિકિત્સા, કેવળ જલૌકાવચરણ–ચિકિત્સા પણ ઘણા વૈદ્યો કરે છે.

૬. વિશિષ્ઠ ક્રિયા અનુસારઃ પુંસવન પ્રયોગની એવી વિશિષ્ઠ પ્રક્રિયા છે કે જેના દ્વારા ઉત્તમ ઈચ્છિત સંતાન મેળવી શકાય છે. ખાસ કરીને પુત્ર સંતાન માટેની આ ક્રિયાના ગુજરાતમાં ઘણાં જ કેન્દ્રો છે. નડિયાદમાં વૈદ્ય શ્રી પી.એમ.જસાણીના દવાખાનાનું નામ જ ‘પુંસવન ક્લિનિક’ છે. સૌંદર્ય કેન્દ્ર (આયુર્વેદીય બ્યુટીપાર્લર’માં વિશિષ્ઠ સારવાર આપી સૌંદર્યપ્રદ સારવાર આપવામાં આવે છે. અમદાવાદમાં વૈદ્ય શ્રી નીતાબહેન ગોસ્વામી અને વૈદ્ય હિતેન્દ્ર ગોહિલ કેવળ સૌંદર્ય–ચિકિત્સા જ કરે છે.

૭. અનેક રોગોમાં નિષ્ણાત પદ્ધતિ અનુસારઃ ઘણા એવા વૈદ્યો છે કે જેની પાસે બે ચાર રોગમાં પણ સ્પેશિયાલિટી હોય. જેમ કે મારી પાસે વર્ષોથી વાયુના રોગો, ચામડીના રોગો, કાનના રોગો, જાતીય રોગો, વંધ્યત્વ અને પુંસવન પ્રયોગના પુષ્કળ દરદી આવે છે.

વૈદ્યો જો પુરુષાર્થ કરે, સાહસ કરે, સરકારશ્રી, આયુર્વેદ યુનિવર્સિટી, આયુર્વેદ કોલેજો, વૈદ્યમંડળો, વૈદ્યસભાઓ, આયુર્વેદની સાર્વજનિક સંસ્થાઓ ઈચ્છે તો આવતા દશકાઓમાં અનેક જાતનાં સ્પેશ્યલાઈઝેશન શરૂ કરી શકે, કરાવી શકે. જેમાંના કેટલાંક આ પ્રમાણે છે :

- હાડવૈદકઃ ગઈ પેઢીમાં તો શહેરો અને કસબામાં ઠેરઠેર હાડવૈદ્યો હતા. આજે ગણ્યા ગાંઠ્યા છે. આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીની સર્વ સુવિધા સાથે સુશ્રૃત વર્ણિત હાડવૈદક-અસ્થિચિકિત્સાને પુનર્જીવિત કરી શકાય તેમ છે.

- ચર્મરોગ ચિકિત્સાઃ તેની આંતર-બાહ્ય સારવાર સુવ્યવસ્થિત હોવાથી અને પથ્યાપથ્યની સાચી સમજ હોવાથી આયુર્વેદ દ્વારા બધા ચર્મરોગ-કુષ્ઠરોગ મટાડી શકાય તેમ છે. તેલો, ધૃતો, મલમો, લેપો, ખાવાની દવાઓથી આયુર્વેદ ચર્મરોગ અંગે એટલો બધો સમૃદ્ધ છે કે એકેએક ચર્મરોગના દરદીને પોતાના તરફ આકર્ષી તેમાંના તમામ સાધ્ય દરદીને તે સાજા કરી શકે તેમ છે.

- મેદવૃદ્ધિ-કૃશતા : વિષમ જીવનને કારણે એક તરફ સુખી લોકોમાં મેદવૃદ્ધિનું પ્રમાણ વધતું જાય છે તો તેનાથી વિપરીત કૃશતાના કેસ પણ ઘણા હોય છે. આયુર્વેદમાં તે બંનેને મટાડી સપ્રમાણ શરીર માટેની વ્યવસ્થિત સારવાર હોવાથી તેનાં કેન્દ્રોમાં સારા પ્રમાણમાં દરદીને આકર્ષી શકાય તેમ છે.

- આમવાત-સંધિવાતઃ વાયુના રોગોનું પ્રમાણ વધુ હોય છે. તે વધતું જવાથી જ્યાં જુઓ ત્યાં સંધિવાત-આમવાતના દરદી ઉભરાય છે. એલોપથીમાં તેનાં નિદાન-ચિકિત્સામાં પુષ્કળ સમય અને સંપત્તિ ખર્ચવા છતાં કંઈ વળતું નથી. જ્યારે આયુર્વેદમાં ઔષધ અને ક્રિયાઓ દ્વારા તેમાં મૂળગામી પરિણામ લાવી શકાય છે. દવાખાનાં કે નાનાં હૉસ્પિટલો શરૂ કરવામાં આવે અને

કેવળ વાયુના રોગોની સારવાર જ આપવામાં આવે તો સ્વાર્થ-પરમાર્થનું એક સુવ્યવસ્થિત ચિકિત્સાતંત્ર શરૂ થાય.

- કાનના રોગોઃ બહેરાશ, કર્ણપૂય જેવા વ્યાપક કાનના રોગોમાં એલોપથી દ્વારા પ્રાયઃ પરિણામ મળતું નથી. આયુર્વેદનાં તેલો અને ક્રિયાઓ ખૂબ કામયાબ હોવાથી કાનના રોગોમાં કામ બતાવી શકાય તેમ છે. મેં પોતે આ ક્ષેત્રમાં પુષ્કળ દરદીને સાજા કરેલા છે.

- પેટના રોગોઃ આમ, જઠરાગ્નિ વગેરેનો વિચાર આયુર્વેદમાં સુવ્યવસ્થિત હોવાથી અને તેનાં ઔષધો પણ અસરકારક હોવાથી પાચનતંત્રનાં-પેટનાં-

આંતરડાનાં બધાં દરદોમાં આયુર્વેદમાં વધુમાં વધુ યશ મળી શકે તેમ છે. તેમાં સાથે પંચકર્મ ક્રિયાઓ પણ ઘણી મદદગાર બની શકે.

- મૂત્રાશયના રોગોઃ આજે કિડનીની હૉસ્પિટલો ઊભરાઈ રહી છે. દિનચર્યા, ઋતુચર્યાની વિકૃતિ અને ઔષધોની આડઅસરોને કારણે કિડનીના રોગો વધતા જ જવાના છે. જેમાં એલોપથીમાં નિષેધ ઔષધો સિવાય બીજું બધું જ છે. જ્યારે આયુર્વેદ પાસે માતબર પુનર્નવા, ગોક્ષુર, ત્રિફળા, હરડે, શિલાજિત, ચંદ્રપ્રભા જેવાં ઔષધો છે. તેથી કિડનીરોગ કેન્દ્રો ખોલવામાં આવે તો આ યુગના મોટા રોગમાં માનવજાતને ઘણી મોટી રાહત આપી શકાય.

- નેત્રરોગોઃ એક જમાનામાં નેત્રરોગના નિષ્ણાત વૈદ્યો પણ આયુર્વેદમાં હતા. મોતિયા, પરવાળા, ઝામર, ખીલ વગેરે ઓપરેશનો પણ નેત્રવૈદ્યો કરતા. રાજસ્થાનનો ભટ્ટનાગર વૈદ્યસમુદાય આ બાબતે પરંપરાથી નિષ્ણાત ગણાતો. સૌરાષ્ટ્રમાં એક મુસ્લિમ વૈદ્યદાદા ઘોડો લઈ ગામડે ગામડે મફત મોતિયો ઉતારવા જતા. ફ્રાંસ અને રશિયાના મહાનગરના ફૂટપાથ પર ભારતના નેત્રવૈદ્યો સુશ્રુત પદ્ધતિથી એક જ દિવસમાં દરદીને મોતિયાની મુશ્કેલીમાંથી મુક્ત કરી શકતા. દૃષ્ટિ દૌર્બલ્ય, ચશ્માના નંબર જેવા પુષ્કળ વધી રહેલા નેત્રરોગમાં કે નેત્રરક્ષામાં બે ત્રણ વૈદ્યો સારવાર આપે તો પ્રજાને પાર વગરનું પરિણામ મળે.

# પ્રકરણ : ૪ બધી જ તકલીફ દૂર થઈ ગઈ

જઠરાગ્નિની મંદતા, કબજિયાત, વાહનો ચલાવવાની આદત કે મજબૂરી તથા જાતીય અસંયમ વગેરે કારણે પ્રવર્તમાનમાં હરસ-મસાનો રોગ વધતો જ જાય છે. 'અરિવત્ પ્રાણાન્ શૃણન્તિ-હિંસન્તિ ઈતિ અર્શાંસિ' – 'દુશ્મનની જેમ સતત રીબાવનાર કે રીબાવી રીબાવીને મારી નાખે તે અર્શ.' ગુદા મર્મસ્થાન હોવાથી હરસને દુ:ખદાયી રોગ કહ્યો છે. તેમાં ઔષધથી કામયાબી ન મળે તો અગ્નિકર્મ, ક્ષારકર્મ કે શસ્ત્રકર્મની જરૂર પડતી હોવાથી તે અઘરો રોગ માનવામાં આવે છે. તેમાં ક્ષારકર્મ જલદી અને જડમૂળથી હરસને મટાડે છે. આયુર્વેદમાં કબજિયાત, ગેસ, મંદાગ્નિની સારવાર ખૂબ પરિણામદાયી હોવાથી આયુર્વેદ દ્વારા

હરસ-મસાની સારવાર વધુ ફળદાયી નીવડે છે અને તે કારણે જ છેલ્લાં પચાસ વર્ષથી ક્ષારસૂત્ર દ્વારા હરસ-મસામાં સ્પેશિયાલિટી સફળ થવાથી ઘણા આયુર્વેદના સ્નાતકો તેના નામી નિષ્ણાંત થયા છે.

❖

શ્રી એમ. કે. વ્યાસની ઉંમર ૪૨ વર્ષની. તા. ૭-૧૧-૭૬ના દિવસે સત્યનારાયણની ચાલી, કલોલથી આવેલ. પોતે શિક્ષકની નોકરી કરતા હતા. તેમને વાયુથી થયેલ હરસ હતા. તેમાં ગેસ થતો હતો. વાયુ ખૂબ ઉપર ચડતો હતો. ૧૫ વર્ષથી તેમને ગેસ થતો હતો અને શૌચ ગયા બાદ અને વાંચતી વખતે માથું ભારે થઈ જતું હતું. ચક્કર આવતાં હતાં. અશક્તિ જણાતી હતી.

વાયુના અંદરના સૂકા મસા હોવાથી લોહી ક્યારેય પડ્યું ન હતું. ચાર મહિનાથી હરસનું જોર વધુ હતું. કબજિયાત રહેતી હતી તેમાં હરડે માફક આવતી હતી. વજન ૪૭ કિલો હતું. તેમને હરસનું પથ્યાપત્રક આપવામાં આવેલ. તેમાં સૂરણ અને છાશનું વધુ સેવન કરવાનું હતું. હરસનું દરદ હંમેશાં કાબૂમાં રહે તે માટે તેનો ભાવપ્રકાશ સંહિતાનો શ્લોક પણ સમજાવ્યો હતો.

વેગાવરોધ સ્ત્રીસ્પર્શ યા નાન્યુત્કટકાસનમ્ ।
યથાસ્વં દોષંણં ચાન્નમર્શસઃ પરિવર્તનમ્ ।।

– ભાવપ્રકાશ–હરસ – ૧૪૯

હરસના દરદીએ મળ-મૂત્ર-ભૂખ-ઊંઘ આદિ શારીરિક વેગોને રોકવા નહીં, સમાગમ કરવો નહીં, સ્કૂટર, સાઈકલ, ઘોડો જેવાં વાહનો પર સવારી કરવી નહીં, ઉભડક બેસવું નહીં અને જે જે દોષથી હરસ થયા હોય તે દોષને વધારનારો ખોરાક ખાવો નહીં (જેમકે વાયુના મસામાં જાંબુ, કોદરી, ચણા, ગુવાર જેવા લૂખા, ઠંડા, કબજિયાત કરનાર ખોરાક ન ખાવા, પિત્તના કે રક્તના હરસમાં ગરમ ખોરાક જેમ કે મરચાં, બાજરી વગેરે ન ખાવાં, કફના હરસમાં ભારે, ચીકણો, મધુર ખોરાક વધુ ન ખાવો. જેમકે ગોળ, શિખંડ, ભીંડો વગેરે).

ઔષધો આ પ્રમાણે હતાં :

૧. અભયારિષ્ટ - બંને વખત જમ્યા બાદ ૧-૧ ચમચો. સમાન પાણી મેળવીને.

૨. હરડે ટીકડી – ૨ રાત્રે પાણી સાથે મેળવીને (કબજિયાત અનુસાર તે વધારી શકાય).

૩. રસોના ગોળી – જમ્યા બાદ ચૂસવી (આયુ પ્રોડક્ટ્સની).

૪. ગેસેક્સ ટીકડી – ૨-૨, સવારે-સાંજે ચાવીને પાણી સાથે (હિમાલય ડ્રગની)

તા. ૧૪-૧૧ના રોજ કેવળ એક અઠવાડિયામાં ઘણો જ ફાયદો થયો હતો. ગોળ, આદું વગેરે ખાઈ શક્તા ન હતા તે હવે ખાઈ શક્તા હતા. ગેસ ઉપર ખૂબ ચડતો હતો તેમાં એક જ દિવસમાં ઘણી રાહત થઈ ગઈ હતી. વજન ૧ કિલો વધ્યું હતું. દવા પૂર્વવત્ ચાલુ રખાવી હતી. હરસમાં હરડે અને ગોળની ગોળી ખાવી ખૂબ હિતાવહ હોવાથી તે લેવાનું સૂચન આપ્યું હતું. ભાવપ્રકાશ સંહિતાના મધ્યમખંડમાં હરસના પ્રકરણમાં તેનો એક શ્લોક આ પ્રમાણે છે :

પિત્તશ્લેષ્મ પ્રશમની કંડૂકુક્ષિરુજાપહા ।
ગુદજાન્નાશયત્યાશુ ભક્ષિતા સગુડાભયાઃ ।।

'હરડેના ચૂર્ણની જૂના ગોળમાં ગોળી કરીને ખાવાથી પિત્ત, કફ, ખંજવાળ, પેટનો દુઃખાવો તથા ગુદામાં થતા હરસ વગેરે રોગો તરત મટે છે.'

પંદર દિવસ બાદ આવ્યા ત્યારે બધી જ તકલીફ દૂર થઈ ગઈ હતી. છતાં પંદર દિવસ દવા ચાલુ રાખવાનું કહ્યું હતું. જેથી રોગ ફરીને ન થાય.

❖

# પ્રકરણ : ૫  એક કેસ સ્ત્રી-વંધ્યત્વનો

સ્ત્રી-પુરુષ વંધ્યત્વના કેસમાં આયુર્વેદની કામયાબી જગજાહેર છે. સર્વે કરવામાં આવે તો ભારતમાં ૭૫ ટકા વંધ્યત્વના કેસ આયુર્વેદથી સારા થયાનો અહેવાલ મળે. પુરુષ વંધ્યત્વના શુક્રદોષમાં ઓલિગોસ્પર્મિયામાં પરિણામ લાવવું તે આયુર્વેદ માટે રમત વાત છે. કારણ કે આયુર્વેદ પાસે વાજીકરણ, શુક્રલ, રસાયન ઔષધો છે, ક્રિયાઓ પણ છે. નપુંસક્તાનું કારણ હોય તો તેના ઉપાય પણ આયુર્વેદમાં જ અદ્વીતીય છે. સ્ત્રી–વંધ્યત્વમાં આર્તવદોષ, ગર્ભાશયદોષ, બીજદોષ, ગર્ભસ્રાવ, ગર્ભપાત વગેરે માટેનાં પણ ઔષધો આયુર્વેદમાં પુષ્કળ છે. બસ્તિપ્રયોગની પંચકર્મક્રિયા પણ ખૂબ કામયાબ છે. સર્જિકલ ન હોય તેવા પ્રાયઃ

તમામ કેસમાં આયુર્વેદ ખૂબ જ સારાં પરિણામ બતાવી શકે છે. એવો એક બીજ–દુષ્ટિજન્ય વંધ્યત્વનો કેસ....

❖

ગીરાબહેન સંજીવકુમાર પટેલ ઉંમર વર્ષ ૨૮. તા. ૧૯-૨-૯૭ના રોજ G–બી, ગંગોત્રી સોસા., ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદથી આવેલાં. તેમનાં લગ્ન ચાર વર્ષથી થયાં હતાં. લગ્ન બાદ ગર્ભ રહેતો ન હતો. સંજીવકુમારનો અગાઉ રિપોર્ટ કરાવેલો તે નોર્મલ આવેલ. ત્યારબાદ મેં ફરીને તાજો રિપાર્ટ મંગાવેલો પણ તેમણે આપ્યો ન હતો. ગીરાબહેનની તપાસ ઘણાં લેડી–ડૉક્ટરો તથા ગાયનેકોલૉજિસ્ટ પાસે કરાવેલ. તેમાં બીજદુષ્ટિ હોવાનું

નિદાન થયેલું. ગર્ભ ન રહેવાનું એક મહત્ત્વનું કારણ હંમેશનો સમાગમ પણ હતો. (સંતાનરહિત દંપતિ હાર્યા જુગારીની જેમ હંમેશાં અથવા હંમેશાં એકથી વધુ વખત સમાગમ કરતાં હોય છે. જેનાથી બંને પક્ષે વાયુ-પિત્તનો પ્રકોપ થતાં, શુક્ર-આર્તવમાં દુષ્ટિ આવે છે ને ગર્ભસ્થાનમાં અવરોધ આવે છે. પુરુષમાં શુક્રસંગ્રહ ન થવાથી શુક્રાણુમાં વિકૃતિ આવી જતી હોય છે).

ગીરાબહેન પ્રથમ વખત તા. ૧૯-૨-૯૭ના રોજ આવેલ. પુરુષનો શુક્રપરીક્ષણનો રિપોર્ટ કરાવવામાં કંઈક અવરોધ આવવાથી પુનઃ તા. ૨-૪ના રોજ આવેલા. રિપોર્ટ લાવ્યા વિના જ. (પુરુષો અહંકાર પ્રધાન હોવાથી પ્રાયઃ શુક્રપરીક્ષણમાં સાથ આપતા નથી હોતા. પોતે સમાગમ કરી શકે છે એટલે પોતે બરાબર છે તેમ માની લે છે અને સ્ત્રીના જ રિપોર્ટ કરાવ્યા કરે છે અને સ્ત્રીની

સારવાર કરાવ્યા કરે છે. આ અજ્ઞાનમાં તેને પૂરો પરિવાર પણ ઘણીવાર સાથ આપતો હોય છે).

**નોંધ** : વંધ્યત્વનો રોગ લઈને એક દંપતી આવેલ. મોટા ભાગે બધા કરાવતાં હોય છે તેમ પત્નીના નામનો કેસ કઢાવેલો. પુરુષની ઉંમર ૫૦ વર્ષની આસપાસ હતી. સ્ત્રીની ૪૦-૪૫ વચ્ચે. સ્ત્રીને આર્તવ બંધ થવાનાં પણ લક્ષણો (મેનોપોઝ) શરૂ થઈ ગયેલ. મેં પુરુષ પાસે તેમનો શુક્રપરીક્ષણનો રિપોર્ટ માંગ્યો તો છણકો કરીને કહે,

‘હું તો ઘોડા જેવો છું. મારું તો બધું જ બરાબર છે, મારે શેનો રોપોર્ટ કરાવવાનો?’

'સંતાન કેવળ એકલી સ્ત્રીથી નથી થતું. તેમાં સ્ત્રી-પુરુષ બંનેનું સમાન કારણ હોઈ શકે. પુરુષને શુક્રદોષ હોય અને સ્ત્રીને આર્તવ દોષ હોય તો સંતાન થઈ ન શકે.'

'કારણ ઘરવાળીનું છે એટલે એના રિપોર્ટ લાવ્યાં છીએ. મારા રિપોર્ટની કોઈ જરૂર નથી'

'તમારો રિપોર્ટ તો મારે પહેલો જોઈએ, તે સિવાય સારવારમાં આગળ વધી ન શકું. અત્યારે કરાવી લ્યો, નીચે જ સર્વોદય લેબોરેટરી છે.'

'આટલાં વરસમાં મને કોઈએ રિપોર્ટ કરાવવાનું કહ્યું જ નથી, મારું કારણ ન હોય તો હું શા માટે કરાવું ?'

'મારું માનવું છે કે, કારણ તમારું જ છે. આટલા વખતમાં અહંકાર છોડીને ડૉક્ટર–વૈદ્યોને સાથ આપવા માટે પણ એક વખત રિપોર્ટ કરાવ્યો હોત તો કોનું કારણ છે તે ક્યારનુંય જાણવા મળી ગયું હોત. તમે તમારી તપાસ કરાવવા ન ઇચ્છતા હો તો તમારું કન્સલ્ટીંગ પાછું. મેં ચીડાઈને કહ્યું.'

'તમે મને ખોટો હેરાન કરો છો. તમે કહો છો તો રિપોર્ટ કરાવું પણ મને કોઈ દરદ નથી તે નક્કી વાત.'

'તમારે ખાતર નહીં તો મારા નિદાન ખાતર રિપોર્ટ કરાવોને. કલાકમાં જે હશે તે જાણવા મળી જશે.' અને કલાકમાં મારા હાથમાં એમણે રિપોર્ટ મૂક્યો તે

'Nill' કાઉન્ટનો હતો. એમણે પોતાની અવળાઈને કારણે પત્નીને પચીસ વર્ષ અહીંથી તહીં બતાવીને હજારો રૂપિયા ખર્ચી નાખેલા.

❖

મેં ગીરાબહેનને નામાંકિત સ્ત્રીવૈદ્ય શ્રી ઉષાબહેન જાની પાસે મોકલેલાં. કદાચ તે ત્યાં ગયાં નહીં હોય. પથ્યાપથ્ય પત્રક 'ત્રિદોષશામક' આપેલું. તેમને આપેલી દવા આ પ્રમાણે હતી:

૧. ચંદ્રપ્રભા વટી...૨–૨ ભૂકો કરીને સવારે-સાંજે દૂધ સાથે.
૨. મહારાસ્નાદિ ગૂગળ...૨–૨ ઉપર પ્રમાણે.
૩. અભ્યાસન...૨–૨ પેટમાં ગેસ અને દાહ હતા. ('ઝંડુફાર્મસી'ની પેટન્ટ)

૪. ફર્ટાલ કેપ...૨–૨ બપોરે, રાત્રે ગળવી ('અનુજા ફાર્મસી'ની.)

તા. ૧૬-૪ના રોજ દવા પૂર્વવત્ ચાલુ રાખી હતી.

તા. ૩૦-૭ના રોજ આવ્યાં ત્યારે ગીરાબહેન પ્રસન્ન પ્રસન્ન હતાં. તેમને ત્રીજો મહિનો ચાલતો હતો. કબજિયાત પણ રહેતી હતી. તેથી મળશુદ્ધિકર, ગર્ભરક્ષક ઔષધો આ પ્રમાણે આપ્યાં હતાં:

**નોંધ** : સગર્ભાવસ્થામાં કબજિયાત મોટે ભાગે રહેતી હોય છે. તેમાં હરડે કે હરડેવાળી ત્રિફળા વગેરે દવા આપવાની મનાઈ છે. કોઈ તીવ્ર વિરેચન આપવાં હિતાવહ ન હોવાથી સૌમ્ય, મૃદુ વિરેચન જ આપવું જોઈએ. મળશુદ્ધિ આહાર આપીને પેટ સાફ કરાવવું વધારે હિતાવહ હોવાથી સૂકી, કાળી દ્રાક્ષ, ગુલકંદ,

આમળાંનો મુરબ્બો, ચ્યવનપ્રાશ, દિવેલ, તાંદળજો વગેરેમાંથી જે મળે કે માફક આવે તે લઈ શકાય. ગરમાળાનો ગોળ, ઈસબગુલ કે આમળાંચૂર્ણ માફક આવે.

આ દરદીને મેં ઈસબગુલ લેવા આપ્યું હતું. સાથે નીચેની દવા :

૧. ઈસબગુલ...૧ ચમચો સવારે કે રાત્રે ગળ્યા દૂધ સાથે.

૨. ગર્ભપાલ રસ ગોળી...૧-૧ સવારે–સાંજે મધ સાથે.

૩. લેપ્ટાડિન ટીકડી...૨–૨ સવારે-સાંજે દૂધ સાથે.

૪. ગૌર ધનવટી...૨–૨ સવારે-સાંજે ઉપરની દવા સાથે. (‘આયુ પ્રોડક્ટ્સ’ની બનાવેલી આ ગોળીમાં જન્મનારું બાળક ગોરું આવે તે માટે જેઠીમધ ચૂર્ણ, ગોદન્તી ભસ્મ અને દેશી બાવળની પાલીનું સમભાગ ચૂર્ણ મેળવવામાં આવેલ.)

૫. શતાવરી કલ્પ...૧–૧ ચમચો સવારે-સાંજે ગળ્યા દૂધ સાથે.

તા. ૭-૧-૯૮ના રોજ જાણવા મળેલ કે દરદીને આઠમો માસ ચાલતો હતો. દરદી અને તેના પતિ દવા લેવામાં, મળવામાં, અહેવાલ આપવામાં ખૂબ જ અવ્યવસ્થિત હોવાથી અન્ય કેસની જેમ તેની ઝીણી ઝીણી નોંધ થઈ શકી ન હતી.

## પ્રકરણ : ૬ માથું અને દાઢી-મૂછના વાળ ફરીને ઊગ્યા

વાળ અને રોગને આયુર્વેદે અસ્થિ તથા શુક્રધાતુ સંબંધિત બતાવ્યા છે. વાળને અસ્થિનો મળ માનેલ હોવાથી શુક્ર અને જાતીય રોમોત્પત્તિ સંબંધિત હોવાથી જ્યારે અસ્થિમાં વિકૃતિ આવે ત્યારે અને શુક્રમાં વિકૃતિ આવે ત્યારે

વાળના રોગો થવાનો વધુ સંભવ છે. પુરુષના દાઢી-મૂછના વાળ ખરવા માંડે કે સાવ ખરી પડે ત્યારે તેમાં કૃમિ, પિત્તાધિક્ય વગેરે ઘણાં કારણોમાં વાયુ કે પિત્તથી દૂષિત શુક્રદોષ પણ હોવા સંભવ છે. ટાલના દરદીને જાતીયતા સાથે સંબંધ હોવાનું અત્યારનું વિજ્ઞાન સ્વીકારે છે. વાળ કાળા, સુંવાળા, લાંબા, ઘટ્ટ હોવાને પ્રાકૃત કફ સાથે સંબંધ છે ને પ્રાકૃત કફનો નાશ થવાથી પણ કેશને અસર થયા વિના રહેતી નથી. લગ્ન બાદ અતિ સમાગમથી પણ સ્ત્રી-પુરુષના વાળ ખરવાનું પ્રમાણ વધી જતું કેટલાક કેસમાં જોવા મળે છે.

❖

શ્રી ગોરધનભાઈ પરશોત્તમભાઈ માંગરોળિયા, બી-૩૨, મનહરનગર, બાપુનગર, અમદાવાદમાં રહે છે. તેની ઉંમર હતી કેવળ ૨૫ વર્ષની. ત્યારે તા. ૧૫-૮-૮૯ના રોજ આવેલા. તેને વાળ ખરી જવાથી ટાલ પડી ગઈ હતી. તેથી માથામાં વીગ પહેરેલી હતી. દાઢી-મૂછના પણ તમામ વાળ ખરી પડેલા હતા. તેથી ઈન્દ્રલુપ્ત અને કાર્તિક બંને રોગથી તે ઘેરાયેલા હતા. પાંચ વર્ષથી શરૂ થયેલા આ દર્દથી તે ખૂબ મુંઝાઈ ગયા હતા. ઘણા ડૉક્ટરોની દવા લીધી હતી. છેલ્લે ડૉ. અનિરુદ્ધ વ્યાસની પણ દવા કરી હતી. તેને વાળ ખરવા તે વાયુ-પિત્તનું લક્ષણ હતું. શરદી રહેતી હતી તે કફનું લક્ષણ હતું. પેટમાં બળતરા થતી હતી તે પિત્તનું લક્ષણ હતું. તેથી ત્રિદોષપત્રક પરેજી પાળવા માટે આપેલ.

તેના પૂર્વ ઈતિહાસ પ્રમાણે તેને ૨૦થી ૨૨ વર્ષની વયમાં વધુ હસ્તદોષ કરવાની આદત હતી અને લગ્ન બાદ એક વર્ષ સુધી પ્રત્યેક રાત્રે ત્રણ વખત સમાગમ કરવાની ટેવ હતી. જેને કારણે પણ શુક્રાલ્પતા થવાથી આ રોગ થવાની પણ શંકા કરી શકાય. તેમણે એપ્પેન્ડિસાઈટિસનું પણ ઓપરેશન કરાવેલ.

ખરી ગયેલા વાળના, ટાલના અને કાર્તિક (દાઢી-મૂછના વાળનો નાશ)ના રંગીન ત્રણ ફોટા મેં પાડી લીધા હતા. દરદીને એક પુત્રી હતી. પાળી શકાય તેટલો સંયમ પાળવાની શરતે નીચેની દવા યોજી હતી :

૧. કેશલ ટીકડી...૨–૨ સવારે-રાત્રે પાણી સાથે કે દૂધ સાથે (‘આયુ પ્રોડક્ટ્સ’ની આ કેશવર્ધક ટીકડીમાં ભાંગરો, આમળાં, અશ્વગંધા, શતાવરી, જેઠીમધ, ત્રિફળા વગેરે ઔષધો હતાં.)

૨. અશ્વગંધા ઘનવટી...૨–૨ સવારે-રાત્રે ભૂકો કરીને ઉપરની દવા સાથે.

૩. મધુક કેપસ્યૂલ...૨–૨ બપોરે-રાત્રે (તેમાં કેવળ જેઠીમધનું ચૂર્ણ ભરવામાં આવેલ)

૪. ભૃંગામલ તેલ...માથે માલિશ કરવા માટે (આયુ પ્રોડક્ટ્સ દ્વારા કાળા તલના તેલમાં શાસ્ત્રીય વિધિ અનુસાર બનાવવામાં આવેલ.)

૫. કેશગુટી...ટાલ ઉપર બકરીના દૂધમાં કે પાણીમાં લેપ કરવાનો હતો.

પછી આવ્યા ત્યારે આ પ્રમાણે દવા ગોઠવી હતી :

૧. કેશલ ટીકડી

૨. મધુક કેપસ્યૂલ

૩. કેશ ગુટી

૪. ભૃંગામલક તેલ

૫. ભૃંગરાજાસવ...૧–૧ મોટો ચમચો સમાન પાણી મેળવીને બંને વખત જમ્યા બાદ પીવા માટે.

૬. શતાવરી ઘનવટી...૨–૨ સવારે-રાત્રે

૭. પથ્યાદિ ઘનવટી...૨–૨ ઉપરની દવા સાથે.

તા. ૮-૬ના દિવસે ફાયદો હતો. ટાલમાં વાળ ઊગવા શરૂ થયા હતા. વાળમાં કાળાશ વધી હતી. જાતીય ઉત્તેજનામાં વધારો થયો હતો.

તા. ૮-૮ના રોજ દવા આ પ્રમાણે હતી :

૧. કેશલ ટીકડી

૨. શતાવરી ઘનવટી

૩. કેશ ગુટી

૪. રસાયન ટીકડી...૨–૨ સવારે-રાત્રે. (વાળને કાળા રાખવામાં શ્રેષ્ઠ છે.)

૫. પથ્યાદિ કાઢા (નંબર-૨)...સવારે-રાત્રે પાણી સાથે (ગળા ઉપરના-ઊર્ધ્વજત્રુગત તમામ રોગોને મટાડનાર હોવાથી.)

૬. આયુ હેર ઓઈલ...માથામાં ઘસવું તથા તેનું નસ્ય લેવું. (નાકમાં ટીપાં નાખવાં)

**નોંધ** : ગળા ઉપરના (ઊર્ધ્વજત્રુગત) બધા જ રોગોમાં પથ્યાદિ કાઢા નંબર-૨ શ્રેષ્ઠ ગણાતો હોવાથી વાળના કોઈ પણ રોગમાં આપી શકાય. ઊર્ધ્વજત્રુગત રોગોમાં અને તેમાંય તે વાળના રોગોમાં માથામાં તેલમાલિશ કરવાનું મહત્ત્વ છે. તેથી વધુ મહત્ત્વ નસ્યનું તેથી માથામાં નાખવાનું જે તેલ હોય તેનાં જ

નાકમાં ટીપાં નાખવાં. તે તેલ ઝેરી ન હોય, નિર્દોષ હોય તે જોવું ખાસ જરૂરી છે. સાંજે-રાત્રે ૩-૩ ટીપાં બંને નસકોરામાં નાખવાં.

તા. ૧૦-૧૦ના રોજ વાળ અને રોમ થોડા થોડા બધે જ ઊગવાના શરૂ થયા હતા. તેથી તેના ત્રણ ફોટા રંગીન પાડી લીધા હતા. જેથી અગાઉના ફોટા સાથે સરખાવી શકાય. તેને અશક્તિ લાગતી હતી અને જાતીય ઉત્તેજના ઘટી હતી. છતાં પૂર્વવત્ દવા ચાલુ રાખી હતી. માથામાં નાખવા ધત્તુરપમાદિ તેલ ખોડાને કારણે બદલીને આપ્યું હતું.

તા. ૧૧-૧૨ના દિવસે તેને ધત્તુરપમાદિ તેલ માફક આવ્યું ન હતું. (ધત્તુરો ઉપવિષ હોવાથી કોઈક દરદીને તેનાથી બેચેની થતી હોય છે.

તા. ૨૫-૧૨ના દિવસે કબજિયાત માટે હરડે ટીકડી ક રાત્રે લેવા આપી હતી. ત્રિફળા ટીકડી અસર કરતી ન હોવાથી. તા. ૧૨-૧ના દિવસે ચાલુ દવા ઉપરાંત કેશગુટીમાં વાવડિંગ અને રસવંતી મેળવીને પીસીને જાડો લેપ કરવાનું કહેલ.

તા. ૨૭-૧-૯૦ના રોજ તેના ગુહ્યાંગ વિસ્તારમાંથી સાવ નાશ થઈ ગયેલા રોમ પુનઃ ઊગવા શરૂ થયા હતા. શીઘ્ર પતનની ફરિયાદમાં પણ ફાયદો થયો હતો. પરંતુ કબજિયાત રહેતી હતી. છેલ્લી દવા આ પ્રમાણે હતી :

૧. કેશલ ટીકડી
૨. રસાયન ટીકડી

૩. શતાવરી ઘનવટી

૪. અશ્વગંધા ઘનવટી

૫. આયુ તેલ

૬. બ્રેઓબોલ કેપ...૧–૧ સવારે-રાત્રે (બ્રેઈનટોનિક માટે ‘બાન’ની)

૭. અશ્વગંધા તેલ...પેઢુ પર તથા જાતીય અંગો પર માલિશ માટે.

## પ્રકરણ : ૭ રોગનું એક પણ લક્ષણ જણાતું ન હતું

શ્રી રાજેશ ભાયાણી અને તેમના વાવડા ગામમાં વસતા પરિવારના બે ત્રણ કેસ મેં આ અગાઉ દર્શાવ્યા છે. અને તેમાં તેના સંદર્ભની વિગતે વાત કરી હોવાથી અહીં પુનરુક્તિ દોષ નહીં કરું.

શ્રી રાજેશ ભાયાણી તેના નાના ભાઈ ગોવિંદને લઈને તા. ૧૫-૯-૯૪ના રોજ આવેલા. તેની ઉંમર હતી ૨૦ વર્ષની. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાવડા ગામે તે ખેતી કરે છે. તેને તાવ આવેલો. તાવને દબાવનારી મિથ્યા ચિકિત્સાથી પગ જકડાઈ ગયા હતા. ઢીંચણમાં અને ઘૂંટીમાં સખત દુખાવો થતો હતો., ચાલતાં પડી જવાતું હતું. જાણે પગમાં લકવા શરૂ. થવાનો હોય તેમ અશક્તિ આવી ગઈ હતી. ચક્કર આવતાં હતાં, બ્લડપ્રેશર ઓછું રહેતું હતું, ભૂખ લાગતી ન હતી. ડૉક્ટરોએ ‘ઓસ્ટિયો આર્થ્રાઈટિસ’ નિદાન કર્યું હતું. મેં મારી રીતે તેમને બરાબર તપાસ્યા. આયુર્વેદમાં વર્ણવેલી લક્ષણ–પદ્ધતિથી નિદાન કરતાં ‘આમવાત’નો રોગ નક્કી થયો હતો. તેથી મારી દવા ઉપરાંત તુરત પરિણામ મેળવવા રૂક્ષ સ્વેદન અને બસ્તિક્રિયા માટે પંચકર્મ સારવાર લેવા વૈદ્ય પ્રેરક શાહ

પાસે પણ જવાની ભલામણ કરી હતી. પરેજી પાળવા માટે આમવાત પત્રક આપ્યું હતું અને નીચેની ત્રણ બાબતો પર વધુ ધ્યાન દેવા સમજાવ્યા હતા :

૧. ખટાશ બિલકુલ ન ખાવી, છાશ, દહીં, શિખંડ, લીંબુ, ટામેટાં, આમલી, ખાટાં ફળો, ખાટાં અથાણાં, ખાટી ચટણી, આથાવાળી વાનગી વગેરે. (ખટાશ ખાવાથી આમ વધતો હોય છે, સોજા વધતા હોય છે તેથી)

૨. સવારે સૂર્યોદય પહેલાં ઊઠી જવું. બપોરે કે દિવસ દરમિયાન ઊંઘવું નહીં. (દિવસની ઊંઘ અભિષ્યન્દી હોવાથી સ્રોતાવરોધ પેદા કરી આમવાતને વધારે છે)

૩. શરીર પર ક્યાંય માલિશ ન કરવી. (માલિશ સ્નિગ્ધ હોવાથી, અજીર્ણાવસ્થામાં માલિશની મનાઈ હોવાથી માલિશ કરવાથી આમવાત વધી તેના સોજા તથા શૂળમાં વધારો થાય છે.)

ઔષધો આ પ્રમાણે હતાં :

૧. અજમોદાદિ ટીકડી...૨ – ૨ સવારે-સાંજે પાણી સાથે. (આમવાત માટે)

૨. ધમાસા ઘનવટી...૨ – ૨ બપોરે-રાત્રે ભૂકો કરીને કે ચાવીને પાણી સાથે. (ચક્કર માટે)

૩. એક્ટીફ્લેક્સ ટીકડી...૨ – ૨ સવારે સાંજે પાણી સાથે. (આમવાત તથા ઓસ્ટિયો આર્થ્રાઈટિસ માટે (‘અનુજા’ ફાર્મસીની.)

૪. લો બી.પી.કેપ...૨ – ૨ સવારે-સાંજે (જેમાં પીપરીમૂળ અને અશ્વગંધાચૂર્ણ ભરવામાં આવેલ.)

૫. પાલ્સી ન્યુરોનકેપસ્યૂલ...૨ – ૨ સવારે-રાત્રે

૬. મહારાસ્નાદિ કાઢા...૧ – ૧ મોટો ચમચો સવારે સાંજે સમાન પાણી મેળવીને.

૭. લેપ ગુટી...સોજા તથા દુખાવા પર દિવસે ગરમ જાડો લેપ કરવા. (તે બરાબર ન ચોટે તો તેમાં ચીકાશ માટે ચીકણો ગૂગળ કે મેથી પીસીને ઉમેરી શકાય.)

તા. ૧૯-૯ના દિવસે કેવળ ચાર દિવસે આવ્યા ત્યારે તેમના કહેવા પ્રમાણે ૫૦ % ફાયદો થઈ ગયો હતો. હવે ચક્કર બંધ થઈ ગયાં હોવાથી ધમાસા ઘનવટીને બદલે સોજા-શૂળમાં ઝડપથી સુધારો આવે તે માટે પુનર્નવા ગૂગળની ૨-૨ ગોળી આપી હતી.

તા. ૧-૧૦ના દિવસે સોજો હતો. પગ અને સાથળમાં દુખાવો હતો. ભૂખ લાગતી ન હતી. હથેળીઓ વધુ સફેદ લાગતી હતી. સામાવસ્થાનાં લક્ષણો વધુ

જણાતાં બધો ખોરાક બંધ કરી કેવળ ગરમ મગનું પાણી કે મગની દાળ મીઠું-ખટાશ વિના બધા મસાલા નાખીને લેવાની સૂચના આપી હતી. (દરદી લંઘનીય હતા. પરંતુ દરદીને ઘેર લંઘન કરાવવાથી આસપાસ ઉહાપોહ થતા હોવાથી નથી કરાવતો. આપણા પોતાના હૉસ્પિટલમાં દરદી હોય તો જ લંઘન કરાવવાં જોઈએ તેમ માનું છું. દરદી અને પરિચારકો પૂરા સમજુ અને સહમત હોય તો જ બે ત્રણ ઉપવાસ લંઘન કરવાની છૂટ આપું છું.)

ઔષધો આ પ્રમાણે ગોઠવ્યાં હતાં :

૧. અજમોદાદિ ટીકડી...
૨. પાલ્સી ન્યુરોન કેપસ્યૂલ...
૩. યોગરાજ ગૂગળ...૨ – ૨ સવારે સાંજે ચાવીને કે ભૂકો કરીને પાણીમાં.

૪. ત્રિફળા ગૂગળ..ઉપર પ્રમાણે.

૫. નારસિંહ ટીકડી...૨ – ૨ સવારે-સાંજે પાણી સાથે.

૬. ઓજસ સિરપ...જમ્યા બાદ બંને વખત ૧-૧ ચમચો.

૭. દશમૂળ કાઢા...સવારે-સાંજે ૧-૧ ચમચો સમાન પાણી મેળવીને.

૮. મહાવિષગર્ભ તેલ...દુખાવા પર માલિશ કરીને ઉપર શેક કરવો. (આમવાતમાં તેલ માલિશની મનાઈ છે. પણ જીર્ણ આમવાત હોય, શૂળનું પ્રમાણ એટલે કે વાયુનું પ્રમાણ વધુ હોય ત્યારે વિવેકપૂર્વક મહાવિષગર્ભ તેલ કે બૃહદ સૈન્ધવાદિ તેલની માલિશ કરવાની છૂટ છે.)

તા. ૪-૧૦ના રોજ ઢીંચણમાં દુખાવો ચાલુ હતો. હાડકાંના મૂળમાં દુખાવો થતો હતો. એક નવી તકલીફ ઉમેરાઈ હતી. અવબાહુક (ફ્રોઝન

શોલ્ડર)થી દરદીનો હાથ આમવાતના કારણે જકડાઈ જવાથી ઊંચો થઈ શકતો ન હતો. તેથી નિર્ગુંડી તેલ નાકમાં ટીપાં નાખવા આપ્યું હતું.

તા. ૧૧-૧૦ના દિવસે ચમત્કારિક ફાયદો હતો. હાથ બરાબર થઈ ગયો હતો. હવે હરી-ફરી શકતા હતા. દુખાવો ઘટ્યો હતો. સોજો ઓછો થયો હતો. તેથી ખાખરા ખાવાની છૂટ આપી હતી.

દવામાં આજે યોગરાજ ગૂગળને બદલે વાતારિ ગૂગળ આપ્યો હતો. તા. ૧૮-૧૦ના રોજ નોંધપાત્ર ફાયદો હતો. તા. ૨૭-૧૦ના રોજ ઘણો સુધારો હોવા છતાં લો બી.પી. હતું. વજન ૪૫ કિલો હોવાથી વધારવા માટે ચાલુ દવામાં અશ્વગંધા ઘનવટી...૨-૨ સવારે-સાંજે લેવા ઉમેરી હતી. તેથી તા. ૨૧-૧૧ના

રોજ માત્ર વીસ જ દિવસમાં વજન ત્રણ કિલો વધીને ૪૮ કિલો થયું હતું. આજે પાલ્સીન્યુરોમ કેપસ્યૂલ ન હોવાથી તેને બદલે એકાંગવીર રસની ૨-૨ ગોળી આપી હતી. સારું હોવાથી બે માસની દવા લઈ વતનમાં દરદી પહોંચી ગયા.

તા. ૨૬-૧-૯૫ના રોજ આવ્યા ત્યારે ચહેરો-શરીર બધું જ બદલાઈ ગયું હતું. રોગનું હવે એક પણ લક્ષણ જણાતું ન હતું. ખૂબ લાભ થઈ જવા છતાં ચાલુ દવા એક મહિના માટે આપી હતી. કારણ કે શિયાળાની ઠંડીમાં ચાલુ રાખવી જરૂરી હતી.

# પ્રકરણ : ૮ કુનખનો એક કેસ

શરીર, મન અને આત્માના સૌંદર્યનો મહિમા આયુર્વેદમાં ગાવામાં આવ્યો છે. અને તેના ઉપાય પણ બતાવવામાં આવેલ છે. શરીરનું ક્ષુદ્ર કહી શકાય તેવું અંગ નખ પણ સુંદર હોવા જોઈએ તેમ આયુર્વેદ માને છે. અને તે માટે ક્ષુદ્ર રોગોના પ્રકરણમાં કુ-નખ (ખરાબ થઈ ગયેલા નખ)ની સારવાર બતાવવામાં આવી છે. આયુર્વેદે કુનખને મટાડવા માટે શુદ્ધ ટંકણખારને શ્રેષ્ઠ ઔષધ માન્યું છે. (અશુદ્ધ ટંકણનો પ્રયોગ કરીને ચકાસવા જેવું ખરું.) ટંકણખારનો શુદ્ધ સફેદ પાઉડર ગાંધીને ત્યાંથી કે આયુર્વેદીય ઔષધસ્ટોરમાંથી લાવીને નખની અંદર

ભરવો. નખ ઉપર પણ લગાડવો. નિમ્બતેલ કે કોઈ મલમમાં કે ટ્યુબમાં મેળવીને પણ લગાડી શકાય. અથવા ટંકણનું પાણી કરી તેમાં નખ લાંબો સમય સુધી બોળી પણ શકાય. (કોઈ પણ રીતે નખના સંપર્કમાં ટંકણક્ષારને વધુ રાખવો.) સાથે ચર્મરોગનાશ કે રક્તશુદ્ધિકર તથા પૃથ્વી તત્ત્વપ્રધાન (કૅલ્શિયમ ગ્રુપનાં)ઔષધો આપી શકાય. મંજિષ્ઠાદિ કાઢા, કિશોર ગૂગળ, લાક્ષાદિ ગૂગળ, ગોદન્તી ભસ્મ, પ્રવાલભસ્મ, મોતીભસ્મ, શ્રૃંગભસ્મ વગેરે.

ટંકણ પ્રયોગના વખાણ આ પ્રમાણે કરવામાં આવેલા છે :

‘નખકોટિ પ્રવિષ્ટેન ટંકણેન ન શામ્યતિ ।
કુનખશ્ચેતશઃ શૈલઃ સલિલે પ્લવતે પિવા ।।’

- ભાવપ્રકાશ મધ્યમ ખંડ. ક્ષુદ્રરોગ-૮૫
-

‘નખની અંદર ટંકણ ભરવાથી કુનખ ન મટે તો પાણી ઉપર પથ્થર તરે’ (એટલે કે આ પ્રયોગથી ચોક્કસ પરિણામ મળે છે. શ્લોકમાં અતિશયોક્તિ અલંકાર તે પ્રયોગની ચોક્કસ સફળતા માટે વાપર્યો છે.) નખ અસ્થિધાતુનો મળ કે ઉપધાતુ હોવાથી કુનખની સારવારમાં અસ્થિ વિકૃતિ દૂર કરવાનો પણ વિચાર થઈ શકે. કુનખમાં નખ કાળા, ખરબચડા, લૂખા કે ટૂંકા થઈ જાય છે. જે વાયુનું લક્ષણ કહી શકાય. તેથી દોષ તરીકે વાયુ અને દૂષ્ય તરીકે અસ્થિની વિચારણા થવી જોઈએ.

❖

શ્રી ઘનશ્યામભાઈ છોટાલાલ ઠક્કર ઉંમર વર્ષ ૫૪. તા. ૧૮-૮-૯૩ના રોજ ખેડા જિલ્લાના માતર તાલુકાના રઢુ ગામથી આવ્યા હતા. તેમને હાથની તમામ આંગળીના નખ બગડી ગયા હતા. સાથે સૂકી ઉધરસ અને બહેરાશ પણ હતી. આ ત્રણેય રોગ વાયુના હતા તેથી વાયુનું પત્રક પરેજી માટે આપેલ.

ઔષધો આ પ્રમાણે હતાં :

૧. ચંદ્રમૃત રસ...૪ ટીકડી ચૂસવા માટે છે. (ઉધરસ મટાડવા)

૨. કિશોર ગૂગળ... ૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને કે ચાવીને પાણી સાથે.

૩. કાંચનાર ગૂગળ...૨-૨ ઉપર પ્રમાણે.

૪. જેઠીમધની લાકડી...ટુકડા કરીને ચૂસવા. (જેઠીમધનો શીરો ગાંધીને ત્યાંથી લાવી શકાય.)

૫.	રસોન તેલ...કાનમાં ટીપાં રાત્રે નાખવાં. (બહેરાશ માટે)

૬.	ટંકણક્ષાર...તેનો પાઉડર નખમાં ભરવો.

તા. ૩-૯ના રોજ આવેલ ત્યારે કુનખનો રોગ સાવ મટી ગયો હતો.

## પ્રકરણ : ૯ જાતીય દૌર્બલ્ય દૂર થયું

ગૃહસ્થ જીવનની અનિવાર્ય આવશ્યક્તા છે જાતીયતા. તેમાં થોડીકેય ખામી આવવાથી ગૃહસ્થ જીવનમાં વિક્ષેપ આવી ગયા વિના નથી રહેતો. પરંતુ આવું મોટા ભાગનાં ગૃહસ્થોના જીવનમાં પ્રાયઃ પાછલી જિંદગીમાં થવા સંભવ છે.

અતિયોગ પછી હીનયોગના નિયમ અનુસાર તે થવું સ્વાભાવિક છે. આયુર્વેદે વર્ણવેલા જાતીય જીવનના નિયમો મોટા ભાગના ગૃહસ્થો જાણતા નથી હોતા. મોટે ભાગે અનુકરણીય કે સ્વચ્છંદ જીવન જીવતા હોય છે. ઘરમાં, શાળામાં, સમાજમાં ક્યાંય સંપૂર્ણ અને સાચું જાતીય  જ્ઞાન આપવામાં આવતું નથી. જે સાહિત્ય બહાર પડે છે તે વિજ્ઞાન કે શિક્ષણલક્ષી હોવાને બદલે વ્યાપારલક્ષી હોવાથી બહેકાવનારું, અવળે રસ્તે ચડાવનારું અને અતિશયોક્તિ પૂર્ણ હોય છે. ભોગ ભોગવવાની વૃત્તિ મનુષ્યમાં સહજ હોવાથી જીભ અને જનનેન્દ્રિય બાબતે મનુષ્ય પ્રાયઃ બેકાબૂ હોય છે. બધી વૃત્તિઓમાં કામવૃત્તિ વધુ બળતર હોવાથી તેનો અતિરેક સહજપણે થવાથી વ્યક્તિ જાતીય રોગો જ નહીં, આધિ, વ્યાધિ અને ઉપાધિને પણ નોતરતી હોય છે. અને તેમાંય તે જે વ્યક્તિને શારીરિક કે

માનસિક કોઈ ખોડખાંપણ હોય ત્યારે આ વૃત્તિમાં વધારો થયેલો પણ જોવા મળે છે. એવો એક કેસ પ્રસ્તુત છે.

❖

શ્રી ચંદ્રકાંત ત્રિકમલાલ પટેલ. તેમની ઉંમર ૪૧ વર્ષની. તા. ૧-૩-૮૮ના રોજ આવેલા. તેમનું સરનામું હતું એચ/૪૦૧, આનંદનગર એપાર્ટમેન્ટ, નવા વાડજ, અમદાવાદ-૧૩.

તેમનાં લગ્ન થયાં હતાં ૧૦ વર્ષથી. તેમાં એક પણ દિવસ છોડ્યા વિના તેમણે નિત્ય સમાગમ કર્યો હતો. ત્રણ પુત્ર અને એક પુત્રી એમ ચાર સંતાન થયાં હતાં. જાતીય સ્તંભન શક્તિ પણ વધારે હતી. પરંતુ હમણાં

એક માસથી ઉત્તેજના ઘટી જવાથી લગભગ નપુંસકતા જેવી સ્થિતિ થઈ ગઈ હતી.

દરદી બચપણથી બાળલકવા અને પક્ષઘાતના દરદી તેથી લઘુતાગ્રન્થિના દરદી તો હતા જ તેમાં આવું થવાથી ઉમેરો થયો હતો. ઊંઘ માટે કોઈ ડૉક્ટરે તેને કામ્પોઝ ટીકડી લેવાનું કહેલ. તેની આદતથી દિવસભર તંદ્રા રહેતી હતી. તેને કારણે પ્રાયઃ આ રોગ શરૂ થવાની શક્યતા નકારી ન શકાય. ઊંઘને કારણે દરદીનું વજન વધીને ૭૯ કિલો થઈ ગયું હતું. કબજિયાતને કારણે પાંચ વર્ષથી ઈસબગુલ લેતા હતા. માનસિક બંધારણમાં રજોગુણ વધુ હોવાથી કામવૃત્તિનું પ્રમાણ પણ વધુ હતું. સાથે મનોબળ પણ નબળું હતું. તે કારણે પોતે સતત વિષાદમાં ઘેરાયેલા હતા.

પરેજી પાળવા માટે મધ્યમમાર્ગીય અને સર્વને સાનુકૂળ એવું ત્રિદોષશામક પત્રક આપ્યું હતું. ઔષધો આટલાં આપેલાં –

૧. વિષતિણ્દુકવટી...૧-૧ સવારે-સાંજે દૂધ સાથે.

૨. વૃષ્યયોગ ટીકડી...૨-૨ સવારે-સાંજે ઉપરની દવા સાથે.(‘આયુ પ્રોડક્ટ્સ’ની)

૩. કૌંચા ટીકડી...૨-૨ બપોરે-રાત્રે દૂધ સાથે.

૪. લેપ્ટાડિન ટીકડી...૨-૨ ઉપરની દવા સાથે (‘એલાર્સિન’ની)

૫. અશ્વગંધા તેલ...જાતીય અંગ પર માલિશ માટે. (સવારે-રાત્રે માલિશ વધુ પ્રમાણમાં કરવી. માલિશનું તેલ લૂછવું કે ધોવું નહીં. રાતભર રહેવા દેવું)

૬. ટેન્ટેક્સ ફ્રોટ...૨-૨ પાણી કે દૂધ સાથે અનુકૂળ સમયે. (કોઈ ડૉક્ટરે એ ‘હિમાલયા ડ્રગ’ની દવા લખી આપેલ. તે તેમની પાસે હતી તે પૂરી કરી નાખવાનું કહેલ.)

તા. ૧૭-3ના દિવસે દરદી ખુશાલી સાથે સારા સમાચાર લાવ્યા હતા. સમાગમ થઈ શકતો ન હતો. તેને બદલે બે વખત સમાગમ કરી શક્યા હતા.

આજે આયુ ટૉનિક...૧-૧ મોટો ચમચો સવારે-સાંજે ચાટીને ઉપર પાણી પી જવાનું સૂચવ્યું હતું. (‘આયુ પ્રોડક્ટ્સ’નું પેટન્ટ ટૉનિક)

તા. ૨૮-૩ના રોજ અહેવાલ પ્રમાણે હવે અશ્વગંધા તેલની માલિશ કરતી વખતે ઉત્તેજના આવવી શરૂ થઈ હતી પણ મનોબળ નબળું હોવાથી કામ્પોઝ ટીકડીની આદત છોડી શકતા ન હોવાથી સારવારનું પરિણામ મેળવવામાં અવરોધ આવતો હતો. છતાં પણ દરદીના કહેવા પ્રમાણે ૬૦ % ફાયદો હતો. આજે ચાલુ દવા ઉપરાંત એક્ટીફોર્ટ ટીકડી..૨-૨(‘અનુજા‘ની) લેવા ઉમેરી હતી.

તા. ૨૭-૫ના મે માસના ઉનાળામાં જ્યારે મોટા ભાગના પુરુષોની જાતીયતા ઘટતી હોય છે ત્યારે શ્રી ચંદ્રકાન્તભાઈની જાતીયતામાં ઊલટાનો ઘણો

વધારો થયો હતો ! દરદીનું તો એવું પણ કહેવાનું હતું, ‘પહેલા કરતાં પણ મારી જાતીય ઉત્તેજના અને સ્તંભનશક્તિમાં તથા સમાગમની ઈચ્છામાં વધારો થયો છે. અશ્વગંધા તેલની માલિશ કરવાથી લિંગમાં, કદમાં, પુષ્ટિમાં અને ઉત્તેજનામાં વધારો થયો છે.’

દરદીને પોતાની વૃષ્યતા વધે અને જળવાઈ રહે તેવી તીવ્ર ઈચ્છા હોવાથી આ નિર્દોષ દવાઓ ઈચ્છા પ્રમાણે ચાલુ રાખવાની મેં અનુમતિ આપી હતી.

# પ્રકરણ : ૧૦ મેનોપોઝ વખતની બધી મુસીબત મટી

લોકભારતીના સ્નાતકો મોટે ભાગે આયુર્વેદના ચાહકો હોય છે. તેઓ જ્યાં હોય ત્યાં શહેરોમાં કે ગામડાંમાં, સોસાયટીમાં કે સંસ્થાઓમાં આયુર્વેદનો પ્રચાર કરતા રહે છે. પોતાના પરિવારમાં આયુર્વેદીય સ્વસ્થવૃત્ત, સદવૃત્ત અને સારવારનો આગ્રહ રાખે જ. તેને કારણે તેમની તંદુરસ્તી પણ સારી રહે છે. રોગો થાય તો સ્વાવલંબી, સોંઘી, નિર્દોષ સારવારથી તેમનો સમય, શક્તિ અને સંપત્તિનો બચાવ કરે છે.

❖

શ્રી દિલીપસિંહ ગોહિલ લોકભારતીના સ્નાતક છે. ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના રતનપુર (ગાયકવાડી)માં તેઓ શિક્ષક હતા. તેમની પત્ની ચંદ્રકુંવરબા ૪૭ વર્ષની વયે તા. ૫-૧-૮૯ના રોજ આવેલા. તેમને મેનોપોઝનો સમય હોવાથી માસિક વધુ આવતું હતું. પેટમાં દુખાવો થતો હતો ને અરુચિ પણ હતી. રક્તસ્રાવ વધુ થવાથી બ્લડપ્રેશર ઘટીને ૯૦/૭૦ થયું હતું.

પિત્ત અને વાયુના સંમિશ્રિત લક્ષણો હોવા છતાં રક્તસ્રાવ અટકાવવો તુરત જરૂરી હોવાથી પિત્તનાશક પત્રક આપ્યું હતું. ઔષધો આપયાં હતાં તે આ પ્રમાણેઃ

૧. સ્ટીપ્લોન ટીકડી...૨-૨ બપોરે-રાત્રે દૂધ સાથે (હિમાલય ડ્રગ’ની પેટન્ટ)

૨. આયાપાન ટીકડી...૨-૨ દૂધ અથવા જળ સાથે. (‘એલાર્સિન’કંપનીની પેટન્ટ)

૩. ધાત્રી રસાયન ટીકડી...સવારે-સાંજે પાણી સાથે.

૪. અત્યાર્તવ કેપસ્યૂલ...૨-૨ બપોરે-રાત્રે. (તેમાં નાગકેસર, લોધર, ચંદ્રકલા રસ, આમળાં વગેરેનાં ચૂર્ણ હતા.)

૫. શતાવરીના કણ...૧-૧ મોટી ચમચી ગળ્યા દૂધમાં ગરમ કરીને ઠરે ત્યારે ચમચી ઘી મેળવીને. (‘આયુ પ્રોડક્ટ્સ’નું પેટન્ટ)

ખોરાક મધુર, તૂરો, કડવો, ઠંડો, શીતવીર્ય અને મધુર વિપાકવાળો લેવાનો હતો. ઘઉં, સારી જાતના ચોખા (હલકી જાતના ચોખાનો વિપાક અમ્લ હોવાથી તે ન લેવા). મગ, મસૂર, દૂધ, ઘી, તાજું માખણ, કોપરેલ, ખાંડ, સાકર, કાળી સૂકી દ્રાક્ષ, ખજૂર, આમળાં, દાડમ, કેળાં, ચીકુ, પપૈયું, સીતાફળ, શિંગોડા, આમળાનો મુરબ્બો, ગુલકંદ, ઉદુમ્બરાવલેહ, લીલાં નાળિયેર, આઈસ્ક્રીમ, શેરડી, મીઠાઈ, મીઠાં સરબતો, ચંદનનો મુરબ્બો, દૂધી, તૂરિયાં, કોળું, પરવળ, શકરીયાં, બટાટા, કુણાં કારેલાં, ટીંડોરાં, તાંદળજો વગેરે બાફેલાં શાકભાજી વગેરે લઈ શકાય. ઠંડા મસાલામાં ધાણા, કોથમીર, લવિંગ, સિંધવ વગેરે વાપરવાં.

તીખું, ખાટું, ખારું, ક્ષારવાળું, આથાવાળું, તળેલું સાવ બંધ કરવું.

તા. ૨૦-૧૨ના રોજ ૧૫ દિવસે આવેલ ત્યારે શ્રી દિલિપસિંહે જણાવેલ કે આઠ જ દિવસમાં એટલે કે તા. ૧૪ના રોજ ચંદ્રકુંવરને ઘણા દિવસથી ચાલતું બ્લિડિંગ અને પેટનો દુખાવો સાવ મટી દયેલ છે. હજુ પ્રદર અને ગેસ ચાલુ છે.

તા. ૨૦-૧૨ના દિવસે પ્રદર માટે લુકોલ ટીકડી...૨-૨ (‘હિમાલયા ડ્રગ’ની) લેવા માટે ઉમેરી હતી. તા. ૧૨-૧-૯૦ના રોજ બધી બાબતોમાં ૯૦ ટકા ફાયદો થઈ ગયો હતો. લોહીવા, પ્રદર બધું મટી ગયું હતું. ગેસ અને કબજિયાતને કારણે પેટમાં થોડો દુખાવો ચાલુ હતો. ઊંઘ ઓછી આવતી હતી તેથી છેલ્લી ગવા આ પ્રમાણે દીધી હતીઃ

૧. અભયાસનની ટીકડી...૨-૨ સવારે-સાંજે (‘ઝંડુ ફાર્મસી‘ની પેટન્ટ)

૨. બ્રાહ્મી વટી...૨ રાત્રે ગંઠોડા નાખેલ ગળ્યા દૂધ સાથે.

3. ગોદન્તી ભસ્મ...૧ ગ્રામ

શંખભસ્મ...૧ ગ્રામ સવારે-સાંજે.

## પ્રકરણ : ૧૧ પાર્શ્વશૂળમાં સારું પરિણામ

‘શૂળ’ શબ્દ વેદના, પીડા, દુખાવો, પેઈન વગેરે માટે વપરાય છે. આખા શરીરમાં કે શરીરનાં એક કે એકથી વધુ અંગોમાં જાતજાતનાં શૂળ નીકળતાં હોય છે. તેમાનાં કેટલાક શૂળ ક્યારેક ઈમર્જન્સી સ્વરૂપ પણ લેતાં હોય છે. મારી ‘શૂળ’ નામની ચોપડીમાં તેનું વિગતે વર્ણન કરવામાં આવેલ છે. જે સૌ ચિકિત્સક તથા

ગૃહસ્થે વસાવવા જેવી છે. તેમાં તે તે શૂળનાં કારણો, લક્ષણો, ઉપાયરૂપે ઔષધો, ક્રિયાઓ તથા પથ્યપાલનની પૂરી વિગત આપવામાં આવી છે. મારો લાંબો અનુભવ છે કે આયુર્વેદીય સારવારથી મોટા ભાગના શૂળ મૂળમાંથી મટે છે ને સરવાળે વહેલા મટે છે.

શૂળ ચિકિત્સામાં આયુર્વેદીય ક્ષેત્રે સૌથી વધુ મૂંઝવણ છે સાચાં અને પૂરતાં ઔષધોની. એક તો આયુર્વેદમાં અસરકારક પીડા શામક ઔષધો ઓછાં છે અને છે તે પૂરતાં કે સાચાં બજારમાં મળતાં નથી. વૈદ્યો પોતે પોતાને ઘેર હવે ઔષધો બનાવતાં ન હોવાથી વિશ્વાસુ, અસરકારક હોવામાં શંકા જાય છે. ભેળસેળ, બેદરકારી, વાણિજયવૃત્તિ તેમાં અવરોધરૂપ બને છે.

આયુર્વેદે અફિણને ઉત્તમ શૂળસ્તંભક વેદનાશામક કહ્યું છે. પરંતુ તેના પર પ્રતિબંધ હોવાથી વૈદ્યોને કે ફાર્મસીઓને તે મળી શકતું નથી. તેમાંથી બનાવેલાં ઔષધો પણ પ્રતિબંધિત રીતે ડરીને વાપરવાં પડે તેમ છે. જ્યારે એલોપેથીમાં ઈન્ટરનેશનલ કક્ષાએ પુષ્કળ પ્રમાણમાં પુષ્કળ જાતનાં ખુલ્લં ખુલ્લાં પીડા શામક (પેઈન સિલીફ) ઔષધો ટીકડી કે ઈંજેકશન રૂપે વપરાય છે. આયુર્વેદ પ્રત્યેનું આ ખુલ્લું ઓરમાયું વર્તન સામે સંગઠિત બનીને લડત આપવા જેવું છે. આયુર્વેદમાં ઈમર્જન્સી સારવારનાં પરિણામ મેળવવા હશે તો આજે કે કાલે તે કર્યા વિના છૂટકો નથી. સરકારશ્રી આયુર્વેદ પ્રત્યે ઓરમાયું વર્તન છે. તેને પડકારવું  વેદનાત્મક રસ, નિક્રોદય રસ જેવા અફીણવાળા રોગ પૂરતા અને સાચા મળવા જ જોઈએ.

આ ઉપરાંત આંતર બાહ્ય ઉપયોગમાં લેવાતાં શૂળનાશક ઔષધો... મહાયોગરાજ ગૂગળ, બૃહદવાત ચિંતામણિ રસ, શ્રૃંગભસ્મ, મૃગશ્રૃ'ગભસ્મ, પુષ્કળમૂળ ચૂર્ણ, યષ્ટિમધૂ ધૃત, અજમોદાદિ ચૂર્ણ, હિંગાડટક ચૂર્ણ, લવણભાસ્કર ચૂર્ણ, મહાશંખવટી, પંચગુલ તેલ વગેરે પણ વૈદ્યો અને ફાર્મસીઓએ કાળજીપૂર્વક સાવ સાચાં તૈયાર કરવાં જોઈએ.

આયુર્વેદમાં પેટમાં થતા શૂળ...વાતજ શૂળ, પિત્તજ શૂળ, પરિણામ શૂળ, અજાદશૂળ વગેરે માટે 'શૂળ' શબ્દ પ્રયોજ્યો છે. પરંતુ શૂળનો અર્થ દુખાવો, પીડા, વેદના રૂપે લઈએ તો... આમવાત શૂળ, સંધિવાત શૂળ, સંધિશૂળ, શિરઃશૂળ, કટિશૂળ, જાનુશૂળ, ગુલ્ફશૂળ, અભિઘાત શૂળ, કર્ણશૂળ, દંષ્ટ્રાશૂળ,

હ્રદયશૂળ, ઉદરશૂળ, ઉરઃશૂળ, વિદ્રધિશૂળ (ઓપેન્ડિસાઈટિસ શૂળ), અરમરી શૂળ, બસ્તિ શૂળ, શિશ્નશૂળ, ગુદશૂળ, યોનિશૂળ, વૃક્કશૂળ વગેરેને પણ ગણાવી શકાય.

પાશ્વશૂળ (પડખાનો દુખાવો)ને પ્લુરસી માનવામાં આવે છે ત્યારે તેમાં પ્લુરા નામના ફેફસાના પડમાં પાણી ભરાય છે. તેથી કફવાત જ પાર્શ્વશૂળ થાય છે. પરંતુ કેવળ વ્યાનવાયુ વધવાથી કે કોપવાથી, અભિઘાતથી કે માર પડવાથી પણ વાત જ પાર્શ્વશૂળ થતું હોય છે. તેવો એક કેસ...

શ્રીમતી ચંદ્રપ્રભાબહેન પી.પટેલ., ૧૫-પૂર્ણાનંદ સોસાયટી, વટવા રોડ, મણિનગર, અમદાવાદથી આવેલ. તેમની ઉંમર હતી ૨૯ વર્ષ. તે દિવસે તારીખ હતી ૮-૩-૭૬. તેમને પડખામાં સતત દુખાવો થતો હતો. તેનું એક કારણ તેમનું

શરીર કુબડું (કુબ્જત્વવાળું) હતું. તે પણ હોઈ શકે. વાંસામાં ભાર લાગતો હતો, સતત બેચેની રહેતી હતી. શરીર તપ્યા કરતું હતું. મોં કડવું રહેતું હતું. કબજિયાત હતી. ભૂખ લાગતી ન હતી. સ્નાન કર્યા પછી જ સ્ફૂર્તિનો અનુભવ થતો હતો. તેમણે આણંદની હૉસ્પિટલમાં દાખલ થઈ સારવાર લીધી હતી. શેક લેવાથી સારું રહેતું હતું તેથી આમવાતની શંકા કરી શકાય તેવું હતું.

દરદીને કયું પથ્યાપથ્યપત્રક આપેલું તે કેસમાં નોંધ્યું નથી. ત્યારે મેં પથ્યાપથ્ય પત્રક ઘણું કરીને તૈયાર કર્યા ન હતા.

નોંધઃ આયુર્વેદ અનુસાર રોગ મટાડવા માટે પરેજીનું પાલન કરવું તે અનિવાર્ય છે. ‘જો પથ્ય પાળવામાં ન આવે તો સેંકડો ઔષધો નકામાં છે’ તેમ આયુર્વેદમાં

કહેલ હોવાથી હું દરેક દરદીને ફરજિયાત પથ્ય કડક રીતે પાળવાની સલાહ આપું છું. તે અનુસાર મેં વાયુનું, પિત્તનું, કફનું, વાયુ-પિત્તનું, પિત્ત-કફનું, ત્રિદોષનું, અતિસાર, આમવાત, કબજિયાત, કાનના રોગો, ચર્મરોગ, જવર, પથરી, પ્રંસવન પ્રયોગ, મંદાગ્નિ, મેદવૃદ્ધિ, શુક્રદોષનું પથ્યાપથ્યપત્રક છાપીને તૈયાર કરાવેલ છે. ઔષધો આપતાં પહેલા પથ્યપાલન વિષે બરાબર દરદી તથા તેમના સ્વજનોને સમજાવવામાં આવે છે. પથ્યપાલનમાં શિથિલ દરદીને ફરીફરીને સમજાવવામાં આવે છે. અને ન માને તે પથ્યપાલન કરવાં ન ઈચ્છે તો તેની સારવાર પણ બંધ કરી દેવામાં આવે છે.

ચંદ્રપ્રભાબહેનને દવા આ પ્રમાણે આપી હતી.

૧. પંચગુણ તેલ...દિવસમાં બે-ત્રણ વખત માલિશ કરી ઉપર શેક કરવો.

૨. મહારાસ્નાદિ કાઢા...૧-૧ મોટો ચમચો સવારે-સાંજે પાણી સાથે આપવાં.

૩. કનકાસવ...૧-૧ ચમચો ઉપરની દવા સાથે.

૪. શિવાક્ષાર પાચન ચૂર્ણ...૪ ગ્રામ રોજ રાત્રે પાણી સાથે.

૫. અજમોદાદિ ચૂર્ણ...૩ ગ્રામ
અગ્નિ રસ...૧ ગ્રામ
શ્રૃંગ ભસ્મ...૧ ગ્રામ
પુષ્કરમૂળ ચૂર્ણ...૧ ગ્રામ સવારે-સાંજે ગરમ પાણી સાથે.

તા. ૧૪-૩ના રોજ આવ્યા ત્યારે સારું હતું. શેક કરવાથી ઘણી રાહત થતી હતી. હવે ઉધરસ અને નબળાઈ ચાલુ હતા.

આજે ચાલુ દવામાં કનકાસવને બદલે દશમૂલારિષ્ટ આપ્યો હતો. સવારે-સાંજે ૨-૨ ગોળી યોગરાજ ગૂગળ ઉમેર્યો હતો. (મહાયોગરાજ ગૂગળ વધુ હિતાવહ માનવામાં આવે છે પણ મારા કાઉન્ટરમાં તે નહોતો.

તા. ૨૩-૩ના રોજ પડખાના દુખાવામાં ઘણું જ સારું હતું. કેવળ ઉધરસ હતી તેથી યષ્ટિમધુ વટી-૪ ચૂસવા આપી હતી. માલિશ કરવા માટે રુમાલિન્ટ ટ્યૂબ આપી હતી.

તા. ૨૮-૩-૭૬ના રોજ છેલ્લી દવા લેવા આવેલ ત્યારે બધી જ બાબતે પૂર્ણ આરામ હતો. તેથી આઠ જ દિવસની દવા આપી હતી.

# પ્રકરણ : ૧૨ બે મહિનામાં બંને રોગ દૂર થયા

આમવાતમાં ‘આમ’ અને ‘વાત’ બંનેની વૃદ્ધિ અને વિકૃતિ જોવા મળે છે. ખાસ કરીને મોટા સાંધા...કેડ, ઢીંચણ, ગરદન, કાંડુ, એડી વગેરે પકડાય છે. સાથે તાવ, શરદી, અરુચિ, આખા શરીરમાં દુખાવો, સોજા, આળસ, શરીરમાં ભાર લાગવો, અજીર્ણ ખાલી ચડવી, સ્તબ્ધતા આવવી વગેરે ખાસ જોવા મળે છે. મેદસ્વી, મોડા ઊઠનારા, દિવસે ઊંઘનારા, આળસુ, વિલાસી લોકોને આમવાત થવાની વધુ શક્યતા છે. આવા લોકોને ખાટું ખાવા-પીવાની પણ આદત હોય છે. સાંધા પર સોજા આવ્યા પછી સ્ટીરોઈડ કે અન્ય ગરમ દવા લેવાથી વાયુ, કફ અને આમમાં પિત્ત ભળવાથી ત્રિદોષપ્રકોપ થયા પછી આમવાતની ગરમ-ઠંડી

સારવાર અવળી પડતી હોવાથી સારવાર ગોઠવવી પણ ઘણી મુશ્કેલ બને છે. આમવાતના દરદી પોતાને સંધિવાત છે તેમ માનીને તેલ માલિશ કરે, વધુ આરામ કરે, ગરમ પાણીથી સ્નાન કરતી વખતે ધાર કરે ને ખાટું ખાવાનું ચાલું રાખે તો રોગ રોજ રોજ વધીને અસાધ્ય થવા બની જાય છે. નેવું ટકા ડૉક્ટરો..વૈદ્યો આમવાતને સંધિવાત માની વિપરીત સારવાર કરતા હોય છે. કારણ કે સંધિવાત અને આમવાત મળતા રોગ હોવા છતાં બંને સારવાર સાવ વિપરીત છે. સંધિવાતમાં દિવસની ઊંઘ હિતાવહ છે. ખટાશ માફક આવે છે. માલિશથી રાહત થાય છે. તે ત્રણેય બાબત આમવાતમાં ઊલટાનો વધારો કરે છે. ખોટી સારવારને કારણે મોટા ભાગના આમવાતના કેસ અસાધ્ય બને છે.

ઓપરેશનના કેસ બને છે કે સ્ટીરોઈડ જેવી ખતરનાક દવાના ભોગ બની સરવારે દુખી થાય છે.

ચંદ્રિકાબહેન સનતકુમાર મંકોડીએ મારી સારવાર શરૂ કરી હતી. તારીખ ૧૫-૧૦-૯૪ના રોજ. ઉંમર હતી ૫૮ વર્ષની, રહેવાનું સ્થળ છે ૧૭૮-આઝાદ સોસાયટી, પલિટેકનિક સામે, આંબાવાડી, અમદાવાદ-૧૫. તેમને 30 વર્ષથી કેડનો દુખાવો (કટિશૂળ-ત્રિકશૂળ) હતો. આ દુખાવો તેમને પડી જવાથી શરૂ થયો હતો. ઢીંચણ ભારે લાગતા હતા. ઊઠવામાં તકલીફ પડતી હતી તેથી અંદર સોજા હોવાનો સંભવ ખરો. ચક્કર આવતા હતા. ઊંઘ ઓછી આવતી હતી. ખાલી ચડી જતી હતી. શરદી અવારનવાર થયા કરતી હતી. પરેજી માટે આમવાત પત્રક

આપ્યું હતું. તે અનુસાર ખટાશ બિલકુલ બંધ કરવાની હતી. સૂર્યની હાજરીમાં ઊંઘવાનું ન હતું. ક્યાંય માલિશ કરવાની ન હતી.

દવા આપેલ આટલીઃ

૧. ત્રિફળા ગૂગળ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે ભૂકો કરીને.
૨. યોગરાજ ગૂગળ...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે, ભૂકો કરીને.
૩. અજમોદાદિ ટીકડી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે.
૪. ત્રિભુવન કીર્તિરસ...૧-૧ મધમાં કે તુલસીના રસમાં સવારે-સાંજે.
૫. સિલેડિન કેપ...૨ રાત્રે ઊંઘ માટે. (‘અનુની’ની)
૬. પાલ્સી ન્યુરોનકેપ...૨-૨ સવારે-રાત્રે (‘ફાયદો ફાર્મા.’ની)
૭. મહારાસ્નાદિ કાઢા...૧-૧ મોટો ચમચો સમાન પાણી મેળવીને.

તા. ૨૪-૧૦-૯૪ના રોજ પગમાં દુખાવો થતો હતો. છતાં અગાઉ કરતાં ફાયદો હતો. આજે તાવ ન હોવાથી ત્રિભુવનકીર્તિરસ બંધ કરી સાંધાના દુખાવા-સોજા પર લેપ કરવા લેપગુટી આપી હતી. તેને પીસી ગરમ કરી દિવસે જાડો લેપ કરવાનો હતો. રાત્રે લેપ ધોઈ નાખવાનો હતો. ઊંઘ માટે સિલેડિન કેપ આપેલ તેની હવે જરૂર ન હોવાથી આમવાત માટે એકટીફ્લેક્સ ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે લેવા આપી હતી.

તા. ૩૧-૧૦ના રોજ ૫૦% ફાયદો હતો. તા. ૧૫-૧૦ના દિવસે પણ વધુ ફાયદો હતો પરંતુ કાનમાં ધાક પડી ગઈ હતી.

આમવાત અને કાનની ધાકની દવા આ પ્રમાણે યોજી હતીઃ

૧. પાલ્સી ન્યુરોન કેપ...

૨. લેપગુટી...

૩. અજમોદાદિ ટીકડી...

૪. દશમૂલ કાઢા...

૫. પુનર્નવાદિ ઘનવટી...

૬. એલ્યુરેટિક ટીકડી...

તા. ૨૧-૧૧ના દિવસે ફાયદામાં સારો એવો વધારો થયો હતો.

તા. ૭-૧૨-૯૪ના રોજ આમવાતનાં લક્ષણરૂપે કટીશૂળ, જાનુશૂળ વગેરે બધું જ મટી ગયું હતું. શિયાળામાં ખરેખર તો આ રોગ વધી જવો જોઈએ તે મટી ગયો હતો. પરંતુ ઠંડીને કારણ કાનમાં પડેલી ધાકે જોર પકડ્યું હતું. જાણે બહેરાશ આવી ગઈ હોય તેવું લાગતું હતું. તેથી તેને ધ્યાનમાં રાખીને ઔષધો આ પ્રમાણે યોજ્યાં હતાઃ

૧. રસોન તેલ...સાંજે-રાત્રે કાનમાં ૪-૪ ટીપાં નાખવાં અથવા કાન ભરી દેવો. (કર્ણપૂરણ કરવું)

૨. દશમૂલ કાઢા

૩. ત્રિફલા ગૂગળ

૪. અજમોદાદિ ટીકડી

૫. સારિવાદિ વટી...૧-૧ મધમાં

તા. ૧૬-૧૨ના રોજ થોડા ફેરફાર સાથે દવા આ પ્રમાણે આપી હતી.

૧. દશમૂલ કાઢા

૨. ત્રિફલા ગૂગળ

૩. વાતારિ ગૂગળ

૪. અજમોદાદિ ચૂર્ણ

૫. એક્ટી ફ્લેક્સ ટીકડી

તા. ૨૩-૧૨-૯૪ના રોજ બરાબર બે મહિને મટાડવા મુશ્કેલ તેવા અને શિયાળામાં વધનારા બંને રોગ આમવાત અને બહેરાશ (ધાક) સાવ મટી ગયા હતાં, છતાં ૧૫ દિવસ સુધી દવા ચાલુ રખાવી હતી.

## પ્રકરણ : ૧૩  મોં પરના ખીલ મટે છે... સરળતાથી

બચપણના અને વૃદ્ધાવસ્થાના ખાસ રોગો હોય છે. મોં પર ખીલ થવા, પુરુષને દાઢી-મૂછના વાળ ન ઊગવા કે ઓછા ઊગવા, જાતીય વિકાસની ખામી, સ્વપ્નદોષ, વધુ હસ્તદોષ, શુક્રસ્રાવ, નપુંસક્તા, અતિકામુકતા, કામવિકૃતિ, વંધ્યત્વ, આર્તવદોષ, અલ્પ સ્તનવિકાસ, ગર્ભાશય વિકૃતિ વગેરે ખાસ કરીને

જાતીયતાને સ્પર્શતા અને આંતરસ્રાવી ગ્રંથિઓ (હોર્મોન્સ)ને સ્પર્શતા ખાસ રોગો યૌવનમાં સ્ત્રી-પુરુષોમાં જોવા મળે છે. તેમાં તરુણ-તરુણીઓમાં મોં પર ખીલ થવાનો રોગ વધુ વ્યાપક છે. વધુ મૂંઝવનારો પણ છે. આ રોગ યૌવનાવસ્થા સંબંધિત હોવાથી આયુર્વેદે તેનું નામ જ ‘યૌવનપિડિકા’ અથવા ‘તારુણ્યપિડિકા’ વગેરે આપેલ છે. તેને કારણે મોંનું સૌંદર્ય દૂષિત થતું હોવાથી તેનું એક નામ ‘મુખદૂષિકા’ પણ છે.

❖

વૈદ્યો-ડૉક્ટરો પોતે જ રોગ વિષે જાણતા હોય, પોતે દરદીની સારવાર કરી શકે તેમ હોય છતાં ક્યારેક બીજા પાસે રિફર કરતા હોય છે. તેનાં આટલાં કારણો હોઈ શકે :

- પોતાના જ પરિવારનો કેસ હોય તો તેમાં પરેજી પળાવવામાં કે ક્રિયા કરાવવામાં કડક થઈ શકાય તેમ ન હોય. તેથી ‘પારકી મા કાન વીંધે’ના ન્યાયે બીજાને સોંપતા હોય છે.

- દરદીને પોતાના સુપરિચિત કે સગા હોવાથી તેના જાત-અનુભવ ઉપર વિશ્વાસ નથી તેવું લાગે ત્યારે. ‘અતિપરિચયાત્ અવજ્ઞા’ના સૂત્ર અનુસાર પોતે તે કેસ સ્વીકારવા કરતા અપરિચિત વ્યક્તિ પાસે મોકલતા હોય છે.

- સગાં-સંબંધી, પડોશી, પરિચિત કે સન્માનનીય વ્યક્તિનો કન્સલ્ટીંગ કે દવાનો ચાર્જ લઈ શકે તેમ ન હોય ત્યારે લાંબા સમયના ખર્ચથી બચવા પણ રિફર કરવા પડે છે.

- કેટલીક વાર દરદીને અમુક જ વૈદ્ય-ડૉક્ટરની સારવાર લેવાની તીવ્ર ઇચ્છા હોય છે તેને માન આપીને, ચીઠ્ઠી લખી આપીને, ફોન કરીને, ભલામણ કરીને કેસ સોંપવામાં હિત માને છે.

– કેટલીક વાર નિષ્ણાત વ્યક્તિના જાત-અનુભવનો લાભ લેવા કે તેને સાથ આપવા માટે કેસ રિફર કરવાનું યોગ્ય માને છે.

ઉપરોક્તમાંના કોઈ કારણે ચર્મરોગ અને ખાસ તો શ્વિત્રરોગ (સફેદદાગ)નિષ્ણાત વૈદ્ય શ્રી કિરીટ પંડ્યાએ એક કેસ મારી પાસે મોકલ્યો હતો.

દરદીનું નામ ચિરાગ મહેન્દ્રભાઈ શાહ. રહે. બંગલા નંબર-૩, વાલકેશ્વર સોસાયટી, અમદાવાદ-૧૫. ઉંમર હતી ૧૯ વર્ષ. અભ્યાસ કરે તે તારીખ હતી ૨૫-૯-૮૭. તેને ત્રણ વર્ષથી મોં પર પુષ્કળ ખીલ થયા હતા. તે પાકવાથી પરુ નીકળતું હતું. યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ આ વિદ્યાર્થી પોતાના આ રોગને કારણે ખૂબ ચિંતિત હતો. પરેજી માટે ચર્મરોગ પત્રક આપી તેના નિયમોનું કડક પાલન કરવા રૂબરૂ ખૂબ સમજ આપી હતી. સકારણ સમજાવવા પણ પ્રયત્ન કર્યો હતો.

- દિવસની ઊંઘ કફ, પિત્તવાત અને રક્તને કોપાવનાર હોવાથી સવારે સૂર્યોદય પહેલાં વહેલા ઊઠી જવાની અને બપોરે કદી ન ઊંઘવાની સલાહ આપી હતી.

- ગળ્યો, ખાટો, ખારો રસ કફકર હોવાથી અને ખાટો-ખારો રસ રક્તને દૂષિત કરનાર હોવાથી તેનો ત્યાગ કરવાનો હતો. ગળપણમાં ગોળ-ખાંડ, દૂધ, ઘી, માખણ, મીઠાઈ, ફળો, માવો, અડદ વગેરે બંધ કરવાનાં હતાં. ખટાશમાં દહીં, છાશ,, શિખંડ, ટમેટાં, લીલી દ્રાક્ષ, લીંબુ, ખાટાં ફળો, ખાટાં પીણાં, ખાટી ચટણી, આથાવાળી વાનગી તથા અમ્લ વિપાકવાળી કાકડી, ભીંડો લેવાનાં ન હતાં. મીઠું સાવ બંધ કરવાનું હતું. તળેલો અને બજારુ ખોરાક પણ બંધ કરવાનો હતો.

- ખોરાકમાં ઘઉં, ચોખા, મગ, ચણા, તુવેર, દૂધી, તૂરિયાં, ધાણા, જીરુ, કોથમીર, સિંધવ, કુમળા મૂળા વગેરેનો ભોજનમાં છૂટથી ઉપયોગ કરવાનો હતો.

ઔષધો આ પ્રમાણે હતાં :

૧. ખદિરારિષ્ટ...૧-૧ મોટો ચમચો જમ્યાબાદ બંને વખત સરખું પાણી મેળવીને.

૨. કિશોળ ગૂગળ...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૩. મંજિષ્ઠાદિ ઘનવટી...ઉપરની દવા સાથે.

૪. સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ...૩ ગ્રામ રાત્રે પાણી સાથે...

૫. મુખ લેપ, મોં પર દિવસે જાડો લેપ લગાડવો. બે-ત્રણ કલાકે ધોઈ નાખવો. (તેમાં લોધર, ધાણા, વજનું ચૂર્ણ સમભાગે મેળવેલ હતું. (“લોધ્રધાન્યવચાલેપ તારુણ્ય પિડિકાપ ।”)

તા. ૩-૧૦ના રોજ ખીલમાં પાક થઈને પરુ વધુ આવતું હતું. (દરદીએ જો સ્ટીરોઈડનો આંતરબાહ્ય ઉપયોગ કર્યો હોય તો આયુર્વેદીય સારવારથી દબાયેલો તેનો રોગ ઊલટાનો બહાર આવે છે ને શોધન થાય છે. તેથી દરદી તથા પરિચારકો ગભરાઈ જાય છે. પણ આ બાબતે પહેલાથી થોડો નિર્દેષ કરી દીધો હોય તો ગભરામણનું કારણ રહેતું નથી.)

તા. ૯-૧૦ના રોજ ખીલમાં સારો એવો ફાયદો થયો હતો. પણ કબજિયાત વધુ રહેતી હોવાથી સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ...૫ ગ્રામ આપવાનું શરૂ કર્યું હતું. પથ્યાદિ ઘનવટી..૨-૨ લેવા ઉમેરી હતી.

(**નોંધ** : ચર્મરોગ, રક્તદોષ, ખીલ વગેરેમાં દોષરૂપે કફ અને પિત્ત હોવાથી તથા દુષ્ય રૂપે ત્વચા તથા રક્ત વગેરે હોવાથી તેમાં કબજિયાત રહેતી હોય તો વિરેચન આપવું ખૂબ ઉપયોગી ગણાય છે. ખારાશ, ખટાશ, ગળપણ ન હોય તેવું કોઈ વિરેચન ઔષધ પસંદ કરવું જોઈએ. હરડે, ત્રિફળા, આમળાં, સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ, ગરમાળો, નસોતર, સ્વમૂત્ર, ગોમૂત્ર તેમાં વધુ કામયાબ બને.)

તા. ૩૧-૧૦ના રોજ સારું હોવા છતાં રોગ મટાડવામાં ઝડપ આવે તે માટે લેપ પાણીને બદલે સ્વમૂત્રમાં લગાડવાનું કહેલ. જેનાથી વધુ સારું પરિણામ પ્રાપ્ત થયું હતું. તા. ૨૩-૧૧ના રોજ નોંધપાત્ર સુધારો થયો હતો. તે દિવસે કાઉન્ટરમાં મંજિષ્ઠાદિ ઘનવટી ન હોવાથી ખદિરસાર ઘનવટી આપી હતી.

તા. ૨૧-૧૨-૮૭ના રોજ ત્રણેક મહિને ચીરાગને સતાવતો યૌવન પીડિકાનો રોગ સાવ મટી ગયો હતો. છતાં શિયાળો કફની ઋતુ હોવાથી અને ખીલ કફ સંબંધિત રોગ હોવાથી પંદરેક દિવસ દવાને ચાલુ રખાવી હતી.

# પ્રકરણ : ૧૪ આંખના એક અસાધ્ય રોગની સારવાર

શ્રી ચિંતન ઋષિકેશ વસાવડા નામના વિદ્યાર્થી, ઉંમર ૧૯ વર્ષ, રહે. ૭૩-સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯માં. તે વખતનો ફોન નંબર ૬૪૪૨૦૮૬. ઋષિકેશભાઈ તેમને લઈને તા.૧૯-૭-૯૩ના રોજ આવેલા. ચિંતનની આંખો જન્મથી જ ખૂબ નબળી હતી. તેના દૃષ્ટિદૌર્બલ્યમાં હવે ખૂબ વધારો થયો હતો. વર્ગમાં બોર્ડ પરનું લખાણ વાંચી શકાતું ન હતું. ચાલતી વખતે સામેનું દૃષ્ય જોવામાં પણ તકલીફ હતી. જન્મથી આંખના પડદાનો આ રોગ અસાધ્ય હતો. તેમણે આંખના નિષ્ણાત ડોક્ટરોમાંથી ડૉ.મૌલિક શાહ, ડૉ. મૃદુલા પારેખ અને ડૉ. અભય વસાવડા વગેરેની સારવાર લીધેલી. તે બધાએ

આ રોગ અસાધ્ય કહેલો. સારવાર લાંબી કરવા છતાં કશો ફાયદો જણાયો ન હતો.

‘ગુજરાત સમાચાર’ના મારા લેખ વાંચીને તે મળવા આવેલા. તપાસીને, રિપોર્ટ જોઈને મેં કહેલું, ‘આ રોગ સાધ્ય ન હોવા છતાં તેમાં શક્ય તેટલો સુધારો થાય તેવા પૂરા પ્રયત્ન કરીશ. આયુર્વેદની દવાઓ ચક્ષુષ્ય અને નિર્દોષ હોવાથી નુકસાન તો કશું જ થવાનું નથી. લાભ જ થવાનો છે. લાંબી સુવ્યવસ્થિત સારવાર લેવી પડશે.’ પરેજી પાળવા માટે ત્રિદોષશામક પથ્યાપથ્ય પત્રક મેં આપ્યું હતું. છતાં તે ઉપરાંત ચક્ષુષ્ય–નેત્ર્ય ગુણવાળા આહાર-વિહાર પર વધુ ધ્યાન આપવાનું હતું. ગાયનું તાજું દૂધ, ગાયનું તાજું માખણ, ગાયનું ઘી, તાજી છાશ, ચોખ્ખું મધ, ઘઉં, ચોખા, મગ, તાંદળજાની ભાજી, કુમળા મૂળા, કેળાં, કાળી સૂકી દ્રાક્ષ, આમળાં, આમળાંનો મુરબ્બો, ગુલકંદ, જીવન્તી (દોડી-ખરખોડી),

કોથમરી વગેરે શક્ય હોય તો વધુ ખાવાનું કહ્યું હતું. ઉજાગરા કરવા નહીં, મોડા ઊઠવું નહીં, દિવસે સૂવું નહીં, સંયમ પાળવો, માલિશ કરવી (માથે ને પગના તળિયે વધુ માલિશ કરવી), કુદરતી વાતાવરણમાં ફરવું, શીર્ષાસન જેવાં આસનો કરવાં, આંખોની 'પામિંગ' વગેરે ખાસ કસરતો કરવી વગેરે સૂચનાઓ આપી હતી.

ઔષધો આ પ્રમાણે શરૂ કર્યાં હતાં :

૧. પથ્યાદિ ઘનવટી...૨-૨ સવારે-રાત્રે ભૂકો કરીને પાણી સાથે.

૨. ત્રિફલા ટીકડી...૪ રાત્રે પાણી સાથે.

૩. સપ્તામૃત લોહ...૨-૨ અસમાન ઘી-મધ સાથે અથવા મધ સાથે.

૪. ત્રિફળાઘઘૃત...૧૦-૧૦ ગ્રામ સવારે-રાત્રે ગાયના દૂધ સાથે.

(નોંધ- ઊર્ધ્વજત્રુગત એટલે કે ગળા ઉપરના રોગો મટાડનારાં ઔષધો સાંજે અને રાત્રે લેવાં વધુ હિતાવહ છે. આયુર્વેદમાં દિવસના ત્રણ ભાગ...માથું, ધડ અને નાભિ નીચેના ભાગને દિવસના ત્રણ ભાગ સાંજે-રાત્રે, બપોર અને સવારના ભાગમાં વહેંચેલ છે. નાભિ નીચેના રોગો માટે સવારે દવા લેવી વધુ હિતાવહ છે. નાભિથી ગળા સુધીના રોગોમાં બપોરથી સાંજ સુધીનો સમય હિતાવહ છે. ગળા ઉપરના રોગો માટે સાંજ અને રાત્રિસમય ઔષધ સેવન માટે હિતાવહ છે.)

૫. નેત્ર સુદર્શન અર્ક...સવારે-સાંજે-રાત્રે ટીપાં આંખમાં નાખવાં.

પ્રથમ બે મહિનાની સારવારથી કશો ફાયદો જણાતો ન હતો. તેથી તા. ૨૧-૮ના રોજ જીવન્ત્યાદિ ઘૃત ૧-૧ ચમચી લેવા ઉમેર્યું હતું. (જીવન્ત્યાદિ ઘૃતની નેત્રતર્પણ બસ્તિ આપવામાં આવે તો તે હિતાવહ ગણાય છે પણ તે આપી શકાય તેમ ન હતું.) ખોરાકમાં જીવંતી ન મળવાથી 'એલાર્સિન' ફાર્મસીની

જાણીતી લેપ્ટાડિન ટીકડી...૨-૨ સાંજે-રાત્રે દૂધ સાથે કે પાણી સાથે લેવા આપી હતી.

તા. ૫-૧૨ના રોજ પથ્યાદિ ઘનવટીને બદલે પથ્યાદિ કાઢા (નંબર-૨)...સાંડુનો તૈયાર બાટલો સવારે-રાત્રે મોટો ચમચો સમાન પાણી મેળવીને લેવા માટે આપેલ. તે દિવસે શતાવરી ટીકડી...૨-૨ ઉમેરેલ. (તે કદાચ વજન વધારવા કે શક્તિ માટે હશે તે નેત્રરોગમાં હિતાવહ છે.)

તા. ૨૪-૨-૯૫ના રોજ ઘણું સારું હતું. વધુ સારું થતું જ જશે તેવી આશા બંધાણી હતી. ડૉક્ટરોએ પણ આયુર્વેદની આ દવા ચાલુ રાખવા કહ્યું હતું. તેથી ઉપરોક્ત બધી જ દવા સતત ચાલુ રખાવી હતી.

# પ્રકરણ : ૧૫ એક યુવાનની જાતીય મૂંઝવણો મટી

જાતીય જીવનમાં શીઘ્રપતનનો રોગ ઘણો ચિંતાજનક બને છે. પુરુષને સમાગમમાં તુરત જ સ્ખલન થઈ જવાથી બંને પાત્રોને સંતોષ મળતો નથી. અને તેથી મનમેળનો અભાવ, ગૃહકલેશ, મતભેદ, વૈમનસ્ય અને કેટલીક વાર છૂટાછેડા સુધી પણ પ્રશ્ન પહોંચતો હોય છે. તેની ચોક્કસ કોઈ સફળ સારવાર કોઈ ચિકિત્સા પદ્ધતિમાં ન હોવાથી શીઘ્રપતનથી પીડાતો પુરુષ મનમાં હિઝરાય છે અને છાનીછાની સારવારમાં ખોટા ખર્ચા કરતો રહે છે. ક્યારેક ફૂટપાથ પર બેઠેલા લેભાગુ લોકો, ક્યારેક છેલ્લામાં છેલ્લી મોટી સેક્સોલોજીની ડિગ્રી ધરાવનારા ડૉક્ટરો પણ તેને છેતરતા રહે છે. કારણ કે શીઘ્રપતનના કારણમાં કોઈ જતું નથી. કેવળ બહેકાવનારી કે થાગડ થીગડ સારવાર આપે છે. જેનાથી

સરવાળે હાર્યા જુગારી જેવી સ્થિતિ થાય છે. આયુર્વેદીય સિદ્ધાંત અનુસાર શીઘ્રપતનનાં આટલાં કારણો વિચારી શકાય :

- લગ્નપૂર્વે નાની વયથી હસ્તદોષ કે હસ્તમૈથુનની વધુ આદત. તેનાથી ચલગુણથી વ્યાન-અયાન વાયુ કોપવાથી શુક્ર તથા પ્રજનન અવયવો પોતાનો સ્થિર ગુણ ગુમાવે છે. વાયુના ચલ ગુણને કારણે શીઘ્રપતનનો રોગ પેદા થાય છે. સાથે કોઈક કેસમાં ઘર્ષણને કારણે અને પ્રાકૃત કફ ઘટવાથી લાંબા ગાળાના હસ્તમૈથુનથી સ્વરતિથી સંતોષ મેળવતા યુવાનને સ્ત્રી સમાગમમાં પૂરો સંતોષ કે આનંદ મળતો ન હોવાથી પણ પરસ્પરમાં અસંતોષ રહે છે.
- પિત્તપ્રકૃતિ કે રક્તસાર પુરુષના શરીરમાં ગરમી હોવાથી તેને ઉત્તેજના તુરત જ આવે છે ને સ્પર્શ સહત્વને કારણે ચરમ સીમા પણ તરત આવે

છે. પિત્તને કારણે શુક્ર તારલ્ય પણ શીઘ્રપતનનું કારણ બને છે. સમાગમ ઉષ્ણતા પેદા કરનાર હોવાથી શુક્રસ્રાવ સ્વાભાવિક રીતે જ તુરત થઈ જાય છે.

- શુક્રસાર પુરુષને શુક્રની વધુ ઉત્પત્તિ થતી હોવાથી શુક્રનો જથ્થો શુક્રાશયમાં વધવાથી પણ ઘણા યુવાનોને સ્વપ્નસ્રાવ તથા શીઘ્રપતન થઈ શકે છે.
- શુક્રવર્ધક આહાર અને ઔષધો વધુ લેવાથી પણ શીઘ્રપતન થઈ શકે છે. દૂધ, ઘી, ફળો, મીઠાઈ, મેવા, અડદ, આમળાં, પાક, માંસાહાર જેવાં આહાર દ્રવ્યો અને કૌંચાં, આમળાં, અશ્વગંધા, ભિલામો વગેરે વધારે લેવાથી પણ શીઘ્રપતન થઈ શકે છે.

- ઉત્તેજક અને ઉષ્ણ ઔષધો પણ શુક્રતારલ્ય અને શુક્રોત્મા પેદા કરીને શીઘ્રપતન કરી શકે છે. આયુર્વેદ કરતાં એલોપથીમાં આવાં ઉષ્ણ ઔષધો વધારે છે.

જો કે શીઘ્રપતન એ કોઈ હાનિકારક રોગ નથી. સંતાનોત્પત્તિમાં તે નડતર રૂપ નથી. તેનાથી શરીરને કોઈ નુકસાન થતું નથી. કેવળ જાતીય જીવનનો આનંદ વધારે માણી શકાતો નથી, એટલું જ.

યોગ્ય વૈદ્ય પાસેથી શીતળ, સ્તંભન, ગ્રાહી, શામક ઔષધો મળવાથી અને લાંબો સમય ચાલુ રાખવાથી આ રોગ કાબૂમાં આવી જાય છે. અને કામને મન સાથે સંબંધ હોવાથી સ્વભાવમાં શાન્તિ, ધૈર્ય, સમજ અને હકારાત્મક વલણ (પોઝિટીવ સજેશન) તથા પત્નીનો પ્રેમ અને સહકાર તેમાં ઘણી જ મદદ કરી શકે છે.

❖

શ્રી ચેતન યોગેન્દ્ર ભટ્ટ રહેતા હતા ડી-૧૦૮, નંદનવન એપાર્ટમેન્ટ, નવા વાડજ, અમદાવાદમાં. ઉંમર હતી 30 વર્ષ. નોકરી કરતા હતા. તા. ૨૦-૧૦-૮૯ના રોજ એ પોતાના જાતીય પ્રશ્નો લઈને આવેલા. જે આ પ્રમાણે હતા :

૧. શીઘ્રપતનઃ સમાગમમાં તુરત છૂટ થઈ જવાથી બંને પક્ષે અસંતોષ રહેતો હતો. તેનું કારણ શોધતાં જાણવા મળેલ કે તેને ૧૯ વર્ષથી માંડીને ૨૯ વર્ષની વય સુધી એટલે દશ વર્ષ સુધી હંમેશાં હસ્તમૈથુન કરવાની કુટેવ હતી.

૨. ઓલિગોસ્પર્મિયાઃ બાળક ન થવાથી તેનું શુક્રપરીક્ષણ સર્વોદય પેથોલોજિકલ લેબોટરીમાં તે જ દિવસે કરાવવાથી નીચે પ્રમાણે નોંધ મળી હતી.

- માત્રાઃ ૨ એમ.એલ.

- સંખ્યાઃ ૪૨ મિલિયન્સ.

- જીવંતતાઃ ૫૫%

3. શિશ્ન લાઘવઃ દરદીનો કિશોરાવસ્થાથી જ લિંગનો વિકાસ ઓછો થયો હતો. જેની ઉત્તેજનાવસ્થા વખતે લંબાઈ કેવળ સાડાત્રણ ઈંચ હતી અને ગોળાઈ ત્રણ ઈંચ હતી.

દરદીના શરીરનું વજન પણ કેવળ ૪૦ કિલો હતું. દરદીનો શારીરિક અને માનસિક વિકાસ ૧૫ વર્ષના કિશોર જેવો કહી શકાય.

શુક્રદોષ પત્રક પરેજી પાળવા માટે આપ્યું હતું તે અનુસાર બધી જ જાતનો ઠંડો અને પોષક ખોરાક લેવાનો હતો. દૂધ, ઘી, તાજું માખણ, ફળો, મેવા, મીઠાઈ વગેરે.

ઔષધો આ પ્રમાણે હતાં :

૧. ફોર્ટેજ ટીકડી...૨-૨ સવારે-સાંજે દૂધ સાથે (‘એલાર્સિન’ની.)

૨. લેપ્ટાડિન ટીકડી...૨-૨ ઉપરની દવા સાથે (‘એલાર્સિન’ની)

૩. યષ્ટિમધુ ટીકડી...૨-૨ બપોરે રાત્રે દૂધ અથવા પાણી સાથે.

૪. અશ્વગંધા ટીકડી...૨-૨ ઉપરની દવા સાથે.

૫. એક્ટીફોર્ટ ટીકડી...૨-૨ દિવસમાં બે વખત કોઈ પણ સમયે દૂધ સાથે (‘અનુજા’ની)

૬. અશ્વગંધા તેલઃ શિશ્ન તથા વૃષણ પર એક બે વખત હંમેશા માલિશ કરવી. ધોવું કે લૂછવું નહીં. રાત્રે માલિશ ખાસ કરવી જેથી આખી રાત તેની અસરનો લાભ મળે. સંયમ વધુ પાળવાનો હતો.

તા. ૨૭-૧૦ના દિવસે આવેલ ત્યારે દરદીએ એક નોંધપાત્ર વાત એ કરી કે તેને છ વર્ષથી કાળી દાદર હતી. તેના ઉપર શિવામ્બુ (સ્વમૂત્ર) લગાડવાથી એક મહિનામાં દાદર મટી ગઈ હતી. જે ચાર વર્ષથી ફરીને થઈ નથી.

તા. ૧૬-૧૧ના રોજ શીઘ્રપતનમાં કોઈ ફાયદો ન થવાથી એક્ટીફોર્ટને બદલે નીઓ સિલ્વર ટીકડી...૨-૨ પાણી અથવા દૂધમાં લેવા આપી હતી. (‘ચરક’ની)

તા. ૧૪-૧૨ના અહેવાલ પ્રમાણે તેને ઉત્તેજનામાં ખૂબ જ વધારો થયો હતો. ઉપસ્થની લંબાઈ અને જાડાઈ વધ્યાં હતાં, છતાં શ્રી ગોપાલ તેલ...માલિશ કરવા તથા ૧૦-૧૦ ટીપાં દૂધમાં સવારે-રાત્રે પીવા માટે આપેલ.

તા. ૧૯-૧૨-૯૦ના દિવસે દરદીના આનંદનો પાર ન હતો. તેની બધી જ તકલીફો ટળી ગઈ હતી. તેણે ઘણા સમય બાદ પ્રથમ વખત સમાગમનો પૂર્ણ સંતોષ મેળવ્યો હતો અને પત્નીને આપ્યો હતો. જાણે નવા જીવનનો આનંદ અનુભવ્યો હતો. તેની સ્તંભન શક્તિ, ઉત્તેજના શક્તિ, જાતીય ઈચ્છા, લિંગની પુષ્ટિ વગેરે વધ્યાં હતાં. લેબો.માં શુક્રપરીક્ષણ કરાવ્યું તો તેમાં પણ સારો સુધારો થયો હતો. જે સંતાનપ્રાપ્તિ માટે પૂરતો હતો.

- માત્રાઃ ૨ એમ.એલ
- શુકાણુ સંખ્યાઃ ૭૨ મિલિયન્સ
- મોટોલિટીઃ ૬૦ ટકા
- પલ્સઃ ૨૫થી ૩૦ ટકા

પલ્સ વધારે આવવાથી શંકા કરી શકાય કે જંતુનું ઉત્પાદન વધી રહ્યું હતું અને આનાથી ઘણાંનું મૃત્યું પણ થતું હતું.

માફક આવેલી ચાલુ દવા ૧૫ દિવસની આપી હતી. પણ ત્યારબાદ દરદી ડોકાયા ન હોવાથી અનુમાન કરી શકાય કે તે સમયમાં પિતા બનવાની શક્યતા ઊભી થઈ હશે. અત્યારે તો તે બે મોટાં સુંદર બાળકોના પિતા પણ હશે.

## પ્રકરણ : ૧૬ બધી ફરિયાદ સંપૂર્ણપણે દૂર થઈ ગઈ

પિત્તના રોગો ૪૦ની સંખ્યામાં હોવાનું આયુર્વેદમાં કહેવાયું છે. તેનાં નામ પણ આપવામાં આવેલાં છે. તેનાં નિદાન, પૂર્વરૂપ, રૂપ, ચિકિત્સા, પથ્યાપથ્ય

ક્રિયાઓ વગેરેનું પણ વિગતે વર્ણન કરવામાં આવેલું છે. વાયુ જેમ સદા ક્રિયાશીલ છે તેમ પિત્ત પણ સદા ક્રિયાશીલ હોવાથી કેટલીક વાર ચિંતાજનક અવસ્થા ઊભી કરી દેતું હોય છે. પિત્ત ઉગ્ર, ઉષ્ણ, તીક્ષ્ણ, ક્ષારીય હોવાથી તેના રોગો અસહ્ય હોય છે. તેથી ચિંતાજનક પણ હોય છે. ખાસ કરીને પિત્તના રોગો ગ્રીષ્મ-શરદમાં, ગરમ પ્રદેશમાં, ગરમ પ્રકૃતિમાં, યુવામાં વધુ જોવા મળે છે. તેમાંનો એક ઈમર્જન્સી કહી શકાય તેવા અસ્પષ્ટ નિદાનવાળો કેસ આ પ્રમાણે છે

❖

મારું મુંબઈ દવાખાનું હતું ત્યારે પંદર દિવસે બે દિવસ શુક્ર-શનિવારે મુંબઈ જવાનું થતું ત્યારે પાછળથી મારું દવાખાનું મારા નાનાભાઈ વૈદ્ય વત્સલ

વસાણી સંભાળતા. તા. ૮-૫-૮૧ના રોજ તેમની પાસે બનાસકાંઠાના દિયોદર ગામના, ‘બનાસ ટ્રાન્સપોર્ટ’નામે ધંધો કરતા શ્રી જગદીશ. કે. સોની આવેલા. તેમની ઉંમર હતી ૨૫ વર્ષ. તેને વારંવાર ઊબકા આવતા હતા, તાવ-ઊલટી પણ થતી હતી. ઊલટી થાય ત્યારે રોગની તીવ્રતા અને રોગીના અલ્પ મનોબળને કારણે દરદી બેભાન બની જતા હતા. એટલે મૂર્ચ્છા આવી જતી હતી. તેને પેટમાં સતત પુષ્કળ પ્રમાણમાં દાહ થતો હતો. તેની સાથે ઉદરશૂળનું અસહ્ય હતું. તેને કારણે ક્યારેક દરદીને ઈંજેક્શન કે ટીકડી આપીને ઊંઘાડી દેવા પડતા હતા. ત્રણ મહિને આવો ભયંકર હુમલો આવતો જ. નિદાન કરવામાં ૪૫ ફોટા પાડવામાં આવ્યા હતા. તેમાં કશું નિદાન પકડી શકાયું ન હતું. દરદી ને આમવૃષ્ટિ (હર્નિયા)ની તકલીફ પણ હતી. દરદી વિવાહિત પણ હતા.

ફોટામાં અલ્સર ન આવવાથી આયુર્વેદની લક્ષણ–ચિકિત્સા પ્રમાણે પૈત્તિકછર્દિ (ગરમીની ઊલટી), અમ્લપિત્ત, પૈત્તિક કે પિત્તવાતિક ઉદરશૂળ, વિદગ્ધાજીર્ણ, દાહ કે મહાદાહમાંથી કોઈ એકનું નિદાન કરી શકાય તેમ હતું. જોકે આયુર્વેદ અનુસાર દોષ ચિકિત્સા પ્રમાણે તો તે બધાની લગભગ સરખી જ સારવાર આપી શકાય.

‘વિકારનામાકુશલો ન જિહ્રિયાત્ કદાચન’

“વિકાર(રોગ)નું ચોક્કસ નામ આપવામાં અકુશલ વૈદ્યે શરમાવું નહીં” તેમ ચરક સંહિતામાં કહેલ છે. તેનો બચાવ કરતાં મહર્ષિ ચરક કહે છે કે રોગનું

નામ નિદાન બદલાતાં વારંવાર બદલાતું રહે છે. તેથી દોષ-દૂષ્યની સમજ પ્રમાણે રોગ માપી દેવો તે જ વૈદ્યનું મહત્ત્વનું કાર્ય છે.

ઔષધો આ પ્રમાણે આપ્યાં હતાં :

૧. કપર્દિ ચૂર્ણ...૧/૪ ગ્રામ
અવિપત્તિકર ચૂર્ણ...૨ ગ્રામ
સ્વર્જિકા ક્ષાર...૧ ગ્રામ
શંખભસ્મ...૧/૪ ગ્રામ
પ્રવાલ પંચામૃત...૧/૪ ગ્રામ
યષ્ટિમધૂ ચૂર્ણ...૧ ગ્રામ સવારે-સાંજે ગળ્યા દૂધ સાથે.

૨. આયુ ડાઈજેસ્ટ ટીકડી...૨-૨ જમ્યાબાદ ('આયુ પ્રોડક્ટ્સ'ની)

૩. અભયાદિ કવાથ...ભૂકો ઘેર ઉકાળીને સવારે-રાત્રે પીવાનો હતો.

૪. શતાવરીન કવાથ...૧-૧ મોટી ચમચી સવારે-રાત્રે ગળ્યા ગરમ દૂધમાં. (ઠરે ત્યારે ચમચી નાખીને પીવું. ‘આયુ પ્રોડક્ટ્સ’ની પેટન્ટ)

૫. છર્દિરિપુ કેપસ્યૂલ...૨-૨ સવારે-રાત્રે ગળવી.

તા. ૮-૬ના દિવસે આવેલ ત્યારે ઘણો ફાયદો હતો. કબજિયાત રહેતી હતી. આજ અભયાદિ કવાથને બદલે અભયાસન ટીકડી..૨-૨ (‘ઝંડુ’ની) જમ્યા બાદ લેવાની હતી. ગેસ, કબજિયાત, શૂળ અને અજીર્ણ માટે શિવાક્ષાર પાચન ચૂર્ણ ૮ ગ્રામ લેવા માટે આપેલ.

દરદી દૂર રહેતા હોવાથી મહિનાની દવા નિયમિત લેતા હતા. ૯-૭ના રોજ આવ્યા ત્યારે દરદીને બધી બાબતે સારું હતું. ઊલટી, ઉદરદાહ, ઉદરશૂળ

બધું મટી ગયું હતું. ભયંકર ઉનાળામાં પણ આવરણવાળા પિત્તનો રોગ શાંત થઈ ગયો હતો.

તા. ૯-૮-૮૧ના દિવસે છેલ્લી દવા લેવા આવ્યા ત્યારે આગળની તમામ ફરિયાદ સંપૂર્ણપણે દૂર થઈ ગઈ હતી. વર્ષાઋતુને કારણે શરદી, માથાનો દુખાવો હતાં. વજન કેવળ ૪૧ કિલો જ હોવાથી અશક્તિ પણ ઘણી લાગતી હતી તે બધી બાબતોને ધ્યાનમાં લઈ છેલ્લી દવા આ પ્રમાણે આપી હતી.

૧. લક્ષ્મી વિલાસ રસ...૧-૧ સવારે-રાત્રે.
૨. વ્યોષાદિ વટી...૪ ચૂસવી.
3. પથ્યાદિ ઘનવટી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે ભૂકો કરીને.
૪. અશ્વગંધા ચૂર્ણ...૬ ગ્રામ,

તાલિસાદિ ચૂર્ણ...૧ ગ્રામ સવારે-સાંજે પાણી સાથે.

તા. ૧૦-૯-૮૧ના દિવસે પણ મહિનાની દવા છેલ્લી આપી હતી. ચાર મહિના સુધી સારવાર ચલાવવાનો બંને પક્ષનો હેતુ ત્રણ મહિને આવતો ઊલટી, દાહ, ઉદરશૂળ મૂર્ચ્છાનો હુમલો હવે ચાલુ રહ્યો છે કે મટી ગયો છે ? તે જાણવાનો હતો. એક મહિના ઉપર પસાર થવા છતાં હુમલો ન આવવાથી અને હવે આવવાનો જ નથી તેવા વિશ્વાસથી દરદી તથા તેના પરિવારજનો ખુશખુશાલ હતાં.

# પ્રકરણ : ૧૭ અતિ કામુકતા અનેક રોગનું મૂળ

શ્વાસની સારવાર આયુર્વેદમાં મૂળગામી છે. કારણ કે શ્વાસ ફેફસાનો રોગ છે. ફેફસાંને પ્રાણવાયુ અને અવલંબન કફ સાથે સીધો સંબંધ છે. ફેફસાં નબળાં થવાથી, તેમાં વિકૃતિ આવવાથી, પ્રાણવાયુ ઘટવાથી કે દૂષિત થવાથી, અવલંબક કફ વધવાથી કે વિકૃત થવાથી શ્વાસ શરૂ થાય છે કે વધે છે. હૃદયરોગના ઉપદ્રવ રૂપે પણ શ્વાસ થતો હોય છે. કારણ કે હૃદયના રક્તનું અને ફેફસામાં પ્રાણવાયુ સાથે મિલન થાય છે.

શ્વાસના પ્રકાર પણ આયુર્વેદમાં આપવામાં આવેલા છે. તેમાં મહાશ્વાસ, ઊર્ધ્વશ્વાસ, છિન્નશ્વાસ, ક્ષુદ્રશ્વાસ, પ્રતમકશ્વાસ અને તમક શ્વાસમાંથી તમક શ્વાસ (અસ્થમા)નું પ્રમાણ સર્વત્ર વધુ જોવા મળે છે. લગભગ ૯૦ ટકા દરદી તેના હોય છે. જે પાંચ વર્ષ સુધીમાં મટાડી શકાય છે. આ શ્વાસ સાથે રોગ રૂપ, લક્ષણ રૂપે કે ઉપદ્રવ રૂપે શરદી, ઉધરસ, કફ પડવો (ષ્ઠિવન), સ્વરભેદ, જવર, શિરઃશૂળ, છાતીમાં દુખાવો, અરુચિ, આમાજીર્ણ, કબજિયાત વગેરે પણ હોય છે. પરંતુ વૈદ્ય અને દરદી બંને પક્ષે સારી વાત એ છે કે તે બધાં જ પ્રાયઃ કફ, વાયુ, આમ સાથે જોડાયેલ હોવાથી સારવાર એકબીજાને માફક આવે છે. ખાસ કરીને આમપાચક, કફઘ્ન, વાતઘ્ન, અગ્નિવર્ધક, સ્રોતોવિશુદ્ધિકર, બલ્ય, અનુલોમન (વાયુને સવળો કરનારી) સારવાર તેમાં કરવાની હોય છે.

એલોપથીમાં અસ્થમા કે બ્રોન્કાઈટીસમાં ઉપરોક્ત વિચારણા ન હોવાથી કફને સૂકવનાર, સ્તબ્ધ કરી દેનાર સારવારથી તુરત રાહત અનુભવાય છે. પણ કલાકો કે દિવસો બાદ દબાયેલ રોગ ફરીને ઉખળે છે ને વધુ પાવરની, વધુ માત્રામાં એન્ટિબાયોટિક કે ઝેરી દવા આપવી પડતી હોવાથી સરવાળે રોગ ઊંડો ઊતરે છે. નવા ઉપદ્રવોને નોતરે છે ને ફેફસાં નબળાં પડી જવાથી જીવનભર વધુને વધુ ભારે દવાનો સહારો લેતાં રહેવું પડે છે. દરદીનું બળ, વજન, જઠરાગ્નિ, મનોબળનો લગભગ સાવ હ્રાસ થઈ જાય છે. કેટલાય આવા દરદી હોય છે કે તે અસ્થમાએટેક સહન કરી શકતા નથી અને હૉસ્પિટલમાં દાખલ કરી વિશેષ સારવાર લેવી જ પડે છે. શિયાળા-ચોમાસામાં તો દરદીએ હુમલાના

ભયમાં જ દિવસો પસાર કરવા પડે છે. એલોપથીમાં પથ્યાપાલનની વિચારણા ન હોવાથી કે નહીંવત્ હોવાથી કારણ ચાલુ રહેવાથી શ્વાસ પણ ચાલુ જ રહે છે.

❖

શ્રીમાન જગમાલ રાણાભાઈ જાદવ મહેસાણાથી આવેલા. ઉંમર હતી ૨૩ વર્ષ. તારીખ હતી ૧-૧૧-૮૮. તેને એક-બે વર્ષથી શ્વાસ રોગ શરૂ થયો હતો. તેથી ગયા વર્ષે જ મારી પાસેથી સારવાર લીધેલી અને સારું થઈ ગયેલું. રોગ કાબૂમાં આવતાં જ દવા બંધ કરી દીધેલી. (રોગનાં મૂળનો નાશ કરવા દરદીએ ખરેખર તો પાંચ-પંદર દિવસ વધુ સારવાર લાંબી ચલાવવી જોઈએ.)

આ વખતે જગમાલને શ્વાસ સાથે તાવ પણ હતો. વજન કેવળ ૫૦ કિલો જ હતું. આંખોમાં બળતરા થતી હતી.

શ્વાસના દરદીને કામુકતા વધુ હોય ત્યારે પરિણામ લાવવું ખૂબ જ મુશ્કેલ પડે છે. નવા પરિણિતોમાં અતિ સમાગમને કારણે શરદી, ઉધરસ, શ્વાસ, ક્ષય, જવર, શૂળ, વંધ્યત્વ વગેરે તથા જાતીય રોગો થવાનું આયુર્વેદમાં કહેવામાં આવેલ છે. તેથી વૈદ્યે નિદાન અને ચિકિત્સા વખતે દરદીની કામુકતાને પણ લક્ષ્યમાં લઈ તેને અપથ્ય ગણી સંયમ પળાવવાનો આગ્રહ રાખવો જોઈએ.

લગ્ન બાદ એકાદ વર્ષમાં સંતાન ન થાય તો ‘હાર્યો જુગારી બમણું રમે’ની કહેવત અનુસાર દંપતીમાં સમાગમનું પ્રમાણ જે વધારે હોય છે તેમાં

પણ વધારો થઈ જાય છે. ખરેખર તો સંતાન થવામાં બંને પાત્રમાંથી એકનું કારણ છે કે બંનેનું છે તેનું નિદાન કરાવવું જોઈએ. પુરુષનો કાઉન્ટ કે મોટીલિટી ઓછાં હોય; સ્ત્રીને આર્તવદોષ, ગર્ભાશય દોષ, બીજદોષ વગેરેમાંથી જે કારણ હોય તે દૂર કરવા વ્યવસ્થિત યોગ્ય નિષ્ણાત વૈદ્યની સારવાર લેવી જોઈએ. પરંતુ મોટા ભાગના દંપતી તેમ કરવાને બદલે સમાગમનું પ્રમાણ વધારી દેતાં હોવાથી ઉપરોક્ત રોગમાંથી કોઈક રોગ થયા વિના રહેતો નથી. શ્રી જગમાલભાઈને શ્વાસ અને જવર આ કારણે ગયે વર્ષે શરૂ થયો હતો. તે મટાડ્યા બાદ વંધ્યત્વની મેં સારવાર આપેલી તેથી રાજેશ નામનો તેમને ત્યાં પુત્રજન્મ થયો હતો.

જગમાલમાં કામુકતાનું પ્રમાણ કિશોરાવસ્થાથી જ વધુ હતું. ૧૩ વર્ષની વયથી ૨૦ વર્ષની વય સુધી તેણે વધારે પ્રમાણમાં હસ્તમૈથુન કર્યું હતું. લગ્ન બાદ સમાગમનું પ્રમાણ પણ વધારે હતું.

પરેજી માટે કફવાત પત્રક મેં આપ્યું હતું. દવા દીધી હતી આ પ્રમાણેઃ

૧. સોમાસવ...૧-૧ ચમચો સમાન પાણી મેળવીને જમ્યા બાદ બંને વખત. (ગરમ પાણી મેળવવાથી વધુ ફાયદો થશે.)

૨. શ્વાસયોગ...૨-૨ સવારે-રાત્રે મધ સાથે. (‘આયુ પ્રોડકટ્સ’ની)

૩. સંશમની વટી...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે. (જવર તથા કૃશતા માટે)

૪. લક્ષ્મી વિલાસ રસ...૧-૧ સવારે-સાંજે ચૂસવી અથવા મધ સાથે. (‘ડાબર’નો નારદીપ. તાવ તથા શ્વાસ માટે)

૫.	મધુક કેપ...૨-૨ બપોરે-રાત્રે (કૃશતા, શ્વાસ તથા જીર્ણ જવર માટે)

તા. ૧-૧૨ના દિવસે ફાયદો હતો અને આશ્ચર્ય તો એ વાતનું હતું કે એક મહિનામાં ૪ કિલો વજન વધ્યું હતું. દરદી પોતાને ઘેર લીંડીપીપરનું ચૂર્ણ ૧ ગ્રામ સવારે સાંજે મધ સાથે લેતા હતા. દરદીની જાતીય દૌબલ્ય અને શીઘ્રપતનની ફરિયાદ અનુસાર 'ચરક'ની નીઓ સિલ્વર ગોળી...૨-૨ સવારે સાંજે લેવા આપી હતી. તેને બીજા બાળકની પણ ઈચ્છા હતી. તેથી આગળનાં વર્ષોમાં તેનો રિપોર્ટ ઓલિગો સ્પર્મિયા (અલ્પશુક્રકીટ) હોવાથી શુક્ર પરીક્ષણ કરાવ્યું. જે આ પ્રમાણે હતું.

- શુક્રપ્રમાણઃ ૦.૨ એમ.એલ. (ઘણું જ ઓછું. ૧૦માં ભાગનું)
- શુક્રકીટ સંખ્યાઃ ૧૮ મિલિયન્સ (ઘણી ઓછી, પાંચમાં ભાગની)
- શુક્રકીટની સક્રિયતાઃ ૬૦ ટકા (બોર્ડર ઉપર, પોણા ભાગની)

પરંતુ શ્વાસ અને જવરમાં એક મહિનો દવા લેવાથી ફાયદો થઈ જતાં દવા બંધ કરી દીધી હતી.

❖

તા. ૨૬-૬-૮૯ના રોજ ૬ મહિને ફરીને ચોમાસાના પ્રારંભમાં શ્વાસની ફરિયાદ લઈને આવેલા. આ વખતે તાવને બદલે ઉદરશૂળ હતું. કામુકતાનું પ્રમાણ તો પૂર્વવત્ હતું. રોગ પૂરેપૂરો મટે ત્યાં સુધી વ્યવસ્થિત દવા ચાલુ

રાખવા માટે સમજાવી આગળની દવામાં ઉદરશૂળની દવા ઉમેરીને બદલીને આ પ્રમાણે પ્રિસ્ક્રિપ્શન તૈયાર કર્યું,

૧. સોમાસવ
૨. શ્વાસયોગ
૩. વ્યોષાદિવટી...૪ ચૂસવા
૪. રસોના વટી...૨-૨ જમ્યા પહેલાં અને પછી ૧-૧ ચૂસવા માટે. ઉદરશૂળ વખતે પણ ૨ ચૂસી શકાય.
૫. તિવંગાદિ વટી...૪ ચૂસવા. (શ્વાસ-ઉધરસ માટે)

પરંતુ શ્વાસ-ઉદરશૂળ એક જ વખતની દવાથી મટી જતાં દરદી દેખાયા ન હતા. પછી જાણવા મળેલું કે તેને ત્યાં બીજા સંતાનનો પણ જન્મ ટૂંક સમયમાં જ થયો હતો.

## પ્રકરણ : ૧૮ વાયુજન્ય રાંજણનો રોગ

ભારતીય સમાજમાં એક એવો વર્ગ છે કે જે આયુર્વેદને અંતરથી ચાહે છે અને તેની પાછળ તેનાં કારણો હોય છે. વેદને માનનારા, ભારતીય સંસ્કૃતિને ચાહનારા, સંસ્કૃતભાષાના પ્રેમી, પર્યાવરણને પ્યાર કરનારા, સ્વાવલંબી, સરખું

અને નિર્દોષ સારવારમાં માનનારા, અધ્યાત્મ જીવનમાં રુચિ ધરાવનારા, રાષ્ટ્રિય એકતામાં માનનારા, ભારતીય વિજ્ઞાનમાં રસ લેનારા વગેરે લોકોને માટે આયુર્વેદ ખૂબ આત્મિય વિષય છે. પોતાનો ખૂબ નજીકનો વિષય લાગે છે તેમાં આત્મિયતાનો અનુભવ થાય છે.

❖

શ્રી જનકભાઈ ચંદ્રકાંતભાઈ શાસ્ત્રી આયુર્વેદને ખૂબ ચાહે છે. કારણ કે તેમને આયુર્વેદની ઔષધિઓમાં ખૂબ રસ છે. પોતે પોતાના ફાર્મમાં આયુર્વેદીય ઘણી ઔષધિને ઉછેરી છે. જનકભાઈની ઉંમર હતી ૨૬ વર્ષની, રહેતા હતા ૧૭/૧, ‘મેઘદૂત’ નીલમકુંજ સોસા., મીરા સોસાયટી સામે, મણિનગર,

અમદાવાદ-૨૨માં. તા. ૭-૧૨-૯૧ના રોજ વાયુથી થયેલ રાંજણ (સાયેટિકા)ની ફરિયાદ લઈને આવેલા. ૧૫ દિવસથી તેમને પીડાકારી વાયુની રાંજણનો રોગ શરૂ થયો હતો. સાથે કેડમાં દુખાવો પણ ઘણો થતો હતો. છતાં કેવળ વાયુ સમજીને ‘વાયુ’નું પથ્યાપથ્યપત્રક આપ્યું હતું. ઔષધો આ પ્રમાણે હતાં:

૧. ત્રયોદશાંગ ગૂગળ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે કે દિવેલ મેળવેલા મહારાસ્નાદિ કાઢા સાથે.

૨. એકાંગવીર રસ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે અથવા મધ સાથે.

3. અજમોદાદિ ટીકડી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે.

૪. વાતારિ ગૂગળ...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે.

ત્રણ દિવસે આવ્યા ત્યારે સારું હતું. છતાં પરિણામ ઝડપી લાવવા ત્રયોદશાંગ ગૂગળને બદલે એક્ટીફ્લેક્સ ટીકડી...૨-૨ સવારે-રાત્રે લેવા આપી હતી. (‘અનુજા’ની)

તા. ૧૩-૧૨ના દિવસે સાત દિવસે આવ્યા ત્યારે ૭૫% ફાયદો હતો. પણ આમવાતનાં પણ લક્ષણો જણાતાં તેલ માલિશ કરવા આપેલ નહીં. થોડા પ્રમાણમાં બાકી રહેલ શૂળને ઘટાડવા આજે પ્લગિટકેપસ્યૂલ...૨-૨ સવારે-સાંજે ગળવા આપેલ. (પ્રાયઃ ‘બાનફાર્મસી’ ગ્રુપની)

તા. ૧૯-૧૨ના દિવસે બધી જ દવા માફક આવવાથી ચાલુ જ રાખી હતી. આજે ૯૦% જેટલો ફાયદો હતો.

તા. ૨૭-૧૨ના રોજ દુખાવો હવે ઘણો જ ઘટી ગયો હતો. નહીંવત્ હતો.

તા. ૯-૧-૯૨ સુધીમાં એટલે કે કેવળ એક મહિનામાં દરદીનો તીવ્ર પીડાવાળો વાયુજન્ય રાંજણનો રોગ મૂળમાંથી મટી ગયો હતો.

## પ્રકરણ : ૧૯ બધું જ મટી ગયું હતું.

પેટના રોગોની આયુર્વેદીય સ્પેશિયાલિટી જગજાહેર છે. પેટના રોગો મંદાગ્નિ અને સામ અવસ્થા સાથે સંકળાયેલા હોવાથી અને તેની વિચારણા આયુર્વેદમાં વધુમાં વધુ સારી રીતે થયેલી હોવાથી વૈદ્યો પાસે આવેલા પેટનાં, પાચનનાં-આંતરડાનાં દર્દી વધુ અને વહેલા સાજા થાય છે. એલોપથીનાં પાર વગરનાં ઈન્વેસ્ટીગેશન્સ, લાંબા કોર્સ અને અનેક જાતના ઓપરેશનોથી બચવા લોકો આયુર્વેદ પાસે પહોંચી જતાં હોય ને ઘણાં સાજા પણ થઈ જતાં હોય છે.

પેટનાં રોગોમાં પણ અતિસાર, ગ્રહણી, પ્રવાહિકા, અજીર્ણ, અરુચિ, ઉદરશૂળ, ગેસ વગેરે રોગો સંપૂર્ણ અને ત્વરિત કાબૂમાં આવે છે. કારણ કે ગ્રાહી, સ્તંભન, પાચન, દીપન, આમપાચન, વાયુનાશક, અનુલોમન વગેરે ગુણવાળાં આયુર્વેદમાં પુષ્કળ ઔષધો છે ને તે નિર્દોષ પણ છે. સૂંઠ, ઈન્દ્રયવ, અતિવિષ,

બીલું, જાયફળ, જાવંત્રી, કેરીની ગોઠલી, જાંબુના ઠળિયા, દાડમની છાલ, લોધર, જેઠીમધ, ધાવડી, મોચરસ, શતાવરી, વાળો, કપૂરકાચલી, નાગરમોથ અને હરડે જેવાં ઔષધો ક્યારેક ચમત્કાર પણ સર્જે છે. ઈમર્જન્સી અવસ્થામાં અફીણ-ભાંગ જેવાં ઔષધો પણ આયુર્વેદે વાપરવા કહ્યું છે. છાશ, દાડમ જેવાં આહાર દ્રવ્યોનો પણ આયુર્વેદે આવા રોગોમાં છૂટથી ઉપયોગ કરવાનું કહેલ છે.

❖

શ્રી જનકસિંહ હિંમ્મતસિંહ ચૌહાણ સી-૨૬૪, જોગેશ્વરી પાર્ક, અમરાઈવાડી, અમદાવાદથી આવેલ. ઉંમર હતી ૨૪ વર્ષ. તારીખ હતી ૨૦-૭-૯૩. તેને જમ્યા બાદ રોજ ત્રણ પાતળા ઝાડા થતા હતા. તેની વાતાતિસાર

(વાયુના ઝાડા) ઉપરાંત ગ્રહણી દોષની પણ શંકા જાય. દરદીના કહેવા પ્રમાણે આ રોગનું મુખ્ય કારણ તો એપ્પેન્ડિસાઈટીસનું ખોટું ઓપરેશન કરવામાં આવેલું તે હતું. ચક્કર આવતાં હતાં. શરીર પર પાંડુત્વ સ્પષ્ટ જણાતું હતું. એક વર્ષ પહેલાં કિડનીમાં પથરી થઈ હતી. તે આયુર્વેદીય દવાથી નીકળી ગઈ હતી. દરદી પરિણિત હતા. સંતાન ન થવાથી હંમેશા વધુ સમાગમની આદત હતી. તે તેની તબીયત માટે પ્રતિકુળ બાબત હતી. સ્વપ્નસ્રાવનો પણ ઈતિહાસ હતો. શીઘ્રપતનની પણ ફરિયાદ હતી.

વજન ઘણું ઓછું હતું. અશક્તિ લાગતી હતી. પરેજી માટે ‘અતિસાર’ પત્રક આપ્યું હતું. ઔષધો હતાં આ પ્રમાણેઃ

૧. કુટનીરિષ્ટ...૧-૧ મોટો ચમચો સવારે-સાંજે-રાત્રે (ઝાડા માટે)

૨. રસોના...૨-૨ જમ્યા પછી. (ગેસ, ઉદરશૂળ, અજીર્ણ માટે) છાશ સાથે.

૩. કર્પૂર હિંગુ વટી...૨-૨ સવારે-સાંજે છાશ સાથે. (ઉદરશૂળ અને અતિસાર માટે)

૪. ચંદ્રપ્રભા વટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. (બાકીની બધી તકલીફો માટે)

તા. ૨૭-૭ના રોજ ફાયદો હતો. હવે બે જ ઝાડા થતા હતા. પરંતુ ગેસ હતો. તેથી બદલીને દવા આ પ્રમાણે આપેલ.

૧. કર્પૂરહિંગુ વટી...૨-૨ સવારે–સાંજે છાશ સાથે.

૨. શંખવટી...૨-૨ જમ્યા બાદ છાશ સાથે.

૩. ઈન્ટોકામ ટીકડી...૨-૨ સવારે-સાંજે છાશ સાથે. ('અનુજા'ફાર્મસીની)

૪. બિલ્વાવલેહ...૧-૧ ચમચો સવારે-સાંજે ચાટી જવું. ઉપર પીવી હોય તો છાશ પી શકાય.

(નોંધઃ અતિસાર, પ્રવાહિકા, ગ્રહણી વગેરે દરદમાં વધુ પ્રમાણમાં અને કાચું પાણી પીવાની મનાઈ છે. પરંતુ છાશ પીવી હિતાવહ હોવાથી અને તેમાંય તે બકરીનાં દૂધની છાશ ખૂબ જ હિતાવહ હોવાથી બને ત્યાં સુધી બધી જ દવા છાશ સાથે જ આપવી. ખોરાક રૂપે પણ શક્ય હોય ત્યાં સુધી ઘાટી છાશ નો જ ઉપયોગ કરવો.

તા. ૯-૮ના દિવસે દરદીને ઘણું સારું હતું. છતાં ગેસની અસર હોવાથી ઈન્ટોકામ ટીકડીને બદલે રસોના ટીકડી આપી હતી. બિલ્વાવલેહને બદલે કુટની ટીકડી...૨-૨ ('ડેક્કન'ફાર્મસીની) આપી હતી.

તા. ૧૬-૮ ના રોજ પાતળા ત્રણ ઝાડાનો અહેવાલ હતો. ગેસ પણ થતો હતો. તેથી બદલીને દવા આ પ્રમાણે ગોઠવી હતી.

૧. ચંદ્રપ્રભા વટી...૨-૨ (લોહયુક્ત) સવારે-સાંજે છાશ સાથે.
૨. કર્પૂરરસ (અફીણયુક્ત)...૨-૨ સવારે-સાંજે છાશ સાથે.
૩. કુટની ટીકડી...૨-૨
૪. કર્પૂરહિંગુ વટી...૨-૨
૫. ઈન્ટોકામ સીરપ...૧-૧ ચમચી સવારે-સાંજે

૬. પંચગુણ તેલ...પેટ પર માલિશ કરવા તથા જ્યાં દુખાવો થાય ત્યાં ચોળવા માટે.

તા. ૨૪-૮ના દિવસે સારું હતું પણ ઝાડામાં ચીકાશ વધુ આવતી હતી. તેથી આમપાચક ઔષધો આ પ્રમાણે ઉમેર્યાં હતાં:

૧. કુટની ટીકડી...૨-૨
૨. કર્પૂરહિંગ વટી...૨-૨
૩. આમપાચન વટી...૨-૨
૪. બિલ્વાવલેહ...
૫. બેકટેફાર કેપસ્યૂલ...૨-૨ સવારે-સાંજે. ('બાન' લેબ.ની)

તા. ૩૧-૮ના રોજ ઝાડા કાબૂમાં હતા પણ ગેસ થતો હતો. ઊંઘ ઓછી આવતી હતી. તેથી સિલેડિન ટીકડી...૨ રાત્રે (‘એલાર્સિન’ની) પાણી સાથે કે બકરીના દૂધમાં જાયફળ કે ગંઠોડા નાખીને લેવા આપી હતી.

તા. ૭-૯ના દિવસે ગેસ, ઉદરશૂળ તો હતાં જ. શરીર પાતળું હોવાથી તેની પણ સારવાર શરૂ કરવાની હોવાથી વજન કર્યું તો કેવળ ૪૫ કિલો જ હતું. આજની દવા આ પ્રમાણે હતી.

૧. રસોના...૨-૨
૨. કર્પૂરહિંગુ વટી...૨-૨
૩. ચિત્રકાદિ વટી...૨-૨ જમ્યા પછી છાશ સાથે.

૪. અશ્વગંધા ટીકડી...૨-૨ સવારે-સાંજે બકરીના દૂધ સાથે કે પાણી સાથે. (વજનવધારવા, ઊંઘ લાવવા, શક્તિ વધારવા, જાતીય શક્તિ વધારવા.)

તા. ૧૮-૯ના દિવસે કેસમાં કારણ લખ્યા વિના દવા બદલીને આ રીતે આપી હતી:

૧. ઈન્ટોકામ સીરપ
૨. બેક્ટેફાર કેપસ્યૂલ
૩. શંખવટી...૧-૧ જમ્યા પછી છાશ સાથે.
૪. સંશમની વટી...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે. (વજન તથા ઝાડા માટે)
૫. શતાવરી ટીકડી...૨-૨ સવારે-સાંજે બકરીના દૂધ સાથે કે પાણી સાથે.

તા. ૮-૧૦-૯૩ના રોજ અતિસાર, ઉદરશૂળ, અજીર્ણ, ગેસ વગેરે બધું જ મટી ગયું હતું. તેથી હવે બાળક થાય તે માટે તેના ઓલિગો સ્પર્મિયા (અલ્પશુક્રકીટ)ની તથા જાતીય બાબતોની સારવાર શરૂ કરી હતી.

## પ્રકરણ : ૨૦ શરૂઆતમાં સાચી ચિકિત્સા મળે તો

આજે એલોપથીના વાતાવરણને કારણે તાવ, શરદી, કફ વગેરે દબાવવામાં આવે છે. લોકો પોતાની મેળે તાવને દબાવનારી, કફને સૂકવનારી ટીકડી લઈ લે છે. પરિણામે દબાયેલા રોગો ફરીને પેદા થાય છે. નવાં નામ ધારણ કરે છે. રૂપાન્તરિત બની એકમાંથી બીજો ભારે રોગ પેદા થાય છે.

શરદીમાંથી ઉધરસ, ઉધરસમાંથી શ્વાસ કે ક્ષય. સાદા તાવમાંથી મેલેરિયા કે ઝેરી મેલેરિયા કે જીર્ણ જ્વર વગેરે અને દરદી અને પરિચારકો ખૂબ ખર્ચ કરે છે, છતાં ન મટવાથી થાકે છે, પસ્તાય છે. જ્યારે રોગ અસાધ્ય થઈ જાય, શરીર-મનની શક્તિનો હ્રાસ થઈ જાય, દવા માટે પૈસા ખલાસ થઈ જાય ત્યારે વૈદ્ય પાસે આવે છે. જ્યારે વૈદ્ય પણ લાચાર હોય છે.

આવી મિથ્યા ચિકિત્સાને બદલે શરદી, ઉધરસ, તાવ વગેરેમાં શરૂઆતમાં એક-બે લંઘન કરી નાખે કે એક-બે દિવસ લઘુભોજન-પથ્યભોજન ઉપર રહે અને ઘરગથ્થુ-નિર્દોષ ઔષધો આદુ, તુલસી, મરી, અજમા, સુદર્શન ચૂર્ણ વગેરેનો ઉપયોગ કરે તો રોગ થતો જ અટકી જાય. અથવા કોઈ યોગ્ય વૈદ્ય

પાસે પહોંચી જાય તો પણ રોગ મૂળમાંથી સકારણ મટી જાય. શરૂઆતમાં સાચી ચિકિત્સા મળે તો સર્વત્ર રોગ વધી પડ્યા છે તે અટક્યા વિના ન રહે.

❖

શ્રી જમનાદાસ ભૂરાભાઈ વાઘાણી, કાલાવાડ રોડ, રૉયલ પાર્ક, શેરી નં-૮ રાજકોટથી તા. ૧૨-૬-૯૫ના દિવસે આવેલા. તેમની વય ૬૩ વર્ષની હતી. તેમને થોડા મહિના પહેલા કફ થયેલો, તાવ પણ આવેલો. ત્યાર બાદ હાલમાં તેમને શરીરમાં તાવની અસર રહ્યા કરતી હતી, સુસ્તી રહેતી હતી, માથું દુખ્યા કરતું હતું જાણે ટી.બી. થયો હોય કે થવાનો હોય તેવાં લક્ષણો જણાતાં હતાં. ૬૩ વર્ષની ઉંમર હોવાથી પ્રોસ્ટેટની પણ તકલીફ હતી. સ્વભાવ ક્રોધી હતો.

પરેજી માટે કફપત્રક આપ્યું હતું. કારણ કે કફની સામ અવસ્થા ચાલુ હતી. ઔષધો આ પ્રમાણે હતાં:

૧. વાસાવલોહ...૧-૧ ચમચો સવારે-સાંજે ચાટી જવું. (ઉધરસ માટે)
૨. ખદિરાદિ વટી...દિવસ-રાત દરમિયાન છ-આઠ ચૂસવી. (ઉધરસ માટે)
૩. લક્ષ્મીવિલાસ રસ...૧-૧ ચમચો સવારે-રાત્રે ચૂસવી. (બધી જ તકલીફ માટે)
૪. ચંદ્રામૃત રસ...૪ ગોળી ચૂસવી અથવા ૨-૨ મધમાં ચાટવી.
૫. ડેકોફસીન ટીકડી...૨-૨ સવારે-સાંજે મધ સાથે. (‘એલાર્સિન’ની ઉધરસ, શરદી કે ક્ષય માટે)

તા. ૧૫-૭ના દિવસે ઘણું જ સારું હતું. દરદીની બધી જ ફરિયાદ દૂર થઈ ગઈ હતી. વજન વધીને ૬૫ કિલો થઈ ગયું હતું. તેથી ચાલુ દવા જ એક મહિનાની ફરીને આપી હતી. જેથી તકલીફ ફરીને ન થાય.

## પ્રકરણ : ૨૧ દરદી ખુશખુશાલ હતા

‘યસ્ય દેશસ્ય યો જન્તુઃ તજ્જાત્સ્યૌષધં હિતમ્ ।’ (જે દેશમાં જન્મ હોય તે વ્યક્તિને તે દેશમાં પેદા થયેલું ઔષધ હિતકારક છે.) આયુર્વેદના આ સૂત્રનો અર્થ કરવામાં મોટા ભાગે ભૂલ કરવામાં આવે છે. કારણ કે ‘દેશ’ શબ્દનો અર્થ આયુર્વેદ અનુસાર અને આપણા અર્થ અનુસાર જુદો છે. આપણે દેશનો અર્થ

હિન્દુસ્તાન, પાકિસ્તાન, અમેરિકા, ઈંગ્લેંડ, જર્મની વગેરે કરીએ છીએ. તેથી એવો અર્થ કરીએ છીએ કે ભારતના લોકોને ભારતમાં પેદા થયેલ ઔષધ હિતાવહ છે. પણ તે વિચારણા ભૂલ ભરેલી છે. આપણાં ઔષધો - આયુર્વેદનાં ઔષધો આખી વસુંધરાના લોકો છૂટથી વાપરી શકે ને હિતકારક જ બને.

આયુર્વેદની પરિભાષામાં દેશ એટલે કે ભૂમિના ત્રણ પ્રકાર આ પ્રમાણે છેઃ

૧. આનુપદેશઃ જલીય પ્રદેશ અથવા ભેજવાળો પ્રદેશ. નદી, સરોવર, સમુદ્ર, તળાવ, કૂવા જ્યાં વધારે હોય તેવો પ્રદેશ, જ્યાં વરસાદ ૭૫ ઈંચથી વધુ પડતો હોય તેવો પ્રદેશ, શેરડી, કેળ, નાળિયેરી, ડાંગર, વગેરે જ્યાં

વધુ થતાં હોય તેવો પ્રદેશ. સૂરત, વલસાડ, મુંબઈ, કોંકણ, ગોવા, કર્ણાટક જેવો લીલોછમ પ્રદેશ.

૨. મધ્યમ (સામાન્ય)પ્રદેશઃ સાધારણ પ્રદેશમાં ભેજ વધુ નથી હોતો કે નથી સૂકો પ્રદેશ હોતો. આ પ્રદેશમાં લગભગ ૨૫ થી ૭૫ ઈંચ જેટલો વરસાદ પડે છે. મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર જેવા દેશને મધ્યમ દેશ કહી શકાય.

૩. જાંગલ પ્રદેશઃ જાંગ એટલે સાથળ. સાથળમાં વાળ નહીંવત્ હોય છે, સપાટ શુષ્ક હોય છે. તેમ જે પ્રદેશમાં ઝાડ-છોડ-વનસ્પતિ ન હોય કે નહીંવત્ હોય, ખેતી ખૂબ ઓછી થતી હોય, ઘેંટાં-બકરાં-ઊંટ જેવાં જ પ્રાણી જ્યાં ઉછરતાં હોય. વરસાદ બિલકુલ ન હોય, કે ઓછો ૧૦-૧૫ ઈંચ જેટલો વધુમાં વધુ હોય

તેવા રણપ્રદેશને-સૂકા પ્રદેશને જાંગલ કહેવામાં આવે છે. તેમાં પાણી, તળાવ, નદી, સમુદ્ર, સરોવર ન હોવાથી કે નહીંવત્ હોવાથી ભેજ હોતો જ નથી. વનસ્પતિમાં કેવળ કેરડો, બોરડી, બાવળ, કુંવાર, ખજૂરી જેવી ઓછા પાણીએ થતી વનસ્પતિ થતી હોય છે. ઉત્તર ગુજરાત, કચ્છ, સુરેન્દ્રનગર જિલ્લો, મારવાડ વગેરે જાંગલ દેશ કહી શકાય.

ઔષધ કે ઔષધિનો આયુર્વેદ પ્રમાણે એક અર્થ ઘઉં, ચોખા જેવાં અનાજ પણ છે તેથી તે તે પ્રદેશમાં જન્મેલા અને રહેતા લોકોને આહાર-ઔષધ ત્યાંનાં જ માફક આવે છે. આનુપ દેશમાં જન્મેલાને આનુપ દેશનાં, જાંગલ પ્રદેશમાં જન્મેલાને જાંગલ પ્રદેશનાં. તેથી જ પરદેશ ગયેલ વ્યક્તિને શરૂઆતમાં ત્યાંનું વાતાવરણ અને આહાર-વિહાર માફક નથી આવતાં. સૌરાષ્ટ્ર-રાજસ્થાનના લોકો

મુંબઈ, સૂરત, વલસાડમાં રહેવા જાય ત્યારે પાણી લાગતાં મંદાગ્નિ, શરદી, ઉધરસ, કફજવર વગેરેને કારણે થઈ જતાં હોય છે. અને તે ન મટે તો પાણીફેર કરવા કે હવાફેર કરવા પોતાની જન્મભૂમિમાં પાછા આવે તો તુરત સારું થવા માંડે છે.

ઉપર કહેલા પ્રમાણે ત્રણ દેશ અનુસાર આહાર-વિહાર અને ઔષધ યોજવામાં આવે તો આયુર્વેદની સારવાર આખીય વસુંધરાના લોકોને માફક આવી જ જાય. મારી પાસે સારવાર લેવા એશિયા, અમેરિકા, આફ્રિકા, યુરોપ, વગેરે ખંડના દરદી આવે જ છે ને સાજા પણ થાય છે. ભારતના લગભગ બધા જ પ્રાન્તનાં દરદી આવે છે તેમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બંગાળના વધુ તેવા આંધ્રપ્રદેશના એક દરદીની વાત કરીએ…

❖

શ્રી જયકિશન જે. ગુપ્તા આંધ્રપ્રદેશના ચિત્તુર જિલ્લાના પાપાનાપડુપીટ (પીન-૫૧૭૫૨૬) થી આવેલા. તે ‘હિન્દ બિટ્સ’માં સર્વિસ કરતા હતા. ઉંમર હતી ૪૭ વર્ષ. સાવરકુંડલામાં રહેતા મારા ભાણેજ શ્રી અશોક માધવાણીના પરિચયથી તા. ૫-૯-૮૨ના રોજ આવેલા. તેમને ઉદરશૂળ ઉપરાંત ચામડીના રોગો હતા. તેમાં મોં પર કાળા ડાઘ, ગૃહ્યાંગ, પેટ અને નિતંબ પર ખરજવા (વિચર્ચિકા)ને કારણે ખૂબ જ ખંજવાળ આવતી હતી. લગભગ દોઢ વર્ષથી તેમની આ તકલીફ ઘણા ડૉક્ટરની સારવાર લેવા છતાં મટતી ન હતી. વજન ૫૫ કિલો હોવાથી તેમને વધારવાની ઈચ્છા હતી. જૂનો ઈતિહાસ જાણતાં ૧૫ વર્ષ પહેલાં તેમણે હરસનું ઓપરેશન કરાવેલું. ચર્મરોગ પત્રક આપીને નીચે

પ્રમાણેનાં સૂચનો મૌખિક આપ્યાં હતાં. કારણ કે પત્રક ગુજરાતીમાં હતું ને તેઓ ગુજરાતી જાણતા ન હતા.

- ગળ્યો, ખાટો, ખારો રસ બિલકુલ બંધ. (ખટાશમાં કેવળ આમળાં જ કાચાં કે બાફેલાં લઈ શકાય. મીઠું કે ખાંડ વિનાનાં)
- તળેલું કે આથાવાળું ન ખાવું. વાસી પણ ન ખાવું.
- મીઠું બિલકુલ બંધ કરવાનું. સિંધવ પણ ખોટું આવતું હોવાથી તે પણ લેવાનું ન હતું.
- દૂધ સો ટકા બંધ. ચામાં પણ નહીં.
- દૂધની બધી જ વાનગી દહીં, છાશ, માખણ, ઘી વગેરે બિલકુલ ન લેવાં.
- સવારે સૂર્યોદય પહેલાં ઊઠી જવું. બપોરે બિલકુલ ન ઊંઘવું.

ઔષધો આટલાં આપેલાં:

૧. ખદિરારિષ્ટ...૧-૧ મોટો ચમચો સમાન પાણી મેળવીને. બંને વખત જમ્યા બાદ. (ચર્મરોગ માટે)

૨. અભયારિષ્ટ...૧-૧ ચમચો ઉપરની દવા સાથે. (ઉદરશૂળ માટે)

૩. ચર્મરોગહર કેપસ્યૂલ...૨-૨ સવારે-રાત્રે ગળવી. (તેમાં મંજિષ્ઠાદિ ચૂર્ણ, ચોપચીની ચૂર્ણ, યષ્ટિમધુ ચૂર્ણ વગેરે હતાં)

૪. કૈશોરગૂગળ...૩-૩ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૫. એલેરિન ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. (બાન'ની)

૬. અશ્વગંધાચૂર્ણ...૪ ગ્રામ સવારે-રાત્રે પાણી સાથે. (વજન ઘટતું અટકાવવા, વજન વધારવા, શક્તિ જાળવવા તથા ચર્મરોગ મટાડવા)

૭. અર્ક તેલ...ખંજવાળ, ખરજવાં તથા કાળા ડાઘ પર લગાડવા.

ખૂબ દૂરથી આવેલા હોવાથી ત્રણ માસની દવા લખી આપી હતી.

તા. ૨૪-૯ના સમાચાર પ્રમાણે તેને મુખપાક થયેલ. (શરદ ઋતુ હોવાથી) તથા દાંત અને મસૂડાની તકલીફમાં ઈરિમેદાદિ તેલ ત્યાંથી ખરીદી તેને કોગળા ભરવા કહેલ. કોગળા ચૂર્ણ મોકલ્યું હતું. જેના ઠંડા કોગળા દિવસમાં બે-ત્રણ વખત ભરી રાખવાના હતા. (તેમાં શુદ્ધ ફટકડી, કાંટાળુ માયુ, લોધર તથા જેઠીમધ ચૂર્ણ હતાં.)

તા. ૬-૧૧ સુધીમાં બરાબર ત્રણ મહિનાની દવા પૂરી થતાં ખરજવાં, કાળા ડાઘ તથા ઉદરશૂળ સાવ મટી ગયાં હતાં તેથી ફોન પર વાત કરતી વખતે દરદી ખુશખુશાલ હતા.

# પ્રકરણ : ૨૨ કમળો મૂળમાંથી મટી ગયો

આયુર્વેદ અને એલોપથી બંને એક જ પાટા પર ચાલતી ગાડી છે. તેથી તેનો પરસ્પર સતત સંબંધ અને સંઘર્ષ રહેવાનો. તે કારણે ચિકિત્સા ક્ષેત્રે વૈદ્યો-ડૉક્ટરોમાં સમન્વય કે સંઘર્ષ પણ પેદા થવાનો. પરંતુ દુખની વાત એ છે કે તેમાં વૈદ્યો લઘુતાગ્રન્થિથી અને ડૉક્ટરો ગુરુતાગ્રન્થિથી પીડાતા હોય છે. દરદીની સારવાર કરનારા બંને વર્ગ જ ખુદ દરદથી પીડિત હોય છે.

આયુર્વેદ પોતાની લઘુતાગ્રન્થિથી માની બેઠેલ છે કે અંગ્રેજી સંસ્કૃતિ સાથે જોડાયેલ એલોપથી એનાથી વધુ ઊંચું અને વધુ માન્ય છે અને એલોપથી

માન્યતા આપે તેટલો અને તો જ આયુર્વેદ સાચો. આયુર્વેદીય દવાના સંશોધનો એલોપથી કરે અને કહે કે બરાબર છે તો જ આયુર્વેદને લાગે કે પોતાનાં ઔષધો કામયાબ છે. વૈદ્ય દ્વારા દરદીનું નિદાન થાય કે ચિકિત્સા થાય ત્યારે પણ ખુદ વૈદ્ય, દરદી, પરિચારકો અને ડૉક્ટરો પણ ઈચ્છે કે તે નિદાન સાચું છે કે ચિકિત્સાનું પરિણામ મળ્યું કે નહીં તે બાબતે પણ ડૉક્ટરનું સર્ટિ. મળે તો જ તે સાચું નહીં તો નહીં ! ખરેખર તો એવું હોવું ન જોઈએ. આયુર્વેદ આયુર્વેદની રીતે સ્વતંત્ર છે. આયુર્વેદમાં ઔષધોના પૂરેપૂરા ગુણ આપવામાં આવેલા છે. આયુર્વેદ પોતાના સિદ્ધાંતોથી સેંકડો-હજારો વર્ષોના અનુભવે ચોક્કસ સમજ સાથે સંપૂર્ણ છે, સ્થિર છે. નિદાન કરવાની આયુર્વેદની આગવી લક્ષણપદ્ધતિ પણ કામયાબ છે તેથી વૈદ્યોને પોતાના નિદાનમાં વિશ્વાસ હોવો જોઈએ. પરીક્ષણો-સાધનો તો

વિજ્ઞાન અને ટૅકનોલોજીનાં છે. એલોપથીનાં નથી તેથી આયુર્વેદ તેનો યથેચ્છ ઉપયોગ કરી શકે, પણ ન કરે તો તે ગુનો કે લઘુતાગ્રન્થિની બાબત ન બનવી જોઈએ. આયુર્વેદની વાતને દ્રઢ કરવા, ચોક્કસ કરવા, સમજવા વૈદ્ય પણ તેનો મુક્તપણે ઉપયોગ કરી શકે. ત્રણ પ્રમાણોમાં શ્રેષ્ઠ પ્રમાણ છે. પ્રત્યક્ષ દરદી સાજો થઈ જવો, તેનું પુનઃ પ્રકૃતિસ્થાપન થવું તેટલી સિદ્ધિ પૂરતી છે. વૈદ્યને લાગે, દરદીને લાગે, અને પરિચારકોને લાગે કે રોગ મટી ગયો છે પછી તેને કોઈ ડૉક્ટરના સર્ટિ.ની જરૂર ન હોવી જોઈએ. એલોપથીનાં પરિણામો માટે આયુર્વેદનું સર્ટિ. માગવાની પ્રથા નથી તેમ આયુર્વેદનાં પરિણામોને એલોપથીનાં પ્રમાણપત્રની જરૂર હોવી ન જોઈએ. હા, નાના વૈદ્યને મોટા વૈદ્યો પ્રમાણપત્ર આપી શકે.

બીજી બાજુ ગુરુતાગ્રન્થિથી પીડાતું એલોપથીનું ક્ષેત્ર આયુર્વેદના અસ્તિત્વનો પણ સ્વીકાર કરતું નથી. અથવા સ્વીકાર કરે તો કેવળ જૂનું, નકામું, અવૈજ્ઞાનિક અને ટ્રેડિશનલ, ડોશીવૈદક, ગ્રામવૈદક કે આદિવાસીવૈદક તરીકે. આ દુનિયામાં બીજી કોઈ ચિકિત્સા પદ્ધતિ છે જ નહીં. પોતે એક જ છે તેવી ચક્રવર્તી સમ્રાટની જેમ અશ્વમેધ યજ્ઞ કરીને પૃથ્વી પર રાજ્ય કરતા મહાસમ્રાટની જેમ. બીજા કોઈનું અસ્તિત્વ હોઈ શકે તેવું તેના ખ્યાલમાં જ નથી. હોય તો તે જ સાચું ! એલોપથીની શરણાગતિ સ્વીકારી તેના ચરણમાં આળોટે તે સાચું ! એલોપથી જેટલી બાબતોને મહોર મારે તેટલું જ સાચું, બાકીનું બધું ખોટું ! આમાં અભિમાન અને તોછડાઈનું-તિરસ્કારનું પ્રમાણ વધારે વ્યક્ત થતું હોય છે. દુનિયાભરના પ્રાયઃ કોઈ માન્ય ડૉક્ટરે નિદાન કે ચિકિત્સામાં મહાન આયુર્વેદનો આશરો લેવાનું

આયુર્વેદ માન્ય કરો તો જ પોતાનું નિદાન કે સારવાર સાચાં છે, પરિણામ બરાબર છે તેવું પ્રાયઃ બતાવવાનું કદી સૌજન્ય બતાવ્યું નથી. તેનામાં તેની ખોટા માર્ગે જઈ રહેલી બાબતોમાં પણ કોઈ માથું મારે તે તેને સહ્ય નથી હોતું. આ આયુર્વેદ અને અન્ય ચિકિત્સાપદ્ધતિઓનું સારું સારું ઉપયોગી એલોપથીના ઢાંચામાં ઢાળીને તેમાં ઉમેરાય તો જ તેનો સ્વીકાર.

તેથી જ્યાં સુધી પરસ્પર સમન્વયની સમકક્ષાએ દાનત ન દેખાય ત્યાં સુધી વૈદ્યોએ શરમાવાની, હિઝરાવાની કે લઘુતાગ્રન્થિથી પીડાવાની મુદ્દલેય જરૂર નથી. પોતે પોતાના ક્ષેત્રમાં સમ્રાટ છે તેમ માની તેણે પણ પોતાનાં કાર્ય–જ્ઞાન-અનુભવ વધારતાં જઈ નિષ્ઠાપૂર્વક આગળ ધપાવતાં રહેવું જોઈએ. મને લાગે છે અને મારો અંગત અનુભવ છે કે તો જ આયુર્વેદમાં અસ્મિતા જાગશે,

તેનો વિકાસ થશે, આવતી પેઢી સ્વાવલંબી અને સ્વમાની થશે. (મારા લખાઈ રહેલા એક હજાર કેસમાં આ વાતની ખાતરી તમને પાને પાને દેખાશે.)

આપણે સમન્વયમાં માનવું જોઈએ, સહકારનો સ્વીકાર કરવો જોઈએ, માનવજાતને મહત્ત્વ આપવું જોઈએ પણ તે લઘુતાગ્રન્થિથી નહીં, સામેની ગુરુતાગ્રન્થિની શરણાગતિ સ્વીકારીને નહીં, અપમાન, તોછડાઈ કે તિરસ્કારના ભોગ બનીને હરગીજ નહીં. સમકક્ષાએ, સ્વમાનભેર સ્વીકાર થતો હોય તો જ. અક વિજ્ઞાનનો બીજા વિજ્ઞાન સાથે સુમેળ થતો હોય તેવા શુભ ભાવથી જ.

આયુર્વેદ મહાવિદ્યાલયો, આયુર્વેદ વિશ્વવિદ્યાલય, આયુર્વેદની સંસ્થાઓ આ નીતિ અપનાવશે તો આયુર્વેદ અવશ્ય સ્વમાનભેર પગભર થઈ શકશે. તેની

અસલ પ્રાચીન શક્તિ પ્રકાશમાં આવશે. જેનાથી સરવાળે આયુર્વેદનો દેશને અને દુનિયાને ઘણો ફાયદો થશે.

❖

મારા દરદીમાંથી જરૂર જણાય ત્યાં હું તેનો રંગીન ફોટો પાડી લેતો હોઉં છું. દરદીના ઘણાં આલ્બમો મારી પાસે છે. તેમાં એક ફોટો શ્રી જયંતિલાલ હીરાલાલ રાવળનો પણ છે. કમળાના આ દરદી મારી પાસે તારીખ ૭-૧-૮૮ના રોજ આવેલા. ત્યારે તેમના કમળાવાળી આંખોના રંગીન ફોટા મેં પાડી લીધેલા. મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સણાસણ ગામથી તે આવેલા. ઉંમર હતી 30 વર્ષ. નોકરિયાત હતા. તેને એક માસથી કમળો થયેલો. બિલીરુબીન ૧૦

હતું. તેમાં વધારો થયે જતો હતો. પેટમાં દુખાવો થતો હતો. દરદીને વિજાપુરની ટી.બી. હૉસ્પિટલમાં દાખલ કરી  ૨૧ દિવસ સુધી સારવાર લેવામાં આવેલ. ત્યાં ન મટવાથી ડૉ. બારોટની પાંચ દિવસની પ્રાઈવેટ સારવાર લીધેલી. કુલ 30 બાટલા ચડાવેલા. પુષ્કળ ઈંજેક્શનો અપાઈ ચૂકેલાં. દવા પાછળ આ ગરીબ પરિવારનાં ચાર હજાર રૂપિયા ખર્ચાઈ ગયા હતા. છેવટે થાકીને કોઈના કહેવાથી દિવસમાં ત્રણ વખત ગૌમૂત્ર સેવન શરૂ કરી દીધું હતું.

મારા નિદાન પ્રમાણે તેને શાખાગત કમળો હતો. કમળાનું પથ્યાપથ્ય પત્રક આપીને નીચેની દવા શરૂ કરી હતી.

૧. આરોગ્યવર્ધિની ટીકડી...૨-૨ સવારે-સાંજે ગૌમૂત્ર સાથે (સ્વચ્છ કપડાંથી ગાળેલું ગૌમૂત્ર એક કટોરો લેવાનું કહેલ.)

૨. ત્રિફળા ટીકડી...૪ રાત્રે પાણી સાથે કે ગોમૂત્ર સાથે.

૩. જોન્ડેક્સ સિરપ...૧-૧ ચમચી સવારે-રાત્રે. ('સાંડુ'નું પેટન્ટ)

૪. લિવેક્સ સિરપ...૧-૧ ચમચી ઉપરની દવા સાથે.

૫. કુમારી આસવ... ૧-૧ મોટો ચમચો બંને વખતે જમ્યા બાદ.

તા. ૧૪-૯ના રોજ ઉદરશૂળ મટી ગયું હતું. મળ-મૂત્રમાં પીળાશનું પ્રમાણ ઘટ્યું હતું. આંખોની પીળાશમાં પણ થોડો ફાયદો હતો. ભૂખ ખૂબ લાગતી હતી. તા. ૨૦-૯ના રોજ ઉદરશૂળ હતું, ઉધરસ આવતી હતી, આંખો પીળી હતી તેથી દવા આ પ્રમાણે આપી હતીઃ

૧. આરોગ્યવર્ધિની ટીકડી...પૂર્વવત્

૨. ત્રિફળા ટીકડી...પૂર્વવત્

૩. લિવબાવન સિરપ...૧-૧ ચમચી સવારે-સાંજે. (‘હિમાલય ડ્રગ’ની)

૪. રસોના...૨-૨ જમ્યા બાદ ચૂસવી (ઉદરશૂળ માટે. ‘આયુ પ્રોડક્ટ્સ’ની)

૫. યષ્ટિમધુ વટી...૪ ચૂસવી. (ઉધરસ માટે તથા આંખની પીળાશ ઘટાડવા માટે)

તા. ૧૨-૧૦-૮૮ના દિવસે છેલ્લી દવા આપેલી ત્યારે કમળો મૂળમાંથી મટી ગયો હતો. કમળો મટવાનાં બધાં જ બાહ્ય લક્ષણો વ્યક્ત થતાં હોવાથી લેબોરેટરી ટેસ્ટ કરીને જ મટ્યો છે તેવું સર્ટિ આપવાનું માંડી વાળ્યું હતું. દરદીનો સમય અને ખર્ચ બચ્યો તે લાભમાં. દરદી, દરદીનાં સગાં કમળો સાવ મટી

જવાથી ખુશ હતાં. એ જ એનું સર્ટિફિકેટ. છતાં ફરી કમળો ડોકાય નહીં તે માટે પંદર દિવસની દવા આ પ્રમાણે આપી હતી.

૧. આરોગ્યવર્ધિની ટીકડી...પૂર્વવત્

૨. ત્રિફળા ટીકડી...પૂર્વવત્

૩. લિવેક્સ ટીકડી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે.

૪. લિવ-પર ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.

૫. આયુ ટોનિક...૧-૧ મોટો ચમચો સવારે- સાંજે ચાટીને ઉપર પાણી પી જવું. (આમળાં તેમાં હોવાથી દૂધ ન પીવું. શક્તિ માટે તથા મળશુદ્ધિ માટે ‘આયુ પ્રોડક્ટ્સ’નું પેટન્ટ).

# પ્રકરણ : ૨૩ વાઈ, મૂર્ચ્છા અને લો બી.પી.

વીસમી સદીમાં વિદેશની સંસ્કૃતિનો વધુ ચેપ લાગવાથી રોગો થવાનાં અનેક નિદાનોમાં ઉમેરો થયો છે. ઝેરી ખાતર, ઝેરી દવાઓ, ઝેરી રસાયનો, યાંત્રીકરણ, ઝેરીકરણ, વસ્તી વધારો, ભેળસેળ, અછત, સંઘર્ષ, માનસિક ટેન્શન, શહેરીકરણ, યુદ્ધો, અણુવિકિરણ વગેરે અનેક કારણે જાતજાતના રોગો ખૂબ ઝડપથી વધી રહ્યા છે. તેમાં કોઈ પ્રયત્ન પૂર્વક બચવા ઈચ્છે તો પણ પૂર્ણપણે બચી શકે તેમ નથી. નવી પેઢીનું આરોગ્ય આ કારણે ખૂબ જ જોખમમાં મૂકાઈ ગયું છે. તેવો એક આગન્તુ (બહારના) કારણોથી થયેલો કેસ...

❖

જૂનાગઢ જિલ્લાના રાણાવાવ તાલુકાના રાણાવડવાલા ગામથી રમેશભાઈ નાગરદાસ લાડવા પોતાની ૯ વર્ષની પુત્રી જયશ્રીને લઈને તા. ૧૭-૬-૯૦ના રોજ આવેલા. તેમને વંથળીના શ્રી રમેશભાઈ વસાણીએ મોકલેલા.

ઘરમાં-ખાટલામાં માંકડની દવા છાંટ્યા બાદ તેની ઝેરી અસરને કારણે જયશ્રીને ચક્કર આવવાં શરૂ થયાં હતાં. ત્યાર બાદ તેને મૂર્છા આવવાની શરૂ થઈ હતી. વાઈ આવવાની પણ શરૂ થઈ હતી. આટલી નાની ઉંમરે તેને લો બી.પી. પણ હતું.

ત્રિદોષ પત્રક પ્રમાણે આહાર-વિહાર ગોઠવવાની સૂચનાઓ આપી અને દવા આ પ્રમાણે હતીઃ

૧. સારસ્વતારિષ્ટ...૧-૧ ચમચી સવારે-સાંજે-રાત્રે સમાન પાણી મેળવીને જમ્યા બાદ.

૨. બ્રાહ્મી વિટાકણ...૧-૧ ચમચી સવારે-સાંજે ગરમ ગળ્યા દૂધમાં મેળવીને.

૩. બ્રેઈન્ટો ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. (‘ઝંડુ’ની પેટન્ટ)

૪. લો બી.પી. કેપસ્યૂલ...૨-૨ સવારે-સાંજે (જેમાં પીપરી મૂળ, અશ્વગંધા ચૂર્ણ તથા યષ્ટિમધુ ચૂર્ણ ભરવામાં આવેલ.)

તા. ૧૭-૭ના રોજ સારું હોવાથી તા. ૧૭-૮ના રોજ એક મહિનામાં મૂર્છા અને વાઈના હુમલા સાવ શમી ગયા હતા. બી.પી. પણ બરાબર થઈ ગયું હતું.

નોંધઃ મોટા ભાગે બ્લડપ્રેશર મોટી ઉમરના લોકોને થાય છે તેમ માની વૈદ્યો-ડૉક્ટરો પોતાના નાની ઉમરના દરદીનું કદી બી.પી. માપતા નથી. માપવાનો વિચાર પણ તેમને આવતો નથી. પરંતુ બી.પી.નો વહેમ પડે તેવાં લક્ષણો....ચક્કર, અશક્તિ, ગભરામણ, માથાનો દુખાવો, છાતીનો દુખાવો, ઊંઘમાં અવ્યવસ્થા, બેચેની વગેરે જણાય ત્યારે બાળકોનું બી.પી. પણ માપવું જોઈએ. મોટે ભાગે લો.બી.પી. હોવાની શક્યતા હોય છે.

મારી પાસે એક વખત એક દશ વર્ષના બાળકને લાવવામાં આવેલો. તેને સતત ચક્કર આવતાં હતાં. અશક્તિ ખૂબ જણાતી હતી, માથું દુખતું હતું. રમવા જાય તો તરત પાછો આવી સૂઈ જતો હતો. ઘણા ડૉક્ટરોની સારવાર ચાલી પણ કોઈએ બી.પી. માપ્યું જ નહીં ! મેં પહેલું જ કામ બી.પી. માપવાનું કર્યું. કારણ કે વાયુને વાયુનું આવરણ હોવાનાં લક્ષણો પરથી મને લો બી.પી. ની શંકા પડી હતી. અને એનું બી.પી. હતું માત્ર ૭૦-૫૦ ! માત્ર લો બી.પી ની સારવાર કરવાથી સપ્તાહમાં તેને સારું થઈ ગયું હતું.

## પ્રકરણ : ૨૪ બધી જ ફરિયાદો શમી ગઈ

મળમાર્ગના રોગોમાં હરસ, ભગંદર, ગુદવ્રણ (અલ્સર), ગુદભ્રંશ વગેરે મુખ્ય છે. તેનાં દરદીને વધુમાં વધુ ગભરાવી દેનાર છે રક્તાર્શ. ઝાડામાં લોહી પડતું જોઈ દરદી ગભરાઈ જાય છે. કારણ કે સાતેય ધાતુઓમાં રક્તનું મૂલ્ય માનવમનમાં ઘણું વધારે છે. આયુર્વેદમાં પણ ‘રક્તં જીવ ઈતિ સ્થિતિઃ। રક્ત ઉપર આપણું જીવતર અવલંબે છે.’ તેમ કહ્યું છે. તેથી રક્તસ્રાવ થવાથી જીવ જવાની દહેશત શરૂ થાય છે. વળી, સાત ધાતુઓમાં રક્ત જ એવી ધાતુ છે કે જે બહાર નીકળતી જોઈને, તેનો લાલ રંગ જોઈને જ ગભરામણ શરૂ થાય છે. શરીરમાં થતા જાતજાતના રક્તસ્રાવ...લોહીના ઝાડા, પેશાબમાં લોહી જવું, નસકોરી ફૂટવી, લોહીવા થવો વગેરેમાં દરદી તથા તેનાં સગાં-સંબંધીને મૂંઝવણમાં મૂકી દેનારા હોય છે. આવા રોગો ક્યારેક ઈમર્જન્સીનું પણ રૂપ ધારણ

કરે છે. કારણ કે તે ભયજનક હોવાથી શારીરિક કરતાં માનસિક રૂપ પણ વધુ લઈ લે છે.

❖

શ્રી જયંતિલાલ કરશનદાસ તા. ૬-૬-૭૭ના રોજ ચમનલાલ મહાસુખરામની ચાલી ચમનપૂરા અમદાવાદથી આવેલા. ઉંમર હતી 33 વર્ષની. નોકરી કરતા હતા. તેમને રક્તાર્શ એટલે કે દૂઝતા મસાની તકલીફ હતી.

ઘણા સમયથી રક્તાર્શની પરેશાની હોવાથી ત્રણ વર્ષ પહેલાં અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં ઓપરેશન પણ કરાવેલ. ત્યાં પણ ‘બ્લીડિંગ

પાઈલ્સ' ઉપરાંત 'અલ્સર'નું પણ નિદાન થયેલું. પરંતુ હમણાં પંદર દિવસથી ગુદામાં વધુ પ્રમાણમાં દુખાવો અને ફરીને રક્તસ્રાવ પણ શરૂ થયો હતો.

આ ઉપરાંત દરદીને શરદી પણ રહેતી હતી. તે માટે નાકમાં પાંચ વખત પંચર પણ કરાવેલાં. ચારેક વર્ષથી માથામાં દુખાવો અને બળતરા થતી હતી. વાળ ખરવાની અને સફેદ થવાની ફરિયાદ હતી. છાતીમાં પણ દુખતું હતું. એ રીતે દાહ અને રક્તસ્રાવ, રક્તાર્શ અને ગુદવ્રણ એ બધા પિત્તના રોગો હતા. શરદી અને શિરોગૌરવ (માથું ભારે લાગવું) તે કફના રોગો અને ગુદશૂળ, શિરઃશૂળ, ઉરઃશૂળ (છાતીમાં દુખવું) તે બધા વાયુના રોગો હોવાથી ત્રણેય દોષોનો પ્રકોપ થયો હતો. સમાગમ બાદ અશક્તિનો અનુભવ થતો હતો અને

નપુંસકતાની પણ ફરિયાદ હતી. દરદો કોમ્પ્લીકેટેડ, ક્રોનિક અને સાયકો સોમેટિક હતાં.

જૂન મહિનો ચાલતો હોવાથી ગરમ આહાર-વિહાર સાવ બંધ કરાવીને દવા આ પ્રમાણે આપી હતી -

૧. રેક્ટાકેર ટીકડી...૨-૨ સવારે-સાંજે ('અનુની'ની)
૨. ત્રિફળા ગૂગળ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.
૩. સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ...૪ ગ્રામ
હરડે ચૂર્ણ...૪ ગ્રામ રોજ રાત્રે પાણી સાથે.
૪. અભયારિષ્ટ...૧-૧ મોટો ચમચો બંને વખત જમ્યા બાદ, સમાન પાણી મેળવીને

૫. જાત્યાદિ મલમ...ગુદામાં લગાડવા માટે.

તા. ૧૧-૬ના દિવસે ફાયદો હતો. પણ ગુદામાં થોડો દુખાવો થતો હતો. ઉધરસ આવતી હતી, છાતીમાં દુખતું હતું, ગેસ થતો હતો, અમ્લપિત્તની પણ તલકીફ જણાતી હતી.

તા. ૧૫-૬ના રોજ ગુદામાં સોજો અને દુખાવો હતો. ગુદામાં ખંજવાળ પણ આવતી હતી, ત્રિદોષજ અર્શનાં સ્પષ્ટ લક્ષણો જાણે હતાં. પેશાબ ગરમ અને ઓછો આવતો હતો. જમણા પેડુમાં દુખાવો થતો હતો, ગેસ હતો, માથું દુખતું હતું. તેથી તફાવત સાથે દવા આ પ્રમાણે ગોઠવી હતીઃ

૧. જાત્યાદિ મલમ...લગાડવો.

૨. કિશોર ગૂગળ...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને કે ચાવીને પાણી સાથે.

૩. ચંદ્રપ્રભા વટી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને કે ચાવીને પાણી સાથે.

૪. પુનર્નવા ચૂર્ણ...૨ ગ્રામ

શતાવરી ચૂર્ણ...૨ ગ્રામ

હઝરુલ યહુદ પિષ્ટી...૧ ગ્રામ સવારે-સાંજે પાણી સાથે.

તા. ૪-૭-૭૭ના દિવસે ૨૭ દિવસમાં તેમની બધી જ ફરિયાદો શમી ગઈ હતી. માત્ર ગુદામાં ખંજવાળ થોડા પ્રમાણમાં થતી હોવાથી કેવળ જાત્યાદિ મલમ લગાડવાનું ચાલુ રાખવાનું કહેલ.

## પ્રકરણ : ૨૫ ચાર દિવસમાં રોકાઈ ગયો રક્તસ્રાવ

રક્તપિત્તનો રોગ ગ્રીષ્મ અને શરદ ઋતુમાં વધુમાં વધુ થવા સંભવ છે. યુવાન વય હોય, પિત્ત પ્રકૃતિ હોય, આહાર-વિહાર પિત્તકારક હોય તો રક્તપિત્તરૂપે નાકમાંથી રક્તસ્રાવ થવો (નસકોરી ફૂટવી), લોહીની ઊલટી થવી, મળમાર્ગેથી રક્તસ્રાવ થવો, મૂત્રમાર્ગેથી રક્તસ્રાવ થવો, શરીરનાં ઉપરના કે નીચેના કોઈપણ ભાગેથી રક્તસ્રાવ થવો વગેરે રોગો થાય છે. આ બધી અવસ્થા ઈમર્જન્સી હોવાથી દરદીને તુરત જ સારવાર આપવી પડે છે ને હૉસ્પિટલમાં દાખલ કરવા પડે છે. વધુ પડતો રક્તસ્રાવ થઈ ગયો હોય તો રક્તદાન પણ કરવું પડે છે. ઠંડી સારવાર આપવી પડે છે.

❖

શ્રી જયંતિલાલ ડી. પટેલ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના હીરપુરા ગામેથી તા. ૧૧-૧૦-૭૭ના રોજ આવેલા. તેને મળમાર્ગેથી રક્તસ્રાવ થતો હતો. તે રક્તપિત્તને કારણે કે રક્તાર્શને કારણે તે નક્કી કરવું મુશ્કેલ હતું. પરંતુ આ રક્તાર્શનો રક્તસ્રાવ નહોતો. કારણ કે રક્તાર્શનાં કોઈ લક્ષણ નહોતાં. રક્તાર્શમાં ગુદામાં દાહ, શૂળ કે ખંજવાળ હોય છે, મળ સાથેનો રક્તસ્રાવ થતો હોય છે. ખાસ તો રક્તાર્શના દરદીને કબજિયાત રહેતી હોય છે. તેથી જયંતિલાલને રક્તપિત્ત હોવાની વધુ શક્યતા હતી. તેને પિત્તશામક પત્રક આપ્યું હતું. તે પ્રમાણે આટલા નિયમો પાળવાના હતા :

- તીખું, ખાટું, ખારું ન ખાવું. ખટાશમાં કેવળ બાફેલાં કે કાચાં આમળાં લઈ શકાય.

- ગરમ, તળેલું, આથાવાળું કે ક્ષારવાળું ન ખાવું.
- મધુર, તૂરો, કડવો આહાર લેવો. તેમાં ઘઉં, સારી જાતના ચોખા, મગ, મસૂર, ચણા, તુવેર, પરવળ, દૂધી, તૂરિયાં, ગલકાં, બટાટા, શકરિયાં, કોળું, ટીંડોરાં લઈ શકાય. ગાજર, તાંદળજો, કોથમરી, ધાણા, સિંધવ, દૂધ, ઘી, તાજું માખણ, ગોળ, કાળી સૂકી દ્રાક્ષ, મીઠાં બધાં જ ફળો, ગુલકંદ, આમળાંનો મુરબ્બો, નાળિયેરનું પાણી, શેરડીનો રસ, મીઠાં સરબતો, આઈસક્રીમ વગેરે લઈ શકાય.
- શીતળ જળથી સ્નાન કરવું, શીતળ જળમાં બેસી કટિસ્નાન કરવું.
- પેટ-પેડુ પર ઠંડા પાણીનાં કે બરફનાં પોતાં મૂકવાં, ઠંડી માટીનાં પોતાં મૂકવાં.
- ઠંડા વાતાવરણમાં રહેવું, એ.સી, પંખો, કુલરનો ઉપયોગ કરવો.

- સંયમ પાળવો, ક્રોધ ન કરવો.

ઔષધો આ પ્રમાણે હતાં :

૧. વાસા ચૂર્ણ ૨ ગ્રામ,

શતાવરી ચૂર્ણ ૨ ગ્રામ,

સુદર્શન ચૂર્ણ ૨ ગ્રામ સવારે-સાંજે પાણી સાથે.

૨. ચંદ્રકલા રસ...૨-૨ ગોળી દૂધ સાથે. (બકરીનું દૂધ મળે તો વધુ લાભદાયી)

કેવળ ચાર દિવસની દવાથી જ રક્તસ્રાવ સાવ રોકાઈ ગયો હતો ! દરદી સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા હતા.

# પ્રકરણ : ૨૬ હાઈ બી.પી.એ હારી જવું પડ્યું

ચરકસંહિતાનો ૧૨મો અધ્યાય ‘વાત કલાકલીય અધ્યાય’ નામે છે. તેમાં વાયુને વાયુનાં, વાયુને પિત્તનાં, વાયુને કફનાં આવરણોની અતિ સૂક્ષ્મ અને અતિ વિસ્તૃત વિચારણા કરવામાં આવી છે. અને ૬૪ પ્રકારનાં આવરણોની છણાવટ કરવામાં આવી છે. તે જોતાં આવરણોને કારણે આપણા અનેક રોગો ઉદ્દભવે છે. એલોપથીમાં વાયુની વિચારણા ન હોવાથી, વાયુ સૂક્ષ્મ હોવાથી, સ્થૂળ સાધનોમાં તે પકડાતો ન હોવાથી તેનાં ઈન્વેસ્ટીગેશનોમાં જ્યાં જ્યાં વાયુ હોય ત્યાં નિદાન થવામાં અપરંપાર દ્વિધાનો અનુભવ થતો જોવા મળે છે અને

વાયુ અને વાયુનાં આવરણથી થતા રોગોની સારવાર કરવામાં ડૉક્ટરો ભૂલો કરી બેસતા હોય છે.

બ્લડપ્રેસરમાં હાઈ બ્લડપ્રેસર કે લો બ્લડપ્રેસર એ બંને આયુર્વેદની દૃષ્ટિએ આવરણનો રોગ છે. તેમાં હાઈ બી.પીમાં પ્રાયઃ વ્યાનવાયુ સાથે પિત્તનું અને લો બી.પીમાં વ્યાનવાયુ સાથે કફનું આવરણ હોવા સંભવ છે. વાયુના પાંચ પ્રકાર – વ્યાનવાયુ, અપાનવાયુ, પ્રાણવાયુ, ઉદાનવાયુ અને સમાનવાયુનાં પરસ્પર આવરણો, વાયુનાં પિત્ત કે પિત્તના પ્રકાર સાથેનાં આવરણો કે કફના પ્રકાર સાથેનાં આવરણો ક્ષણમાં જાતજાતના રોગો, લક્ષણો કે ઉપદ્રવો પેદા કરી શકે છે. બી.પી વધવા–ઘટવાથી દરેક વ્યક્તિને અલગ અલગ અનુભવો થાય છે...ચક્કર આવવાં, ગભરામણ થવી, બેચેની થવી, ઊંઘ ન આવવી, ઊંઘ-તંદ્રા

વધુ આવવી, અશક્તિ લાગવી, માથું ભારે લાગવું, છાતીમાં ભાર લાગવો, માથું દુખવું, ઊલટી થવી, ઊબકા થવા, મગજની નસ ફાટી જવી, આંતર રક્તસ્રાવ થવો, મૂર્છા આવવી, પક્ષઘાત થવો વગેરે વગેરે.

આયુર્વેદની અંશાંશ કલ્પના પ્રમાણે આ રોગમાં ઘણું ગહન અને વિસ્તૃત સંશોધન થઈ શકે. કોઈ દક્ષ વૈદ્ય ધારે તો કેવળ બ્લડપ્રેસર (રક્તચાપ કે વ્યાનભાર)અને આવરણ ઉપર પી.એચ.ડી કરી શકે. અને વિચિત્ર જણાતા બ્લડપ્રેસરના રોગમાં દુનિયાને માનવજાતને ઘણું મહાન પ્રદાન કરી શકે.

❖

શ્રીમતી જશોદાબહેન સાંકળેશ્વર મહેતાની ઉમર ૫૭ વર્ષની. સાબરકાંઠા જિલ્લાના હિમ્મતનગર તાલુકાના આગિયોલ ગામેથી તા. ૨૮-૧૦-૯૮ના રોજ બુધવારે ફ્રી કન્સલ્ટીંગનો લાભ લઈને આવેલા. તેમનો ફોન હતો ૭૪૩૨૫. તેમને ઘણા સમયથી હાઈ બી.પી.ની ફરિયાદ હતી. ઘણા ડૉક્ટરોની સારવાર લેવા છતાં બી.પી મટતું ન હતું. હાઈ બી.પી ઉપરાંત તેમને તેનાં કોઈ લક્ષણ સતાવતાં ન હતાં. કેવળ પસીનો વધુ વળતો હતો. આ ઉપરાંત તેમને ઊનવા (ઉષ્ણવાત), બસ્તિવાત તથા કબજિયાતની તકલીફો હતી. પેશાબમાં બળતરા થતી હતી અને અટકીને આવતો હતો. આ બધા રોગો અને લક્ષણો પરથી વ્યાન-અપાન વાયુને પિત્તનું આવરણ હોવાનું નિદાન કરી શકાય તેમ હતું. વર્ષા

પસાર થઈ હતી અને શરદઋતુ ચાલતી હતી તેને કારણે પણ વાયુ-પિત્તની યુતિ સંભવિત હતી. શરદને કારણે અને પિત્તને કારણે પસીનો વધુ વળતો હશે.

'પિત્તવાત પત્રક' આપીને પિત્તકારક અને વાયુકારક આહાર-વિહારથી દૂર રહેવા સમજાવ્યું હતું. ખાસ કરીને તીખું, ખાટું, ખારું, આથાવાળું ત્યજવાનું હતું. મીઠું છોડી શકાય તો સાવ છોડી દેવાનું હતું. અડદ, ટમેટાં, દહીં, શિખંડ, ભીંડો તથા તળેલું ખાવાનું ન હતું.

ઔષધો યોજ્યા હતાં આટલાં:

૧. સુપરસર્પા ટીકડી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે. ('અનુની'ની હાઈ.બી.પી. માટે)

૨. ગોક્ષુર ગૂગળ...૨-૨ ભૂકો કરીને કે ચાવીને પાણી અથવા દૂધ સાથે. (ઉષ્ણવાત અને બસ્તિવાત માટે)

૩. શતાવરી ટીકડી...૨-૨ બપોરે-રાત્રે દૂધ સાથે. (મૂત્રદાહ તથા સ્વેદાધિક્ય માટે)

૪. શતપત્રાદિ ચૂર્ણ (મીઠું)...૬ ગ્રામ રોજ રાત્રે પાણી સાથે. (કબજિયાત, મૂત્રદાહ તથા સ્વેદાધિક્ય માટે)

૫. ચંદનાસવ...૧-૧મોટો ચમચો જમ્યા બાદ અથવા સવારે-સાંજે સમાન પાણી મેળવીને.

એક મહિનાની દવા લઈ ગયેલાં. દવાથી સારું હતું. પરંતુ તા. ૨૬-૧૧ના દિવસે આવ્યાં ત્યારે કહે, ‘ચાર દિવસથી પાછી તબીયત બગડી છે, સારું થઈ ગયું હતું, ઊંઘ હમણાં ઓછી આવે છે.’

બી.પી. માપ્યું તો ઉપરનું ત્યાંનું ત્યાં જ હતું ! નીચેનું ઘટીને ૭૫ (નોર્મલ) થઈ ગયું હતું.

આજે ચાલુ દવા ઉપરાંત નીચેની બે દવા ઉમેરીઃ

૧. બ્રાહ્મી વિટા કણ...સવારે-રાત્રે ગરમ ગળ્યા દૂધમાં ઠરે ત્યારે ચમચી ઘી મેળવીને. ('ડેક્કન' ફાર્મસીની પેટન્ટ. દવા ઊંઘ માટે)

(નોંધઃ ઉષ્ણવાત, ઊનવાની ઉત્તમ દવા કેવળ ગળ્યા દૂધમાં મોટી માત્રામાં ઘી પીવું તે છે.)

૨. કિલ્ક્યુરોસીન સિરપઃ ૧-૧ ચમચો સવારે-સાંજે.

તા. ૨૯-૧૨ના રોજ એક મહિને આવ્યાં ત્યારે મૂત્રદાહ-શૂળ ચાલુ હતાં. કબજિયાત હતી. પરંતુ બી.પી. માપ્યું તો ઉપરનું ૧૪૫ અને નીચેનું ૯૦ હતું. જે

લગભગ તેમની ઉંમર પ્રમાણે નોર્મલ કહી શકાય. ઘણા સમયે ઉપરનું બી.પી. ઘટવાથી દરદી ખુશ હતાં.

આજે ચાલુ દવામાં થોડો ફેરફાર કર્યો હતો.

- કબજિયાત માટેની વધુ અસરકારક દવા કલ્યાણ વટક...૨ ગોળા રાત્રે પાણી સાથે લેવા આપ્યા હતા. દાહ માટે.
- એન્ટાસીડ ટીકડી...૨-૨ લેવા ઉમેરી હતી.

તા. ૨૬-૧-૯૯ના દિવસે ઘણો જ ફાયદો હતો. દરદી પોતે આવેલાં ન હતાં. તેથી બી.પી. માપી શકાયું ન હતું. પણ તેમણે ત્યાં મપાવેલું તેમાં નોર્મલ આંક આવ્યો હતો. તા. ૨૪-૨ના રોજ પણ દવા લેવા આવેલાં. તેમણે બી.પી. નોર્મલ હોવાનું અને બધી રીતે ઘણું જ સારૂં હોવાનો અહેવાલ આપ્યો હતો.

ઊનવા, કબજિયાત, બી.પી બધા જ રોગ બે મહિનાથી ડોકાયા ન હતા. ન હટતા હાઈ બી.પી.એ છેવટે હાર સ્વીકારવી પડી હતી.

છેલ્લે મહિનાની દવા આપતી વખતે મેં કહેલું, ‘દરદીને કહેજો મીઠું, દહીં, ટમેટાં, ખાટાં અથાણાં, ખાટી ચટણી, લીલી દ્રાક્ષ, ભીંડો, કાકડી, અડદ વગેરે ગરમ ખોરાક ખાવામાં નિયંત્રણ રાખશે તો આ રોગો ફરી ડોકાશે જ નહીં. દિવસે ઊંઘવાનું રાખશે તો પણ જિંદગીભરનો અસાધ્ય મનાતો બી.પી. નો રોગ ફરી પાછો શરૂ થશે.

## પ્રકરણ : ૨૭ ચર્મરોગ સંપૂર્ણ કાબૂમાં આવી ગયો

બાળકો પ્રાયઃ કફ પ્રકૃતિવાળાં હોય છે. અને તેમના આહાર-વિહાર પણ કફને વધારનારા પ્રાયઃ હોય છે. બાળકોને મધુર-અમ્લ-સ્નિગ્ધ-ગુરૂ આહાર વધુ ગમતો હોય છે. ગોળ, મીઠાઈ, મેવા, દૂધ, દહીં, આઈસક્રીમ, ચોકલેટ, બિસ્કીટ, પીપરમેન્ટ, ચીકી વગેરે તે વધુ ખાતાં હોય છે. મોડા ઊઠતાં હોય છે, દિવસે પણ ઊંઘતાં હોય છે. આરામ અને નિશ્ચિંતતાનું જીવન જીવતાં હોય છે. લાડ-કોડથી ઉછરતાં હોય છે તેથી તેમને કફના રોગો થવાની વધુ સંભાવના રહે છે.

૨૦ જાતના કફના રોગોમાં કૃમિ, શરદી, ચર્મરોગ વગેરે બાળકોમાં વધુ જોવા મળે છે. આયુર્વેદના ગ્રંથોમાં કૃમિ અને કુષ્ઠરોગ (ચર્મરોગ)નાં પ્રકરણો પાસેપાસે છે. કારણ કે તે બંનેનાં નિદાનો અને ચિકિત્સામાં ખૂબ મળતાપણું છે.

જેમ કે મધુર રસ તેમાં બંનેમાં કારણરૂપ છે તો કડવો રસ તેમાં ચિકિત્સારૂપ છે. સંત્તર્પણ તેના કારણરૂપ છે તો અપતર્પણ તેના ઉપાયરૂપ છે.

❖

જાનકીની ઉંમર ૮ વર્ષની. તેના પિતા કીર્તિકુમાર શાહ તેમને લઈને આવેલા. તેઓ રહે છે...સી-૭, શ્રી કેદારનાથ ફ્લેટ, ચાંદલોડિયા, અમદાવાદમાં. તા. ૯-૩-૯૫ના રોજ તેનો કેસ શરૂ કરવામાં આવ્યો ત્યારે તેની મુખ્ય ફરિયાદ હતી ખંજવાળની. તેને આખા શરીરે ખુજલી આવતી હતી. જેને લોકભાષામાં લુખસ કહી શકાય. જ્યાં ખંજવાળ આવતી હોય ત્યાં ફોલ્લી થતી હતી. તેથી ડૉક્ટરોએ ખસનું પણ નિદાન કર્યું હતું. સાથે શય્યામૂત્ર (પથારીમાં પેશાબ)ની

પણ ફરિયાદ હતી. જાનકીને બચપણથી કૃમિ હતા. છેલ્લે તેઓ આ બધાં દર્દો માટે શિવામ્બુ પીવરાવતા હતા અને શિવામ્બુ (સ્વમૂત્ર)ની માલિશ કરતા હતા તે ચાલુ જ રાખવાનું મેં કહેલું.

પરેજી માટે 'ચર્મરોગ પત્રક' આપ્યું હતું. તે અનુસાર દરદી બાળક હોવા છતાં નીચે પ્રમાણે નિયમો પાળવાના હતા.

૧. મીઠું નાખ્યા વિનાનો ખોરાક આપવાનો હતો. સિંધવ પણ વાપરવાનું ન હતું.

૨. દૂધ બિલકુલ આપવાનું ન હતું. ચામાં પણ દૂધ-ખાંડ નાખવાનાં ન હતાં.

૩. દૂધની બધી જ વાનગી...દહીં, છાશ, માખણ, ઘી વગેરે વર્જ્ય હતાં.

૪. કોઈ પણ ફળ ખવરાવવાનું ન હતું. (કેવળ બાફેલું કે કાચું આમળું આપી શકાય)

૫. મીઠાઈ બિલકુલ આપવાની ન હતી. ગોળ, ખાંડ, ઘી, માવો, મેંદો, બિલકુલ બંધ કરવાનાં હતાં.

૬. કાજુ સિવાયનો બધો સૂકો મેવો તેના માટે અપથ્ય હતો. થોડાં ખજૂર-ખારેક, બદામ બાળક હોવાથી આપી શકાય.

૭. તળેલું, આથાવાળું, વાસી, વિરુદ્ધઆહાર બંધ કરવાનો હતો. (ફ્રુટ સલાડ, ફ્રુટ આઈસક્રીમ, ફ્રુટ શેઈક, ફ્રુટ જ્યુસને આયુર્વેદે વિરુદ્ધઆહાર માન્યો છે. તેથી તે લેવાનો ન હતો) ગોળ–તેલ, ગોળ–સિંગ વગેરેની ચીકી પણ વિરુદ્ધઆહાર છે.

૮. બાળકોની પ્રિય વાનગી...આઈસક્રીમ, કુલફી, પીપરમેન્ટ, ચોકલેટ, બિસ્કીટ વગેરે બંધ કરવાનાં હતી.

૯. ખોરાકમાં ઘઉં, ચોખા, જુવાર વગેરે બાજરી સિવાયના અનાજ; અડદ સિવાયનાં કઠોળ; ટમેટાં, ભીંડો સિવાયનાં શાક, મીઠું સિવાયના મસાલા લેવાના હતા. મોળા ચણા, મોળા મમરા, ખાખરા, મોળા મગ-ચોખા-મઠના પાપડ વગેરે લેવાની છૂટ હતી.

દવા આ રીતે હતીઃ

૧. મંજિષ્ઠાદિ ઘનવટી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૨. કિશોર ગૂગળ...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૩. એલેરિન ટીકડી...૨-૨ સવારે-સાંજે (‘બાન’ની)

૪. રક્તશુદ્ધિ કાઢા...મોટો ચમચો સવારે-સાંજે

૫. અર્ક તેલ...ફોલ્લા પર લગાડવા.

તા. ૨૫-૩ના રોજ ખંજવાળ ચાલુ હોવાથી રક્તશોધન કવાથની જગ્યાએ ખદિરારિષ્ટ આપ્યો હતો. કબજિયાત માટે અને ચર્મરોગ માટે સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ ૨ ગ્રામ રોજ સવારે પાણી સાથે આપવાનું હતું. (તેમાં શુદ્ધ ગંધક હોવાથી ખસમાં તે ખાસ અસરકારક છે)

તા. ૧૪-૪-૯૫ના દિવસે શિયાળાની સખત ઠંડી પૂરી થતાં-વસંતમાં ચર્મરોગ વધવો જોઈએ તેને બદલે તે સંપૂર્ણ કાબૂમાં આવી ગયો હતો. પરંતુ ઋતુપરિવર્તન અને અપકર્ષણ આહાર-વિહાર અને ઔષધને કારણે સૂકી ઉધરસ

(વાતજકાસ) શરૂ થઈ હતી. તેથી ફરીને ચર્મરોગનો ઉદ્દભવ ન થાય અને ખાંસી શમે તે માટે આ પ્રમાણે દવા યોજી હતીઃ

૧. અર્કતેલ...ઘેર હતું. લગાડવા માટે.

૨. કંટકારી અવલેહ...૧-૧ ચમચો સવારે-સાંજે-રાત્રે ચટાડવું.

૩. ચંદ્રામૃત ટીકડી...૪ ટીકડી ચૂસવી. અથવા ૧-૧ ગોળી મધમાં ચાટવી.

૪. એલેરિન ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથેડ

૫. યષ્ટિમધુ ઘનવટી...૪ ગોળી ચૂસવા માટે. (ઉધરસ તથા ચર્મરોગ વગેરે માટે)

તા. ૨૯-૪ના દિવસે ચર્મરોગ અને ઉધરસમાં ઘણું સારું હતું. ઝડપથી સંપૂર્ણ સારું થઈ જાય તે માટે હરિદ્રાખંડ ૧-૧ ચમચી દિવસમાં ત્રણ વખત લેવા ઉમેર્યો હતો.

તા. ૧૭-૫-૯૫ના દિવસે છેલ્લી દવા લેવા આવ્યા ત્યારે લુખસ, ફોલ્લી, ખસ, ઉધરસ અને શય્યામૂત્ર સાવ મટી ગયાં હતાં.

## પ્રકરણ : ૨૮ બાળ લકવાનો એક કેસ

વિશ્વ આખામાં સૌથી પહેલાં ચિકિત્સાશાસ્ત્ર રચાયું ભારતમાં, આયુર્વેદના નામે અને એ આયુર્વેદમાં સૌથી પ્રથમ અને વિષય વાર ગ્રંથ લખાયો કાશ્યપ સંહિતા. જેમના નામે કાશ્પિયન સમદ્ર છે તે કશ્યપ ઋષિએ ઈ. સ. પૂર્વે હજારો વર્ષ પહેલાં કેવળ બાળકોનું આરોગ્ય અને બાળકોના રોગો (કૌમાર-ભૃત્ય-પેડિયાટ્રીક્સ)નો વિષય બનાવીને મહાન સ્વતંત્ર સંહિતાનું નિર્માણ કર્યું હતું. તેમાં ‘બાળપક્ષાઘાત’નું વર્ણન આપવામાં આવેલ છે.

નિજ (અંદરના) કે આગન્તુક (બહારના)કારણે કફ, વાયુ, આમ, ગૃહબાધા વગેરેથી ઉદ્દભવતો આ રોગ બાળકોના જીવન માટે ખૂબ દુખદાયી છે. કારણ કે તે તેના સંપૂર્ણ જીવતરને અપંગ-અવિકસિત બનાવી દે છે.

આયુર્વેદની ચરક-સુશ્રુતાદિ સંહિતાઓમાં બાળરોગ-કૌમારભૃત્યનાં પ્રકરણોમાં તેનાં નિદાન-ચિકિત્સા-પથ્યાપથ્ય વગેરેની પૂરી ચર્ચા કરવામાં આવેલ છે. એ રીતે હજારો વૈદ્યોએ લાખો બાળકોને બાળ લકવાના ભોગ બનતાં અટકાવ્યાં હશે. ભોગ બનેલાંને સાજાં કર્યાં હશે.

અમદાવાદની મણિબહેન આયુર્વેદીય પંચકર્મ હૉસ્પિટલમાં સુવિખ્યાત પંચકર્મ વૈદ્ય શ્રી એચ.એસ.કસ્તૂરેસાહેબના અધીક્ષકપણા હેઠળ બાળલકવાના હજારો કેસ ઉપર સફળ પરિણામ મેળવવામાં આવેલ છે. જેનો પૂરો રેકોર્ડ તે હૉસ્પિટલમાં છે. વૈદ્ય શ્રી કસ્તૂરેસાહેબ પાસે પણ હશે.

આજે ‘પોલિયો અભિયાન’ દ્વારા ભારતભરમાં રસીકરણનો સઘન સર્વત્ર પ્રયત્ન થઈ રહ્યો છે જેનાં પાછળ કરોડો ડોલરનો ખર્ચ કરવાનો ચાલુ છે. વડાપ્રધાનથી માંડીને અવ્વલ નંબરના ડૉક્ટરો, એક્ટરો, ક્રિકેટરોનો સાથ લઈને પાણીની જેમ પૈસા વાપરીને પ્રચાર કરવામાં આવે છે ને ‘પોલિયો નાથિયો’નું ગૌરવ લેવામાં આવે છે. અને સંપૂર્ણ નાબૂદીનાં વચન આપવામાં આવે છે. એક પણ કેસ મોજૂદ હોય ત્યાં સુધી તેનું અભિયાન લંબાવીને કદાચ વર્ષો સુધી તેને લંબાવવામાં આવશે. તે પછીય આપણે આશા રાખીયે કે અઢળક સંપતિ, અપાર સમય અને અપાર શક્તિના વ્યય પછી આ દેશનાં બાળકો બાળલકવાના રોગમાંથી સો ટકા મુક્ત થઈ જાય, શીતળાની જેમ. (જોકે, શીતળાને નાથવાનું કામ આપણા આરોગ્યતંત્ર કરતાં કુદરતે વધુ કર્યું છે મરકીની જેમ. અનેક રોગો

કુદરતી રીતે આવતા હોય છે ને અમુક સમય માટે અદૃષ્ય થઈ જતા હોય છે. ટી.બી., મેલેરિયા, ટાઈફોઈડ વગેરેની રસી વખતે તે થોડા સમયમાં સાવ નાબૂદ થઈ જશે તેવાં વચનો આપવામાં આવ્યાં હતાં. પછી મુદ્દત લંબાવ્યા કરેલી અને બહાનાં બતાવેલાં. છેવટે તે તે રોગનાં જંતુ રસીપ્રુફ થઈ ગયાં છે તેમ હાથ ઊંચા કરી દેવામાં આવ્યા, રસી કે ડી.ડી.ટી. જંતુનાશક દવાઓ કે સ્પ્રે દ્વારા મટી શકે તેમ ન હોવા છતાં મિથ્યા પ્રયત્ન તો ચાલુ છે ને કરોડો રૂપિયાના મિથ્યા બજેટ મંજુર થતાં જ રહે છે. બાળલકવાનું પણ પાંચ-દસ વર્ષે તેવું ન થાય તો સારું.

એલોપથીમાં બાળલકવાની સારવાર નહોતી અને શોધાઈ ગઈ ત્યારે પણ આયુર્વેદ દ્વારા બાળલકવાના કેસ સારા થતા જ રહ્યા છે. ૧૯૭૨માં પ્રગટ થયેલું મારું પુસ્તક 'અનુભવનું અમૃત'માં પણ 'બાળલકવા મટે છે ?..હા' નામે

કેસ રજૂ કરવામાં આવેલો છે. તેના ઉપરથી અનેક વૈદ્યોએ બાળલકવાના કેસ સારા કર્યા છે. એક એવો કેસ વધુ...

❖

ધોળકા તાલુકાના કાવિઠા ગામથી શ્રી ઉમેદસિંહ વાઘેલા તેમના ૧૫ માસના જીતેન્દ્રને લઈને તા. ૩૦-૧૧-૭૫ના રોજ આવેલા. તેને ચાર મહિનાથી પોલિયો શરૂ થયો હતો. ચાર મહિના પહેલાં તો તે ચાલતાં શીખી ગયો હતો. પરંતુ તાવની મિથ્યા ડૉક્ટરી સારવાર બાદ પોલિયો શરૂ થઈ ગયો હતો. (તાવમાં નિરામીકરણ કરવામાં ન આવે ત્યારે આવું થતું હોય છે. બાળકોના

સપ્તધાતુના અગ્નિમાં મંદતા આવે (મેટાબોલિઝમ ખપસર થાય), આમ દ્વારા સ્રોતાવરોધ થવાથી બાળપક્ષાઘાત શરૂ થાય છે.)

શરૂઆતમાં તો તે ચાલતાં લથડી પડવા લાગ્યો તો તાવની અશક્તિ હોવાનું માનેલ. પરંતુ, પછી શરદી શરૂ થઈ અને જમણો પગ પણ પાતળો અને લાંબો થઈ ગયો ! ઘૂંટણ (ગુલ્ફ) પાસે સંકોચ શરૂ થયો તેથી પગ ઢસડી ઢસડીને ચાલવું પડતું હતું અને ઢીંચણ સૂકાવા માંડ્યો ત્યારે પોલિયોનું નિદાન થયું હતું.

મેં દરદીને સૂવરાવીને આયુર્વેદ અનુસાર બરાબર નિદાન કર્યું તો બાળલકવા હતો. ડૉક્ટરી ખોટી સારવારથી આ રોગ શરૂ થયો હોવાથી

આયુર્વેદની સારવાર લેવાનું તેમણે નક્કી કર્યું હતું. દરદીને વધરાવળ થયેલો પણ તે માટે કાન વીંધવાથી ફાયદો થઈ ગયો હતો.

ચીકણો, ભારે, કાચો ખોરાક બંધ કરાવી, વારંવાર ખાવાનું બંધ કરાવી સારવાર કરવાની હતી. ઠંડીમાં શરીરનું વધુમાં વધુ રક્ષણ કરવાનું હતું. દવા નીચે પ્રમાણે શરૂ કરેલીઃ

૧. એકાંગવીર રસ...૧-૧ પીવાની દવા સાથે.

૨. લઘુવસંત માલતી...૧-૧ સવારે-સાંજે સૂંઠવાળા દૂધમાં

૩. મહારાસ્નાદિ કાઢા+અશ્વગંધારિષ્ટ ૧-૧ ચમચો સવારે-સાંજે સમાન પાણી મેળવીને.

૪. બાળચાતુર્ભદ ચૂર્ણ...૧ ગ્રામ

અનીસ્થિ ભસ્મ...૧/૪ ગ્રામ બપોરે-રાત્રે મધ સાથે.

૫. મહાનારાયણ તેલ...કેડથી પગ સુધી હળવા હાથે માલિશ કરી ઉપર શેક સવારે-સાંજે કરવો.

૬. એરંડતેલ...૨૫ મિ.લિ. જેટલું દિવેલમાં ચપટી મીઠું અને ચપટી હિંગ મેળવીને ગરમ કરવું. સાંજે હળવું ભોજન કરાવ્યા બાદ જાણકાર વ્યક્તિ દ્વારા વિધિસર માત્રાબસ્તિ આપવી. બસ્તિની પદ્ધતિ મેં રૂબરૂ બતાવી હતી.

૭-૧૨ના રોજ સાત દિવસે આવેલ ત્યારે દરદીને સારૂં હતું. તા. ૧૦-૧ના રોજ દરદીને ઘણું સારૂં હતું. દવા લાગુ પડી જવાથી કશા ફેરફાર વિના ચાલુ દવા જ આપી હતી.

તા. ૨૯-૧૨ના દિવસે દરદીને સાથે લઈને આવેલા. પરિણામ પ્રસન્નતા અપાવે તેવું હતું. જે દરદી પગ ઢસડી ઢસડીને ચાલતો હતો તે હવે ઊભો રહી શકતો હતો, પા પા પગલી ચાલી શકતો હતો ! પગ પુષ્ટ બન્યા હતા. પગનું પાતળાપણું દૂર થયું હતું. સ્રોતાવરોધ દૂર થવાથી, સામઅવસ્થા દૂર થવાથી તેની સામાન્ય તંદુરસ્તી પણ વધી હતી. ભૂખ લાગવી, મળશુદ્ધિ થવી, સ્ફૂર્તિ રહેવી વગેરેમાં નોંધપાત્ર સુધારો થયો હતો. માફક આવેલી ચાલુ દવા બે મહિના માટે આપી હતી. શિયાળો ચાલતો હોવાથી તેલ માલિશ કરી દિવસમાં બે વખત શેક કરવાની ખાસ સૂચના આપી હતી.

તા. ૨૯-૨-૭૬ના દિવસે દરદી ફરીને પગલાં ભરતો-દોડતો હતો. કોઈનો આધાર લીધા વિના રમતો હતો ! છતાં ચાલુ દવા વધુ બે મહિના લેવા માટે મેં આપી હતી. જેથી એક બાળકની જિંદગી અપંગ બનતી અટકી જાય.

## પ્રકરણ : ૨૯  ૨૦ દિવસમાં વધ્યું ૪ કિલો વજન

પાચનતંત્રનો આધાર જઠરાગ્નિ છે. તેમ આયુર્વેદનું માનવું છે. જઠરાગ્નિ મંદ થાય, તીક્ષ્ણ થાય, વિષમ થાય ત્યારે રોગ થયા વિના રહેતા નથી. કેવળ સમાગ્નિ જ સ્વાસ્થ્યપ્રદ છે. તેવું આયુર્વેદમાં કહેલું છે. તેથી વ્યક્તિએ સ્વસ્થ રહેવા માટે અને  વૈદ્યો-ડૉક્ટરોએ દરદીને સ્વસ્થ કરવા માટે જઠરાગ્નિની

સમતાને કેન્દ્રમાં રાખવી જરૂરી છે. વાતપ્રકૃતિ હોય, વાયુની ઋતુ હોય તો વાયુપ્રધાનતાવાળું 'વિષ્ટબ્ધાજીર્ણ' થવાની શક્યતા વધે છે. પિત્તપ્રકૃતિ હોય, પિત્તની ઋતુ હોય તો પિત્તની પ્રધાનતાવાળું 'વિદગ્ધાજીર્ણ' અને કફપ્રકૃતિ હોય, કફની ઋતુ હોય તો કફની પ્રધાનતાવાળું 'રસશેષાજીર્ણ' અને 'આમાજીર્ણ' થવાની શક્યતા વધે છે.

ચૂલા પર ચોડવવા મૂકેલ આહાર વધુ તાપથી દૂણાઈ જાય છે, બળી જાય છે, વિદગ્ધ થઈ જાય છે તેમ પેટમાં તીક્ષ્ણાગ્નિને કારણે વિદગ્ધાજીર્ણમાં થતું હોય છે.

આવો એક વિદગ્ધાજીર્ણનો કેસ વૈદ્ય શ્રી બાલકૃષ્ણભાઈ દવેએ મને તા. ૫-૧-૭૬ના રોજ મોકલાવેલો. દરદીનું નામ જીતેન્દ્ર સી. ઉપાધ્યાય, ઉંમર વર્ષ ૩૦, રહે. ૨૧૮-નવતાડની પોળ, પીપળા શેરી, ઘીકાંટા, અમદાવાદમાં.

દરદીને સાંજે ખાટા ઓડકાર આવતા હતા. વાયુની સાથે પિત્ત ઉપર ચડવાથી છાતી-ગળામાં દાહ થતો હતો. રાતના બે વાગ્યા સુધી ઊંઘ આવતી ન હતી. (બપોરે ૧થી ૩ની જેમ રાત્રે પણ ૧૧થી ૩ના ગાળામાં મધ્યદિનની જેમ મધ્યરાત્રિએ પિત્તપ્રકોપ થતો હોય છે. પૃથ્વી સૂર્યની નજીક જતી હોવાથી) રાત્રે તે સમયે બળતરામાં વધારો થતો હતો. લમણામાં દુખાવો થતો હતો. ચક્કર આવતાં હતાં. પેટમાં દુખાવો થતો હતો. વજન વધતું ન હતું, કબજિયાત રહેતી હતી, સાંજે ભૂખ લાગતી ન હતી. શિરઃશૂળ અને મુખપાક ચાર વર્ષથી સતાવતાં

હતાં. અપાનપ્રવૃત્તિ  દુર્ગન્ધિત થતી હતી. આયુર્વેદમાં ભાવપ્રકાશ સંહિતાના જઠરાગ્નિના પ્રકરણમાં વિદગ્ધાજીર્ણનાં લક્ષણ આ પ્રમાણે વર્ણવ્યા છેઃ

વિદગ્ધે ભ્રમતૃણ્મૂર્ચ્છાઃ પિત્તાશ્ચ વિવિધારુજઃ।
ઉદ્દગારશ્ચ સધૂમામ્લઃ સ્વેદોદાહશ્ચ જાયતે ।।૧૮।।

વિદગ્ધાજીર્ણ ના દરદીને ચક્કર આવે છે, તરસ વધુ લાગે છે, મૂર્ચ્છા પણ આવી જાય છે એટલે દરદી ક્યારેક બેભાન પણ બની જાય છે. તેને પિત્તના જાતજાતના રોગો થાય છે. ખાટા અને ધુમાડો નીકળતો હોય તેવા (સોડા કે ખાટાં પીણાં પીતી વખતે થાય તેવા) ઓડકાર આવે છે. દરદીને પસીનો વધુ

આવે છે ને શરીર આખામાં કે કોઈ અંગમાં (ખાસ કરીને છાતીમાં, પેટમાં, ગળામાં) દાહ થાય છે. ડૉક્ટરોએ લીવરમાં સોજો હોવાનું નિદાન કર્યું હતું. દરદીને તમાકુ ખાવાની આદત હતી. તેથી તમાકુનો ત્યાગ કરવાનું કહી 'પિત્તવાત'નું પથ્યાપથ્ય પત્રક આપીને દવા આ પ્રમાણે આપી હતીઃ

૧. ચંદ્રકલા રસ...૨-૨ સવારે-રાત્રે દૂધ સાથે

૨. શતાવરી કણ...સવારે-રાત્રે ખાંડ નાખેલ ગરમ દૂધમાં ઉકાળીને સવારે-રાત્રે.

3. કામદૂધા...૧/૨ ગ્રામ
સૂતશેખર રસ...૧/૪ ગ્રામ
અવિપત્તિ કર ચૂર્ણ...૨ ગ્રામ સવારે-સાંજે પાણી સાથે.

૪. સિલેડિન ટીકડી...૨ રાત્રે (ઊંઘ માટે ‘અલાર્સિન’ની)

૫. વિરેચની વટી...૧ રાત્રે (કબજિયાત માટે ‘આયુ પ્રોડક્ટ્સ’ની)

તા. ૯-૧ના રોજ બળતરા ઘટી હતી. સવારે ફેફસાના ખૂણા પર દુખાવો થતો હતો. સવારે ઊઠતી વખતે પિંડી કઠણ થઈ જતી હતી, પરંતુ ઊંઘમાં રાહત હતી. ચાલુ દવા ઉપરાંત શક્તિ માટે ‘આયુ ટૉનિક’ ૧-૧ ચમચો સવારે-સાંજે ચાટવા માટે આપેલ. (‘આયુ પ્રોડક્ટ્સ’નું ટૉનિક)

તા. ૨૭-૧ના રોજ ૨૨ દિવસે આવ્યા ત્યારે આશ્ચર્યજનક વાત એ કે દરદીનું ૪ કિલો વજન વધી ગયું હતું ! (પિત્તપ્રકૃતિ અને પિત્તના રોગવાળાને વજન વધતું નથી, પણ પિત્ત શાંત થતાં વજન ઝડપથી વધવા માંડે છે) અને

તમામ તકલીફોમાં ૭૦ ટકા ફાયદો હતો. બાકીનો ૩૦ ટકા રોગ મટાડવા નીચે પ્રમાણે દવા આપી હતી.

૧. ગોદન્તી ભસ્મ...૧ ગ્રામ
કામદૂધા રસ...૧/૨ ગ્રામ
સૂતશેખર રસ...૧/૪ ગ્રામ સવારે-સાંજે મધ સાથે કે દૂધ સાથે.
૨. સિલેડિન ટીકડી...૨ રાત્રે
૩. ત્રિફળા ટીકડી...૪ રાત્રે કે સવારે (કબજિયાત તથા અજીર્ણ માટે).

## પ્રકરણ : ૩૦ પંદર દિવસમાં પ્રવાહિકા મટ્યો

અતિસાર, પ્રવાહિકા અને ગ્રહણીને એક જ વર્ગના રોગો માનવામાં આવેલ છે. મોટે ભાગે તે એકમાંથી બીજાનો જન્મ થતો હોય છે. તે મટાડવો ઉત્તરોત્તર મુશ્કેલ હોય છે. આ ત્રણેયની સારવારમાં જઠરાગ્નિ, સામ-નિરામ અવસ્થાનો ખાસ વિચાર કરવો જરૂરી છે. આ ત્રણેયનાં કેટલાંક ઔષધો અને પથ્યાપથ્ય પણ મળતાં છે.

બાળકોને આ રોગ થાય ત્યારે તે મટાડવો ઘણો મુશ્કેલ હોય છે કારણ કે બાળકોનો જઠરાગ્નિ પ્રાયઃ મંદ હોય છે. તે દૂધ વધારે પીતું હોવાથી અને વારંવાર ખાધા-પીધા કરતું હોય છે. બાળક ઔષધો પણ બરાબર લેતું નથી અને પરેજી પણ બરાબર પાળતું નથી છતાં, તેવા એક બાળકનો પંદર દિવસમાં પ્રવાહિકા મટવાનો નોંધપાત્ર કેસ આ રહ્યોઃ

❖

શ્રી ભીખાભાઈ દરબાર રહે છે અમદાવાદના શાહપુર વિસ્તારમાં આવેલી હલીમની ખડકીમાં. તેમના સાડા ત્રણ વર્ષના પુત્ર જિજ્ઞેશને મરડો થયેલો. ૨૭-૭-૯૩ના રોજ લાવેલા. તેને બે વર્ષ પહેલાં અતિસાર થયેલો. તેમાં દબાવવાની ડૉક્ટરી સારવાર થવાથી તેમાંથી મરડો-પ્રવાહિકાનો રોગ શરૂ થયો હતો. મરડા માટે ભાવપ્રકાશમાં 'નિઃસારક' શબ્દ પણ યોજાયો છે. તેને ઉદરશૂળ અને કબજિયાત પણ હતાં.

પરેજી માટે 'અતિસાર પત્રક' આપવામાં આવેલ. તે અનુસાર દૂધ, મેંદો, ઘી, મીઠાઈ, તળેલું, મગ સિવાયના કઠોળ બંધ કરવાનાં હતાં. વાસી ખોરાક

આપવાનો ન હતો. બકરીનું દૂધ, દાડમ, કાજુ, મમરા, પરવળ, ભાત, ખીચડી, ઘઉંની થૂલી વગેરે આપવાનાં હતાં.

ઔષધો આ પ્રમાણે હતાં:

૧. અભયારિષ્ટ...૧-૧ ચમચી સવારે-સાંજે-રાત્રે.

૨. કુટની ટીકડી...૧-૧ છાશ સાથે. ('ડેક્કન'ની અથવા 'બનીજ' ની પેટન્ટ)

૩. એરંડભૃષ્ટ હરીતકી ચૂર્ણ...૧ ગ્રામ સવારે પાણી સાથે.

૪. રસોના...૧-૧ સવારે-સાંજે.

પાંચ દિવસે આવ્યા ત્યારે સારું હતું. ફરીને તા. ૧૩-૮-૯૧ ના રોજ છેલ્લે આવેલા ત્યારે પ્રવાહિકા પંદર દિવસમાં પૂરેપૂરો મટી ગયો હતો. શરદ ઋતુને

કારણે તેને પસીનો વધુ વળતો હતો. શરીર તપતું હતું, ચક્કર આવતાં હતાં. તેથી બદલીને આ પ્રમાણે દવા આપી હતીઃ

૧. સંશમની વટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.

૨. શતાવરી ટીકડી...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે.

૩. બાલચાતુર્ભદ્ર ચૂર્ણ...૧-૧ ગ્રામ સવારે-રાત્રે મધમાં.

## પ્રકરણ : ૩૧ ટીનુભાઈની ટાલ ટળી

વાળના રોગોમાં ટાલને ચિંતાજનક અને અસાધ્ય રોગ માનવામાં આવે છે. નાની ઉંમરમાં ટાલ પડે ત્યારે દરદી અને દરદીનાં પરિવારજનો ખૂબ ગભરાઈ જતાં હોય છે. કારણ કે આ ટાલ દરદીના જીવનવિકાસમાં અસુંદર હોવાને કારણે અવરોધરૂપ થયા વિના રહેતી નથી. અભ્યાસ, વેવિશાળ, લગ્ન, ઈન્ટરવ્યૂ, નોકરી વગેરે બધે જ તેની આ સૌન્દર્યક્ષતિ નડતી જ રહે છે.

બાળકોમાં ગળપણ, ખટાશ અને વિરુદ્ધઆહારનું પ્રમાણ વધારે હોય છે અને તે હદથી વધુ પ્રમાણમાં વધી જાય ત્યારે કેશકૃમિને પણ ઉત્પન્ન કરી શકે છે. અને તેમાંથી ટાલ પેદા કરી શકે. (ટાલનાં પિત્તવૃદ્ધિ વગેરે બીજાં પણ ઘણાં કારણો છે) ગોળ, દહીં, તલ, તલ-ગોળની વાનગી વગેરે કૃમિકારક હોવાથી કૃમિ પેદા કરીને વાળને ખેરવી નાછે છે. ટાલમાં વાળ ઊગાડવા ઘણા જ મુશ્કેલ

હોવાથી તે લગભગ અસાધ્ય રોગ માનવામાં આવે છે. પરંતુ આયુર્વેદમાં તેની પરિણામદાયી સારવાર હોવાથી લાંબાગાળે પણ તેમાં અવશ્ય પરિણામ પ્રાપ્ત થાય છે.

❖

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના વાસવા ગામેથી ચામ્ભાભાઈ ઝાલા તેમના ૧૩ વર્ષના ટીનાભાઈને લઈને આવેલા. તે દિવસે તારીખ હતી ૩-૬-૯૪. તેને ત્રણ મહિનાથી આખા માથામાં ટાલ પડી ગઈ હતી. કેશકૃમિને કારણે તેને માથામાં ખંજવાળ આવતી હતી, શરદી પણ રહેતી હતી. ટીનાની તે ઉંમર

હૉર્મોન્સ પરિવર્તનની પણ હતી. ‘ચર્મરોગ પત્રક’ આપીને નીચેની સૂચના કડકપણે પાળવાનો આગ્રહ રાખ્યો હતો.

- ગળપણ સદંતર બંધ. દૂધ, ગોળ, ખાંડ, મીઠાં ફળો, મીઠાઈ કશું જ નહીં.
- ખટાશ બંધ. તેમાં દહીં, ઘાટી છાશ, ટમેટાં, કેરી, લીલી દ્રાક્ષ, ખાટાં અથાણાં, ખાટી ચટણી વગેરે કશું જ લેવાનું ન હતું.
- મીઠું બિલકુલ બંધ કરવાનું હતું. ક્ષારવાળો ખોરાક લેવાનો ન હતો.
- વિરુદ્ધઆહાર બિલકુલ બંધ કરવાનો હતો. ફ્રુટ સલાડ, ફ્રુટ જ્યુસ, ફ્રુટ આઈસક્રીમ, ચીકી, તલ-ગોળની વાનગી, શીંગ-ગોળની વાનગી વગેરે બંધ કરવાનાં હતાં.
- મોડા ઊઠવું નહીં, દિવસે સૂવું નહીં.
- ક્રોધ કરવો નહીં.

દવા આટલી આપી હતી.

૧. કેશલ ટિકડી...૨-૨ સવારે-રાત્રે પાણીમાં. (‘આયુ પ્રોડક્ટ્સ’ની પેટન્ટ)

૨. યષ્ટિમધુ ટીકડી...૨-૨ ઉપરની દવા સાથે.

3. વોર્મોફ્રેલ ટીકડી...૨-૨ બપોરે-રાત્રે (‘અનુની’ની કૃમિ માટે)

૪. ઈન્દ્રલુપ્તહર તેલ...ટાલ ઉપર લેપ કરવો.

૫. ધત્તુરપત્રાદિ તેલ...માથામાં હમેશાં તેલ નાખવું.

તા. ૧૫-૬ના રોજ ઉપરોક્ત દવામાં બે દવા લેપ કરવા ઉમેરી હતી.

૧. રસવંતી ચૂર્ણ...૧૦ ગ્રામ

૨. હાથીદાંતની ભસ્મ...૫ ગ્રામ

બંને મેળવીને બકરીના દૂધમાં લેપ રોજ સવારે કરવો. બીજા દિવસે ધોવો ને ફરીને કરવો.

(નોંધઃ આયુર્વેદના ચક્રદત્ત, શારંગધર સંહિતા, યોગ રત્નાકર વગેરે ગ્રંથોમાં હાથીદાંતનો પરિણામદાયી પ્રયોગ આ પ્રમાણે છે :

હસ્તિદન્તમષીં કૃત્વાછાગદુગ્ધં રસાંજનમ્ ।
રોમાણ્યેતેન જાયન્તે લેપાત્પાણિતલેષ્વપિ ।।
– યોગરત્નાકર

હાથીદાંતની મશી (મેશ-રાખ-ભસ્મ) કરીને બકરીના દૂધમાં રસાંજન સાથે મેળવીને લેપ કરવાથી હથેળીમાં પણ વાળ ઊગે છે. હથેળીમાં વાળ ઊગે તેવી શારીરિક રચના જ નથી. પરંતુ અતિશયોક્તિ અલંકારનો ઉપયોગ કરી ભારપૂર્વક કહેવામાં આવેલ છે.

હાથીદાંત પ્રતિબંધિત દ્રવ્ય હોવાથી બજારમાં સાચા હાથીદાંત મળવા મુશ્કેલ છે. રાજસ્થાનમાં સ્ત્રીઓ સાચા હાથીદાંતના ચૂડા પહેરતી હોવાથી તે ભાંગી જાય, ભાંગવામાં કે બદલવામાં આવે ત્યારે તે ઓછી કિંમતે ખરીદી શકાય છે. તેના ટૂકડા કરીને તેની રાખ કરવામાં આવે છે.

હાથીદાંતની ભસ્મ બનાવતી વખતે ખૂબ જ દુર્ગન્ધ આવતી હોવાથી તે ક્રિયા જંગલમાં કે વગડામાં વસવાટથી દૂર કોડિયામાં, માટલામાં કે શકોરામાં બાળવામાં આવે છે. મેં મારા દરદી માટે સાચા હાથીદાંત મેળવી વૈદ્ય મેઘા-મુકુલ નાકરાણી દ્વારા તૈયાર કરાવેલ. તા. ૪-૭ના દિવસે ટાલમાં વાળ ઊગવાની શરૂઆત થઈ ગઈ હતી. તેથી બંને પક્ષે ખુશાલી હતી.

અઢી મહિના બાદ ચાલુ કોર્સ સતત ચાલુ રાખવાથી તા. ૨૪-૮-૯૪ના રોજ દરદીને લઈને આવ્યા ત્યારે ટાલમાં માથાના બંને પડખામાં સારા પ્રમાણમાં વાળ ઊગી ગયા હતા. વધુ સારવાર તે પ્રમાણે જ ચાલુ રાખવાથી ટીનુભાઈની ટાલ દૂર થઈ ગઈ હતી.

## પ્રકરણ : ૩૨ નામર્દાઈ દૂર થઈ

આપણું શરીર એક જીવંત યંત્ર છે. તેના અંગ-ઉપાંગ એટલાં બધાં ઓતપ્રોત હોય છે કે એની નાનામાં નાની અસર બીજા અંગ ઉપર પડ્યા વિના

ન રહે. પુરુષોના ઘણા કેસમાં જાતીયતાની અસર આંખ ઉપર પડતી જોવામાં આવે છે. તરુણાવસ્થા અને યૌવનાવસ્થામાં અતિ હસ્તદોષ, અતિ સ્વપ્નસ્રાવ, લગ્નબાદ અતિ સમાગમને કારણે શુક્રાલ્પતા કે શુક્રદોષ થવાથી આંખો પણ બગડતી હોય છે. તેથી જ તો નેત્રરોગોની સારવારમાં પથ્યપાલનરૂપે બ્રહ્મચર્ય-સંયમને પણ મહત્ત્વ આપવામાં આવેલ છે.

વાજીકર, શુક્રલ, રસાયન વ. ગુણોવાળા જે ઓષધો છે તે પ્રાયઃ જાતીય રોગોમાં હિતાવહ હોય છે. તે લેવાથી દૃષ્ટિમાં સુધારો-વધારો થાય છે. આમળાં, ત્રિફળા, જેઠીમધ, શતાવરી, અશ્વગંધા, કૌંચા, જીવંતી, ત્રિફળાઘૃત, જીવન્તીઘૃત, ચ્યવનપ્રાશ અવલેહ, ધાત્રી અવલેહ અને લોહભસ્મ વગેરે એ પ્રકારનાં ઔષધો છે.

❖

શ્રી ડાહ્યાભાઈ શંકરલાલ શાહ મુ.પો. ભેસાવાડ, તા. મોડાસા, જિ. સાબરકાંઠાથી આવેલા. ઉમર હતી ૪૭ વર્ષ. ગામડામાં પોતાનો ધંધો કરતા હતા. તે દિવસે તારીખ હતી ૨૭-૪-૭૭. તેને ૨૫ વર્ષની વયથી રતાંધળાપણાનો રોગ હતો. ડૉક્ટરોની દવાથી ફેર પડવાને બદલે ઊલટાનો રોગ વધતો જતો હતો. રાત્રે ટ્યૂબના અજવાળામાં મોટા અક્ષરો માંડ વંચાતા હતા. અંધારામાં તો કશું જોઈ શકાતું ન હતું. તેની માતા, બહેન અને મામાની દીકરીને પણ આવું જ દરદ હતું. દિવસે પણ બરાબર દેખાતું ન હતું. ચશ્માના ત્રણ નંબર હતા.

લગ્ન બાદ અતિ કામુકતાને કારણે તેની આ તકલીફોમાં ઘણો વધારો થયો હતો. અને છેલ્લે તો શુક્રાલ્પતા અને શીઘ્રપતનની તકલીફ બાદ પૂરેપૂરી નપુંસકતા (નામર્દાઈ-ક્લિબતા) આવી ગઈ હતી. સમાગમ ન થઈ શકવાથી તે ખૂબ જ વ્યથિત હતા.

પરેજી રૂપે તેમને શક્તિપ્રદ, સારો, ચક્ષુષ્ય, શુક્રલ, રસાયન, વાજીકર આહાર... ગાયનું દૂધ, ગાયનું ઘી, ગાયનું તાજું માખણ, ચોખ્ખું મધ, ગાયના દૂધની છાશ, આમળાં, દાડમ, કેળાં, સૂકી દ્રાક્ષ, લીંબુ, તાંદળજો, પરવળ, જીવન્તી, સિંધવ, હળદર, મરી-આદુ, ઘઉં, ચોખા વગેરે વધુ લેવાનું કહ્યું હતું.

દવા આ પ્રમાણે શરૂ કરાવેલી-

૧. લેપ્ટાડિનની ટીકડી...૨-૨ સવારે-રાત્રે દૂધ સાથે. (‘એલાર્સિન’ની. બંને રોગ માટે)

૨. વિષતિણ્ડુક વટી...૨-૨ નીચેના ટૉનિક સાથે. (જાતીય માટે)

૩. આયુ ટૉનિક...૧-૧ મોટી ચમચી સવારે-રાત્રે ચાટી જવું. (‘આયુ પ્રોડક્ટ્સ’નું, બંને રોગ માટે)

૪. શતાવરી ચૂર્ણ...૨ ગ્રામ
અશ્વગંધા ચૂર્ણ...૨ ગ્રામ
ધાત્રી લોહ...૧ ગ્રામ સવારે-રાત્રે દૂધ સાથે.

૫. અશ્વગંધા તેલ...શિશ્ન પર સવારે-રાત્રે માલિશ કરવી તથા નાકમાં ટીપાં નાખવાં. (બંને રોગો માટે)

૬. નીલાંજન ટ્યુબ...આંખોમાં અંજન કરવું. (વૈદ્ય સુભાષ ઠાકરની શ્રેયસ લેબોરેટરીમાં ભાવનગરના વૈદ્ય શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈના પાઠ પ્રમાણે કમળના મધમાં બનાવવામાં આવેલ.)

તા. ૮-૬-૭૭ના રોજ આંખોમાં કશો ફાયદો જણાયો ન હતો. (૨૫ વર્ષનું જૂનું દર્દ અસાધ્ય હોવાથી આંખના રોગમાં તો કેવળ પ્રયત્ન કરવાનું મેં કહેલ.) પરંતુ જાતીય નામર્દાઈમાં ઘણો ફાયદો શરૂ થઈ ગયો હતો. માલિશ કરવાથી ઉત્તેજના આવવી શરૂ થઈ હતી. લિંગમાં પણ પુષ્ટિ આવી હતી. હવે સમાગમ બરાબર કરી શકતા હતા. શુક્રાલ્પતા, શીઘ્રપતન બધું દૂર થઈ ગયું હતું.

હજુ વધુ સુધારો થાય અને થયેલ ટકી રહે તે માટે આટલી દવા છેલ્લે આપી હતી-

૧. લેપ્ટાડિન ટીકડી...
૨. આયુ ટૉનિક...
૩. અશ્વગંધા તેલ...
૪. નીલાંજન ટ્યૂબ...
૫. વિષતિણ્ડુકવટી ને બદલે અશ્વગંધા ટીકડી આપેલી.
૬. શતાવરી ચૂર્ણ ૨ ગ્રામ, યષ્ટિમધુચૂર્ણ ૧ ગ્રામ, સપ્તામૃત લોહ ૧ ગ્રામ સવારે-રાત્રે ગાયના ગળ્યા ગરમ દૂધ સાથે.

# પ્રકરણ : ૩૩ બધી જ બાબતે સાવ સારું

બાળકો મંદાગ્નિવાળાં હોવાથી; તેને વારંવાર અજીર્ણ થતું હોવાથી, દૂધ, ઘી, ગોળ, ખાંડ, મીઠાઈ, બિસ્કીટ, પીપરમેન્ટ, ચૉકલેટ જેવો મધુર-ચીકણો ખોરાક વધુ ખાતાં હોવાથી અને દાંત આવવાનું થાય ત્યારે બાળકોને ઝાડા અવારનવાર થઈ જતા હોવાથી તેને મોટે ભાગે કફાતિસાર (કફના ઝાડા), આમાતિસાર (આમયુક્ત ઝાડા) થતા હોય છે. આ પ્રકારના ઝાડા ચીકણા, ધોળા, દુર્ગન્ધવાળા હોય છે. પાણીમાં તે ફૂલી જાય છે. કંઈક ખાધા પછી તુરત ઝાડા થાય છે જેને અજીર્ણાસાર કહેવો હોય તો કહી શકાય.

આયુર્વેદના ગ્રંથોમાં આવા આમાતિસાર કે આમયુક્ત ઝાડાને થતાંની સાથે તુરત રોકી દેવાની મનાઈ છે. તેમાં પાચન ઓષધો આપીને પહેલાં પકાવ્યા વિના રોકવામાં આવે તો જાતજાતના રોગો અને ઉપદ્રવો પેદા થવા સંભવ છે. પંડિત ભાવમિત્ર તેમના ભાવપ્રકાશ ગ્રંથના મધ્યમ ખંડના અતિસાર પ્રકરણમાં લખે છે,

ન ચ સંગ્રાહકં દદ્યાત્ પૂર્વમામાતિસારિણે ।
અકાળે સંગ્રહીતસ્તુ વિકારાન્ કુરુતે બહુન્ ॥

આમ અતિસારના દરદીને રોગ શરૂ થાય કે તરત જ ઝાડાને રોકનારું ઔષધ ન આપવું. એ રીતે પકવ અવસ્થા પહેલાં મળને રોકવાથી ઘણા વિકાર પેદા થાય છે.

આ વિકારોનાં નામ પણ પછીના શ્લોકમાં આ પ્રમાણે આપ્યાં છે...દંડક, અલસક, આફરો, ગ્રહણી, હરસ, ભગંદર, સોજા, પાંડુરોગ, બરોળ વધવી (બરોળના રોગો), ગોળો, પ્રમેહ, પેટના રોગો, જવર વગેરે સારવારની એક નાનકડી ભૂલ કે ખોટી ઉતાવળ કેવા ભયંકર રોગોને નોતરે છે !

આજે, દરદ થતાં જ લોકો ડૉક્ટરો પાસે દોડી જાય છે. તાત્કાલિક મટાડવા માટે ડૉક્ટરો પ્રાયઃ રોગને દબાવી દેનારી સારવાર આપતા હોય છે. ઝાડાને પકાવનારાં સૂંઠ, અતિવિષ, ઈન્દ્રજવ, બીલી જેવાં તેમની પાસે ઔષધ ન હોવાથી ટીકડી, ઈંજેક્શન કે સિરપ આપીને તુરત ઝાડા બંધ કરી દે છે. ડૉક્ટર-દરદી બંને ચમત્કારિક સારવારથી રાજી રાજી થઈ જાય છે. પરંતુ પછી તેને

દબાવવાને કારણે ઉદ્ભવતા રોગોથી સમાજ આખો જાતજાતના રોગોથી ખદબદે છે.

❖

દધિચની ઉંમર કેવળ અઢી વર્ષની. તેને ઝાડા થવાથી તેના પિતા મુકેશચંદ્ર ભટ્ટ અને તેમનાં માતા તે બાળકને લઈને આવેલા. તેઓ ગાંધીનગરમાં બ્લો નં. ૪૪/૬, સેક્ટર-૬માં રહેતાં હતાં. તે દિવસ હતો ૨૧-૫-૯૦નો.

દધિચને ચીકણા આમયુક્ત ઝાડા થતા હતા તેથી મેં ‘આમાતિસાર’નું નિદાન કર્યું હતું. કંઈક ખવરાવ્યા બાદ તુરત ઝાડા શરૂ થઈ જતા હતા. તેથી આમાજીર્ણ કે ગ્રહણીની શંકા કરી શકાય. હંમેશાં પાંચ ચીકણા, પાતળા, દુર્ગન્ધિત

ઝાડા થતા હતા. પેટમાં ગેસ હતો. ડૉ. કે વૈદ્ય ડી.ટી. જોષીની સારવાર તેમણે લીધી હતી.

પરેજી માટે મેં આમાતિસાર પત્રક આપેલ. જેનાં સૂચનો આ પ્રમાણે હતાં:

- દૂધ સાવ બંધ કરવું. (આજે ડેરીનું જે દૂધ આવે છે તે ભેંશનું હોય છે. તે ૨૫-૩૦ કલાક જેટલું વાસી હોય છે. પાર વગરની પ્રક્રિયામાંથી પસાર થયેલું આ વાસી દૂધ આયુર્વેદની દૃષ્ટિએ ત્રિદોષકર અને અપથ્ય હોય છે) મળી શકે તો તાજું બકરીનું દૂધ લાવી તેમાં થોડું પાણી, સૂંઠનો ટૂકડો અને વાવડીંગ નાખી ઉકાળી પાણી બળી જતાં તે ઠારીને પાવાનું કહેલ.
- ઘઉંની-મેંદાની બધી જ વાનગી બંધ કરવાની હતી.
- ઘી, ખાંડ, માવો, મેંદાવાળી બધી જ મીઠાઈ બંધ કરવાની હતી. આધુનિક બધો જ અપથ્ય બાળઆહાર બિસ્કીટ, પીપરમેન્ટ, ચૉકલેટ,

પાઉં વગેરે આપવાનાં ન હતાં. કોઈ ટૉનિક આપતાં હોય તો તે બંધ કરવાનું હતું.

- પાણી ઉકાળવા મૂકવું. તેમાં સૂંઠના ટુકડા કે વાળાની પોટલી નાખવી. ધીમા તાપે ખુલ્લું ઉકાળતાં ચોથા ભાગનું રહે ત્યારે ઠારીને થોડું થોડું જ પીવા આપવું.
- બકરીના દૂધની વલોવેલી છાશ જીરું, મેથીથી વઘારીને ભૂખ પ્રમાણે થોડી થોડી આપવી. આ છાશ તૈયાર કરવામાં ઉપરોક્ત પાણી જ વાપરવું.
- ખોરાકમાં છાશ, દાડમ, બકરીનું દૂધ, મગ, મસૂર, મમરા, મગનો પાપડ, ચોખાનો પાપડ, દાળ, ભાત, ખીચડી વગેરે જ આપવાનાં હતા.

દવાનો કોર્સ આ પ્રમાણે ગોઠવ્યો હતો.

૧. બાલ ચાતુર્ભદ્ર સિરપ...૧-૧ ચમચી સવારે-સાંજે-રાત્રે.

૨. કપૂર હિંગુ વટી...૧-૧ સવારે-સાંજે છાશમાં.

૩. શંખવટી...૧-૧ બપોરે-રાત્રે છાશમાં.

તા. ૫-૬ના રોજ પંદર દિવસે આવ્યા ત્યારે ઘણું જ સારું હતું. દવા માફક આવી ગઈ હતી, છતાં માનસિક સમાધાન માટે એક રૂપકડી ટીકડી આ પ્રમાણે ઉમેરી હતી.

૪. ઈન્ટોકોમ ટીકડી...૧-૧ સવારે-સાંજે છાશ કે પાણી સાથે. ('અનુની'ની)

તા. ૧૮-૬ના રોજ દધિચને આમાતિસાર રોગ સાવ મટી ગયો હતો, પરંતુ તે માટી ખાતો હોવાથી અને ચોમાસું નજીક હોવાથી, દાઢ આવવાથી હાડકાં મજબૂત થાય તે માટે વધુ સારવાર લેવાની મુકેશભાઈની ઈચ્છા હોવાથી

ચાલુ દવામાં બૉનટૉન કેપસ્યૂલ...૧-૧ ખોલીને તેનું ચૂર્ણ મધમાં સવારે-સાંજે આપવાનું હતું.(‘બાન’ની)

તા. ૭-૭ના દિવસે ઝાડામાં ફાયદો હતો પણ પેટમાં દુખતું હતું. વાદળાં-વરસાદને કારણે શરદી-ઉધરસ પણ થયાં હતાં. તે માટે ‘એલાર્સિન’ની ડેકોફસીન ટીકડી...૧-૧ સવારે સાંજે મધ સાથે લેવા આપી હતી.

તા. ૨૧-૭ના રોજ ચોમાસાને કારણે ઉદરશૂળની ફરિયાદ ચાલુ હતી. ગેસ પણ થતો હતો તેથી નીચેની બે દવા ઉમેરી હતી.

૧. રસોના ટીકડી...૧-૧ સવારે-સાંજે પીસીને.

૨. કોલિકાર્મિન સિરપ...૧-૧ સવારે-સાંજે નાની ચમચી.

તા. ૬-૮ના રોજ મળ લીંડી જેવો ઉતરતો હતો અને ગુદામાં બળતરા થતી તેથી દવામાં ફેરફાર કરવો પડ્યો હતો. ગરમ દવા બંધ કરવી પડી હતી.

૧. બાલચાતુર્ભદ્ર સિરપ...૧-૧ ચમચી સવારે-સાંજે.
૨. યષ્ટિમધુ ચૂર્ણ...૧ ગ્રામ+ગોદન્તી ભસ્મ ૧ ગ્રામ સવારે-સાંજે મધ સાથે.
૩. પિત્તઘ્ની ટીકડી...૧-૧ બપોરે-રાત્રે (આ પિત્તશામક ટીકડી કોઈ ફાર્મસીની પેટન્ટ હતી જેનું નામ યાદ નથી.)

તા. ૧૦-૮ ના રોજ ઓગસ્ટના જામેલા ચોમાસામાં ઝાડા અને તાવ (જ્વરાતિસાર) હતા. તેથી આ પ્રમાણે દવા આપેલીઃ

૧. ઈન્ટોકોમ ટીકડી

૨. બાલ ચતુર્ભદ્ર ચૂર્ણ

૩. સંશમની વટી...૧-૧ સવારે-સાંજે પાણીમાં.

૪. દાડિમાવલેહ...૧-૧ ચમચી સવારે-રાત્રે ચાટવું.

તા. ૧૭-૮-૯૦ના દિવસે બધી જ બાબતે સાવ સારું હતું.

## પ્રકરણ : ૩૪ એક જ દિવસમાં અત્યાર્તવ બંધ !

સ્ત્રીઓના રોગોમાં આર્તવજન્ય રોગો મુખ્ય હોય છે. અલ્પાર્તવ (ઓછું માસિક આવવું), વિલંબિતાર્તવ (મોડું આર્તવ આવવું), પીડિતાર્તવ (દુખાવા સાથે

આર્તવ આવવું), નષ્ટાર્તવ (આર્તવ બંધ થઈ જવું), અત્યાર્તવ (અતિ પ્રમાણમાં આર્તવ આવવું), સદ્યાર્તવ (વહેલું આર્તવ આવવું), મેનોપોઝ (આર્તવકાળ સમાપ્ત થવો) વગેરેમાં સૌથી વધુ ચિંતાજનક અત્યાર્તવ હોય છે, પુષ્કળ બ્લિડિંગ થવાથી દરદી અને દરદીનાં સ્વજનો ગભરાઈ જાય છે. કારણ કે રક્ત જીવનનો આધાર હોવાથી વધુ વહી જવાથી અશક્તિ આવે છે, પાંડુરોગ થાય છે, ચક્કર આવે છે, તૃષા વધુ લાગે છે, મૂર્ચ્છા આવી જાય છે, ગભરામણ થાય છે, વજન ઘટી જાય છે વગેરે. તેથી લોહીવામાં તાત્કાલિક ઈમર્જન્સી સારવાર કેટલીક વાર આપવી પડતી હોય છે. દરદીને હૉસ્પિટલમાં દાખલ કરી લોહી પણ ચડાવવું પડતું હોય છે.

❖

શ્રી દર્શનાબહેન સુરેશભાઈ સોલંકી...૧૧-એલ-રંગસાગર ફ્લેટ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદમાં રહેતાં હતાં. તેમની ઉંમર હતી 30 વર્ષ. તા. ૨૮-૯-૯૪ના રોજ આવ્યાં ત્યારે ઘણી જ ફરિયાદો હતી. મેદવૃદ્ધિને કારણે વજન ૬૨ કિલો હતું. પ્રકૃતિ કફની હતી. ગેસ થતો હતો. લગ્નને સાત વર્ષ પસાર થવા છતાં સંતાન થયું ન હતું. આર્તવ વિષમ રીતે આવતું. ક્યારેક બેત્રણ મહિના સુધી આવતું જ નહીં, ક્યારેક એટલું બધું આવતું કે કેમેય બંધ જ ન થાય !

મારી પાસે આવ્યાં ત્યારે મુખ્ય ફરિયાદ અત્યાર્તવની હતી. પુષ્કળ આર્તવસ્રાવ થતો હતો. તે ઘણા દિવસની ડૉક્ટરી સારવાર લેવા છતાં બંધ થતો જ ન હતો. તેથી તાત્કાલિક બંધ થાય તેવો ઈમર્જન્સી કોર્સ મારે આપવાનો હતો.

શરદઋતુને કારણે પિત્તવૃદ્ધિથી તેને આ લોહીવા થયો હતો તેથી આહાર-વિહારમાં પિત્ત વધે નહીં પણ ઘટે તેવું ગોઠવવાનું હતું. મેં તેમને પિત્તશામક પત્રક આપ્યું હતું તે અનુસાર આટલા નિયમો ખાસ કાળજીપૂર્વક પાળવાના હતાઃ

- તીખો, ખાટો, ખારો ખોરાક બંધ. ગરમ, ક્ષારવાળો, આથાવાળો, તળેલો ખોરાક બંધ. મરચું, રાઈ, હિંગ, હળદર, મીઠું, મરી, આદું, અજમા વગેરે મસાલા સદંતર બંધ કરવાના હતા. ઠંડા મસાલામાં કેવળ સિંધવ (સારું), ધાણા અને કોથમરી જ લેવાનાં હતાં. દહીં, છાશ, લીંબુ, ટમેટાં, આમલી જેવી ખટાશ સાવ બંધ કરવાની હતી. ખટાશમાં કેવળ આમળાં અને આમળાંની ખાંડ નાખેલી વાનગી મુરબ્બો વગેરે લેવાનાં હતાં. અડદ,

કાકડી, ભીંડો, બાજરી વગેરે ગરમ દ્રવ્યો લેવાનાં ન હતાં. ખાટાં પીણાં, અથાણાં, ચટણી વગેરે છોડવાનાં હતાં.

- ઘઉં, સારા ચોખા, મગ, ચણા, ખાંડ, ઘી, આઈસક્રીમ, ઠંડાં-મધુર પીણાં, દૂધ, નાળિયેરનું પાણી, શેરડીનો રસ, કેળાં, સીતાફળ, મીઠાં ફળો, શેરડી, શિંગોડાં, કોળું, દૂધી, બટાટા, શક્કરિયાં, તૂરિયાં વગેરે લેવાનાં હતાં.
- ઠંડા પાણીથી જ સ્નાન કરવાનું હતું.
- પેડુ ડુબે તે રીતે ઠંડા પાણીથી કટિસ્નાન કરવાનું હતું અથવા પેડુ પર ઠંડુ પાણી, કાળી ઠંડી માટી અથવા બરફનાં પોતાં મૂકવાનાં હતાં.
- સંપૂર્ણ આરામ પલંગ પર કરવાનો હતો. પગ તરફના બંને પાયા નીચે ઈંટો મૂકવાની હતી. તેથી પગથી નાભિ સુધીનો ભાગ ઊંચો રહે. એ.સી, પંખો કે કુલરથી રૂમ ઠંડો રાખવાનો હતો.

- ક્રોધ કરવાનો ન હતો, સંયમ પાળવાનો હતો.

દવા ગોઠવી હતી આ પ્રમાણેઃ

૧. અશોકારિષ્ટ...૧-૧ ચમચો સવારે-સાંજે-રાત્રે જમ્યા બાદ સમાન ઠંડુ પાણી મેળવીને. (જોકે અશોકસાર અથવા અશોકસિરપ હોત તો તે ઠંડું હોવાથી સારું પરિણામ આપી શકત)

૨. અત્યાર્તવ કેપસ્યૂલ...૨-૨ બપોરે-રાત્રે. (તેમાં નાગકેસર, આમળાં, જેઠીમધ, વાસાચૂર્ણ અને થોડી માત્રામાં શુદ્ધ ફટકડી હતાં)

૩. આયાપાન ટીકડી...૨-૨ સવારે-સાંજે દૂધ સાથે. (‘એલાર્સિન’ની)

૪. સ્ટીપ્લોન ટીકડી...૨-૨ બપોરે-રાત્રે દૂધમાં કે પાણીમાં કે ચોખાના ધોવાણમાં. (‘હિમાલય ડ્રગ’ની)

૫. ચંદ્રકલા રસ...૨-૨ સવારે-સાંજે દૂધ સાથે કે ઘી-સાકર સાથે.

૬. પોટલી ચૂર્ણ...૫૦ ગ્રામનું એક પેકેટ આપેલું. તેમાંથી ૧૦-૧૦ ગ્રામની નાની સોપારી જેવડી રેશમી કે સૂતરાઉ સ્વચ્છ કપડામાં પોટલી બાંધી, દૂધ કે પાણીમાં ભીની કરી યોનિમાં બેત્રણ કલાક મૂકી રાખી બદલ્યા કરવી. (તેમાં શુદ્ધ ફટકડી, કાંટાળુ માયું, જેઠીમધ, લોધર જેવાં તૂરાં અને રક્તસ્તંભક ચૂર્ણો હતાં.)

દવા ચાર દિવસની આપેલી. પરંતુ બીજા જ દિવસે ખુશખુશાલ સુરેશભાઈએ મારી ચેમ્બરમાં પ્રવેશ કરતાં જ કહ્યું, ‘આયુર્વેદથી મોડું મટે છે તેવો ખ્યાલ હતો તેથી અઠવાડિયું તો લાગશે તેમ હતું. પણ તમારી અકસીર દવાથી તો ૨૪ કલાકમાં જ બ્લિડિંગ બંધ થઈ ગયું. કેટલાય દિવસ સુધી લંબાતો આ

રોગ એક જ દિવસમાં ચમત્કારની જેમ મટી જાય તે માન્યામાં ન આવે તેવી વાત છે છતાં તે મટી તો ગયો છે ! આયુર્વેદમાં પણ ઈમર્જન્સી દવા હોય છે તે પહેલી વખત જાણ્યું.'

## પ્રકરણ : ૩૫ બાળકના વાતવ્યાધિમાં સાવ સારું થઈ ગયું

વાયુના ૮૦ પ્રકારના રોગોમાં આમવાત અને સંધિવાત પરસ્પર સંબંધિત રોગો છે. ક્યારેક તે બંનેમાંથી કયો રોગ છે તે ઓળખવાનું મુશ્કેલ બને છે. તેવી સ્થિતિમાં તે બંનેની કોમન સારવાર આપવી પડે છે. આમવાત હોય તો નીચેના ત્રણ નિયમો પાળવાના હોય છે:

૧. ખટાશ બિલકુલ ન ખાવી.

૨. માલિશ બિલકુલ ન કરવી.

૩. દિવસે ઊંઘવું નહીં.

મોટા ભાગે વૃદ્ધાવસ્થા અને પૌઢાવસ્થામાં થતા વાયુના આ રોગો જ્યારે બચપણ કે જુવાનીમાં થાય છે ત્યારે અલગ રીતે નિદાન-ચિકિત્સા વિષે વિચારવું પડે છે. બાળકોમાં મોટા ભાગે વાયુના રોગો થતા નથી. થાય તો તેનાં વાયુજનક કારણો શોધવાં પડે છે. અપોષણ, લાંબી માંદગી, વાતપ્રકૃતિ, અભિઘાત (પડવું-વાગવું), પરિશ્રમ, ગરીબી, ભય, દુ:ખ, શોક વગેરે તેનાં કારણમાં હોય છે. પરંતુ બાળકના વાતવ્યાધિનો એક રોગ જેનાં કારણો સ્પષ્ટ શોધી શકાયાં ન હતાં અને

તે આમવાત છે કે સંધિવાત તે સ્પષ્ટ થઈ શક્યું ન હતું. છતાં આમવાત સંધિવાતની કોમન સારવાર આપવાથી દરદ મટી ગયું હતું...

❖

શ્રી દીપકકુમાર નગીનભાઈ પટેલની ઉંમર ૯ વર્ષની હતી ત્યારે તા. ૪-૭-૭૬ના દિવસે ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના વસો ગામેથી આવેલા. તેને સાથળના મૂળમાં ખૂબ દુખાવો થતો હતો. ચાલતી વખતે બંને પગ દુખતા હતા, પગની ઘૂંટીમાં પણ દુખતું હતું, ચાલતાં હાંફ ચડતી હતી અને કામ કર્યા વગર થાક લાગતો હતો. એક વર્ષથી તેને આ તકલીફ હતી. આમવાતનું નિદાન કરી ઉપર કહેલાં ત્રણ સૂચનો પાળવાનો ખાસ આગ્રહ કર્યો હતો.

દવા આ પ્રમાણે આપવામાં આવેલીઃ

૧. મહારાસ્નાદિ કાઢા...૧-૧ ચમચો સવારે-સાંજે સમાન પાણી મેળવીને.

૨. યોગરાજ ગૂગળ...૨-૨ ગોળી સવારે-સાંજે ઉપરની દવા સાથે. (બાળક હોવાથી સરળતાથી લઈ શકે તે માટે કોટેડ ટીકડી આપી હતી)

3. અજમોદાદિ ચૂર્ણ...૨ ગ્રામ
નારસિંહ ચૂર્ણ...૧ ગ્રામ
બાલ ચાતુર્ભદ્ર ચૂર્ણ...૧ ગ્રામ સવારે-સાંજે પાણી સાથે.

તા. ૨૦-૭ના રોજ આવ્યા ત્યારે ઘણું સારું હતું. દુખાવો સાવ બંધ થઈ ગયો હતો. તેથી ચાલુ દવામાં કશો ફરક કર્યો ન હતો.

છેલ્લે તા. ૨૨-૮-૭૬ના રોજ ચોમાસુ ચાલુ હોવા છતાં તેને સંપૂર્ણ સારું થઈ ગયું હતું. (હકીકતમાં તો વર્ષાઋતુ ચાલુ હોવાથી વાયુનો રોગ વધવો જોઈએ પણ સાચી સારવાર મળવાથી તેમ ન થયું.)

## પ્રકરણ : ૩૬ ચાર વર્ષ જૂની ઊલટી એક દિવસમાં મટી !

‘આયુર્વેદમા ઈમર્જન્સી સારવાર નથી’ તેવું મહેણું મારનારને અતિસાર, હેડકી, ઉદરશૂળ, ઉલટી, રક્તપિત્ત વગેરેના સારા થયેલા સેંકડો કેસ બતાવવા જોઈએ. જેથી તેમની માન્યતા બદલી શકે. સૂંઠ-ગોળના નસ્યથી હેડકીના સોએ

સો ટકા દરદી સાજા થાય છે ! સૂંઠ છાશમાં આપવાથી કે કર્પૂરરસ છાશમાં આપવાથી અતિસાર અવશ્ય મટે છે. છર્દિરિપુ ટીકડી, મયૂરપિચ્છ ભસ્મ કે વૉમિટેલ સિરપ આપવાથી ઊલટીના દરદીને ચમત્કારનો અનુભવ થાય છે...શરત એટલી કે નિદાન સાચું થવું જોઈએ અને ઔષધો સાચાં-પૂરતાં હોવાં જોઈએ.

❖

દીક્ષિત ઈશ્વરભાઈ પટેલ તા. ૧૫-૨-૯૭ના દિવસે ૧૬ વર્ષની વયે આવેલા. તેમના પિતાજી ઈશ્વરભાઈ તેને લઈને આવેલા. રહેવાનું સ્થળ હતું...૧૫૮, પ્રતીક્ષા એપાર્ટમેન્ટ, સોલારોડ, નારણપુરા, અમદાવાદ-૧૩. અભ્યાસ

કરતા આ વિદ્યાર્થીને વાયુની ઊલટી (વાતજન્ય છર્દિ)નું ચાર વર્ષથી દર્દ હતું. ઉનાળામાં તેનું પ્રમાણ વધતું હતું ત્યારે માથું અને આંખોમાં ખેંચાણ થતું હતું. ગયા વર્ષે ઊલટીના હુમલા વખતે હૉસ્પિટલમાં દાખલ કરીને ૬ બાટલા ચડાવવા પડ્યા હતાં. ઊલટી થાય ત્યારે પેટમાં પણ બળતું હતું. તેથી વાયુને પિત્તનું આવરણ સ્પષ્ટ હતું.

શિયાળાના દિવસો હોવાથી ઋતુ-અનુસાર કફનો વિચાર પણ કરવો પડે. વળી ઉંમર બાળકની હોવાથી કફને લક્ષ્યમાં લેવો પડે તેથી ત્રિદોષશામક પત્રક આપ્યું હતું. પરંતુ ઊલટી ચાલુ રહે ત્યાં સુધી નીચેનાં બેત્રણ સૂચનો પ્રમાણે આચરવાનું હતું:

- બને ત્યાં સુધી એકબે દિવસ તો કશું જ ખાવું-પીવું નહીં. નકોરડા ઉપવાસ (લંઘન) કરવા.
- પાણી પણ બને ત્યાં સુધી પીવું નહીં. પીવું જ પડે તો ઉકાળીને અર્ધુ બાળેલું થોડું થોડું જ પીવું. તેમાં લીંબુની ચીર અવશ્ય નીચોવવી અથવા પાણી+મધ+લીંબુનો રસ મેળવીને લીંબુનું સરબત જ લેવું.
- ઊલટી બંધ થતાં ભૂખ લાગે તો જ પ્રવાહી આહારમાં લીંબુનું સરબત, દાડમનો રસ, નારિયેળનું પાણી, મોળી ઘાટી છાશ, શેરડીનો રસ ઉપર દિવસ-બે દિવસ પસાર કરવા.
- બે દિવસ બાદ દાડમ, કાળી સૂકી દ્રાક્ષ, સફરજન, મમરા, મગ, વઘારેલી ખીચડી વગેરે લેવાં.
- ચાર-છ દિવસ પછી ચાલુ ખોરાક લેવો અને તે પણ પથ્ય.

દવા આ પ્રમાણે આપી હતીઃ

૧. વૉમિટેલ સિરપ...૧-૧ ચમચી દિવસમાં ત્રણ-ચાર વખત જીભ ઉપર મૂકી મમળાવી અંદર ઉતારવું, ઘૂંટડો ન ભરવો.

૨. છર્દિરિપુ ટીકડી...૨-૨ ચાર-ચાર કલાકના અંતરે મધ સાથે જીભ ઉપર ચોપડી દેવી, મમળાવીને ગળા નીચે ઊતારવી.

૩. સંજીવની વટી...૧-૧ મધ સાથે સવારે-સાંજે-રાત્રે જીભ પર ચટાડવી.

ચાર દિવસની દવા આપી હતી. તા. ૨૧-૨ના દિવસે આવ્યા ત્યારે આવતાં જ શ્રી ઈશ્વરભાઈએ કહેલું, ‘ચાર વરસથી શરૂ થયેલા ઊલટી-ઊબકા બીજા જ દિવસે સાવ મટી ગયા હતા ! છતાં દવા ચાલુ જ રાખી છે. ખોરાક તમે કહ્યા પ્રમાણે જ આપ્યો છે. આટલું બધું ઝડપી પરિણામ આયુર્વેદની દવાથી

મળી શકે તે માનવામાં ન આવે તેવી વાત છે ! હવે ઊલટીની દવા ઉપરાંત તેને ભૂખ લાગે તેવી, શીળસ મટે તેવી અને માથાના દુખાવાની દવા આપો.'

'આયુર્વેદ વિષે એવી કેટલીય માન્યતા છે કે જેમાં કંઈ વજૂદ નથી. તે બધી દૂર કરવા અમારે ઘણો પ્રયત્ન કરવો પડશે.' મેં કહ્યું હતું.

આજની દવા આ પ્રમાણે હતીઃ

૧. છર્દિરિપુ ટીકડી...૨-૨ મધમાં. (ઊલટી માટે)

૨. સેફાગ્રીન ટીકડી...૨-૨ ટીકડી ભૂકો કરીને કે ચાવીને પીવાની દવા સાથે. (માથાના દુખાવા માટે)

૩. એલેરિન ટીકડી...૨-૨ સવારે-સાંજે પીવાની દવા સાથે. (શીળસ માટે)

૪. પથ્યાદિ કાઢા (નંબર-૨)...૧-૧ ચમચો સવારે-રાત્રે. (માથાના દુખાવા માટે. 'સાંડુ'નો)

તા. ૬-૯-૯૭ના રોજ ભાદરવા મહિનામાં તેની અસર થવાથી દીક્ષિતને તાવ, ઊલટી, માથાનો દુખાવો થયાં હતાં તેથી છેલ્લી આટલી દવા આપી હતીઃ

૧. વૉમિટેલ સિરપ...

૨. સુદર્શન ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે ગળવી.

૩. પથ્યાદિ ઘનવટી...૨-૨ ઉપરની દવા સાથે.

૪. સંજીવની વટી...૧-૧ સવારે-સાંજે મધ સાથે.

થોડા દિવસ પછી ફોન હતો કે દીક્ષિતને હવે ઊલટી થતી નથી. બધો ખોરાક ખવાય છે.

# પ્રકરણ : ૩૭ વૃષણ–કચ્છૂનો એક કેસ

આયુર્વેદીય ગ્રંથોમાં ક્ષુદ્રરોગોનું પ્રકરણ હોય છે તેમાં 'વૃષણકચ્છૂ' નામના રોગનું વર્ણન છે. પુરૂષનો આ રોગ છે. તેનાં વૃષણની કોથળી પર થનારો આ રોગ મટાડવો ઘણો મુશ્કેલ છે. પાંચ-દશ વર્ષ પસાર થઈ ગયાં હોય તો આ રોગ અસાધ્ય બની જીવનભર દરદીને સતાવતો રહે છે. સુશ્રૃતસંહિતામાં વૃષણકચ્છૂનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવેલ છેઃ

સ્નાનોત્સાહનહીનસ્ય મલો વૃષણસંસ્થિતઃ ।
પ્રક્લિદ્યતે યદા સ્વેદાત્કંડૂ જનયતે તદા ।।

ततः कंडूयतान् क्षिप्रं स्फोटः स्रावश्च जायते ।
प्राहुर्वृषणकच्छूं तां श्लेष्मरक्तप्रकोपनीम् ॥

સ્નાન કરતી વખતે કે શૌચ જતી વખતે વૃષણને પાણી કે સાબુથી બરાબર સાફ નહીં કરવાથી વૃષણ ઉપર કલેદ-મેલ તથા પસીનો થવાથી ત્યાં ખંજવાળ ખૂબ આવવાથી ફોલ્લીઓ અને સ્રાવ પેદા થાય છે. તેને વૃષણકચ્છૂ કહે છે. તે કફ તથા રક્તદોષથી થાય છે.

❖

શ્રી ધનજીભાઈ ભક્તિભાઈ પટેલ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતીજ તાલુકાના કમાલપુર ગામેથી તા. ૬-૨-૮૯ના રોજ આવેલા ત્યારે તેમની ઉંમર

હતી 33 વર્ષની. નોકરી કરતા હતા. તેમને વૃષણકચ્છૂનો રોગ ત્રણ વર્ષથી થયેલો. ડૉક્ટરોની ઘણી સારવાર લેવા છતાં મટતો ન હતો. રાત્રે તો અસહ્ય ખંજવાળ આવતી હતી. તેમને મેં ‘ચર્મરોગ પત્રક’ પરેજી પાળવા માટે આપેલ. તે પ્રમાણે તેમણે ખારું, ખાટું, ગળ્યું ખાવાનું ન હતું. દિવસે સુવાનું ન હતું. વૃષણનો ભાગ બરાબર સ્વચ્છ રાખવો. દવા આ પ્રમાણે આપેલીઃ

૧. મરિચ્યાદિ તેલ...દિવસમાં ત્રણ વખત લગાડવા માટે.

૨. મંજિષ્ઠાદિ ઘનવટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે ભૂકો કરીને કે ચાવીને.

3. કિશોર ગૂગળ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે ભૂકો કરીને.

૪. સ્વાદિષ્ટ વિરેચન ટીકડી...૨ રાત્રે પાણી સાથે.

૫.  ચોપચીની ચૂર્ણ...૨ ગ્રામ

મંજિષ્ઠાદિ ચૂર્ણ...૨ ગ્રામ સવારે-સાંજે પાણી સાથે.

તા. ૬-૪ના દિવસે ફાયદો હતો છતાં ખૂબ ગરમી હોવાથી મરિચ્યાદી તેલને બદલે નિમ્બતેલ આપ્યું હતું. કિશોર ગૂગળને બદલે ચર્મરોગહર કેપ...૨-૨ લેવા આપી હતી.

તા. ૧૬-૫-૮૯ના રોજ ઘણો જ ફાયદો હતો. ખંજવાળ આવતી ન હતી. ત્વચા કોમળ બની ગઈ હતી. ત્વચા અગાઉ હતી તેવી જ તંદુરસ્ત બની ગઈ હતી.

# પ્રકરણ : ૩૮  નટરાજ નાયડુનું ઉદરશૂળ શમી ગયું

આયુર્વેદમાં શૂળરોગનો અર્થ ઉદરશૂળ કરેલ છે. પેટમાં થતાં જાતજાતનાં ઉદરશૂળ...વાતજ ઉદરશૂળ, પિત્તજ ઉદરશૂળ, કફજ ઉદરશૂળ, બે-બે દોષથી થયેલ ત્રણ પ્રકારનાં અને ત્રણેય દોષથી થયેલ ત્રિદોષજ ઉદરશૂળ, આમશૂળ, અન્નદ્રવશૂળ, પરિણામ શૂળ વગેરેનું વર્ણન છે. તે દરેકનાં નિદાન, લક્ષણ, ચિકિત્સા અલગ અલગ આપવામાં આવેલ છે. તેમાં વર્ષા-શિશિરમાં, વૃદ્ધાવસ્થામાં, પરિશ્રમી લોકોમાં, વાતપ્રકૃતિવાળાં લોકોમાં વાતજ ઉદરશૂળ થવાની વધુ શક્યતા હોય છે. આ પ્રકારના ઉદરશૂળમાં પેટમાં અસહ્ય દુખાવો

થાય છે. મળ-મૂત્રમાં અવરોધ થાય છે. આફરો આવીને પેટ ફૂલી જાય છે. રાત્રે-સાંજે-વહેલી સવારે દુખાવો વધે છે. દરદી રડી પડે તેવો અસહ્ય દુખાવો પણ થાય છે.

❖

શ્રી નટરાજ નાયડુ તા. ૧૭-૧-૭૬ના રોજ વાતજ ઉદરશૂળની ફરિયાદ લઈને આવેલા. ઉદરશૂળ સિવાય કોઈ જ તકલીફ ન હતી. તેથી વાયુ કરનારા આહાર-વિહારની મના કરનારાં નીચેનાં સૂચનોને આચરવાનું કહેલઃ

- બધાં જ કઠોળ બંધ.
- વાલોળ, પાપડી, ગુવાર, બટાટા, કોદરી, મકાઈ ન ખાવાં.

- આરામ કરવો.
- ખોરાકમાં લીંબુ, આદું, રાઈ, મેથી, હિંગ, અજમો, જીરૂં, તલતેલ, લસણ, કુદીનો વગેરે વાયુનાશક આહાર ઉપયોગમાં વધુ લેવો. બને તો મધ-લીંબુનું સરબત જ લેવું. લસણ, હિંગ, સંચળ, તલતેલમાં વઘારેલો ભાત લેવાનું કહેલ. ઉદરશૂળમાં શેક કરવો અતિ જરૂરી કહ્યો છે. ભાવપ્રકાશ સંહિતામાં લખેલ છેઃ

વિજ્ઞાય વાતશૂલંતુ સ્નેહ સ્વેદૈરુપાચરેત્ ।
સ્વલ્પશૂલાકુલસ્યસ્યાત્ સ્વેદ એવ સુખાવહન્ ।।

સામાન્ય પ્રકારના વાતજ ઉદરશૂળના દરદી માટે સ્નેહ તથા સ્વેદન (શેક)નો ઉપાય કરવો તે સુખદાયી છે.

દરદીને તલતેલમાં લસણ, હિંગ, રાઈ, અજમો, સંચળને કકડાવીને ખાવાં. તેના પેટ ઉપર દિવેલમાં હિંગ લસણ, મીઠું ગરમ કરી માલિશ કરી ઉપર કોઈ પણ રીતે શેક કરવો. ગરમ પાણી ભરેલી થેલી, બાટલી કે કપડાના ગોટાનો શેક કરી શકાય.

ભાવપ્રકાશમાં ‘મૃત્તિકા સ્વેદ’ એક અકસીર પ્રયોગ આ પ્રમાણે છે. (જે નેચરોપથીમાં માનનારા ચિકિત્સકોને ગમી જાય તેવો છે.)

મૃત્તિકાં અજલાં પાકાત્ ઘનીભૂતાં પટે ક્ષિપેત્ ।
કૃત્વા તત્ પોટલીં શૂલી યથાસ્વેદં વિધારયેત્ ॥

પાણીમાં ચીકણી કાળી માટી મેળવીને તે ગરમ કરી પોટલીમાં બાંધી તેના વડે દરદીને માફક આવે તેમ શેક કરવો. ટૂંકમાં ગરમ માટીની લોપરી પેટ ઉપર મૂકવી.

શ્રી નટરાજ નાયડુને દવા મેં આટલી આપી હતીઃ

૧. શંખવટી...૨-૨ સવારે-સાંજે જમ્યાબાદ ગરમ પાણીમાં.
૨. કર્પૂર હિંગુ વટી...જમ્યા પહેલાં પાણી સાથે.
૩. બૃહદ્ વાત ચિંતામણિ રસ...૧-૧ સવારે-રાત્રે મધ સાથે.
૪. એરંડભૃષ્ટ હરીતકી ચૂર્ણ...૮ ગ્રામ રાત્રે પાણી સાથે.
૫. હિંગાષ્ટક ચૂર્ણ...૧ ગ્રામ
લવલ ભાસ્કર ચૂર્ણ...૧ ગ્રામ

શિવાક્ષાર પાચન ચૂર્ણ...૨ ગ્રામ સવારે-સાંજે ગરમ પાણી સાથે.

૬. એરંડતેલ...૫૦ મિ.લિ લઈ, ગરમ કરી તેમાં સંચળ, હિંગ મેળવીને તેની રોજ સાંજે સ્નિગ્ધ ભોજન કરાવીને માત્રા બસ્તિ આપવી.

ચાર દિવસે આવ્યા ત્યારે ઘણું જ સારું હતું. તે પછી ત્રણ દિવસે આવેલ ત્યારે પણ ફાયદો હતો. તા. ૩૧-૧-૭૬ના દિવસે પણ ફાયદો હતો. તેને પેટનો દુખાવો ઘટ્યો હતો પણ વાયુ ઉપર ચડવાથી શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. શ્વાસાવરોધ થતો હતો.

તા. ૭-૨-૭૬ના દિવસે છેલ્લી દવા લેવા આવ્યા ત્યારે ઉદરશૂળમાં પૂરેપૂરો ફાયદો થઈ ગયો હતો. પણ ચાલતાં થાક લાગતો હતો. આજની દવામાં બે બાબતે ફેરફાર કર્યો હતો. ચૂર્ણમાં શિવાક્ષાર ચૂર્ણને બદલે અજમોદાદિ ચૂર્ણ ૩

ગ્રામ આપેલ. વધારામાં પીવાની દવા રૂપે દશમૂલારિષ્ટ અને અર્જુનારિષ્ટ...૧-૧ ચમચો જમ્યા બાદ લેવા આપેલ. આટલી સારવારથી નટરાજ નાયડુનું ઉદરશૂળ બિલકુલ મટી ગયું હતું. જો કે ભાવપ્રકાશસંહિતામાં દરેક જાતના શૂળનો એક જ ઉપાય આ શ્લોક દ્વારા આ પ્રમાણે કહેલ છે.

તીક્ષ્ણાયાશ્ચૂર્ણં સંયુક્તં ત્રિફળાચૂર્ણમુત્તમમ્ ।
પ્રયોજ્યં મધુસર્પિભ્યાં સર્વશૂલનિવારણમ્ ।।

- ભાવપ્રકાશ, મધ્યમ ખંડ,

શૂળ-૫૨ રાઈના ચૂર્ણમાં સમાનભાગે ત્રિફળાચૂર્ણ મેળવીને શુદ્ધ ગાયનું ઘી તથા મધમાં કાલવીને ચાટવાથી સર્વપ્રકારનાં શૂળ મટે છે. હવે શૂળ થાય તો આ પ્રયોગ કરવાનું કહેલ.

# પ્રકરણ : ૩૯ ચર્મરોગ સમૂળગા ગયા

ચામડીના રોગામાં જૂની અને વધુ વિસ્તારમાં ફેલાયેલી કાળી દાદરને મહાકુષ્ઠમાં સમાવી છે. કેટલાક લોકો તેને ‘કાળો કોઢ’ નામે પણ ઓળખાવે છે. આ દાદર થાપા, સાથળ, ગૃહ્યાંગ, ખભો વગેરેની વિશાળ જગ્યામાં થાય છે. હઠીલી હોવાથી કેમેય કાબૂમાં નથી આવતી. ચેપી હોવાથી દરદીનાં બીજાં અંગોમાં પણ પ્રસરે છે. ક્યારેક ઘરના અન્ય સભ્યોને પણ વળગે છે. લાંબા સમયની આ દાદરને દૂર કરવા દવા, પથ્યપાલન ઉપરાંત પંચકર્મની વમન, વિરેચન, રક્તમોક્ષણ જેવી ક્રિયાઓનો પણ સહારો જરૂરી બને છે.

આવો જ એક હઠીલો રોગ 'વૃક્ષણકચ્છૂ' પણ છે. તે પુરુષોની વૃષણ થેલી પર થાય છે. તેથી ત્યાંની ત્વચા જાડી, ચીકણી, સૂજેલી થઈ જાય છે. તેના ઉપર પુષ્કળ ખંજવાળ અને દાહ થવાથી ફોડલીઓ અને ચાંદા થાય છે અને તેમાંથી ચીકણો સ્રાવ પણ થયા કરે છે. દરદીને બેચેન કરી નાખે તેટલી બધી ખંજવાળ તેમાં આવે છે. આ રોગ થવાનાં કારણોમાં ચર્મરોગનાં કારણો તો ખરાંજ. ઉપરાંત અસ્વચ્છતા મુખ્ય કારણ છે. અગવડ, અજ્ઞાન, ગરીબીના કારણે બાથરૂમની સગવણ ન હોવાથી, સાબુ ન હોવાથી, સ્વચ્છ કપડાં ન હોવાથી વૃષણ ઉપર પસીનો તથા મેલ જમા થવાથી ખંજવાળ શરૂ થવાથી આ રોગ શરૂ થાય છે.

❖

પટેલના માઢ સામે, ખારા કૂવા, સરખેજમાં રહેતા શ્રી નટવરલાલ પરશોત્તમદાસ પારેખને સરખેજના ડૉક્ટર (વૈદ્ય) શ્રી કમલ ગોંડલિયાએ તા. ૨૯-૧૨-૯૭ના રોજ મોકલાવેલા. તેઓ નોકરી કરતા હતા. ઉંમર હતી ૪૪ વર્ષ. તેમને ગૃહ્યાંગમાં સર્વત્ર કાળી દાદર હતી અને વૃષણ ઉપર વૃષણકચ્છૂનો પણ રોગ હતો. તેમાં અસહ્ય ખંજવાળ આવીને પછી દાહ શરૂ થતો હતો. સ્કીન સ્પેશિયાલિસ્ટ ડૉ. પ્રવીણ હરિભક્તિની સારવાર ઊલટી પડવાથી રિએકશન આવ્યું હતું. અખંડાનંદ હૉસ્પિટલમાં સારવાર શરૂ કરેલી. પરંતુ ત્યાંથી પણ પરિણામ મળ્યું ન હતું. મારી પાસે આવ્યા ત્યારે દરદી ખૂબ હતાશ હતા. બોલેલા, ‘સાબ, મને લાગે છે કે મારું આ દરદ કોઈ મટાડી નહીં શકે. આખી જિંદગી મારા આ રોગમાં હેરાન થવું પડશે !’

મેં તેમને કહ્યું હતું, ‘રોગ જૂનો છે, અઘરો છે પરંતુ અસાધ્ય નથી. તેથી ચાર-છ મહિના પરેજી સાથે દવાનું સેવન કરશો તો ચોક્કસ મટી જશે. હવે તમારે બીજા કોઈ વૈદ્ય-ડૉક્ટર પાસે જવું નહીં પડે. જરૂર પડશે તો પંચકર્મ નિષ્ણાત વૈદ્ય પાસે મોકલી વમન, વિરેચન, રક્તમોક્ષણ કરાવીને પણ તમને સાજા કરી જ દઈશું.’

મેં તેમને ‘ચર્મરોગ પથ્યાપથ્ય પત્રક આપીને તેનો કડક અમલ કરવાનું કહેલ. તે અનુસાર મીઠું, દૂધ, દૂધની વાનગી, ગળપણ, ખટાશ, ફળો, તળેલું, આથાવાળું સાવ છોડવાનું હતું. દિવસે ઊંઘવાનું ન હતું. લીમડો ઉકાળીને તેના પાણી વડે જ સ્નાન કરવાનું હતું. સુખડ-ચંદનના સાબુ વડે શરીર તથા ચર્મરોગવાળો ભાગ રોજ ધોવાનો હતો.

ઔષધયોજના આ પ્રમાણે કરેલીઃ

૧. મંજિષ્ઠાદિ ઘનવટી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૨. નિમ્બ ઘનવટી...૨-૨ ઉપરની દવા સાથે.

૩. એલેરિન ટીકડી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે. ('બાન'ની)

૪. સારિવાદ્યાસવ...૧-૧ મોટો ચમચો સવારે-સાંજે સમાન પાણી મેળવીને જમ્યા બાદ.

૫. અર્ક તેલ...દરદ ઉપર દિવસમાં બે ત્રણ વખત લગાવવા માટે.

૬. સોરા ટ્યુબ...વધુ ખંજવાળ, ચકામાં અને ફોલ્લી પર લગાવવા માટે.

તા. ૧-૧-૯૮ના દિવસે ખંજવાળમાં ફાયદો હતો. પરંતુ બળતરા બહુ થતી હતી. તેથી લગાડવાની આગળની દવા બંધ કરાવીને આરગ્વધ ઘૃત

લગાડવા માટે આપ્યું હતું. તા. ૮-૧ના દિવસે બળતરાને લક્ષ્યમાં રાખીને દવા આ પ્રમાણે બદલી હતીઃ

૧. મંજિષ્ઠાદિ ઘનવટી
૨. નિમ્બ ઘનવટી
૩. શતાવરી ટીકડી
૪. ચંદનાસવ...૧-૧ મોટો ચમચો જમ્યા બાદ બંને વખત સમાન પાણી મેળવીને સારિવાદ્યાસવ ને બદલે.
૫. આરગ્વધ ઘૃત...ચાલુ.

તા. ૧૭-૭ના રોજ આરગ્વધ ઘૃતને બદલે નિમ્બ તેલ (લીંબોળીનું તેલ) લગાડવા માટે આપ્યું હતું.

તા. ૨૯-૧ના રોજ ચંદનાસવને બદલે તેમને સારવાદ્યાસવ માફક હોવાથી તે આપેલ. ઉપરાંત મજિષ્ઠાદિ કાઢા પણ ઉમેર્યો હતો. તા. ૫-૩-૯૮ના દિવસે તેમને વમનકર્મ કરાવવા માટે કહેવામાં આવેલ.

(નોંધઃ દરદ જ્યારે યાપ્ય, અસાધ્ય કે કષ્ટસાધ્ય હોય ત્યારે અમુક સમયનો લાંબો કોર્સ કરવો જ પડે, પણ દરદીમાં ધીરજ ન હોય તો તેને માનસિક સાન્ત્વન આપવા માટે કોઈને કોઈ દવા વારંવાર બદલવી પડતી હોય છે કે ઉમેરવી પડતી હોય છે.)

તા. ૧૨-૩ના રોજ વમનક્રિયાની પૂર્વક્રિયારૂપે સ્નેહપાન વૈદ્ય શ્રી હરેશ વ્યાસ દ્વારા શરૂ કરાવેલ. તા. ૧૮-૩-ના રોજ સમ્યગ્ વમન થયું હતું. સોજા કે

મૂત્રાવરોધ જેવાં લક્ષણ થયાં હશે. (જે કેસમાં નોંધી શકાયાં નથી) પાંચ દવા આ પ્રમાણે જરૂરી પરિવર્તન સાથે આપી હતીઃ

૧. બંગશિલ ટીકડી...૨-૨ સવારે-સાંજે પીવાની દવા સાથે.

૨. ગોક્ષુર ગુગળ...૨-૨ ઉપરની દવા સાથે.

૩. પુનર્નવાદિ કાઢા...સવારે-સાંજે સમાન પાણી મેળવીને.

૪. મંજિષ્ઠાદિ ઘનવટી...

૫. આરોગ્યવર્ધિની વટી...

તા. ૨૮-૩ના રોજ વિરેચન કર્મ થયું હતું. (તેવી રીતે મહિના બાદ ફરીને વિરેચન કર્મ કરવાનું પણ નક્કી થયેલું)

તા. ૧૩-૪ના રોજ ગળામાં બળતરા થતી હતી. શરીરે ખંજવાળ આવતી હતી. અને શરીર પર કાળા ચકામાંની પણ સારવાર શરૂ કરવાની હતી. તેથી કુંકુમાદ્ય તેલ શરીર પરના કાળા ડાઘ પર લગાડવા ઉમેર્યું હતું.

તા. ૧૭-૬-૯૮ના રોજ તેના બંને રોગો કાળી દાદર અને વૃષણાકચ્છૂ સમૂળગા મટી ગયા હતા. તેથી ચાલુ દવા ઉપરાંત લો બી.પી. અને અશક્તિ માટે સુવર્ણવસંત માલતી...૧-૧ ગોળી સવારે-સાંજે મધમાં લેવા ઉમેરી હતી. રક્તશોધન કવાથ પણ ઉમેર્યો હતો.

# પ્રકરણ : ૪૦ સંધિવાત, પ્રોસ્ટેટમાં સાવ સારું થઈ ગયું

ચિકિત્સાકાર્યમાં વૈદ્ય (ડૉક્ટર, તબીબ, ચિકિત્સક), દવા, દરદી અને પરિચારક એ ચારેયનો સંબંધ અતૂટ હોય છે. તેમાં વૈદ્ય અગ્રસ્થાને ગણાય છે. તે સમગ્ર ચિકિત્સા–વ્યવસ્થાનો સંચાલક છે. તે જેટલો દક્ષ (હોંશિયાર) તેટલું ચિકિત્સાકાર્ય ઝડપી અને મૂળગામી બને.

પરંતુ એ વૈદ્ય ડૉક્ટર પોતે જ જ્યારે બીમાર પડે ત્યારે તેને પહેલાં તો પોતે માંદા પડ્યાનો સંકોચ થાય છે, શરમ અનુભવે છે. પોતે કોની સારવાર લેવી અને કઈ સારવાર લેવી તેની ચિંતા તેને ઘેરી વળે છે. પોતે જે

ચિકિત્સાપદ્ધતિનો ચિકિત્સક હોય તેને વફાદાર રહી તેની સારવાર તેને કરવી ગમે છે. અને પોતાથી વધુ જ્ઞાની, વધુ અનુભવી છતાં સુપરિચિત કે આત્મીય ચિકિત્સક પાસે તે પહોંચી જાય છે. ત્યાં તેને ક્યારેક સારો આવકાર મળે છે કે ક્યારેક અવગણના પણ. સૌની ચિકિત્સાપદ્ધતિ, માન્યતા, સ્વભાવ અલગ હોવાથી પરસ્પર અનુકૂલન સાધવું મુશ્કેલ પણ બને છે. કન્સલ્ટીંગ લેવા-દેવામાં, દવાનો ચાર્જ લેવા-દેવામાં, ઓપરેશનની મોટી રકમ લેવા-દેવામાં મોટી મૂંઝવણ અને દ્વિધા અનુભવાય છે. બંને પક્ષ સમજુ હોય તો પ્રાયઃ સરખું ઊતરે છે. પણ તેમ ન હોય તો લાંબુ ચાલતું નથી. અહંકાર, મનદુઃખ, પૂર્વગ્રહને કારણે ચિકિત્સા અધવચ્ચે બંધ થવાની પણ શક્યતા ઊભી થાય છે. દરદી ચિકિત્સક શરણાગતિ સ્વીકારવાની વ્યથા અનુભવે છે તો સામેનો ચિકિત્સક પોતે સુપર છે તેમ માની

ક્યારેક અહંકાર કરી અપમાન પણ કરી બેસે છે. છતાં મોટે ભાગે આગળના સુપરિચય કે પરસ્પરના સંબંધો કે ઉપકારને કારણે ખાસ તપાસવા માટે, રિપોર્ટ જોવા માટે, વાતચિત કરવા માટે વિશેષ સમય આપે છે, વધુ સમય આપે છે, શક્ય તેટલી સહાનુભૂતિભર્યું વર્તન દાખવે છે.

ખૂબ ઉચ્ચ કક્ષાના અને નામાંકિત વૈદ્ય-ડૉક્ટર બીમાર પડે છે ત્યારે તેણે કોની પાસે જવું તે મોટો પ્રશ્ન બની જાય છે. ખાસ કરીને નિષ્ણાત વ્યક્તિ બીમાર પડે ત્યારે તે ક્ષેત્રના નિષ્ણાત પાસે જઈ સારવાર લેવામાં ચિત્ર-વિચિત્ર અનુભવો થવાની પણ શક્યતા રહેલી છે. તેમાંય તે ટોપકક્ષાના નામાંકિત સર્જનોને પોતાને ઓપરેશન કરાવવાની પરિસ્થિતિ આવે ત્યારે તેના માટે ખૂબ મૂંઝવણભરી પરિસ્થિતિ થાય છે. તેની સારવાર કરનાર સર્જન માટે પણ.

દરેક ચિકિત્સાપદ્ધતિની પોતાની આગવી સ્પિશિયાલિટી હોય છે. અમુક રોગોમાં એલોપથીની માસ્ટરી હોય છે, તો અમુકમાં આયુર્વેદની, અમુકમાં હોમિયોપથીની તો અમુકમાં નેચરોપથીની, શિવામ્બુચિકિત્સા, એક્યૂપ્રેશર, એક્યૂપંચર, યોગ વગેરેમાં કોઈક તો ખૂબી હોય જ છે. જ્યારે એક ચિકિત્સા પદ્ધતિના નિષ્ણાતે બીજી ચિકિત્સા પદ્ધતિની સારવાર લેવા મજબૂર બનવું પડે છે ત્યારે ચિંતાજનક પરિસ્થિતિ સર્જાય છે. બંને પક્ષે મીઠી મૂંઝવણ અનુભવાની હોય છે. બંનેની વિચારસરણી અલગ, બંનેના સિદ્ધાંત અલગ, બંનેની ક્રિયાઓ અલગ છતાં મજબૂર બનીને અનુકૂલન સાધવું પડે છે. દવા, ક્રિયા, પથ્યપાલન વગેરેના સ્વીકારમાં દ્વિધાનો અનુભવ થયા વિના રહેતો નથી. છતાં દેશ અને દુનિયામાં

હજારો વૈદ્યો-ડૉક્ટરો પરસ્પરની મદદ લેવા મજબૂર હોય છે. ક્યારેક હસતાં તો ક્યારેક રડતાં.

આવા કેસમાં એથિક્સ (ચિકિત્સકોના પરસ્પરના સહકારયુક્ત નિયમો) પણ હોય છે. ચિકિત્સકો પરસ્પરનો કન્સલ્ટીંગ ચાર્જ મોટે ભાગે નથી લેતાં, દવામાં, ઓપરેશનમાં, હોસ્પિટલમાં દાખલ થવામાં પ્રાયઃ ચાર્જ ઓછો કે અર્ધો લેવામાં આવે છે. ક્યારેક નથી પણ લેવામાં આવતો. તેનું વળતર પ્રાયઃ કેસ રિફર કરીને વાળી આપવામાં આવતું હોય છે. ક્યારેક પરસ્પરના આ કેસમાં ગુપ્તતા રાખવામાં આવે છે.

પરંતુ નાના નાના ડૉક્ટરો, ગ્રામવૈદ્યોને આટલી બધી સ્થિતિમાંથી પસાર થવું નથી પડતું. જે પથી પર વિશ્વાસ હોય તે પથીમાંના જે ડૉક્ટર કે વૈદ્ય પાસે તે પહોંચી જાય છે. અને સાજા પણ થઈ જાય છે. તેવા એક ગ્રામીણ ડૉક્ટરનો કેસ....

❖

ડૉક્ટર નટવરલાલ બ્રહ્મભટ્ટ ઘણું કરીને આર.એમ.પી.નું સર્ટિ. ધરાવે. ઈન્દ્રણજ ગામ અને તેની આસપાસનાં ગામમાં પ્રેકટીસ કરે. ૬૧ વર્ષની વયે તા. ૨૨-૧-૮૬ના દિવસે મારે ત્યાં સારવાર લેવા આવેલા. ‘ગુજરાત સમાચાર’ વગેરે સામયિકોના મારા લેખો નિયમિત વાંચે. અમારા ‘આયુ ડાયજેસ્ટ’ના પણ પોતે

ગ્રાહક. પોતે મિક્સ પ્રેકટીસ કરે. અવારનવાર પોતાનાથી નહીં મટતા દરદીને લઈને આવે. એ જ્યારે જ્યારે આવે ત્યારે હું મારા પુસ્તકો ભેટ આપું. (દરદી રિફર કરનારા ડૉક્ટરો વૈદ્યોને હું રૂપિયામાં કમિશન આપવાને બદલે મારાં લખેલાં પુસ્તકો ભેટ આપતો.) તેથી તેમનું જ્ઞાન વધતું, પ્રેકટીસ વધતી.

આજે તેઓ પોતાની જ તકલીફ લઈને આવેલા. તેઓને જૂનો સંધિવાત હતો. હવે ઉંમરને કારણે પ્રોસ્ટેટગ્લેડ વધી હતી. છેલ્લે તા. ૬-૧૨-૮૩ના દિવસે તેમને તીવ્ર મૂત્રાવરોધ થયેલો. અને સખત દુખાવો થયેલ. તેથી યુરિન રિપોર્ટ કરાવતાં તેમાં ૮૦ ટકા પસ આવેલ. તેની સારવાર રૂપે કોઈ ડૉક્ટરે તેમને એમ્પિસિલીન કેપસ્યૂલ છ દિવસ સુધી લેવા આપેલ. તેના રિએકશન રૂપે પિત્તની ઊલટીઓ શરૂ થઈ હતી. તેના માટે વળી બીજાં ઈંન્જેકશનોનો કોર્સ કરેલ. હમણાં

ફરીને પેશાબની તકલીફ વધી હતી, તેમાં ડૉ. દવા અને ડૉક્ટર હર્ષદ શાહની સારવાર શરૂ કરી હતી. ખંભાતની અલકા પેથોલોજિકલ લેબોરેટરીમાં બ્લડ–યુરિયાનો આંક ૧૨૫થી ૧૫૦ આવ્યો હતો.

એ અરસામાં નડિયાદમાં કે અમદાવાદમાં હૉસ્પિટલમાં જવાની કે તેવી કોઈ કિડની કેન્દ્રની વ્યવસ્થા ન હતી. વળી તે સારવારમાં તેમને વિશ્વાસ ન હોવાથી બધા રિપોર્ટ લઈને મારી પાસે આવ્યા હતા. મેં તેમને તપાસ્યા, રિપોર્ટ તપાસ્યા. ત્રિદોષ શામક પત્રક આપ્યું તે અનુસાર મધ્યમમાર્ગી બની જવાનું હતું. વધુ પ્રમાણમાં ગળ્યું, ખાટું, ખારું,  તીખું, તૂરું, કડવું, તળેલું, આથાવાળું, વાસી ખાવાનું ન હતું. પથ્ય આહાર જ લેવાનો હતો. તેમાં ઘઉં, જવ, ચોખા, મગ, તુવેર, પરવળ, દૂધી, તૂરિયાં, ગલકાં, કંકોડા, તાંદળજો, મેથી, કાળી દ્રાક્ષ,

હળદર, ધાણાજીરું, કોથમીર, તલતેલ, ગાયનાં દૂધ-ઘી, આમળાં, દાડમ, ખજૂર, ખારેક વગેરે લેવાનાં હતાં.

આપેલ દવા આટલી હતીઃ

૧. બંગશિલ ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. (‘એલાર્સિન’ની)
૨. સંશમની વટી...૨-૨ બપોરે-રાત્રે ભૂકો કરીને કે ચાવીને પાણી સાથે.
૩. ચંદ્રપ્રભા વટી...૨-૨ ભૂકો કરીને સવારે-સાંજે પાણી સાથે.
૪. ત્રિફલા ચૂર્ણ ૪ ગ્રામ +ચંદનાદિ ચૂર્ણ... ૪ ગ્રામ સવારે-રાત્રે પાણી સાથે.
૫. ચંદનાસવ...૧-૧ મોટો ચમચો જમ્યા બાદ સમાન પાણી મેળવીને.

એથિક્સ (ચિકિત્સકોના, ચિકિત્સાપદ્ધતિઓના અંદર અંદરના સહાયક નિયમો) અનુસાર શ્રી ડૉ. નટવરલાલનો કન્સલ્ટીંગ ચાર્જ લેવામાં આવ્યો ન હતો. દવા સોંઘી પડે તે માટે ખરીદવા માટે લખી આપી હતી. જે તેમણે પરેજી સાથે સતત બે મહિના સુધી લીધા બાદ રિપોર્ટ કરાવતાં બ્લડ યુરિયા, ડબલ્યુ બી.સી. વગેરે નોર્મલ આવી ગયેલ. હવે તેમને કોઈ તકલીફ ન હતી. પ્રોસ્ટેટમાં પણ ફાયદો હતો. કેવળ બહુમૂત્રતાની તકલીફ હતી અને મૂત્રત્યાગ વખતે શિશ્નશૂળ થોડા પ્રમાણમાં થતું હતું તેથી ચાલુ દવા ઉપરાંત જીવિત પ્રભાવટી ૨-૨ ઉમેરી હતી. જેથી થોડા દિવસમાં સાવ સારું થઈ ગયું હતું.

# પ્રકરણ : ૪૧ વાતવ્યાધિ પર વિજય

અવ્યાહતગતિર્યસ્ય સ્થાનસ્થુ પ્રકૃતિસ્થિતઃ।
વાયુ સ્યાત્ સોડધિકં જીવેત્ જીતરોગઃ સમાઃ શતમ્ ।।
-ચરક, ચિકિત્સા, અધ્યાય-૨૮

(જે વ્યક્તિના શરીરમાં રહેલા વાયુની ગતિ અવરોધ રહિત હોય (તેને વાયુનું, પિત્તનું કે કફનું આવરણ ન હોય), વાયુ પોતપોતાના સ્થાનમાં હોય અને પ્રાકૃત અવસ્થામાં હોય તે વ્યક્તિ રોગો સામે વિજય મેળવીને સ્વસ્થ રહીને સો વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી જીવે છે.)

આયુર્વેદ અનુસાર વાયુ જ સ્વાસ્થ્ય-અસ્વાસ્થ્ય, અલ્પાયુષ કે દીર્ધાયુષ્યનું કારણ છે. વાયુ સવળો, સરખો, અને પોતાના સ્થાનમાં હોય તો રોગો થતા નથી, ને વ્યક્તિ સ્વસ્થ-દીર્ઘ જીવન જીવી શકે છે. વાયુ નિરવરોધ ગતિ કરતો રહે, પોતાના સ્થાનમાં રહે અને પ્રાકૃત રહે તે માટે આયુર્વેદે આખાય સ્વસ્થવૃત્ત અને સદવૃત્તનું સર્જન કર્યું છે. બસ્તિક્રિયા વગેરેની સારવાર પણ એવી બનાવી છે કે બગડેલા વાયુ પુનઃ પ્રાકૃત અવસ્થામાં આવી શકે.

વાયુના ૮૦ રોગો વર્ણવવામાં આવેલા છે. તેનો વિસ્તાર કરવામાં આવે તો સર્વાંગ દેહના અને અંગ-ઉપાંગના સેંકડો રોગોનો સમાવેશ થઈ જાય. એલોપથીમાં નર્વસ સિસ્ટમના તથા બૉનના અનેક રોગો ચર્ચિત છે. તે બધા જ આમાં સમાવી શકાય.... સ્પોન્ડિલાઈટિસ, સર્વાઈકલ સ્પોન્ડિલાઈટિસ, બ્રેઈન

હેમરેજ, પેરેલિસિસ, ફેસિયલ, પેરેલિસિસ, સ્લીપ ડિસ્ક, ઓસ્ટિયો પેરોસિસ, વર્ટિગો, ફ્રોઝન શોલ્ડર, રૂમેટોઈડ, આર્થ્રાઈટિસ, આર્થરાઈટિસ, રુમેટિઝમ, પાર્કિન્સોનિઝમ વગેરે રોગો વાયુના કોઈ ને કોઈ પ્રકારમાં સમાવિષ્ટ થઈ શકે તેમ છે. એલોપથીનાં સ્થૂળ સાધનોમાં વાયુ સૂક્ષ્મ હોવાથી પકડી શકાતો નથી. વારંવાર રિપોર્ટ કરાવવા છતાં, જાતજાતના રિપોર્ટ મોટે ભાગે ‘નોર્મલ’ કે ‘નીલ’ આવે છે. અથવા કેટલાક વાયુના કેસમાં ડૉક્ટરોને કશું સમજાતું ન હોવાથી છેવટે પેશન્ટને ‘સાઈટિક’ હોવાનું સસ્તું લેબલ લગાડી દેવામાં આવે છે. ટ્રાન્ક્યુલાઈઝર કે પેઈન રિલિફ દવાઓ અંદાજે આપવામાં આવે જે દરમિયાન કાં તો આપોઆપ આપમેળે દરદ મટી જાય છે. કાં તો દરદી બીજે ચાલ્યા જાય છે કે થાકી જાય છે. ક્યારેક તેનું જીવન સમાપ્ત પણ થઈ જાય છે. દરમિયાન કોઈ અનુભવી જ્ઞાની

વૈદ્યની સારવાર મળી જાય, પંચકર્મીય ક્રિયાઓમાં અભ્યંગ, સ્વેદન, બસ્તિ, નસ્ય, શિરોધારા વગેરે તેમાં વધુ કામયાબ હોવાથી તે બધી વ્યવસ્થિત સારવાર મળી જાય તો દરદીનાં નસીબ ખુલી જાય છે.

આવો એક નમૂનાનો કેસ અહીં રજૂ કરવા જેવો છે....

❖

મારા મુંબઈના દવાખાને તા. ૯-૯-૭૬ના રોજ શ્રી નટવરલાલ મૂળશંકર દવે ૪૮ વર્ષની વયે સારવાર લેવા આવેલા. તેઓ રહેતા હતા.... પરમેશ્વર લીલા, ચોથા માળે, શાન્તાક્રુઝ (ઈસ્ટ)માં, પોતે નોકરી કરતા હતા. તેમને

વાતવ્યાધિ થયેલો. તેમાં તેમનો હાથ સૂકાતો જતો હતો અને આમવાતનાં લક્ષણો પણ હતાં. તેમના પોતાના જમાઈ ડૉક્ટર હતા.

(નોંધઃ પરિવારમાં કે સગાં-સંબંધિમાં કોઈ ડૉક્ટર હોય છે ત્યારે દરદીને તેના લાભની પેઠે ગેરલાભ પણ મળતો હોય છે. આવા ડૉક્ટરોમાંથી કોઈ આગ્રહી હોય તો તે એલોપથીના નવાં નવાં શિખરો સર કરાવીને રોગને અસાધ્ય અવસ્થામાં પહોંચાડી દે છે. તે ડૉક્ટરો પૂર્વગ્રહથી પીડાતા હોય તો આયુર્વેદનું નામ પણ લેવા દેતા નથી અને જ્યારે છેલ્લે તે થાકીને હાથ મૂકી દે છે ત્યારે અસાધ્ય-યાપ્ય અવસ્થાના આ રોગો આયુર્વેદ દ્વારા મટાડવા મુશ્કેલ બની ગયેલા હોય છે. વળી, તેમાં જાતજાતના ઉપદ્રવો ભળવાથી અને ક્યારેક દવા

ગરમ પડવાથી ત્રિદોષજ-કોમ્પ્લીકેટેડ અને ક્રોનિક બની ગયેલ હોય છે. વળી, તન-મન-ધનથી દરદી ભાંગી પડેલ હોય છે.

કોઈ સગા ડૉક્ટર સમજુ હોય, વિવેકી હોય, ઉદાર હોય તો એલોપથીથી ન મટે તેવો રોગ હોય કે ન મટ્યો હોય તો અન્ય પદ્ધતિ આયુર્વેદ, હોમિયોપેથી, નેચરોપથી વગેરેનો સહારો લેવા સમજાવે છે ને દરદીનું નસીબ ખૂલી પણ જાય છે.

તેમને જમણા હાથે કોણી સુધી સખત દુખાવો થતો હતો. બાહુશૂળ, અંશશોષ, બાહુશોષ, બાહુવાત વગેરેમાંથી કોઈ નામ આપી શકાય. ડૉક્ટર ભણસાણીની સારવાર લેવામાં આવેલ. તેમણે 'સર્વાઈલ સ્પોન્ડિલોસિસ'નું નિદાન

કરેલ. દરદીનો હાથ પાતળો થતો જતો હતો. તેમાં ચાર મહિનાથી સખત દુખાવો થતો હતો. વાયુનાશક પત્રક આપીને મેં તેનું ચોક્સાઈ પૂર્વક પાલન કરવાનું કહેલ. મધુર-અમ્લ, સ્નિગ્ધ, ગુરુ, બલ્ય આહાર લેવાનું કહેલ. આ રોગમાં પંચકર્મની જરૂર હતી પણ ત્યાંની તે વ્યવસ્થા મારા ખ્યાલમાં ન હતી.

દવા આ પ્રમાણે આપી હતીઃ

૧. યોગરાજ ગૂગળ...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પીવાની દવા સાથે.
૨. એકાંગવીર રસ...૧-૧ પીવાની દવા સાથે.
૩. અજમોદાદિ કેપસ્યૂલ...૧-૧ સવારે-સાંજે પાણી સાથે. (તેમાં અજમોદાદિ ચૂર્ણ તથા નારસિંહ ચૂર્ણ હતાં)
૪. દશમૂલ કાઢા...૧-૧ મોટો ચમચો સવારે-સાંજે સમાન પાણી મેળવીને.

૫. વેદનાન્ત તેલ...દુખાવા પર માલિશ કરવા માટે. (પ્રાયઃ ‘આયુ પ્રોડક્ટ્સ’નું પેટન્ટ)

તા. ૨૪-૯ના રોજ ૧૫% ફાયદો હતો. પગ ઉપર રસોળી હતી અને સાંધામાં સવારે દુખાવો વધુ થતો હતો. તેથી ‘આમવાત’નું નિદાન કર્યું હતું અને તે કારણે તેલની માલિશ બંધ કરાવી હતી. આજે આર. કમ્પાઉન્ડ...૨-૨ સવારે-સાંજે એકાંગવીર રસને બદલે (‘હિમાલય ડ્રગ’ની) આપી હતી.

તા. ૮-૧૦ના રોજ દશમૂળ કાઢાને બદલે મહારાસ્નાદિ કાઢા...લેવાનું સૂચવ્યું હતું. તા. ૨૮-૧૦ના દિવસે આવેલ ત્યારે એક સારા સમાચાર એ લાવેલા કે ‘વચ્ચે તો દવા એટલી બધી અનુકૂળ આવી ગઈ હતી કે ૮૦% ફાયદો થઈ ગયો હતો. પણ, હમણાં આઠ દિવસથી હાથમાં દુખાવો શરૂ થયો હતો.

આજની દવા આ પ્રમાણે હતીઃ

૧. યોગરાજ ગૂગળ
૨. અજમોદાદિ કેપસ્યૂલ
૩. આર.કમ્પાઉન્ડ ટીકડી
૪. દશમૂલ કાઢા
૫. લેપ ગુટી....સોજા અને દુખાવા પર લેપ લગાડવા માટે.
૬. રૂમાલિયા ક્રીમ... દુખાવા પર માલિશ કરવા માટે.

તા. ૧૨-૧૧ના રોજ સોજા ઘટ્યા હતા. પરંતુ હાથનો દુખાવો ચાલુ રહ્યો હતો. તા. ૨૫-૧૧ના રોજ ફાયદો હતો પણ ડાબા હાથે ઘૂંટી ઉપર દુખાવો થતો હતો. ખાલી ચડી જતી હતી, છતાં દવા જે ચાલતી હતી તે જ ચાલુ રાખી હતી.

તા. ૭-૧-૭૭ના દિવસે શિયાળાની સખત ઠંડી હોવા છતાં દરદીના પોતાના કહેવા પ્રમાણે તેમને ૯૯% ફાયદો હતો. તેથી ચાલુ કોર્સ પ્રમાણે બધી દવા ચાલુ રાખવાનું કહ્યું હતું.

## પ્રકરણ : ૪૨ બીજી વાર દવા લેવાની જરૂર ન પડી

દુનિયામાં લાખો-કરોડો દરદીઓ મહિનાઓ અને વર્ષો સુધી પોતાના રોગ માટે અહીંથી તહીં ભટક્યા કરતા હોય છે. ચિકિત્સાપદ્ધતિઓ અને ચિકિત્સકો (વૈદ્યો-ડૉક્ટરો)ને બદલ્યા કરતા હોય છે. તેમ થવા પાછળનું કારણ તપાસવામાં આવે તો કાં તો દરદી પોતે જ અવ્યવસ્થિત હોય કે તેનો રોગ અસાધ્ય કે યાપ્ય થઈ ગયેલો હોય છે અથવા તેનું સાચું નિદાન થયેલું હોતું નથી અને સાચું નિદાન થયું હોય તો સાચી સારવાર થતી નથી અને સાચી સારવાર મળતી હોય તો પથ્યપાલન પળાતું નથી હોતું. તેથી જ આયુર્વેદે સૌથી વધુ મહત્ત્વ સાચું નિદાન થવા ઉપર આપવામાં આવેલ છે. સંપૂર્ણ સારવાર અને યોગ્ય પથ્યપાલન ઉપર ભગવાન ચરકે ખૂબ ભાર આપેલ છે. સારવાર કરતાં પહેલાં આયુર્વેદના તમામ મહર્ષિઓએ મહત્ત્વ આપ્યું છે રોગની સાધ્ય-અસાધ્ય

અવસ્થા ઉપર. સુખસાધ્ય, સાધ્ય, કષ્ટસાધ્ય રોગો જ મટાડી શકે. યાપ્ય રોગ દવાના ટેકે જ કાબૂમાં રહે અને અસાધ્ય તો કદી સાધ્ય બને જ નહીં. તેથી તેમાં સારવાર આપવી પડે તો 'નહીં મટે' તેમ કહીને જ કરવી. જેના માટે 'પ્રત્યાખ્યેય' શબ્દ વપરાયો છે. એટલે કે વૈદ્યે દરદીને (દરદીને કહી શકાય તેમ ન હોય ત્યાં તેમના સ્વજનોને) સામે ચાલીને આ રોગ નહીં મટે તેમ કહી દેવું જોઈએ. જેથી દરદી તથા પરિચારકોને તેની ગંભીરતાનો ખ્યાલ આવી જાય અને વૈદ્ય પોતે તે રોગ ન મટે ત્યારે ગુનેગાર ન બને.

આયુર્વેદમાં રોગોનું નિદાન લક્ષણો ઉપરથી કરવાનું હોય છે. જે નરી આંખે જોઈ શકાય તેવું હોય છે, સ્પર્શ કરી શકાય તેમ હોય છે, કાનથી સાંભળી શકાય તેમ હોય છે. દર્શનથી, સ્પર્શનથી, પ્રશ્નથી આ નિદાન માનવીય

લેબોરેટરીમાં થતું હોવાથી  તુરત જ ચોક્કસ અને સ્પષ્ટ થઈ શકતું હોય છે. એકનું નિદાન બીજાના નામે થવાની ભૂલ થવાની તેમાં શક્યતા જ નથી રહેતી અને દરદી અને વૈદ્યનો જીવંત સંબંધ સધાવાનો લાભ ખાસ મળે છે.

મોટાભાગના દરદોમાં દરદી પોતે જ 'મને ઝાડા થયા છે, શરદી થઈ, ઊલટી થાય છે, મસા થયા છે, ખંજવાળ આવે છે, સફેદ ડાઘ થયો છે, પેટમાં દુખે છે, વાઈ આવે છે' વગેરે રોગોનું નિદાન કરી લાવેલા હોય છે. તેથી તેમાં વૈદ્ય-ડૉક્ટરે નિદાન કરવાનું રહેતું નથી. પરંતુ એક વાત ચોક્કસ કે જ્યાં દરદનું નિદાન સ્પષ્ટ હોય, બરાબર હોય, ત્યાં ચોક્કસ અને તુરત જ ચિકિત્સા કરવામાં આવે તો તુરત જ અને પૂરું પરિણામ પ્રાપ્ત થયા વિના રહેતું નથી. એવું પણ બને છે કેવળ એક જ વખત દવા આપો ને દરદી સાવ સ્વસ્થ !

❖

શ્રી નટુભાઈ.ડી.પટેલ., બ્લોક નં.૪૧/૨, સેક્ટર-૨૨ ગાંધીનગરથી આવેલા. ઉંમર હતી ૩૦ વર્ષ. સરકારી નોકરિયાત હતા. તા. ૨૦-૯-૮૪ના દિવસે તેમની સારવાર શરૂ થયેલી. તેમને બે દર્દ હતાં. ચામડીનો રોગ હતો તેમાં ગુદા પર દાદરને કારણે ખૂબ ખંજવાળ આવતી હતી. આ ખંજવાળ તેમને અઢી વર્ષથી સતાવતી હતી. અગાઉ વૃષણ ઉપર વૃષણકંડૂ કે વૃષણકચ્છૂનું પણ દરદ હતું. બીજું દરદ હતું મસાનું. ગુદામાં ફિશર હોવાનું પણ નિદાન થયું હતું. આ બંને દરદો માટે તેમણે ઘણા ડૉક્ટરોની સારવાર બદલી હતી. વૈદ્યોમાં વૈદ્ય માધવપ્રસાદ તથા વૈદ્ય ગોવિંદપ્રસાદની પણ સારવાર લીધી હતી.

મેં તેમને બરાબર તપાસીને કહેલું, 'તમારો રોગ બીજા ડૉક્ટરો-વૈદ્યો ભલે મટાડી ન શક્યા પરંતુ પરેજી સાથે એકાદ માસ મારી સારવાર વ્યવસ્થિત ચાલુ રાખશો તો મટી જશે. બંને રોગ કષ્ટ સાધ્ય છે, અસાધ્ય તો નથી જ.'

પરેજી પાળવા માટે મેં તેમને 'ચર્મરોગ પથ્યાપથ્ય પત્રક' આપ્યું હતું:

૧. કિશોળગૂગળ...૨-૨ સવારે સાંજે ભૂકો કરીને પાણી સાથે. (ચર્મરોગ માટે)

૨. રેક્ટાકેર ટીકડી...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે. ('અનુજા'ની મસા માટે)

૩. ચર્મરોગ હર ટીકડી...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે. (ચર્મરોગ માટે)

૪. સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ...૪ ગ્રામ
હરડે ચૂર્ણ...૪ ગ્રામ રાત્રે સૂતી વખતે પાણી સાથે. (બંને રોગ માટે)

૫. અભ્યારિષ્ટ...૧-૧ મોટો ચમચો બંને વખત જમ્યાબાદ, સમાન પાણી મેળવીને. (હરસ-મસા માટે)

૬. સિક્સી ટ્યૂબ...ખંજવાળ, દાદર, હરસ પર લગાડવા માટે. (‘બાન’ની)

એક મહિનાની દવા આપેલી. ત્યાર બાદ તે દસ દિવસ મોડા આવેલા પણ પોતાના માટે નહીં. અન્ય દરદીને લઈને આવેલા. આવીને કહ્યું, ‘મારે હવે દવા લેવાની જરૂર નથી. પંદર દિવસમાં બધું પતી ગયેલું. ખંજવાળ, દાદર, હરસ, કબજિયાત બધું ભૂલાઈ ગયું છે ! બીજી વાર દવા લેવા આવવાની જરૂર મને ન લાગી. હા, તમે બતાવેલી પરેજીમાંથી શક્ય તેટલી પાળું છું. ગોળ, મગફળી, ફળો ખાતો નથી, મીઠું ઓછું ખાઉં છું, ખટાશ લગભગ લેતો નથી,

વિરુદ્ધ આહાર લેતો નથી, હરસમાં છાશ લેવી સારી પણ ચામડીના રોગને અને કબજિયાતને વધારતી હોવાથી તે પણ લેતો નથી. હરસ માટે સૂરણ લઉં છું. કબજિયાત ક્યારેય ન રહે તે માટે રોજ રાત્રે ચમચી હરડે લેવાનું નક્કી જ કરી નાખ્યું છે. તમારી 'ચામડીના રોગો' ચોપડી પણ વાંચી. તેમાંથી ઘણું જાણવા મળ્યું.

## પ્રકરણ : ૪૩ પંદર દિવસમાં પૂર્ણ આરામ

સરકાર દ્વારા એલોપથીનાં દવાખાનાં-હૉસ્પિટલો તથા આરોગ્ય–કેન્દ્રોની સગવડ શહેરો અને ગામડાંઓમાં સર્વત્ર છે. પ્રાઈવેટ ડૉક્ટરોનાં દવાખાનાં અને

હોસ્પિટલો પણ પુષ્કળ પ્રમાણમાં છે. શહેરોમાં આખાંને આખાં સેન્ટરો ડૉક્ટરોનાં કે ડૉક્ટરી સારવાર પદ્ધતિના નામે હોય છે. ‘ડૉક્ટર હાઉસ’, ‘મેડિકેર સેન્ટર’ વગેરે. તેનું કારણ એ છે કે માહિતીખાતું, દૂરદર્શન, આકાશવાણી, વર્તમાન પત્રો, કોમ્પ્યુટર વગેરે દ્વારા એલોપથીનો પ્રચાર ચોવીશે કલાક સતત થતો રહે છે. અને અભ્યાસક્રમમાં પ્રાથમિક શાળાથી શરૂ કરીને કૉલેજ શિક્ષણ સુધીમાં જંતુ વિજ્ઞાન, રસીકરણ, ચેપીરોગો, વિટામીનવાદ વગેરે ભણવાનું હોવાથી તેના દ્વારા પણ એલોપથીનો પ્રચાર થતો રહે છે. તેથી આજે કોઈ વ્યક્તિ કોઈ પરિવારમાં માંદી પડે કે તુરત જ સરકારી કે પ્રાઈવેટ ડૉક્ટરનો સંપર્ક સાધવાની પ્રથા પડી ગઈ છે. તેવી સાનુકૂળતા પણ વધતી જ જાય છે. તેથી ‘માંદગી હોય તો ડૉક્ટર’ એવું સમીકરણ પ્રચારમાં આવી ગયું છે જેને કારણે એલોપથીથી ન મટતા રોગો,

તેનું અસ્પષ્ટ નિદાન થતું હોય તેવા રોગો, તથા રિએક્શન આવતું હોય તેવા રોગોમાં અને તેવી દવા લેવાથી દરદી દુઃખી દુઃખી થતા જોવા મળે છે. તેને બદલે આવા રોગોમાં તથા આયુર્વેદથી વધુ સારી રીતે મટતા રોગોમાં આયુર્વેદની નિર્દોષ દવા દ્વારા સારવાર આપવાની સરકાર, સમાજ, વૈદ્યો દ્વારા સગવડ વધે તો લોકોના રોગો થતાંની સાથે વૈદ્યો પાસે દોડી જાય તો ઘણા રોગો ઝડપી અને જડમૂળથી મટે. દરદીઓમાં પથ્યાપથ્યની સમજ વધે, રોગોના પ્રકારની પણ સમજ વધે, પીડા થાય કે પીડા શામક કોઈ ટીકડી લેવાને બદલે પીડાનો પ્રકાર સમજી તેનો છેદ ઉડાડનાર યોગ્ય દવા વિવેકપૂર્વક લેવાનું રાખે. વાતવાતમાં પેઈન રિલીફ અને ટ્રાન્ક્યુલાઈઝર ટીકડી લઈને રોગને દબાવવાની મિથ્યા અને સરવાળે હાનિકારક દવાના સકંજામાંથી પ્રજા છૂટે જેથી એક રોગ

મટાડતા બે રોગો પેદા ન થાય. ઊલટું એક રોગ મટાડવા જતાં બીજા બે રોગ ઊલટાના મટી જાય. સાદી, સોંઘી, સ્વાવલંબી નિર્દોષ દવા લેવાની પ્રથા વધે. એકમાંથી બીજા રોગોનું ઉત્પાદન થતું અટકે. શરદીમાં ઉધરસ, ઉધરસમાંથી શ્વાસ કે ક્ષય થવાનું શક્ય ન બને.

❖

શ્રી અરવિંદભાઈ ગજ્જર તેમના ૯ વર્ષના પુત્ર નયનને લઈને તા. ૧૭-૭-૯૭ના રોજ આવેલ...૧૩, સનરાઈઝ પાર્ક, ચાંદલોડિયા, અમદાવાદમાં રહે છે. ફોન નં. ત્યારનો હતો-૪૯૨૮૧૪. નયનને વાતજ કાસ (વાયુની ઉધરસ) હતી, શ્વાસ ચડતો હતો અને કાનમાં પણ દુખાવો થતો હતો, ઊબકા આવતા હતા,

રક્તાલ્પતાની તકલીફ પણ હતી. વર્ષાઋતુને કારણે પણ કેટલીક સહજ હતી. પરેજી માટે વાયુનું પત્રક આપ્યું હતું. તેમાં ઉષ્ણ-સ્નિગ્ધ આહાર-વિહાર યોજના હતી. પોષક આહાર-વિહાર અને આરામને પણ મહત્ત્વ આપવાનું હતું. આષધો આ પ્રમાણે હતાં -

૧. હુપિન સિરપઃ ૧-૧ સવારે-બપોરે, સાંજે-રાત્રે ૧-૧ ચમચી. (‘સાંડુ’નું ઉધરસ માટે)

૨. સોમાસવ...૧-૧ ચમચો જમ્યાબાદ બંને વખત. (શ્વાસ-ઉધરસ માટે, ‘સાંડુ’નો)

3. સિતોપલાદિ ચૂર્ણ...૧-૧ ગ્રામ સવારે-રાત્રે મધમાં. (સાચું વંશલોચન નાખેલ ઉધરસ-શ્વાસ માટે)

૪. શ્વાસ કાસ ચિંતામણિ...૧-૧ સવારે-રાત્રે મધ સાથે. (ઉધરસ-શ્વાસ માટે, ‘નાગાર્જુન’ ફાર્મસી’નો)

૫. મંડૂર ભસ્મ...૧/૪ ગ્રામ સવારે-રાત્રે મધ સાથે. (પાંડુ રોગ માટે ‘આયુ પ્રોડક્ટ્સ’ની કુંવારની ૨૧ ભાવના આપેલ)

૬. યષ્ટિમધુ વટી...૪ ચૂસવી.

૭. ખદિરાદિ વટી...૪ ચૂસવી.

૮. લાક્ષાદિ તેલ...છાતી-વાંસા પર માલિશ કરી ઉપર શેક કરવો.

તા. ૧-૮-૯૬ના રોજ ૧૫ દિવસે આવ્યા ત્યારે શ્વાસ, ઉધરસ, પાંડુત્વ વગેરે બધી જ તકલીફમાં પૂર્ણ આરામ થઈ ગયો હતો. છતાં, માફક આવેલી દવા દિવાળી સુધી ચાલુ રાખવાનું કહેલ. જેથી શિયાળામાં એ રોગો ફરીને માથું ઊંચકે નહીં.

# પ્રકરણ : ૪૪  ૮ વર્ષ જૂનો ડાયાબિટીસ દોઢ માસે મટ્યો !

મેહ, પ્રમેહ, મધુમેહ, મધુપ્રમેહ, પરમિયો અને મીઠીપેશાબના નામે ઓળખાતો મૂત્રમાર્ગનો રોગ ડાયાબિટીસ આજે પુષ્કળ પ્રમાણમાં વધી રહ્યો છે. કારણ કે તેનાં કારણો પણ વધી રહ્યાં છે. સૌથી મોટું કારણ છે પાચનતંત્રની-પેન્ક્રિયાસની વિકૃતિ. મોટે ભાગે કફપ્રકૃતિવાળા લોકોને આ રોગ થતો હોય છે. કારણ કે તેને પ્રાયઃ મંદાગ્નિ હોય છે. તેથી બધી જાતના પ્રમેહનાં મુખ્ય કારણો છે મંદાગ્નિ અને કફ. આરામપ્રિય અને મેદસ્વી લોકોને પણ આ રોગ થવા વધુ સંભવ છે. તેથી વૈશ્ય-વેપારી લોકોમાં તે વધુ જોવા મળે છે. કારણ કે તેમના સમૃદ્ધિ-નિશ્ચિંત એશ-આરામી જીવનમાં તેમને ખાટલેથી પાટલે કે પાટલેથી

ખાટલે જીવન જીવવાનું હોય છે. મોટરની શોધ પછી, ટી.વી., એ.સી., અને પંખાની શોધ પછી આ આરામી જીવનમાં ખૂબ વધારો થયો છે. શરીરને સુખ આપવાની આદત અને સાનુકૂળતાને કારણે સવારે મોડા ઊઠે છે, બપોરે ઊંઘે છે. ખોરાકમાં મીઠાઈ, મેવા, ફળો વગેરે કફકારક આહાર મંદાગ્નિમાં પણ આરોગે છે. બુદ્ધિજીવી લોકો, વેપારી લોકો અને શહેરના લોકોને ડાયાબિટીસ આ કારણે જ વધુ થાય છે.

એલોપથીમાં પથ્યાપથ્યની વિચારણા લગભગ નહીંવત્ છે. કેવળ એક ડાયાબિટીસમાં જ ડૉક્ટરો ગળપણ સાવ બંધ કરાવે છે. ચામાં પણ ખાંડની મનાઈ હોય છે. દાળ-શાકમાં પણ ગોળ-ખાંડ નાખવાનાં નથી હોતા. પરંતુ મીઠાં ફળો. મેવા, બિસ્કીટ, ચોકલેટ વગેરે લેવાની છૂટ હોય છે. મોટા ભાગના દરદી

સ્વાદપ્રિય હોવાથી મધુર રસ બંધ થવાથી અમ્લરસ વધુ લેવા માંડે છે. તેમાં દહીં, લીંબુ, ટમેટાં, કેરી, લીલી દ્રાક્ષ વગેરે વધુ લે તો તે અમ્લ રસ પણ કફકર હોવાથી ડાયાબિટીસને વધારી મૂકે છે. આયુર્વેદે તો આહારમાં પ્રમેહકારક તરીકે દહીંને પહેલું ગણાવેલ છે.

આસ્યાસુખં સ્વપ્નસુખં દધીનિ
ગ્રામ્યૌદકાનૂપરસાઃ પયાંસિ ।
નવાન્નપાન્નં ગુડવૈકૃતં ચ
પ્રમેહહેતુઃ કફકૃત્ ચ સર્વમ્ ।।

- ચરક ચિકિત્સા, અધ્યાય-૭

બેસી રહીને અત્યંત એશ-આરામ કે સુખ ભોગવનાર, બહુ ઊંઘનાર, દહીં ખાનાર, ગ્રામચર અને જળચર પ્રાણીઓનાં માંસ ખાનાર, નવું અન્ન ખાનાર અને નવું પાણી પીનાર, ગોળમાંથી બનતી વાનગીઓ ખાનાર તથા કફકારક કોઈ પણ આહાર-વિહાર કરનાર વ્યક્તિને પ્રમેહરોગ થાય છે.

બચપણથી જ ભેંશનું વાસી દૂધ, દહીં, વાસી માખણ, બિસ્કીટ, ચોકલેટ, પીપરમેન્ટ, આઈસ્ક્રીમ, તલની ચીકી, શિખંડ વગેરે ખાવામાં આવે છે ને સવારે મોડા ઊઠવાની આદતને કારણે મોટા ભાગના લોકોને પ્રમેહ થવાનું કારણ મળે છે. પ્રમેહનું નિદાન થયા પછી પણ ડૉક્ટરો ગળપણ ખાવાનું બંધ કરાવે તે પછી પણ દરદી સ્વાદલોલુપતાને કારણે ખાટું ખાવાનું શરૂ કરે છે. દહીં, લીંબુ, ટમેટાં, લીલી દ્રાક્ષ વગેરે આ દ્રવ્યો પણ કફ કરનારા હોવાથી ડાયાબિટીસને વધારનારાં

છે. દહીં ખાવાની ડૉક્ટરો છૂટ આપતા હોવાથી ઘણા દરદી તો શિખંડ અને કેરીનો રસ ઝાપટતા હોય છે.

નવું અનાજ પ્રમેહને વધારનાર હોવાથી જૂના ચોખા ખાવાની આયુર્વેદમાં અનુમતિ છે પરંતુ એલોપથીમાં ચોખા ખાવાની સદંતર ના પાડવામાં આવે છે તે યોગ્ય નથી. જૂના ચોખા તો સદા પથ્ય છે. ઘઉં કરતાં પણ પચવામાં હળવા છે.

પ્રમેહ એ વારંવાર મટનારો અને થનારો લપિયો રોગ હોવાથી ક્યારેક યાપ્ય અને અસાધ્ય થઈ જીવનભર સતાવનારો રોગ હોવાથી તેનાં ઔષધો હંમેશાં જીવનભર લેવાં પડતાં હોવાથી આયુર્વેદે પ્રમેહનાં ઔષધો સ્વાવલંબી, ઘરગથ્થુ, નિર્દોષ, સરળ અને સુપરિચિત હોય તેવાં ચિંધ્યા છે. હળદર, આમળાં,

ગળો, કારેલાં, ત્રિફળા, હરડે, લીમડો, બીલી, જાંબુ, મેથી વગેરે કોઈ દરદી આ દવામાંથી બેત્રણનું રોજ સેવન કરે તો દવાખાને જવું જ ન પડે. એક રૂપિયાનો પણ ખર્ચ કરવો ન પડે.

❖

નર્મદાબહેન ધીરુભાઈ પટેલ, ઉંમર ૩૫ વર્ષ, રહે છે...૧, સનશાઈન એપાર્ટમેન્ટ, ડ્રાઈવઈન, અમદાવાદમાં. તા. ૨૭-૫-૯૫ના દિવસે ડાયાબિટીસના રિપોર્ટ લઈને આવેલાં. તેમને બ્લડમાં ૨૫૯ નો આંક હતો. અને યુરિનમાં બે ચોકડી (++) હતી. આઠ વર્ષથી થયેલ આ રોગ યાપ્ય હતો જે દવાથી કેવળ કાબૂમાં રહે તેવો હતો. સાથે મૂત્રાવરોધ હતો, પેટમાં દુખતું હતું, કૃશતા હતી.

ઊંઘ ઓછી આવતી હતી. તેથી તેને વાતજ પ્રમેહ હોય તેવાં લક્ષણો હતાં. (કોઈ પણ પ્રકારનો પ્રમેહ લાંબો સમય ચાલે ત્યારે પ્રાયઃ વાતજ પ્રમેહ થવાનો સંભવ છે.) ગમે તે પ્રકારનો પ્રમેહ હોવા છતાં તેનું મૂળ કારણ કફ હોવાથી કફનું પથ્યાપથ્ય પત્રક આપવું પડતું હોય છે. જેમાં આટલી સૂચના ખાસ પાળવાની હોય છે...

- ગળપણ સદંતે બંધ કરવું. ગોળ, ખાંડ, મીઠાઈ, મેવા, મીઠાં ફળો, દૂધ, માખણ, ઘી, બિલકુલ બંધ કરવું. (ગળપણમાં કેળાં અને ચોખ્ખું મધ, કાજુ, અંજીર તથા ખારેક લઈ શકાય)
- દહીં બિલકુલ બંધ કરવું. પાતળી છાશ લઈ શકાય.

- ફળોમાં કેળાં, ખજૂર, ખારેક, દાડમ, જાંબુ, ખલેલાં, આમળાં લઈ શકાય. ફળોમાં કેરી, લીલી દ્રાક્ષ, કાળી-સૂકી દ્રાક્ષ, પપૈયુ, ચીકુ, સફરજન લઈ ન શકાય.
- ચીકણો, ભારે, વાસી ખોરાક કફકારક હોવાથી તે ન લેવો
- સવારે મોડા ઊઠવું નહીં. બપોરે ઊંઘવું નહીં.
- વધુ પાણી પીવું નહીં.
- વધુ આરામ કરવો નહીં.

ઔષધો આ પ્રમાણે હતાં:

૧. ગોક્ષુર ગૂગળ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે, ભૂકો કરીને.

૨. ચંદ્રપ્રભા વટી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૩. મામેજજક ઘનવટી...૪-૪ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૪. સિલેડિન ટીકડી...૨ રાત્રે પાણી સાથે.

૫. લિમિટ કેપસ્યૂલ...૨-૨ સવારે-સાંજે. (‘બાન’ની પેટન્ટ કેપ.)

તા. ૧૩-૬ના રોજ પગમાં દુખાવો થતો હતો, અશક્તિ જણાતી હતી તેથી ચાલુ દવા ઉપરાંત નીચેની દવા યોજી હતીઃ

૧. પંચગુણ તેલ...પગના દુખાવા પર માલિશ કરવા.

૨. સુવર્ણ વસંત કુસુમાકર...૧-૧ સવારે-રાત્રે ચોખ્ખા મધમાં. મધ ન હોય કે ન લેવાતું હોય તો તુલસીનાં પાનમાં મૂકીને ચાવી જવી કે ચૂસવી.

(નોંધઃ સુવર્ણ વસંત કુસુમાકર એ સુવર્ણયુક્ત રસઔષધ હોવાથી તેની કિંમત વધારે હોય છે સુખી-સમૃદ્ધ દરદીને તે ખાસ આપવા જેવું છે. તે પ્રમેહ મટાડે છે,

શક્તિપ્રદ છે અને ખાસ તો પ્રમેહના જીવનનાં પાછલાં વર્ષોમાં ઓજસ અલ્પતા થતી હોય છે. વાયુપ્રકોપ થતો હોય છે. કારણ કે આવા દરદીને વર્ષો સુધી મધુર-સ્નિગ્ધ આહાર ન મળવાથી ઓજસ અલ્પતા અને વાયુવૃદ્ધિ સહજ થાય છે. ઓજસ અલ્પતાને કારણે તીવ્ર અવસ્થાના વાતજ પ્રમેહમાં મૂર્ચ્છા-કોમાનો ઉપદ્રવ થતો પણ સુવર્ણ અટકાવે છે. (આ સુવર્ણ વસંત કુસુમાકરમાં સાચું સુવર્ણ હોવું જોઈએ અને તે શાસ્ત્રીય રીતે બનાવેલ હોવો જોઈએ)

તા. ૮-૭-૯૫નો રિપોર્ટ નવાઈ પમાડે તેવો હતો. દોઢ મહિનામાં જ આઠ વર્ષનો ડાયાબિટીસ 'Nill' થઈ ગયો હતો ! વજન પણ વધ્યું હતું. તેથી તે દવા ચાર-છ મહિના સુધી સતત ચાલુ રાખવાનું કહેલું. કડક પરેજીની સાથે.

# પ્રકરણ : ૪૫ એક અનામી ચર્મરોગ

વાયુ, પિત્ત, કફ દૂષિત થવાથી, સાત ધાતુઓ દૂષિત થવાથી, મળો દૂષિત થવાથી, જઠરાગ્નિની વિકૃતિથી, ઋતુને કારણે, પ્રકૃતિને કારણે, પ્રદેશને કારણે, સવાર-બપોર-સાંજે અને રાત્રિને કારણે, ઉંમરને કારણે, મનના રજોગુણ-તમોગુણને કારણે, માનસિક નબળાઈને કારણે, શારીરિક નબળાઈને કારણે, અસાત્મ્યતા (એલર્જી)ને કારણે, અભિઘાત (વાગવું), આગન્તુ (બહારથી આવેલ કારણો જંતુ, અતત્વાભિનિવેષ વગેરે), પૂર્વજન્મ, કુકર્મ, બીજદોષ વગેરે અનેક કારણે વ્યક્તિને રોગો થઈ શકતા હોય છે. અને એ રોગોને સેંકડો નામો

આપવામાં આવેલ છે. તેનાં કારણો, લક્ષણો, પૂર્વરૂપો, રૂપો, ઉપદ્રવો, સાધ્યાસાધ્યતા, રિષ્ટ (મૃત્યુ સૂચક) લક્ષણો વગેરેનું વર્ણન આયુર્વેદની સંહિતાઓ ભરીભરીને કરવામાં આવેલ છે. અને પાર વગરની ચર્ચા વિચારણામાં નક્કર કારણો વચ્ચે પણ આયુર્વેદના ઋષિઓએ એવું પણ કહેલ છે કે રોગો કેવી રીતે પેદા થાય છે, કેવી રીતે મટે છે ને ક્યારેક તે ક્ષણવારમાં પેદા થાય છે ને ક્ષણમાં મટી પણ જાય છે. તે રહસ્યમય છે. તેને સમજવું મુશ્કેલ છે. ઘણા એવા રોગો પણ જોવા મળે છે કે જેને નામ આપવું મુશ્કેલ છે. ચરકસંહિતામાં કહ્યું છે...

વિકારનામાકુશલો ન જિહ્રિયાત્ કદાચન ।

ન હિ સર્વ વિકારાણાં નામતોડસ્તિ ધ્રુવાસ્થિતિઃ।।

રોગનું નામ નહીં આપી શકનાર વૈદ્યે શરમાવાની જરૂર નથી. કારણ કે બધા જ રોગનાં નામ કાંઈ સ્થિર રહેતાં નથી. (બદલાયા કરે છે)

કેવળ લક્ષણો, વાત-પિત્ત-કફ કે ધાતુ-મળોની વધઘટ ઉપરથી અનુમાન કરી સારવાર કરી શકાય અને પરિણામ લાવી શકાય. રોગનાં નામ તો નિદાન બદલાઈ જતાં બદલાઈ જતાં હોય છે. સવારે જૂદું તો રાત્રે જૂદું ! આધુનિક ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો પણ આ બાબતનો સ્વીકાર કરે છે ને ડગલે ને પગલે તેનો અનુભવ પણ કરે છે.

જો કે એલોપથી તો શોધાતું વિજ્ઞાન છે. જે બાબત શોધાઈ ન હોય તેના માટે તે લાચાર હોય છે. પરંતુ આયુર્વેદમાં એવું નથી. તે તો દોષો, લક્ષણો, દૃષ્યો ઉપરથી જ સારવાર કરી શકે છે ને પરિણામ મેળવી શકે છે.

❖

શ્રી નરેન્દ્રભાઈ શાન્તિલાલ ઠક્કર તા. ૮-૧-૯૯ના દિવસે વાડીરોડ, ડીસા, જિ. સાબરકાંઠાથી આવેલા. તેમને જોષી ડેકોરેશનવાળા શ્રી કેશવલાલ ડી. જોષીએ મોકલ્યા હતા. ઉંમર હતી ૨૫ વર્ષની. તેમનો ફોન નં હતો ૨૧૫૩૬. તેમને ન સમજાય તેવું ત્વચાનું વિચિત્ર દરદ હતું. શિયાળો હોવા છતાં પિત્તના લક્ષણ હતાં. નાકમાં રંગપરિવર્તન વારંવાર થતું હતું. તાપ વખતે તે લાલ થઈ

જતું, સાંજના-રાતના સમયે વાયુને કારણે કાળું થઈ જતું, સવારે કફના સમયે ધોળું ! કુદરતી ! શરીર પર પણ કાળાં ચકામાં હતાં. દરદીનું બંધારણ હતું રક્તસાર તેથી દરદીના શરીરમાં સાત ધાતુમાંથી રક્તનું પ્રમાણ વધારે હતું. શરદીનો પણ તેનો જૂનો ઈતિહાસ હતો. અને અગાઉ ટાઈફોઈડ પણ થઈ ગયેલો. ઝડપથી રંગપરિવર્તન થવું તે, કાળો રંગ થવો તે વાયુનું, લાલરંગ અને રક્તસારતા તે પિત્તનું અને શરદી હતી તે કફનું લક્ષણ ગણી શકાય. તેથી ત્રિદોષશામક પત્રક પાળવા માટે આપ્યું હતું. દોષ તરીકે પિત્ત-વાયુ અને દૂષ્ય તરીકે રક્તને કેન્દ્ર સમજી સારવાર આપવાની હતી. દરદીની જાતીય તપાસમાં શિશ્નમણિનો ભાગ ખૂબ જ લાલ રહેતો હતો. જાતીય ઉત્તેજનાનું પ્રમાણ પણ વધુ રહેતું હતું જે રક્તસારતા અને પિત્તપ્રકૃતિની ચાડી ખાનારાં હતાં.

ઔષધો આ પ્રમાણે હતાં:

૧. સારિવાદ્યાસવ...૧-૧ ચમચો જમ્યા બાદ સમાન પાણી મેળવીને બંને વખત.

૨. મંજિષ્ઠાદિ ઘનવટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.

3. નિમ્બઘનવટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.

૪. શતાવરી ટીકડી...૨-૨ બપોરે-રાત્રે.

૫. વર્ણક લેપ...મોં પર તથા કાળા ડાઘ પર લગાડવા.

તા. ૨૦-૨ના રોજ સારું હતું. તા. ૨૦-૩ ના રોજ પણ થોડો ફાયદો હતો. છતાં પૈત્તિક ચર્મરોગ સમજીને નીચેની દવા યોજી હતી:

૧. ચંદનાસવ...૧-૧ મોટો ચમચો સવારે-સાંજે સમાન પાણી મેળવીને જમ્યા બાદ બંને વખત.

૨. શતાવરી ટીકડી...૨-૨ પાણી સાથે.

૩. યષ્ટિમધુ ટીકડી...૨-૨ પાણી સાથે.

૪. ત્રિફલા ટીકડી...૪ રાત્રે પાણી સાથે.

૫. ડર્માફેક્સ ટ્યૂબ...કાળા ડાઘ પર લગાડવા માટે. (‘ડેક્કન’ અથવા ‘બજાજ’ ફાર્મસીની)

તા. ૧૪-૬-૯૯ સુધી સારવાર ચાલુ રાખવાથી પિત્તનું શમન થતાં, રક્તશુદ્ધિ થતાં લાલાશ (રક્તમા) સાવ મટી ગઈ હતી. કાળા ડાઘ (નીલિકા)માં પણ સુધારો થયો હતો. તેમાં ઝડપ આવે તે માટે કુંકુમાદ્ય તેલ લગાડવા માટે ઉમેર્યું હતું.

# પ્રકરણ : ૪૬   અલ્સરમાં પૂર્ણ આરામ

આયુર્વેદની સંહિતાઓમાં તો આયુર્વેદના સિદ્ધાંતોનું વર્ણન વિગતે આપવામાં આવેલ છે. તે પ્રમાણે કેટલીક શાસ્ત્રીય પ્રકીર્ણ પુસ્તિકામાં પણ આયુર્વેદના સિદ્ધાંતોનું જ્ઞાન પીરસવામાં આવેલ છે. 'યોગશતક' નામની નાનકડી પુસ્તિકામાં વાયુ-પિત્ત-કફ વિષે જે વ્યવસ્થિત અને મધુર શ્લોકો આપવામાં આવેલા છે તે સૌ કોઈએ કંઠસ્થ કરી લેવા જેવા છે. તેમાંના પિત્તપ્રકોપક કારણો આ પ્રમાણે છેઃ

કટ્વમ્લમદ્યલવણોષ્ણ વિદાહિતીક્ષ્ણ ।
ક્રોધાતપાનલભયશ્રમ શુષ્કશાકૈઃ ।

ક્ષારાદ્યજીર્ણ વિષમાશન ભોજનૈશ્ચ ।
પિત્તં પ્રકોપમુપયાતિ ધનાત્યયે ચ ।।

તીખો અને ખાટો રસ, મદ્યપાન, ખારો રસ, ગરમ, વિદાહ કરનારાં અને તીક્ષ્ણ ગુણવાળાં આહાર દ્રવ્યો; ક્રોધ, તડકો, અગ્નિ, ભય, શ્રમ અને સૂકવણી કરેલાં શાક, ક્ષાર, વિષમભોજન તેમ જ શરદઋતુ તથા ગ્રીષ્મઋતુને કારણે પિત્તનો પ્રકોપ થાય છે.

ગ્રીષ્મ-શરદ એ બંને ગરમ ઋતુ, ગરમ પ્રદેશ અને ગરમ પ્રકૃતિ, પિત્ત પ્રકૃતિવાળા લોકો, ગુણમાં તથા સ્પર્શમાં ગરમ ખોરાક, તીખો-ખાટો રસ, તળેલો, આથાવાળો અને ક્ષારવાળો આહાર વધુ પ્રમાણમાં અને હંમેશાં ખાવામાં આવે તો તેવી વ્યક્તિને પિત્તના રોગો વધુ થવાની સંભાવના છે. માનસિક રીતે ક્રોધ અને

રજોગુણ પણ તેમાં ઘણો ભાગ ભજવે છે. ગરમ દવાઓ, દારૂ, તમાકુ, મસાલા વગેરે ગરમ હોવાથી, પિત્તકારક હોવાથી પિત્તના રોગો પેદા કરે છે. દિવસની ઊંઘ, મોડા ઊઠવાની આદત, ધૂંધવાટ, જુસ્સો, ક્રાન્તિકાર્ય વગેરે પિત્તપ્રકોપક હોવાથી પિત્તના ૪૦ પ્રકારના રોગોમાંથી કોઈ ને કોઈ રોગ પેદા થઈ શકે છે. આજના ગરમ આહાર અને માનસિક ઉત્તાપને કારણે પેટનું અલ્સર થવું તે સામાન્ય રોગ બની ગયો છે. તેમાં દરદીને ભયંકર દુખાવો, દાહ અને બેચેની થાય છે. ઝાડા થાય છે ને તેમાં ક્યારેક લોહી પણ પડે છે. ગરમીની ઋતુમાં આવા અલ્સરના દરદી માટે જીવવું અસહ્ય બની જાય છે. ડૉક્ટરો પેટના અલ્સરમાં ઓપરેશન કરાવી નાખવાની ભલામણ કરે છે. અને ઓપરેશન કરવા છતાં પણ ઘણા કેસમાં કાંઈ વળતું નથી. ઊલટાની ઓપરેશનની નવી તકલીફો ઉમેરાય છે. તેને બદલે આયુર્વેદની પિત્તશમન કરનારી અને રૂજ લાવનારી

શીતળ સારવાર લાંબો સમય લેવામાં આવે તો મોટે ભાગે અલ્સર સકારણ મટી જાય છે. એવા એક કેસનો અહેવાલ આ પ્રમાણે છે...

❖

શ્રી નરેન્દ્ર સી. પટેલની ઉંમર ૫૧ વર્ષ. રહે...મોતિલાલ પાર્ક, કોમર્સ હૉસ્ટેલ પાછળ, નવરંગપુરા, અમદાવાદમાં. તે તા. ૫-૯-૮૫ના રોજ ક્રોનિક અલ્સરની ફરિયાદ લઈને આવેલા. આવીને તેમણે કહેલું, ‘ આઠ વર્ષથી મને ઝાડા સાથે લોહી પડે છે. ડૉ. એન.કે.પરીખે અલ્સરનું નિદાન કર્યું હતું અને તેમની દવાથી ફાયદો થયો હતો. પરંતુ ત્રણ વર્ષે ફરી પાછું ૮૧માં થયું હતું. ફરીને ડૉ. પરીખને બતાવ્યું. તેમણે સેલ્ઝોપાઈરિનની ૫૦૦ ગોળી ગળાવી પરંતુ ફાયદો ન થવાથી કુટજારિષ્ટ પીવાથી અને દશાંગ લેપનો લેપ કરવાથી દુખાવો અને ઝાડામાં લોહી પડવું બંધ થયું હતું. અત્યારે ઝાડા પાંચ-છ થાય છે, તેમાં

લોહી પણ પડે છે, બળતરા અને દુખાવો થાય છે. મળ ગંઠાયેલો આવે છે. અધૂરામાં પૂરું મને અઢી વર્ષથી જમણા પગે ખરજવું પણ થયું છે.

ઝાડા અને રક્તસ્રાવ બંધ કરવા માટે મેં 'અતિસાર પત્રક' આપ્યું હતું. ઔષધોની યોજના આ પ્રમાણે હતી

૧. કુટજ ઘનવટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે કે બકરીના દૂધ સાથે.

૨. કુટજારિષ્ટ...૧-૧ મોટો ચમચો જમ્યા બાદ સમાન પાણી મેળવીને બંને વખત.

૩. અલ્સરેક્સ ટીકડી...૨-૨ બપોરે-રાત્રે બકરીના દૂધમાં. ('ચરક'ની પેટન્ટ)

૪. જેઠીમધ ચૂર્ણ...૧ ગ્રામ

શતાવરી ચૂર્ણ...૨ ગ્રામ સવારે-સાંજે મોળી છાશ અથવા બકરીના દૂધ સાથે.

આઠ જ દિવસમાં તા. ૧૩-૯ના રોજ ૫૦% ફાયદો હતો ! તા. ૨૬-૯-૮૫ના રોજ અલ્સરની ફરિયાદોમાં પૂર્ણ આરામ થઈ ગયો હતો. પણ આયુર્વેદના નિયમ પ્રમાણે આઠ વર્ષનું અલ્સર યાપ્ય હોવાથી તદ્દન મટી શકે નહીં. દવાના સહારે કાબૂમાં રહી શકે. તેથી આ દવાઓ સતત ચાલુ જ રાખવાની હતી. ખાસ કરીને પિત્તની ઋતુમાં તો પથ્યપાલન સાથે માફક આવેલાં આ ઔષધો ચાલુ રાખવાનું કહેલું.

## પ્રકરણ : ૪૭ માથાની ખંજવાળ ને ખરતા વાળ

'ન કફેન વિના કંડૂઃ'- કફ વિના ખંજવાળ ન આવે તે આયુર્વેદનું ચોક્કસ સૂત્ર છે. શરીરમાં ક્યાંય પણ ખંજવાળ આવે તો તે ભાગમાં કફ વધવો કે કફનો અવરોધ થવો કારણભૂત હોય છે. ખોડાને કારણે કે ગૂમડાં (અરૂંષિકા-દારુણ)ને કારણે માથામાં ખંજવાળ આવતી હોય છે. તે સિવાય પણ આવતી હોય તો માથાની ત્વચામાં કફ વધ્યો છે કે વિકૃત થયો છે તેમ અનુમાન કરી શકાય.

શ્રી નરેશભાઈ કનૈયાલાલ ઠક્કરને તેવું જ થયું હતું. ૨૮ વર્ષની વયે તેમને માથામાં એક વર્ષથી ખૂબ જ ખંજવાળ આવતી હતી. અને વાળ ખરતા હતા. તેમનું રહેણાંક હતું...રવીન્દ્રનાથ ટાગોર સોસાયટી, પાલડી, અમદાવાદ. તા. ૯-૮-૯૦ના રોજ આવેલા. તેમની પ્રકૃતિ કફની હતી, વજન ૭૦ કિલો જેટલું હતું. તેથી મેદસાર પણ હતા. તેમના આખા શરીરે ચટકા ભરતા હોય તેવી

ખંજવાળ આવતી હતી. લોહી વિકારનું એ લક્ષણ કહી શકાય. તેથી 'ત્રિદોષશામક પથ્યાપથ્ય પત્રક' આપ્યું હતું. તે અનુસાર ગળપણ, ખટાશ. મીઠું, તળેલું, આથાવાળું, મીઠાઈ, દૂધ, દૂધની વાનગી, ફળો વગેરે કફકારક આહાર બંધ કરવાના હતા. મોડા ઊઠવાનું ન હતું અને દિવસે સૂવાનું ન હતું.

ઔષધો આ પ્રમાણે હતા -

૧. કેશલ ટીકડી...૨-૨ સવારે-રાત્રે ભૂકો કરીને પાણી સાથે.
૨. મંજિષ્ઠાદિ ઘનવટી...૨-૨ બપોરે-રાત્રે ભૂકો કરીને પાણી સાથે.
3. ત્રિફલા ટીકડી...૪ રાત્રે પાણી સાથે.
૪. એલેરિન ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. ('બાન'ની)

૫. શાકુંતલ તેલ...માથે માલિશ કરવા તથા નસ્ય લેવા. (નાકમાં ટીપાં નાખવાં, 'નાગાર્જુન'નું)

માત્ર સત્તાવીશ દિવસની સારવારથી સાવ સારું થઈ ગયું હતું. માથામાં ખંજવાળ આવતી બંધ થઈ ગઈ હતી અને વાળ ખરતા પણ બંધ થઈ ગયા હતા. પરંતુ કબજિયાત રહેતી હોવાથી સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ ૧ ચમચી (૮ ગ્રામ) રાત્રે પાણી સાથે લેવા આપ્યું હતું.

❖

લાંબા અનુભવે એવું જણાયું છે કે લોકો સ્વાદલોલુપતાને કારણે સ્વાદિષ્ટ ખોરાક વધુ ખાતાં હોય છે. અને જરૂર કરતાં પણ વધુ અને વારંવાર ખોરાક ખાતાં હોય છે. તેથી આમમેદ અને કફજન્ય રોગ વધુ થાય છે જેને 'સ્વાદની સજા' કહેવી હોય તો કહી શકાય. તેમાં પ્રાયશ્ચિત થવાથી-સ્વાદ છોડવાથી સમતા આવી જતાં સારું થઈ જતું હોય છે. તેથી જ લોકો પથ્યપાળવા માટે તૈયારી બતાવે છે, પોતાને ગમતો રસ અને ગમતી વાનગીનો ત્યાગ કરે છે. તેના ફળ સ્વરૂપે તેમનો રોગ મટે છે. આયુર્વેદે તે કારણે ચિકિત્સાનો એક પર્યાય 'પ્રાયશ્ચિત' પણ રાખ્યો છે. સંયમ, તપ, ત્યાગ, તિતિક્ષા, વ્રત, નિયમ, ઉપવાસ, એકટાણાંનું મહત્ત્વ આ કારણે જ, સ્વાદલોલુપતાને અને લોભને નાથવા માટે છે.

એલોપથી સારવારમાં તપ, ત્યાગ, પથ્ય, પ્રાયશ્ચિતને લગભગ સ્થાન ન હોવાથી મોટા ભાગના રોગો મટતા નથી. રૂપાન્તર પામે છે કે દબાયેલા ફરી ફરીને પેદા થાય છે. સ્વચ્છન્દતાને કારણે આજે રોગો વધી રહ્યા છે, સારવાર નિષ્ફળ નીવડી છે ને ચિકિત્સા એક ‘ધંધો’ બની ગઈ છે.

## પ્રકરણ : ૪૮ છેવટે જીર્ણજ્વરને જવું પડ્યું

જ્વર-તાવ–ને રોગનો રાજા કહ્યો છે. કારણ કે સર્વત્ર થતો હોય છે. એક પણ વ્યક્તિ એવી નહીં હોય કે જેને જીવનમાં એકાદ વખત તો જ્વર આવ્યો ન

હોય. જ્વર સ્વતંત્ર રોગ પણ છે ને ઉપદ્રવ કે લક્ષણરૂપે અનેક રોગોમાં સામેલ હોય છે. જ્વરના પ્રકાર પણ પુષ્કળ છે. બધા મળીને કદાચ સાંઠ-સિત્તેર પ્રકારના જ્વરનું વર્ણન ભાવપ્રકાશ સંહિતામાં વિસ્તૃત અને વ્યવસ્થિત આપવામાં આવેલ છે. જ્વરની સારવાર પણ વિવિધતાભરી છે. જો જ્વરની મિથ્યા ચિકિત્સા થાય તો તેને કારણે જીવનભર અનેક રોગો, ઉપદ્રવો, લક્ષણો સતાવતા રહે છે. સંપૂર્ણરૂપે તાવને મટાડવા તે પણ એક કલા છે. સાચા ચિકિત્સકની પરખ તાવ ઉતારવામાં માનવામાં આવી છે. ત્રિદોષજ્વરમાંથી સાચી રીતે, પૂરી રીતે મુક્તિ અપાવે તેવા વૈદ્યને શ્રેષ્ઠ વૈદ્ય માનવામાં આવેલ છે. જે વૈદ્યને સાચી રીતે-પૂરી રીતે જ્વર મટાડતા આવડ્યો તે બધા જ રોગો પર વિજય મેળવી શકે છે તેવું

આયુર્વેદમાં કહેવામાં આવેલ છે. કારણ કે અઘરી જ્વરચિકિત્સામાં વૈદ્યના જ્ઞાન-અનુભવ અને દક્ષતાની સતત કસોટી થતી હોય છે.

'ન આમેન વિના જ્વરઃ, ન અજીર્ણેન વિના જ્વરઃ (આમ વિના તાવ ન આવે.; અજીર્ણ વિના તાવ ન આવે.') એ સૂત્ર અનુસાર પાચનતંત્રની વિકૃતિથી જ પ્રાયઃ તાવ આવે છે. અને તે વિકૃતિ દૂર કરીએ તો જ તે દૂર થઈ શકે. તેથી જ તો 'લંઘનં પરં ઓષધમ્ । લંઘન (લાંઘણ-નકોરડા ઉપવાસ એ તાવનું શ્રેષ્ઠ ઔષધ છે.) અને 'જ્વરાદૌ લંઘનં પ્રોક્તમ્ । -તાવની શરૂઆતમાં લંઘન કરવાનું કહેલ છે.' જેવાં સૂત્રોનું જ્વરચિકિત્સામાં વધુ મહત્ત્વ છે. જ્વરમાં નીચેના નિયમો અનિવાર્યપણે પાળવામાં આવે તો જ સાચી રીતે, આદર્શ રીતે તાવ ઊતરે. તો જ સો ટકા જ્વરમુક્તિ સંભવી શકે.

- પાણી અર્ધું બાળેલું જ પીવું. પિત્તજવર હોય તો તેમાં સુગંધીવાળાની પોટલી નાખવી, વાતજ્વર હોય તો સૂંઠના ટૂકડા નાખવા. કફજ્વર-વાતજ્વરમાં હુંફાળુ પાણી પાવું. પિત્તજ્વરમાં માટલીમાં ઠંડું કરેલું પાણી પાવું. તાવના દરદીને પુષ્કળ પાણી પીવા ન આપવું. વારંવાર થોડું થોડું આપવું જેથી મંદાગ્નિ ન વધે.
- સ્નાન ન કરવું, પરિશ્રમ ન કરવો, સંયમ પાળવો.
- તાવ ચાલુ હોય ત્યાં સુધી ખાવા-પીવામાં કશું ન લેવું. ચા, કોફી, ઉકાળો, દૂધ, મોસંબીનો રસ, ગ્લુકોઝનું પાણી, મધનું પાણી, મગનું પાણી, ફળોનો રસ, પપૈયું વગેરે કોઈ જ નહીં. કેવળ નકોરડા ઉપવાસ કરી નાખવા. (વધુ ઉપવાસ કરતી વખતે વૈદ્યની સલાહ લેવી)

- તાવ ઊતર્યા બાદ ચાર-છ કલાકે થોડું મગનું પાણી, ચા, કોફી, ઉકાળો, રીંગણનો સૂપ, પરવળનો સૂપ, તાંદળજાનું પાણી, મધનું પાણી વગેરેમાંથી  માફક પ્રવાહી થોડી માત્રામાં લઈ શકાય.
- તાવ ઊતર્યા બાદ બેત્રણ દિવસે મમરા, મગની દાળ, મગ, ચણા, ખાખરો, મગ-ચોખાનો પાપડ, સારેવડું, કાળી સૂકી દ્રાક્ષ, દાડમ, બાજરીની કોપટી, રીંગણનો ઓળો, પરવળ-રીંગણ-કારેલાં કે કંકોડાનું શાક, આદું, હળદર, કોથમીર, સિંધવ વગેરે લઈ શકાય.
- આઠ દિવસે રોટલી-ભાખરી જેવો ઘન ખોરાક પૂર્વવત્ શરૂ કરી શકાય.

જે દરદીને આ ક્રમથી સારવાર કરવામાં નથી આવતી અને તાવમાં મિથ્યા અને અપથ્ય આહાર-વિહાર ચાલુ રાખવામાં આવે છે તેના તાવ ટાઈફોઈડ, ન્યુમોનિઆ, મેલેરિયા, ઝેરી મેલેરિયા વગેરે નવાં નામ ધારણ કરે છે.

એલોપથીક દવાથી એન્ટિબાયોટિક દવાથી તેને દબાવવામાં આવે તો પાર વગરના ઉપદ્રવો પેદા થાય છે, રોગ લંબાય છે, અશક્તિ આવે છે, ક્યારેક દરદી મૃત્યુના મુખમાં પણ ધકેલાય છે. હૉસ્પિટલમાં દાખલ કરી બાટલા ચડાવવામાં આવે છે. ઝેરી અને મોંઘી એન્ટિબાયોટિક દવા લેવાથી દરદીને અજીર્ણ, અરુચિ, કબજિયાત, અશક્તિ, ચક્કર, કૃશતા, વારંવાર તાવ આવ્યા કરવો, શરદી, મંદાગ્નિ, વાળ ખરવા, વંધ્યત્વ વગેરે રોગો થયા જ કરે છે. દરદી બચી જાય છે પણ તે જીવનભર માટે રોગિષ્ઠ બની જાય છે.

સાવ સાદા તાવમાં જ્યાં આયુર્વેદીય સારવારથી બેત્રણ દિવસમાં સારું થઈ શકે ત્યાં ડૉક્ટરી મિથ્યા સારવારથી મહિનાઓ સુધી દરદી અને તેનો પરિવાર દુખી દુખી થઈ જવા છતાં મટે ત્યારે જાણે દરદીને મહામુશીબતે

બચાવી શકાયેલ છે તેવો ભાવ ઉભય પક્ષે ઊભો થાય છે. ડૉક્ટરી સારવાર ન હોત તો ?...આવી દવા શોધાઈ ન હોત તો દરદી બચત જ નહીં તેવો ઉપકાર સમાજ ઉપર લાદવામાં આવે છે.

આજે સમાજમાં જેટલા રોગો જણાય છે તેમાંના ચોથા ભાગના રોગો તાવની મિથ્યા ચિકિત્સામાંથી ઉદ્દભવેલા હોય છે.

જે તાવ શરીરના આમ અને અજીર્ણને પકાવીને શરીર શુદ્ધ કરવા મિત્ર બનીને આવેલ હોય છે તેને દુશ્મન સમજીને આવે કે તરત જ તેના ‘ટેમ્પરેચર’ નામના એક લક્ષણને દબાવી દેવાનું ગાંડપણ માણસ જાતને માટે ખૂબ મોંઘુ

પડી રહ્યું છે ને વધુને વધુ મોંઘુ પડવાનું છે એ અજ્ઞાનનું ફળ એવું આવશે કે ક્યાંય કોઈ સ્વસ્થ વ્યક્તિનો નમૂનો શોધ્યો નહી મળે.

❖

શ્રી નાગજીભાઈ ગોકળભાઈ પટેલ...હાઉસિંગ કોલોની, મેઘાણીનગર, અમદાવાદના દરદી. બીજી ઓક્ટોબર-૭૭ના શુભ દિવસે આવેલા. તેમની ઉંમર હતી ૨૧ વર્ષની. નોકરી કરતા હતા. તેનો તાવ કાબૂમાં ન આવતાં આવેલા. મહિનાથી તાવ બિલકુલ ઊતરતો ન હતો. ૨૫ દિવસ સુધી તાવ સતત ચાલુ રહે તો તે જીર્ણજ્વર કહેવાતો હોવાથી તેમાં ટી.બી., બ્લડકેન્સર જેવા રોગો હોવાની શંકા થવા માંડે છે. ઘણા ડૉક્ટરોની સ્થાનિક સારવાર લીધા પછી પણ બધા

રિપોર્ટ કરાવ્યા પછી પણ જીર્ણજ્વર કાબૂમાં આવતો ન હતો. આ રીતે તેને બે વરસથી તાવ વારંવાર ઊથલો માર્યા કરતો હતો. બપોરે ૧૨ વાગ્યે તાવ આવીને ૫ વાગ્યા સુધી રહેતો હોવાથી જીર્ણપિત્તજ્વરનું સ્પષ્ટ નિદાન કરી શકાય. વળી, ત્યારે ભાદરવો મહિનો પ્રાયઃ ચાલતો હતો. સાથેનાં લક્ષણો વાયુનાં હતાં. ઉરઃશૂળ લક્ષણ મુખ્ય હતું. હાથ-પગ તૂટવા, માથું દુખવું, અશક્તિ વગેરે હોવાથી જીર્ણ 'પિત્તવાતજ્વર'નું મેં નિદાન કર્યું હતું.

આહાર-વિહારની સૂચના આ પ્રમાણે આપી હતીઃ

- પાણી ઉકાળીને ઠારેલું જ પીવું, વધારે ન પીવું.
- વધુ પરિશ્રમ ન કરવો, શક્ય તેટલો વધુ આરામ કરવો.

- ખોરાકમાં બની શકે તો ગાયનું કે બકરીનું ધારોષ્ણ (તાજું જ) દૂધ દિવસમાં બે ત્રણ વખત તરત પી જવું. તેનાં ફીણ મળે તો ખાસ પીવાં.
- ખોરાકમાં પાતળી-ગરમ બેત્રણ રોટલી, ખાખરા, મગ-ચોખાના પાપડ, મમરા, મગ, મગની દાળ, ખીચડી, ભાત, ઘઉંની થૂલી, તુવેરદાળ, તાંદળજો-પરવળ, દૂધી, કંકોડા, રીંગણ, કારેલાં, મેથીની ભાજી, દાડમ, આમળાં, ગાયનું ઘી, ગાયનું તાજું માખણ, સૂકી દ્રાક્ષ, આદું, લસણ, હળદર, કોથમીર, મીઠો લીમડો, હિંગ, મેથી, જીરું, તલ વગેરે લેવાનાં હતાં. ભૂખથી થોડું ઓછું જમવાનું હતું.

ઔષધો આ પ્રમાણે આપેલાં:

૧. રત્નગિરિ રસ...૧-૧ સવારે-રાત્રે મધમાં.

૨. સંશમની વટી...૨-૨ બપોરે-રાત્રે ભૂકો કરીને પાણી સાથે.

૩. શ્વાસકુઠાર રસ...૧-૧ સવારે-રાત્રે મધમાં. (છાતીનો દુખાવો તથા શૂળ માટે)

૪. ઉશિરાસવ + સુદર્શન કાઢા...સવારે-સાંજે સમાન પાણી મેળવીને

કેવળ ૬ દિવસમાં જ તાવ સાવ ઊતરી ગયો હતો. ડૉક્ટરી દવાઓ બધી બંધ કરી દીધી હતી. શરીર દુખતું હતું, થાક (કલમ) લાગતો હતો. માથું અને છાતીમાં દુખાવો થતો હતો. તેથી નવેસરથી વાયુને પ્રધાનતા આપીને દવા આ પ્રમાણે ગોઠવી હતી.

૧. સંશમની વટી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને કે ચાવીને પાણી સાથે.

૨. અજમોદાદિ કેપ...૨-૨ સવારે-સાંજે.

૩. ત્રિભુવનકીર્તિ રસ...૧/૮ ગ્રામ (૧ રતી)

ત્રિકટુ ચૂર્ણ...૧ ગ્રામ

ગોદન્તી ભસ્મ...૧ ગ્રામ સવારે-સાંજે મધ સાથે.

૪. દશમૂલારિષ્ટ...૧-૧ જમ્યા બાદ બંને વખત સમાન પાણી મેળવીને.

તા. ૧૬-૧૦ના રોજ કેવળ છાતીમાં દુખાવા સિવાય કોઈ તકલીફ ન હતી. તેથી પડીકામાં કેવળ ત્રિકટુની જગ્યાએ અગ્નિરસ અને ગોદન્તી ભસ્મની જગ્યાએ શ્રૃંગભસ્મ...૧/૪ ગ્રામ બદલીને આપી હતી. તા. ૨૭-૧૦ના રોજ ફાયદો હતો. પણ ૩૦-૧૦ના રોજ બે વર્ષથી પાછળ પડેલો છાતીનો દુખાવો થોડો હતો જ તેથી નીચેનો ઔષધક્રમ ગોઠવ્યો હતો.

૧. પંચગુણ તેલ...છાતી પર સવારે-રાત્રે માલિશ કરી ઉપર શેક કરવો.

૨. દશમૂલારિષ્ટ + અભયારિષ્ટ...૧-૧ ચમચો જમ્યા બાદ.

૩. અગ્નિરસ...૧ ગ્રામ

શ્રૃંગભસ્મ...૧/૪ ગ્રામ

ત્રિકટુ...૧ ગ્રામ સવારે-સાંજે મધ સાથે.

તા. ૬-૧૧-૭૭ના દિવસે બરાબર ૩૫માં દિવસે આવ્યા ત્યારે તેમનો બે વર્ષનો તાવ તથા છાતીનો, માથાનો, હાથ-પગનો દુખાવો સદંતર ચાલ્યો ગયો હતો અને છેવટે જીર્ણ જ્વરે જવું પડ્યું હતું. તેથી છેલ્લી દવા બંધ કરી દેવાનું કહેલું.

# પ્રકરણ : ૪૯   સૂર્યાવર્ત મટ્યો સાત દિવસમાં

આયુર્વેદના સ્નાતકો મોટે ભાગે એલોપથી પ્રેકટીસ કરવાનું સર્ટિફિકેટ લેવા આવેલા હોવાથી તે મળી જતાં કેવળ એલોપથીની જ પ્રેકટીસ પ્રાયઃ કરે છે. બે પાંચ ટકા સ્નાતકો જ શુદ્ધ આયુર્વેદની પ્રેકટીસ કરતા હોય છે. પરંતુ એલોપથી કરનારા લગભગ તમામ સ્નાતકો જાણે છે કે બધા જ રોગો એલોપથી દ્વારા મટતા નથી. ચામડીના રોગો, શીળસ, આમવાત, સંધિવાત, પક્ષાઘાત, રાંજણ, અવબાહુક, વાઢિયા, અમ્લપિત્ત, શરદી, ઉધરસ, બહેરાશ, કાનમાંથી પરું આવવું, કાકડા, પ્રદર, લોહીવા, અરુચિ, અજીર્ણ, મંદાગ્નિ, ઉદરશૂળ, કબજિયાત, ગેસ, હેડકી, ઊલટી, ઝાડા, પથરી, જાતીય રોગો,

વંધ્યત્વ, સફેદ દાગ, પરિણામ શૂળ, કુનખ, ખીલ, ખોડો, ખરતાં વાળ, દૃષ્ટિ દૌર્બલ્ય, કર્ણનાદ, મુખપાક, સ્વરભેદ, હરસ વગેરે આયુર્વેદથી જ સારા થાય છે કે કાબૂમાં આવે છે. લગભગ પચાસ ટકા એવા રોગો છે કે જેમાં આયુર્વેદની કામયાબી છે. જીર્ણ-જટિલ લગભગ બધા જ રોગો આયુર્વેદથી મટે છે. તે વાત તો આયુર્વેદીય ક્ષેત્રે જ નહીં એલોપથીનું ક્ષેત્ર પણ સ્વીકારે છે. ઉપરાંત કેટલાક ઈમર્જન્સી રોગોમાં પણ આયુર્વેદીય સારવાર ચમત્કાર બતાવી શકે છે. આયુર્વેદના ઔષધો નિર્દોષ છે અને ઘણા ઓપરેશનના કેસ પણ વગર ઓપરેશને આયુર્વેદ સારા કરી શકે છે. તે વાતનો પણ સર્વને સ્વીકાર છે. આયુર્વેદમાં રોગની મૂળગામી સારવાર છે તે પણ સૌ જાણે છે. તેથી આયુર્વેદના સ્નાતકો પોતે ભલે આયુર્વેદ ન કરતા હોય પણ જે રોગ એમનાથી

મટી શકે તેમ ન હોય તે રોગના દરદીને આયુર્વેદમાં રિફર કરતા હોય તો પણ આયુર્વેદની અને પ્રજાની ભારે મોટી સેવા થાય.

બી.એસ.એ.એમ. થયેલા આયુર્વેદના સ્નાતક વૈદ્ય શ્રી બી.પી. પ્રજાપતિ તેમના પરિચયના એક દરદી શ્રી નારાયણભાઈ રામાભાઈ પટેલને લઈને સાબરકાંઠાના ઈડર તાલુકાના બોડેલી પાસેના લાલપુરથી આવેલા. દરદીની ઉંમર ૧૫ વર્ષની હતી. તેને બે વર્ષથી માથામાં દુખાવો થતો હતો અને ખાસ કરીને સવારે ૭ થી ૧૧ના સમયે કપાળમાં વિશેષ દુખાવો થતો હતો. શરદી પણ રહેતી હતી. ભૂખ લાગતી ન હતી. સૂર્યાવર્ત પ્રકારના કફજ શિરઃશૂળનું મેં નિદાન કરેલ.

સૂર્યોદયં યા પ્રતિ મન્દમન્દમક્ષિભ્રુવંરુક્ સમુપૈતિ ગાઢા ।
વિવર્ધતે ચાંશુમતા સદૈવ સૂર્યાયવૃત્તો વિનિવર્તતે ચ ।।

-સુશ્રુત, ઉત્તરતંત્ર, અધ્યાય-૨૫

સૂર્યાવર્ત પ્રકારના શિરઃશૂળમાં સૂર્યોદય થવાની સાથે જ ધીમેધીમે માથું દુખવા માંડે છે. જેમ જેમ સૂર્ય આકાશમાં ચઢતો જાય તેમ તેમ નેત્ર અને ભ્રકુટિની વચ્ચે અધિક દુખ્યા કરે છે. આ શિરઃશૂળ સૂર્યની વૃષ્ટિ સાથે વધે છે અને સૂર્યાસ્ત સમયે તદ્દન મટી જાય છે.

આ રોગની તેમણે બે વર્ષમાં ઘણી સારવાર કરાવી હતી, પણ ડૉક્ટરો પાસે પીડાશામક ટીકડી આપવા સિવાય મૂળગામી સારવાર ક્યાં હતી ? હવે

ડૉક્ટરોએ થાકીને આ રોગને 'માનસિક' બનાવવા પ્રયત્ન શરૂ કર્યો હતો. તેના ભાગ રૂપે અમદાવાદના મગજના ડૉક્ટર પાસે મોકલ્યા હતા. પણ ત્યાં જવાને બદલે મારે ત્યાં શ્રી પ્રજાપતિ તેને લઈને આવી ગયેલા. દરદી નસીબદાર કે હવે તે પેઈન રીલીફ ટીકડી અને રિફર કરવાની માયાઝાળમાંથી બહાર આવી ગયા હતા.

મેં તેમને કફવાત પત્રક આપી કફ ન કરે, વાયુ ન કરે તેવા આહાર-વિહાર કરવાની સૂચના આપી હતી. જે મુખ્યત્વે આ પ્રમાણે હતીઃ

- રાત્રે ઉજાગરા ન કરવા.
- સવારે મોડા ન ઊઠવું, દિવસે ન સૂવું.
- વધારે વાંચન ન કરવું.

- ગળ્યો, ખાટો, ઠંડો આહાર ન લેવો. ગોળ, મીઠાઈ, ખાંડ, તલ, અડદ ન ખાવાં, શેરડી ન ખાવી, ગોળા-કુલફી ન ખાવાં.
- મગ સિવાયનાં કઠોળ, વાલોળ, પાપડી, ગુવારનો શાકમાં ઉપયોગ ન કરવો.
- ઘી, દૂધ, દહીં, માખણ, ન ખાવાં.
- ફળો ન ખાવાં.
- ઠંડા પાણીથી સ્નાન ન કરવું.
- પંખો હોય તો તેનો ઉપયોગ ન કરવો.

ઔષધોનું આયોજન આ પ્રમાણે હતું:

૧. શિરઃશૂલાદિવ્રજ રસ...૨-૨ સવારે-રાત્રે પીવાની દવા સાથે ચાવીને કે ભૂકો કરીને.

૨. પથ્યાદિ કાઢા (નંબર-૨)...સવારે-રાત્રે મોટો ચમચો સમાન પાણી મેળવીને.

૩. લક્ષ્મી વિલાસ રસ...૧-૧ સવારે-રાત્રે ચૂસવી, મધમાં ચાટવી કે પાણી સાથે ચાવી જવી. ડાબર'ની નારદીય)

૪. ષડ્બીન્દુ તેલ...નાકમાં સવારે-સાંજે-રાત્રે બે-બે ટીપાં નાખવાં. (નસ્ય લેવું. માથું થોડું નીચું રાખવું, ઊંચકાયેલ નસકોરામાં ડ્રોપરથી બે-ત્રણ ટીપાં નાખી એક મિનીટ કે ઝડપથી એકસો ગણવા સુધી સૂઈ રહેવું.

ગળામાં આવેલ તેલ થૂંકી નાખવું. કદાચ પેટમાં જાય તો નુકસાન કરતું નથી. પછી કોગળા કરી શકાય. મુખવાસ ખાઈ શકાય.)

૫. શિરા લેપ...સવારે-સાંજે-રાત્રે કપાળે ગરમ લેપ કરવો. માફક આવે તેટલો સમય બેત્રણ કલાક રાખીને ધોઈ નાખવો. રાતભર પણ રાખી શકાય. (તેમાં ત્રિકટુ, સૂંઠ, ઉપલેટ, જેઠીમધ, કાયફળનું ચૂર્ણ હતુ.)

તા. ૧૨-૨-૭૮ની સખત ઠંડીના કફવાયુ પ્રકોપના સમયે પણ વૈદ્ય શ્રી પ્રજાપતિ દરદીને લઈને આવેલા. ખૂબ સારા સમાચાર લાવેલા. કહેલું, ‘શોભનભાઈ, સારવારમાં ચમત્કાર થયો. બે વરસનો માથાનો દુખાવો કેવળ આઠ દિવસમાં જ મટી ગયો ! દરદી અને દરદીનાં સગાંવહાલાં ખુશખુશ છે. સારું થયું અહીં લઈને આવ્યો, નહીં તો માનસિક રોગોના ડૉક્ટરો તેના

મગજના ફોટા પડાવત. ફરી પાછી પેઈન રિલીફ ટીકડાના વ્યસન પર ચડાવત.'

મેં દરદીને તપાસીને કહેલું, 'માફક આવેલી દવા હોળી સુધી-શિયાળામાં ચાલુ રાખો તો આ કફજન્ય સૂર્યાવર્ત મૂળમાંથી મટી જશે. દરદી બાળક હોવાથી અને કફપ્રકૃતિવાળો હોવાથી તે હજુ જરૂરી છે.'

## પ્રકરણ : ૫૦ ખોડો, ખંજવાળ, ખરતાવાળ, ગૂમડાં મટ્યાં.

માનવમાત્રને સુંદર દેખાવું ગમે છે અને તેમાંય તે સ્ત્રીઓમાં સુંદર દેખાવાની અતિ તીવ્રતા જોવામાં આવે છે. આયુર્વેદ વિજ્ઞાને સૌન્દર્યને ખૂબ જ

મહત્ત્વ આપ્યું છે અને એકે એક વ્યક્તિ સુંદર હોય, તેનાં તમામ અંગ-ઉપાંગો સુંદર હોય, તેની કોઈ પણ ઉંમરે તે સુન્દર હોય તેના ઉપાય દર્શાવ્યા છે.

વાળને સૌન્દર્ય સાથે વધુમાં વધુ સંબંધ છે. તેથી વાયુના રોગોને દૂર કરવાના ઉપાય શિરોરોગ અને ક્ષુદ્રરોગમાં વિગતે આપવામાં આવેલા છે. વાળ ખરવા, ખોડો થવો, વાળ ધોળા થવા, માથામાં ટાલ પડવી, માથામાં ગૂમડાં થવાં વગેરે મૂળમાંથી મટે તેવા ઉપાય-કુદરતી ઉપાય તેણે દર્શાવ્યા છે. ત્વચાને સૌન્દર્ય સાથે સંબંધ હોવાથી તમામ ત્વચારોગોનું પણ વિગતે વર્ણન કર્યું છે. સફેદ દાગ, કાળા ડાઘ, કરોળિયા, દાદર, ખરજવું, સોરાયસીસ, ગૂમડાં, ફોલ્લી વગેરેનાં કારણો અને ઉપાયો માટે પુસ્તકો પ્રગટ થયેલાં છે. મોં પર થતા ખીલ – મુખદૂષિકા દ્વારા યુવતીઓ અને યુવાનોનું મુખસૌન્દર્ય ઘટી જતું હોવાથી તેનાં

પણ કારણો–ઉપાયો દર્શાવ્યા છે. નખ કાળા, ખરબચડા, ટૂંકા, લૂખા, ખાડાખડિયાવાળા થઈ ગયા હોય તેની-કુનખની પણ ખાતરીપૂર્વકની સારવાર આયુર્વેદમાં છે. સપ્રમાણ શરીર સૌન્દર્ય માટે જરૂરી છે તે માટે મેદસ્વી માણસનો મેદ ઉતારવા અને કૃશ વ્યક્તિનું વજન વધારી મધ્યમ શરીર બનાવવા મેદવૃદ્ધિ અને કૃશતાની સારવાર પણ આયુર્વેદમાં છે. ક્ષુદ્રરોગના પ્રકરણમાં મોં પર થતા કાળાડાઘ, વ્યંગ અને શરીર પર થતા કાળાડાઘ, નિલિકાનું પણ વર્ણન છે. અકસ્માત કે મારામારી કે યુદ્ધમાં કપાયેલ કાન-નાક-હાથ વગેરે જોડવાની પ્લાસ્ટિક સર્જરી પણ સુશ્રૃતમાં છે. સ્ત્રી-પુરુષનાં જાતીય અંગોનું, સ્તનનું, કાનની બુટીનું સૌન્દર્ય ઘવાયું હોય તો તેને બરાબર કરી આપવાની કલા પણ આયુર્વેદમાં છે.

આજના યુગમાં સૌન્દર્યઘાતક રોગોનું પ્રમાણ વધ્યું છે. બીજી બાજુ લોકોમાં સૌદર્યરક્ષા અને સૌન્દર્યપ્રત્યેની જાગૃતિ વધી છે તેનો લાભ આજના વૈદ્યસમાજે લેવો જોઈએ. દેશ અને દુનિયામાં હજારો આયુર્વેદીય સૌન્દર્યકેન્દ્રો શરૂ કરી શકાય તેમ છે અને તેના દ્વારા સારી એવી સમૃદ્ધિ, યશ અને કાર્યાનંદ પ્રાપ્ત કરી શકાય તેમ છે.

❖

શ્રી નીતા ઈશ્વરભાઈ પટેલની ઉંમર ૨૦ વર્ષની. તે રહે છે એ-૭, પિન્કિતા ફ્લેટ્સ, મણિનગર, અમદાવાદ-૭ માં. તા. ૯-૩-૮૮ના દિવસે બુધવારના ફ્રી કન્સલ્ટીંગના દિવસે તે આવેલાં. ત્રણ વર્ષથી તેને સૌન્દર્યબાધક નીચે પ્રમાણે તકલીફો હતીઃ

- માથામાં ખોડો થયો હતો.

- માથામાં ખંજવાળ આવતી હતી.
- માથામાં ગૂમડાં થયા હતાં.
- વાળ ખરતા હતા.
- ડૉ. ભરતભાઈએ માથામાં સોરાયસીસ થયેલ છે તેમ કહેલ.

આ ઉપરાંત દરદીને માથું પણ દુખતું હતું અને કબજિયાત પણ રહેતી હતી. ચર્મરોગ પત્રક પરેજી માટે આપેલ. તે અનુસાર ગળપણ, ખટાશ, મીઠું, મીઠાઈ, ફળો, દૂધ, દૂધની વાનગી છોડવાની હતી. દિવસની ઊંઘ પણ છોડવાની હતી.

ઔષધની ગોઠવણ આ પ્રમાણે કરી હતીઃ

૧. ધત્તુરપત્રાદિ તેલ...માથામાં નાખવા માટે. (બની શકે તો વાળ ટૂંકા કરાવી નાખવા.)

૨. મંજિષ્ઠાદિ ઘનવટી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પાણી સાથે.

૩. કિશોરગૂગળ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે

૪. સ્વાદિષ્ટ-વિરેચન ચૂર્ણ...૪ ગ્રામ રાત્રે પાણી સાથે.

૫. મધુક કેપસ્યૂલ...૨-૨ બપોરે-રાત્રે ગળવી. (તેમાં જેઠીમધ ચૂર્ણ કેવળ ભરવામાં આવેલ.)

દરદીનો પાયો બરાબર મજબૂત ન હોય તો રોગ મટાડવામાં ધારી સફળતા મળી શકતી નથી કે મોડી મળે છે. સાધ્ય કેસ હોય છતાં નિષ્ફળતા પણ મળે છે. એ રીતે જોતાં નીતાબહેનને આદર્શ દરદીની સરખામણીમાં ઘણા ઓછા

માર્કસ મળે. ખાસ તો મનના નબળાં (અલ્પસત્વ) હતાં. તેથી પથ્ય પાળી શકતાં ન હતાં. ચિકિત્સાનું કષ્ટ સહન કરી શકતાં ન હતાં, દવા અનિયમિત લેવા આવતાં અને લઈ જઈને અનિયમિત લેતાં હતાં.  તા. ૩૦-૪ના રોજ દવામાં આ પ્રમાણે પરિવર્તન કરેલું...

૧. ચર્મરોગ હર તેલ...લગાડવું.

૨. ખદિરારિષ્ટ...૧-૧ મોટો ચમચો જમ્યા બાદ. સમાન પાણી મેળવીને.

૩. મંજિષ્ઠાદિ ઘનવટી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને કે પાણી સાથે.

૪. રક્તશુદ્ધિ ટીકડી...૨-૨ સવારે-રાત્રે ભૂકો કરીને કે ચાવીને પાણી સાથે.

૫. કિશોર ગૂગળ...ઉપરની દવા સાથે.

તા. ૨૭-૫ના દિવસે ખોડા અને કબજિયાતને લક્ષ્યમાં લઈને નીચેની દવા આપી હતીઃ

૧. નિમ્બ (લીંબોળીનું)તેલ...માથામાં માલિશ કરવા.

૨. જંતુરિ તેલ...માથામાં માલિશ કરવા. (કદાચ માથામાં જૂ-લીખ થયેલ હશે, 'રાકા લેબોરેટરી'નું પેટન્ટ)

૩. સ્વાદિષ્ટ વિરેચન ટીકડી...૨ રાત્રે

૪. રક્ત શુદ્ધિ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.

૫. રક્તૌજ ટીકડી...બપોરે-રાત્રે પાણી સાથે. ('અનુની'ની)

૬. ચર્મરોગ હર કેપ...સવારે-રાત્રે ગળવી. (તેમાં આરોગ્યવર્ધિની ચૂર્ણ, મંજિષ્ઠાદિ ચૂર્ણ, વિડંગચૂર્ણ તથા જેઠીમધ ચૂર્ણ ભરેલ હતાં.)

૭. મંજિષ્ઠાદિ કાઢા...સવારે-સાંજે મોટો ચમચો સમાન પાણી મેળવીને.

તા. ૧૩-૬ના દિવસે ૫૦ ટકા ફાયદો થયો હોવાનું દરદીએ કબૂલ્યું હતું. તા. ૨-૭ના રોજ જંતુરિતેલ બંધ કરી કિશોરગૂગળ ૨-૨ સવારે-સાંજે લેવા આપેલ.

## પ્રકરણ : ૫૧ તંદુરસ્ત પુત્રનો થયો સહજજન્મ

શ્રીમતી નીતાબહેન અમિત શાહ નાની નાની ઘણી ફરિયાદ લઈને આવેલાં. બહેનોના કેસમાં વાળ ખરવાની ફરિયાદ તો મુખ્ય હોય જ. તે નાની ફરિયાદ ગણી શકાય તેવી હોવા છતાં બહેનોને મન સૌથી મોટી હોય છે. નીતાબહેનનું વાળ ખરવાનું કારણ તપાસતાં તેને રોજ લીંબુનું સરબત પીવાની આદત હતી. લીંબુ ખાટો

રસ હોવાથી ખાટા રસનો અતિયોગ પિત્તકારક હોવાથી પિત્ત અને ક્ષારીયતા વાળને ખેરવનાર છે. તેને થાઈરોઈડ અને તેની સાથે સંબંધિત મેદવૃદ્ધિની તકલીફ પણ હતી. વજન ૬૭ કિલો હતું. મેદવૃદ્ધિને કારણે માસિક મોડું આવતું હતું. લગ્ન થયાંને અઢી વર્ષ થઈ ગયાં હતાં છતાં બાળક થયું ન હતું. આ ફરિયાદ તેમની સૌથી મોટી અને મહત્ત્વની હતી. નીતાબહેનની ઉંમર હતી ૨૩ વર્ષની. તા. ૧૬-૬-૯૨ના રોજ તેમનો કેસ શરૂ કર્યો હતો. અને મેદપત્રક પરેજી પાળવા માટે આપ્યું જેની મુખ્ય સૂચના આ પ્રમાણે હતીઃ

- મોડા ન ઊઠવું, બપોરે ન સૂવું. (તેમને બપોરે સૂવાનું વ્યસન હતું)

(નોંધઃ આપણાં શાસ્ત્રોએ મોડા ઊઠવું અને બપોરે સૂવું તે દિવાસ્વપ્નને વ્યસન કહેલ છે. વ્યસન છોડવું હંમેશાં કોઈ પણ વ્યક્તિને માટે મુશ્કેલ હોય છે. અને વ્યસન ન છૂટે ત્યાં સુધી તે અવશ્ય દુખદાયી જ હોય છે. તેથી દિવસે ઊંઘનારાનું કેવળ શારીરિક

આરોગ્ય જ નહીં માનસિક આરોગ્ય પણ કથળે છે. અને ઘણા રોગો એવા છે કે જે દિવાસ્વપ્નથી વધે છે. તેને છોડવામાં ન આવે તો ગમે તેટલી દવા નકામી જાય છે. મેદ, ચર્મરોગ, પ્રમેહ, શરદી, કૃમિ, નેત્રરોગ, કાકડા, કાનમાંથી પરુ આવવું વગેરે કફના રોગો દિવસની ઊંઘથી વધે છે. તેથી દરદી સારવાર દરમિયાન તે છોડી ન શકે તો રોગ મટે જ નહીં.)

નીતાબહેનના બધા જ રોગો દિવાસ્વપ્નથી જ પ્રાયઃ થયા હતા. કફપ્રકૃતિ, મેદસાર, માનસિક બંધારણ, તજમોગુણ ને તેમાં દિવસે ઊંઘવાની આદત તે બધામાં વધારો કરી રહી હતી.

(મેં જોયું કે ડૉક્ટરો તો ઠીક, વૈદ્યો પણ કેવળ ‘રોગ થયો કે મેડિસિન’ના સમીકરણમાં માનતા થઈ ગયા છે. તેથી દવા આપીને તે છૂટી જાય છે. પણ સાથે

આહાર-વિહારના પથ્યપાલનનો આગ્રહ નથી રાખતા. તેનું કારણ કાં તો પોતે પથ્યાપથ્ય વિષે જાણતા નથી અથવા તો પથ્યપાલન બાબતે સ્પષ્ટ નથી હોતા અથવા પરેજીમાં માનતા નથી હોતા અથવા દરદી પથ્યભયથી ચાલ્યા જશે ને પ્રેકટીસ ઘટી જશે તેમ માની તે બતાવતાં ડરતા હશે. પરંતુ તેમ કરવાથી સરવાળે નુકસાન તો વૈદ્યને અને આયુર્વેદને થશે. આયુર્વેદને રોગ ન મટવાનો અપયશ મળશે. પ્રમેહ, મેદવૃદ્ધિ, આમવાત, ચર્મરોગ, શરદી જેવા એક એક દરદીનો ઈતિહાસ લેવામાં આવે તો એને રોગ એટલા માટે મટ્યો ન હતો કે તેણે ના પાડવા છતાં દિવસે ન ઊંઘવા વગેરેની પરહેજ પાળી ન હતી.)

- પાણી ઓછું પીવાનું હતું. ઘૂંટડા-બે ઘૂંટડા જ. ગ્લાસ કે લોટો ભરીને નહીં. કારણ પાણી કફકારક હોવાથી તેના દ્વારા વજન વધતું જાય છે. મેદસ્વીને તરસ વધુ લાગતી હોય છે. તેથી તે પુષ્કળ પાણી પીતાં હોય છે. અને

ડૉક્ટરો કિડનીના રોગ ન થાય તે માટે પુષ્કળ પાણી પીવાનું કહે છે. (જાણે, પુષ્કળ પાણી પીવું તે આંતરડા નામની ગટર ને સાફ કરવાની ક્રિયા હોય.) આવા દરદીએ જમ્યા બાદ વધુ પાણી ન પીવું. બે ચાર ઘૂંટડા જ પીવું.

- પ્રવાહી આહાર ન લેવો કે ઓછો લેવો. ફળોનો રસ, શેરડીનો રસ, નાળિયેરનું પાણી, ચા, દૂધ, કોફી, ઉકાળો, છાશ વગેરે મેદસ્વી લોકોને વધુ પીવાનું ગમતું હોય છે. અને તે જળતત્વ હોવાથી –કફકારક હોવાથી મેદવર્ધક હોવાથી મેદસ્વી લોકો માટે હિતાવહ નથી. પીણાં સુખદાયી, તૃપ્તિકારક હોવાથી વજન વધારે છે. ('કફે શત્રુવત્ આચરેત્ ।'ના સિદ્ધાંતની વિરુદ્ધ નીતાબહેન વર્તતાં હતાં. તે રોજ લીંબુનું પાણી પીતાં હતાં.)
- વારંવાર ન જમવું, ઠાંસીને ન જમવું.

- મમરા, ખાખરા, ધાણી, મગ, તુવેર, ઓસાવેલા ભાત, કંકોડા, રીંગણ, સુરણ, મધ, હળદર, બાજરી, કોદરી જેવો લૂખો, સૂકો, લઘુ આહાર લેવો.
- વ્યાયામ, પરિશ્રમ, ઘરકામ, આસનો વગેરે શક્ય હોય તે દ્વારા શરીરને શ્રમ આપવો.

ઔષધોની યોજના આ પ્રમાણે હતી

૧. શિવાની તેલ...માથામાં નાખવા માટે તથા નાકમાં ટીપાં નાખવા માટે. (વૈદ્ય મનિષાબહેન ઉપાધ્યાય પાસેથી આવેલ તેલ)
૨. કેશલ ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. ('આયુ પ્રોડક્ટ્સ'ની પેટન્ટ)
૩. કેશ્યકેપસ્યૂલ...૨-૨ સવારે-સાંજે. ('આયુ પ્રોડક્ટ્સ'ની પેટન્ટ)
૪. શતાવરી ટીકડી...૨-૨ બપોરે-રાત્રે.

૫. ભૃંગરાજાસવ...જમ્યા બાદ મોટો ચમચો સમાન પાણી મેળવીને.

તા. ૨૨-૭ના રોજ વજન એક કિલો ઘટ્યું હતું. પણ આળસ ઘટી ન હતી. દિવસે ઊંઘવાનું ચાલુ રાખેલ તે છોડી દેવા માટે ખૂબ સમજાવેલ.

દવા આ પ્રમાણે આપી હતી

૧. મેદોહર ગૂગળ...૨-૨ સવારે-સાંજે પાણી સાથે ભૂકો કરીને કે ચાવીને.

૨. લિપિડસોલ ટીકડી...૨-૨ સવારે-સાંજે (‘અનુની’ની મેદ ઘટાડનારી પેટન્ટ)

૩. રાસ્નાદિ ગૂગળ...૨-૨ સવારે-સાંજે વાયુ તથા વંધ્યત્વ માટે.

૪. લેપ્ટાડિન ટીકડી...૨-૨ બપોરે-રાત્રે. (‘એલાર્જિન’ની. ગર્ભપાત અટકાવવા)

૫. ત્રિફલા ટીકડી...૨-૨ સવારે-સાંજે ભૂકો કરીને પાણીમાં. (બધા રોગો માટે)

તા. ૧૯-૧૨ના રોજ વંધ્યત્વ પર વધુ ધ્યાન આપવાનો દરદી તથા તેમના પતિ શ્રી અમિતભાઈ આગ્રહ થતાં અન્ય રોગોને ગૌણ ગણી વિલંબિતાર્તવ (મોડું માસિક આવવું) અને અલ્પાર્તવ (ઓછું માસિક આવવું)ની દવા આ પ્રમાણે ગોઠવી હતી.

૧. કુમાર્યાસવ...સવારે-સાંજે મોટો ચમચો સમાન પાણી મેળવીને.

૨. રજઃપ્રવર્તિની વટી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે.

૩. કન્યાલોહાદિ વટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.

૪. એલોઝ કમ્પાઉન્ડ ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. (માસિક આવતાં પહેલાં આઠ દિવસ)

(દરદીના પતિ અમિતભાઈ શાહનો સિમેન ટેસ્ટમાં કાઉન્ટ ઓછો આવવાથી તેને ઓલિગોસ્પર્મિયાની સારવાર આપવાથી ટૂંકા ગાળામાં જ તેનો કાઉન્ટ નોર્મલ થઈ ગયો હતો.)

તા. ૧૨-૧૨ના રોજ આવ્યાં ત્યારે નીતાબહેનના ચહેરા પર આનંદ સમાતો ન હતો. તેમની તીવ્ર ઈચ્છા ફળીભૂત થઈ હતી. આ વખતે માસિક આવ્યું ન હતું. અને દોઢમાસ ચડી ગયો હતો. ગર્ભ રહ્યાનાં લક્ષણો પણ હતાં અને લેબોરેટરી રિપોર્ટ પ્રમાણે પણ પોઝિટીવ રિપોર્ટ આવ્યો હતો. તેથી ગર્ભરક્ષક, બાળક સ્વસ્થ-સુંદર-બુદ્ધિશાળી આવે, ગર્ભિણી સ્વસ્થ રહે તે માટે નીચેની દવા શરૂ કરી હતી.

૧. ગર્ભપાલ રસ...૧-૧ સવારે-સાંજે મધ સાથે.

૨. યષ્ટિમધુ વટી...૨-૨ સવારે-સાંજે મધ સાથે. (ઉપરની દવા સાથે. ગર્ભરક્ષા, શક્તિ, પુષ્ટિ, ધાવણવૃદ્ધિ તથા બાળક ગોરું આવે તે માટે)

3. લેપ્ટાડિન ટીકડી...૨-૨ સવારે-સાંજે દૂધ સાથે. (ગર્ભપાત અટકાવવા ‘એલાર્સિન’ની)

૪. વૉમિટેલ સિરપ...૧-૧ ચમચી દિવસમાં ત્રણ-ચાર વખત નાની ચમચી જીભ ઉપર મૂકી મમળાવવું, ઘૂંટડો ન ભરવો. ‘ચરક’નું પેટન્ટ)

તા. ૧૦-3ના રોજ અઢી માસ થયા હતા. બધું હેમખેમ ચાલતું હતું. બાળક બુદ્ધિશાળી બને તે માટે બ્રેઈન્ટો સિરપ લેવા ઉમેર્યું હતું. (‘ઝંડુ’નું)

તા. ૧૩-૪ના એપ્રિલના ચૈત્ર માસના તાપમાં પિત્તશમન, શક્તિ, પુષ્ટિ તથા સ્તન્ય ગુણ મળે તે માટે શતાવરી ટીકડી શરૂ કરી હતી. બ્રેઈન્ટો સિરપ ન હોવાથી મેન્ટેટ સિરપ (‘હિમાલય’નું) શરૂ કર્યું હતું. બાળક પુષ્ટ નથી તેવો રિપોર્ટ આવવાથી અશ્વગંધા ટીકડી ૨-૨ દૂધ સાથે લેવા આપી હતી. ( જો કે સગર્ભાવસ્થામાં અશ્વગંધા

આપવી હિતાવહ નથી મનાતી છતાં) ઓજસ સિરપ...૧-૧ ચમચો જમ્યા પહેલાં કલાકે લેવાનો હતો. ('ચરક'નું. જેથી અરુચિ દૂર થાય)

તા. ૨૪-૫ના રોજ નીતાબહેને કહેલું, 'સા'બ, તમે કહ્યા પ્રમાણે લેડી ડૉક્ટરને બતાવ્યું તો છઠ્ઠો માસ ચાલે છે તેટલો ગર્ભનો ગ્રોથ નથી તેથી ગ્રોથ વધે તેવી કેલ્શિયમવાળી કોઈ દવા ઉમેરવાનું કહેલ છે.'

આજની દવા આ પ્રમાણે હતીઃ

૧. બૉન ટૉન કેપ...૧-૧ સવારે-સાંજે દૂધ સાથે. (આયુર્વેદીય કેલ્શિયમ ઔષધો તેમાં હોવાથી, પ્રવાલ, ગોદન્તી વગેરે. 'બાન'ની)

૨. વાયટૉન ગ્રેન્યુલ્સ...૧-૧ ચમચી સવારે-રાત્રે ખાંડ નાખેલા ગરમ દૂધમાં મેળવીને. ('આયુ પ્રોડક્ટ્સ'નું)

3. અશ્વગંધા ટીકડી...૨-૨

૪. યષ્ટિમધુ ટીકડી...૨-૨

૫. લેપ્ટાડિન ટીકડી...૨-૨

૬. મેન્ટેટ સિરપ...

તા. ૯-૮ના દિવસે નીતાબહેનને ચોમાસાને કારણે શ્વાસ, કફ તથા ઉદરશૂળ હતાં. આઠમો માસ ચાલતો હોવાથી ચિંતામાં હતા.

(નોંધ - ગર્ભનો આઠમો માસ ચિંતાજનક ગણાયો છે. કારણ કે ત્યારે ઓજસની આવ-જા માતા અને ગર્ભની વચ્ચે થતી રહે છે. આઠમા માસમાં બાળકનો જન્મ થાય તે હિતાવહ નથી. કારણ કે તેથી જેમાં ઓજસ હોય તે જ બચી શકે છે. બીજાનું મૃત્યુ થવાનો ભય રહે છે.) ઉપદ્રવોની પ્રાસંગિક દવા આ પ્રમાણે હતીઃ

૧. શ્વાસકાસચિંતામણિ રસ...૧-૧ સવારે-રાત્રે મધમાં. (સુવર્ણયુક્ત આ મોંઘી દવા માત્રામાં ખૂબ થોડી હોવા છતાં ઓજસને વધારનાર છે. શ્વાસને મટાડનાર છે.

૨. લક્ષ્મીવિલાસ રસ...૧-૧ મધ સાથે. (ઉધરસ, શરદી, અશક્તિને દૂર કરવા)

૩. અભયાસન...૧-૧ સવારે-સાંજે (પેટના દુખાવા માટે, ગેસ માટે, વિશેષ ગરમ ન હોવાથી 'ઝંડુ'ની)

૪. રસોના...૨-૨ જમ્યા બાદ. (ગેસ, ઉદરશૂળ, અરુચિ માટે. 'આયુ પ્રોડક્ટ્સ'ની)

૫. ગર્ભપાલ રસ...૧-૧ સવારે-સાંજે મધ સાથે.

તા. ૧૩-૮-૯૪ના રોજ વાસાવલેહ કફ માટે ઉમેર્યો હતો. ત્યાર બાદ દરદી આવ્યાં ન હતાં. તેથી ચિંતા થતી હતી. તા. ૧૩-૮-૯૪ના દિવસે ફરીને આવ્યાં ત્યારે

જૂની ફરિયાદો...થાઈરોઈડ, મેદવૃદ્ધિ, કેશપતનની સારવાર લેવા આવેલાં ત્યારે તેમણે કહ્યું, 'તા. ૩૦-૯-૯૩ના દિવસે તંદુરસ્ત પુત્રનો જન્મ સહજ થયો હતો. નામ દેવ પાડ્યું છે. ખૂબ સરસ છે. બરાબર તંદુરસ્ત છે. અમારી ઈચ્છા ખૂબ સારી રીતે પૂરી થઈ છે તેનો આનંદ છે.

મેં મારા રંગીન કેમેરા દ્વારા દેવ અને તેનાં માતા-પિતાનો સાથે ફોટો પાડી મારા 'પુંસવન-આલ્બમ'માં ઉમેરી દીધો હતો.

## પ્રકરણ : ૫૨ નિદાન અસ્પષ્ટ, પણ પરિણામ સ્પષ્ટ

કેટલાક મળતી તાસીરના, મળતાં લક્ષણોવાળા રોગો છે કે તેનું વર્ણન કરવું ખૂબ જ મુશ્કેલ હોય છે. સંહિતાઓ અને તેની ટીકાઓનું ખૂબ ગહન વાંચન હોય, અનેક દરદીનાં નિદાન કર્યાં હોય, વિભેદક નિદાન (ડિફરન્સીયલ ડાયાગ્નોસીસ)નો લાંબો અભ્યાસ હોય, સંપૂર્ણ અને સાચાં ઔષધો દ્વારા નિષ્ણાત અનુભવી ગુરુ કે ચિકિત્સક પ્રોફેસર દ્વારા થયેલી સફળ ચિકિત્સા નજરે જોવાનું સદ્દભાગ્ય સાંપડ્યું હોય તેવા વૈદ્યો જ અમુક ખાસ પ્રકારના જીર્ણ અને જટીલ રોગોમાં સાચું નિદાન કરી સારું પરિણામ મેળવી શકે.

આયુર્વેદના મારા જ્ઞાન-અનુભવોને પ્રામાણિકપણે તપાસું છું ત્યારે હતાશા થાય છે. શરમનો અનુભવ થાય છે. આયુર્વેદનાં સિદ્ધાંત-જ્ઞાન સમજવાની મારી બુદ્ધિની મર્યાદા, કોલેજ શિક્ષણમાં જ્ઞાન-અનુભવ મળવાનો અભાવ,

માર્ગદર્શનનો કે યોગ્ય ગુરુ-અધ્યાપકોનો અભાવ, વાંચન કરવા માટે સમય અને સાનુકૂળતાનો અભાવ, પ્રત્યક્ષીકરણનો પૂરેપૂરો અભાવ...આ બધું આજે મને વારંવાર મૂંઝવે છે. એમાંય જ્યારે પાંચ વર્ષ જૂના યાપ્ય અને દશ વર્ષ જૂના અસાધ્ય રોગ આવે ત્યારે તો સૌ કોઈ લાચાર બની જાય તે સ્વાભાવિક છે. કારણ કે તે પૂરેપૂરા મટવા શક્ય નથી. દવાના સહારે શક્ય તેટલો સુધારો થાય તેમાં સંતોષ માનવાનો રહ્યો.

કેટલાક રોગો એવા પણ હોય છે જે એકાદ-બે ખાસ લક્ષણથી જુદા પાડી શકાય અને ચોક્કસ કયો રોગ છે તે નક્કી કરવું મુશ્કેલ પડે. એલોપથીની પરીક્ષણ પદ્ધતિના રિપોર્ટ દ્વારા પણ ન પકડી શકાતા રોગોમાં ડૉક્ટરો છેવટે રોગને અસાધ્ય માની, માનસિક કે એલર્જિક માની, ક્યારેક સર્જિકલ સ્વરૂપ આપી

છટકી જવા પ્રયત્ન કરતા હોય છે. આવા દરદી રખડી રખડીને, રિપોર્ટ કરાવી કરાવીને, દવા ખાઈ ખાઈને છેવટે તન-મન-ધનથી સાવ ક્ષીણ થઈ જાય છે. તેને આયુર્વેદમાં મોકલવામાં આવે છે કે આયુર્વેદમાં આવે છે. જ્યારે તેમાં આયુર્વેદ કંઈ જ કરી ન શકે.

આયુર્વેદવિજ્ઞાન પોતે મહાન અને પૂર્ણ હોવા છતાં તેની પાસે પરિણામ બતાવી શકવાની ઘણી શક્યતા હોવા છતાં વૈદ્ય તરીકેનું મારું પોતાનું અજ્ઞાન અનુભવની મર્યાદા, પૂરતી અને સાચી દવાનો અભાવ, સાધનોનો અભાવ, જરૂરી ક્રિયા કરવાની પ્રતિકૂળતા, ખાસ કરીને તો અંતરંગ દરદી માટે સુસજ્જ આયુર્વેદીય હૉસ્પિટલનો અભાવ હંમેશાં અંતઃકરણને કોતરતો હોય છે. છતાં, એલોપથીમાંથી સાવ નિષ્ફળ થયેલા કેસમાં યથાબુદ્ધિ, યથાશક્તિ, યથા

સાનુકૂળતા પ્રમાણે અધૂરી સારવાર આપવાથી થોડુંક તો પરિણામ પ્રાપ્ત થાય જ છે જેના દ્વારા દરદીનું ઘણું હિત થતું જોઉં છું ત્યારે આનંદ થાય છે. સૌથી આકરી કસોટી તો ત્યારે થાય છે જ્યારે એલોપથીના એવા દરદી મોટે ભાગે વાયુ-પિત્ત-કફ ત્રણેયની દ્રષ્ટિથી ભેળાઈ ગયેલા હોય છે. જેને ગરમ દવા કે ઠંડી દવા માફક નથી આવતી. મુખ્ય રોગ કરતાં ઉપદ્રવો વધી ગયેલા હોય છે. ત્યારે તેમની પાસે દવા ખરીદવા પૈસા નથી હોતા. થોડા દિવસ નવેસરથી સારવારનું પરિણામ જોવા ધીરજ નથી હોતી ! એવો એક કેસ...

❖

શ્રી નિમિષ મધુસુદન ભગતનો કેસ શરૂ થયો . તા. ૫-૨-૯૦ના રોજ. તેની ત્યારે ઉંમર હતી ૨૩ વર્ષની. ૧૭/૧, રવીન્દ્ર પાર્ક, દાણી લીમડા, અમદાવાદ-૨૮થી તે સારવાર લેવા આવેલા.

તેને ૬ વર્ષ પહેલા મરડો થયેલો. એક વર્ષથી મળમાં ચીકાશ જતી હતી. પગ દુખતા હતા. છાતીમાં બળતરા થતી હતી, ખટાશ લેવાથી તકલીફ વધતી હતી, માનસિક નબળાઈ પણ આવી ગઈ હતી, ઊંઘ ઓછી આવતી, શરીર તપ્યા કરતું. આખા શરીરે ખંજવાળ પણ આવતી હતી. તે રીતે વાયુનું શૂળ, પિત્તનો દાહ અને કફની ખંજવાળ હોવાથી ત્રણેય દોષોનો પ્રકોપ સ્પષ્ટ હતો. દરદ ૬ વર્ષ જૂનું હોવાથી ક્રોનિક અને કોમ્પ્લીકેટેડ કેસ હતો. છતાં તેનાં પિત્તના અમે આમનાં લક્ષણો વધુ હોવાથી સામપિત્તની સારવાર મુખ્યત્વે કરવી પડે તેમ હતું.

અધોગ, અમ્લપિત્ત, પૈત્તિક ગ્રહણી, જીર્ણ પ્રવાહિકા, સામપિત્તાતિસાર વગેરેની શંકા જાય તેવા આ રોગમાં મારાથી કોઈ સ્પષ્ટ નિદાન ન થઈ શકવાથી લક્ષણચિકિત્સા અને ઉપદ્રવચિકિત્સા, દોષચિકિત્સા, દૂષ્યચિકિત્સા કરી શક્ય તેટલો આરામ દરદીને થાય તેવો પ્રયત્ન કરવાનો હતો. ત્રિદોષશામક, આમપાચક, પિત્તઘ્ન, બલ્ય, ગ્રાહી ઔષધો વારંવાર બદલ્યા કરવાં પડે તેમ હતાં. 'ત્રિદોષ શામક પત્રક' આપી મધ્યમમાર્ગી બની જવાની સૂચના આપી હતી. અતિ ગળ્યું, અતિ ખારું, અતિ ખાટું, અતિ તીખું, વાસી, આથાવાળું, તળેલું ખાવાની મનાઈ કરી હતી. ભૂખ લાગે ત્યારે શક્ય તેટલું ઓછું જમવાનું હતું. પાણી ઉકાળીને ઠારેલું જ પીવાનું હતું. અતિ પરિશ્રમ, ઉજાગરા, દિવસની ઊંઘથી દૂર રહેવાનું હતું. પથ્ય, લઘુ, ત્રિદોષશામક, પિત્તશામક ખોરાક પર રહેવાનું હતું.

ઘઉંની થૂલી, ઘઉંના ખાખરા, મગના પાપડ, ચોખાના પાપડ, મમરા, મગ, તુવેર, ચોખા, પરવળ, દૂધી, તૂરિયાં, ગલકાં, કારેલાં, કંકોડા, સિંધવ, થોડી ખાંડ, લવિંગ, ધાણા, જીરુ, કોકમ, મેથી, કોથમીર, દાડમ, રીંગણ વગેરે દ્રવ્યો જ આહારમાં લેવાનાં હતાં.

ઔષધ યોજના આ પ્રમાણે કરેલી હતીઃ

૧. સંશમની વટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે.

૨. શતાવરી ટીકડી...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે કે બકરીના દૂધ સાથે.

૩. મધુક ટીકડી...૨-૨ ઉપરની દવા સાથે.

૪. સુદર્શન ટીકડી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે.

તા. ૨૩-૨ના રોજ આવ્યા ત્યારે એકંદરે સારું હતું. પણ કબજિયાત રહેતી હતી. તેથી પરિવર્તન કરીને દવા આ પ્રમાણે આપી હતી.

૧. સુદર્શન ઘનવટી
૨. એસિડિનોલ ટીકડી...૨-૨ સવારે-રાત્રે પાણી સાથે. (‘બાન’ની)
૩. અવિપત્તિકર ટીકડી...૨-૨ બપોરે-રાત્રે પાણી સાથે.
૪. શતપત્રાદિ ચૂર્ણ (મીઠું)...૧ ચમચી અથવા ૮ ગ્રામ રાત્રે પાણી સાથે.

તા. ૨૦-૩ના રોજ આવ્યા ત્યારે ૮ દિવસથી દવા બંધ હતી. શરીર તપતું હતું. આંખો નબળી હોવાની ફરિયાદ હતી. વજન ૪૪ કિલો થયું હતું. ભૂખ ઓછી લાગતી હતી. તેથી ઓજસ સિરપ...(ચરક નું) ઉમેર્યું હતું. આંખોમાં

નાખવા માટે ખાખરાનો અર્ક આપ્યો હતો. તા. ૩-૪ના દિવસે વસંત ઋતુમાં તાવ હતો, દાહ થતો હતો, ઝાડામાં આમ પડતો હતો, પગ દુખતા હતા, કબજિયાત રહેતી હતી. તા. ૧૨-૪ના રોજ ફાયદો હતો. મળમાં ચીકાશ હતી, પગ દુખતા હતા.

આજની દવા આ પ્રમાણે હતીઃ

૧. બેક્ટેફ્રેર સિરપ...૧-૧ ચમચો સવારે-રાત્રે. ('બાન લેબ'નું)

૨. એસિડિનોલ ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. ('બાન'ની)

૩. સંશમની વટી...૨-૨

૪. શતાવરી ટીકડી...૨-૨

૫. સુદર્શન ટીકડી...૨-૨

૬. ચંદ્રપ્રભાવટી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. (પગના દુખાવા માટે તથા સર્વરોગો માટે)

૭. શતપત્રાદિ ચૂર્ણ...૮ ગ્રામ રાત્રે પાણી સાથે.

તા. ૨૦-૪ના દિવસે ઘણો જ ફાયદો હતો. બાર મહિનાથી રોટલી ખાઈ શકતા ન હતા તે હવે ખાવાની શરૂ થઈ હતી. તા. ૨૫-૪ના રોજ દરદી પ્રસન્ન ચહેરે કહેતા હતા, ‘સા’બ, એક વરસથી રોટલી ખાઈ શકતો ન હતો ત્યાં હવે ૪થી ૬ રોટલી ખાઈ શકું છું ને ૨૦૦ મિ.ગ્રામ બકરીનું દૂધ પણ લઈ શકું છું. હવે મને હાથ-પગનો દુખાવો અને અશક્તિ સિવાય કંઈ નથી. વજન વધે તેવી દવા

આપો.' આ અસાધ્ય રોગની સારવાર ઘણી આગળ ચાલેલી. લક્ષણો, ઉપદ્રવોને શમાવી શકાય તેટલી રાહત આપવાનો મેં પ્રયત્ન કરેલો.

## પ્રકરણ : ૫૩ મટી ગયો એક માનસિક રોગ

સમાજમાં આયુર્વેદે દર્શાવેલ સદ્‌વૃત્તનું પ્રમાણ ઘટવાથી, માનસિક ટેન્શન, ચિંતા, ભય, શોક, દુઃખ તથા આહાર-વિહારની વિકૃતિથી માનસિક રોગો વધ્યા છે. તેમાં અપસ્માર (વાઈ-એપ્પિલેસી)નું પણ પ્રમાણ ઘણું વધ્યું છે. માનસિક રોગો માનસિક રોગના ડૉક્ટરો પાસે જાય ત્યારે તેમની પાસે સત્ત્વગુણ વધારનાર કે મનોબળ વધારનાર દવા ન હોવાથી કેવળ ઊંઘ લાવનારી

ટ્રાન્ક્યુલાઈઝર અને મગજને શિથિલ કરનારી સેડેટિવ ટીકડીઓ આપવામાં આવતી હોવાથી દરદીને લાંબા સમય સુધી કે જીવનભર એક એકથી પાવરમાં વધે તેવી ટીકડીની ટેવ પડ્યા વિના રહેતી નથી અને સરવાળે દર્દીનું મગજ ‘ડલ’ થઈ જાય છે, શરીરમાં મેદ-આળસ વધી જાય છે ને સરવાળે સત્ત્વગુણને બદલે તમોગુણ વધી જાય છે. તેને બદલે આયુર્વેદીય સારવાર લેવામાં આવે તો સત્ત્વગુણ વધારનારી, મનોબળ વધારનારી, રસાયન વધારનારી તથા વનસ્પતિજન્ય ઔષધિઓ...બ્રાહ્મી, શંખાવલિ, જટામાંસી, શતાવરી, અશ્વગંધા, સર્પગંધા, જ્યોતિષ્મતિ-માલકાંકણી, કઠ-ઉપલેટ, વજ, હરડે વગેરે માનસિક રોગમાં મૂળગામી પરિણામદાયી હોય છે. આયુર્વેદનાં અનેક શાસ્ત્રીય તૈયાર ઔષધો બ્રાહ્મીપ્રાશ, બ્રાહ્મીઘૃત, શતાવરી ઘૃત, સારસ્વતારિષ્ટ, સારસ્વતા ચૂર્ણ

વગેરે આપવામાં આવે તો ઘણું જ સારું પરિણામ આવે છે. આયુર્વેદની લગભગ તમામ ફાર્મસી પેટન્ટ દવા બનાવે છે. તે પણ આમાં ઉપયોગી હોવાથી આપી શકાય પરંતુ આવા દરદી આયુર્વેદમાં આવે તે ઘણું કરીને પાંચ-દસ વર્ષ બાદ યાપ્ય કે અસાધ્ય બનીને. છતાં તેવા આઠ વર્ષના યાપ્ય કેસમાં પૂરું પરિણામ બતાવતો એક કેસ....

❖

શ્રી યોગેશ ત્રિવેદી પોતાના ૧૭ વર્ષના પુત્ર નિરવને લઈને તા. ૨૪-૭-૯૩ના રોજ આવેલા. રહેતા હતા એ/૨૯ બાલા એપાર્ટમેન્ટ, ચંદ્રનગર, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭માં, ફોન નંબર હતો

૪૧૬૩૧૯. અભ્યાસ કરતા આ વિદ્યાર્થીને ચાર-પાંચ અસાધ્ય રોગ હતા. તેને આઠ વર્ષથી વાઈ આવવી શરૂ થઈ હતી. વચ્ચે બંધ થઈ ગયેલી. પરંતુ ત્રણ વર્ષથી પુનઃ શરૂ થઈ હતી. તે પછી તેની સ્મૃતિ ઘટી ગઈ હતી, શરદી રહેતી હતી. તેથી ‘કફજ અપસ્માર’નું નિદાન કર્યું હતું. બાળક હોવાથી, કફપ્રકૃતિ હોવાથી તેને પગે સફેદ દાગ હતો. લો બ્લડપ્રેશર ૯૦/૭૦ રહેતું હતું. લિંગની ઉપરની ચામડી ઊતરતી ન હતી તેથી તેને ફાઈમોસિસ (નિરુદ્ધપ્રકશ)નું પણ દરદ હતું. તેમાં ખંજવાળ આવવાથી  હસ્તદોષની આદત પણ બે માસથી શરૂ થઈ હતી. વર્ષાઋતુ ચાલુ હોવાથી ચાલુ ઋતુમાં વાયુ, આગામી શરદઋતુમાં પિત્ત અને કફજન્ય રોગ ઉપરથી મેં તેને ‘ત્રિદોષશામક’ પથ્યાપથ્ય પત્રક પરેજી

પાળવા માટે આપેલ. સફેદ દાગમાં મીઠું બંધ કરાવવું પડે. પણ લો બી.પી. હોવાથી તે બંધ કરવું પ્રતિકુળ બને. તેથી સિંધવ લેવાનું કહેલ.

દવાનો ક્રમ આ પ્રમાણે શરૂ કરેલોઃ

૧. સારસ્વતારિષ્ટ...૧-૧ મોટો ચમચો સવારે-રાત્રે સરખું પાણી મેળવીને.
૨. બ્રેઓબોલ કેપસ્યૂલ...૧-૧ સવારે-રાત્રે ગળવી.
૩. બ્રાહ્મી વિટા ટીકડી...૨-૨ સવારે-રાત્રે. (‘ડેક્કન’ની)
૪. બ્રેઈન્ટો ટીકડી...૨-૨ સવારે-સાંજે પાણી સાથે. (‘ઝંડુ’ની)
૫. ચંદ્રામૃત રસ...૪ ટીકડી દિવસ દરમિયાન ચૂસવી. (ઉધરસ તથા શરદી માટે)
૬. એકાંગવીર રસ...૧-૧ સવારે-રાત્રે મધમાં. (આંચકી-આક્ષેપક માટે)

૭. શ્વિત્રહર સોગઠી...સફેદ દાગ પર કોરી સોગઠી ઘસીને પહેલા સફેદ દાગને થોડો આળો  કરી નાખવો અને પછી કાથાના પાણીમાં ઘસી ડાઘ ઉપર સોગઠી દિવસમાં બેત્રણ વખત રોજ લગાડવી. (ખૂબ બળતરા થાય કે ફોલ્લા થાય તો લગાડવાની બંધ કરવી)

તા. ૨૫-૮ના રોજ દરદીનો સફેદ દાગ અને નિરુદ્ધપ્રકશ (ફાયમોસીસ)માં ધીરેધીરે કેવી રીતે ચામડી ઊતારવી તે શીખવી તે રોગ મટાડી દીધો હતો. અને ફરી તેનો પણ ફોટો લીધો હતો. ઓપરેશન કરાવવું પડ્યું ન હતું.

તા. ૨૫-૮ના રોજ બી.પી. ન ઘટે, અશક્તિ ન આવે તે માટે અશ્વગંધા ટીકડી...૨-૨ પાણીમાં લેવા માટે ઉમેરી હતી. તા. ૧૩-૯ના રોજ ઉધરસ માટે ખદિરાદિવટી ૪ રોજ ચૂસવા આપી હતી.

તા. ૧૧-૧૦ના રોજ યોગેશભાઈના કહેવા પ્રમાણે દવા શરૂ કર્યાં પછી કેવળ એક વખત જ વાઈ આવી હતી. તા. ૩૧-૧૧ના રોજ શિયાળો શરૂ થતાં અપસ્મારનો હુમલો આવતાં બ્રાહ્મીઘૃત ઉમેર્યું હતું. તા. ૧૨-૨-૯૪ના રોજ વજન બે કિલો વધ્યું હતું.

તા. ૧૫-૩ના દિવસે બી.પી વધીને ૧૦૦/૬૫ થયું હતું. તા.૨-૫ના દિવસે તેમાં આશ્ચર્યજનક સુધારો થયો હતો અને તે નોર્મલ એટલે કે ૧૨૦/૮૦ થઈ ગયું હતું. હવે માનસિક રોગ, અપસ્માર રોગ સંપૂર્ણ કાબૂમાં આવી ગયો હતો. તેથી તા. ૨૭-૭-૯૪ના રોજ છેલ્લી દવા આપી હતી.


Gujarati E-books
From
Aksharnaad.com
Free

અક્ષરનાદ.કોમ

ઈ-પુસ્તક ડાઉનલોડ

વિભાગ

http://aksharnaad.com